ઇનામમાં આપવા માટે ખાસ ગ્રંથ.

॥ શ્રી હરિઃ ॥

આનંદ માસિક પત્રના ચોથા વર્ષમાં છપાયેલ.

બાર આખ્યાન.

પૂર્વ રંગ સાથે.

લેખક.

અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈશ્નવ.

પ્રકાશક.

દશરથલાલ ગંગારામ વ્યાસ.

માલેક આનંદપત્ર પાટણ-ગુજરાત.

(જેમાં નીચેનાં બાર આખ્યાનો છે.)

૧ શ્રી નતોભા પત્રાનું આખ્યાન	૨ શ્રી મહેતાજીની હુંડીનું આખ્યાન.
૩ શ્રી ગોપાળજીનું આખ્યાન	૪ ચાખા મેલાનું આખ્યાન
૫ શ્રી નૃસિંહ મહેતાના પિતાજીનું શ્રાદ્ધ	૬ જગમિત્રનું આખ્યાન.
૭ શ્રી પર્વતદાસનું આખ્યાન	૮ શ્રી પ્રેમનિધિનું આખ્યાન.
૯ શામળદાસનો વિવાહ	૧૦ કસવંનું આખ્યાન
૧૧ શ્રી તોંડમાનનું આખ્યાન	૧૨ શ્રી પરિક્ષીત સંજીવન આખ્યાન.

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિ. પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપેલાં.

કિમ્મત. રૂ ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

જીજ્ઞાસુઓ માટે ખાસ ગ્રંથ.

॥ શ્રી હરિઃ ॥

આનંદ માસિક પત્રના ચોથા વર્ષમાં છપાયેલ.

બાર આખ્યાન.

પૂર્વ રંગ સાથે.

લેખક.

અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈશ્નવ.

પ્રકાશક.

દશરથલાલ ગંગારામ વ્યાસ.

માલેક આનંદપત્ર પાટણ-ગુજરાત.

ચોવીસ આખ્યાન કિ. રૂ. ૧-૧૨-૦.

(જેમાં નીચેનાં બાર આખયાનો છે.)

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિ. પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપેલાં.

કિમ્મત. રૂ ૧-૦-૦ પોસ્ટેજ જાુદું.

રાસારંભ પૂર્ણભક્તિથી ભરપુર કિ. રૂ. ૦-૬-૦.

॥ श्रीमतेरामानुजायनमः ॥

संतोबा पवार.

પૂર્વરંગ.

પદ સોરઠ. " કુબરીને " એ રાગ.

માલીકને યત્ને મળવું, સાચું સંસારે રળવું રે. માલીક. ટેક.
તન ઉતારો સાથ ધુતારો, પળમાં પડે નિકળવું રે. માલીક.

માલીક—એજ જાણવા લાયક " તત્વ " છે. બ્રહ્મ છે તેનું જ્ઞાન પ્રથમ જોઇએ.

યત્ન—એ ઉપાય છે કર્તવ્ય છે. ચેતનનો સ્વભાવ છે કે કર્મ કર્યાવિના રહેવાશેજ નહીં, તો શ્રેયના અનેક ઉપાય છે તેમાં એક શ્રેષ્ટ આચરવો એ " હિત " તેનું પણ જ્ઞાન હોવું જોઇએ કે કયો ઉપાય !

મળવું—એ ફળ પુરૂષાર્થ. મળવું એટલે દૂધમાં સાકરની પેઠે ફરી કદી છુટા ન પડવું એનું આપણું એક થવું એજ મુક્તિ પછીની સ્થિતિ છે. તે પરમ પુરૂષાર્થ છે.

એ રીતે ત્રણ પદથી ત્રણ વાતો તત્વ, હિત ને પુરૂષાર્થ ટુંકામાં સમજાય એવું છે. જેમાં સકળ શાસ્ત્રની સર્વ બાબતોનો સમાવેશ થાય છે. ને તેનો પણ સુધો સાર કાઢીએ તો એજ કે " પરબ્રહ્મને જાણી તેને પામવું " એને ખુલ્લા શબ્દમાં કહીએ તો છેવટ " **માલીકને યત્ને મળવું.** "

પશુ કીટથી લઇ દેવપર્યન્ત સંસારમાં રળવા ચાહે છે, તેમાં પણ મનુષ્ય તો "એમાં શું રળ્યા ?" એમજ પ્રશ્ન કરે છે. તેમને ઉત્તર એ છેકે—

" **સાચું સંસારે રળવું** " ને તેનો ખુલાસોજ છે કે " **માલીકને યત્ને મળવું.**" બીજું જે રળવામાં આવે છે તેને " સાચું " પદ નિવારે છે. કારણ કે—જેને માટે રળીએ છીએ તે પોતેજ " **તન ઉતારો, સાથ ધુતારો** " છે. અને છતાં માનો કે તેમાં રહી તેવાથી નિભાવી લઇએ, તો પણ ક્યાં સુધી ! નક્કી વાત સૌ સ્વીકારે છે કે, " **પળમાં પડે નિકળવું રે** " એટલે જે રળ્યું તે અંતે ટળ્યુંજ સમજવું. એમાં છેવટ શું મળ્યું. "બાંધી મુઠી આયેથે પસારે હાથ જાનો હૈ" તેથી "સાચું સંસારે રળવું તે એ કે "**માલીકને યત્ને મળવું**"

માલીકની ઓળખાણમાં બધુંજ આવી જશે. શ્રુતિ કહે છે. " **ब्रह्मविदाप्नोतिपरम** " બ્રહ્મને જાણનાર પરમ પામે છે. **तद्विजिज्ञासस्व** તેને જાણ. તેમજ ગીતાજીમાં પણ પોતેજ સમજાવે છે. "**वेदैश्चसर्वैरहमेववेद्य**" " સર્વ વેદથી વેદ્ય તે હું જ છું" એટલે શાસ્ત્ર માત્રથી જે જાણવાનું તે " માલીક " ને અમે આ યાવનિક અથવા રૂઢ લૌકિક શબ્દ નામથી શરૂવાત કરી છે. પણ તેમાં ઠીક સમાસ છે. પ્રથમ લૌકિક વ્યવહારમાં પણ એજ સૂત્ર લાગુ પાડી પછી પરમાર્થમાં ઘટાવીએ. જુઓ સૂત્ર—

"**માલીકને યત્ને મળવું** " જો **સાચું સંસારે રળવું**" હોય તો—

માલના મુખ્ય બે પ્રકાર, જડ ને જીવવાળા; જમીન સમાન એ જડ, ને ઝાડ પશુ એ જીવવાળાં. તેમાં આરંભ "ઉત્તમ ખેતી" માટે પણ "માલીકને યત્ને મળવું" એટલે જેનો માલ, જમીન હોય તેને વા તેના પ્રતિનીધિને મળવું. તેની મંજુરી મેળવ્યા વિના તેના માલમાં પ્રવેશજ ધાર્યો ન થાય. પછી ઉપયોગ, ને પછી રળવું. જો—"સાચું સંસારે રળવું" હોયતો "માલીકને યત્ને મળવું" ને તેમાં પણ જો મળતાં આવડે, એક મન થઇ જઇએ "એક ધન" થાય તો. આપણને જ "જમીદાર" જાગીરદારે બનાવી દે. માટે સૂત્રનો પૂરો અર્થ, પૂરો લાભ લેવા યત્ન કરે જઇને "માલીકને યત્ને મળવું" વંશ પરંપરાને માટે જમીનદાર અથવા રાજાઓ પણ એમ થવાય છે. ગાયકવાડ, સીંધીયા, હોલકર, પેશ્વાના; ને તે વળી છત્રપતિના નોકર હતા, ને તેને માલીક સમજી યત્ને તેની સાથે મળ્યા તેથીજ આપાપી તેના વંશજ ગાદીપતિ થયા ને તે પણ હાલના માલીક શહેનશાહને માટે એજ સૂત્ર વાપરે છે. તેના પ્રતિનીધિયો માટે પણ એજ ને તેજ સત્ય છે કે જો "સાચું સંસારે રળવું" હોય તો "માલીકને યત્ને મળવું" હવે "મધ્યમ વેપાર" તે પણ "માલ" નોજ કરવાનો તે માટે પણ વચમાં દલાલી આપવા કરતાં ખેડુતો, વણકરો અથવા જેમની પાસે માલનો સમુહ હોય તેવાં "માલીકને યત્ને મળવું"

પશુ પાલનમાં, નાણાં ધીરધારમાં, ને ધંધા માત્રમાં એજ સૂત્ર "માલીકને મળવું" ને નોકરીમાં તો પોતાનોજ "માલીક" તેને સ્વીકારવો છે. તેને ધણીજ કહેવો છે–કરવો છે માનગો છે. ને તે રીતે છેવટની ને આરંભની પણ વાત એકજ ખેતી વ્યાપાર ને નોકરી બધા સારૂ "માલીકને યત્ને મળવું" પણ તે સર્વ માટે જોયું કે–મળીયે, મેળવીયે પણ છેવટ નક્કી એજ કે–"તન ઉતારો સાથ ધુતારો પળમાં પડે નિકળવું" એવું છે.

ભરત રાજાને તે તનમાંથી, મૃગ તનમાં, ને તેમાંથી વળી ભિક્ષુક બ્રાહ્મણના તનમાં. નારદજીને દાસી પુત્ર, ને ગાંધર્વ, ને પછી બ્રહ્મા પુત્ર તરીકે. એવા એથી ઉતરતા ચોરાશી લક્ષ ઉતારા ઘટમાળ પેઠે બંદલાયા કરે છે એમ સૌ કહે છે. ને તેમાં "સાથ ધુતારો" હોય છે. જીવતાં પણ બીજા માટે અમે, ને મુએ તો તે જે રહે તેના માલીક થાયજ અમારે તો "પળમાં પડે નિકળવું" તે પછી ક્યાં જવું ?

पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनं ।
इह संसारे भवदुस्तारे कृपया पाहि पाहि मुरारे ॥

એમ ભગવાન શંકર સ્વામી પણ કહે છે. તે કહેવા યોગ્ય થવા માટે ઉપાય એજ "માલીકને યત્ને મળવું" તેનો ઉપાય ખરો તો "श्रोतव्य मन्तव्य निदिध्यासीतव्य" ને તેથી પરિણામે પણ શ્રુતિ પુઃ કહે છે કે—"आत्मावारे द्रष्टव्य" आनन्दं ब्रह्मणो विद्वान्बिभेतिकुतश्चनः એટલે ઠરે છે એજ કે—"માલીકને યત્ને મળવું" તે વિધિ માત્ર મનુષ્ય માટે નથી પણ દેવ માટે પણ છે. એમ વેદાન્ત સૂત્રમાં નિર્ણય છે. ને તે સર્વ ભાષ્યકારોને સંમત છે. ગીતાજી એ પ્રભુનું ખાસ વચન છે. "देवा अप्यस्य रूपस्य नित्यं दर्शन कांक्षिणः" દેવો પણ આ રૂપના નિત્ય દર્શનના ઉમેદવાર છે. કારણ તે હજી માલીકના બંધનમાં જ છે. ને તેમણે છુટવા માટે પણ એજ ઉપાય, એજ સૂત્ર સૌ સારૂ છે કે–

"पुरुषः स परः पार्थ भक्त्या लभ्य स्त्वनन्यया" હે પાર્થ ! તે પરમ પુરુષ અનન્ય ભક્તિથી લભ્ય છે.

भक्त्यां मामभि जानाति यावान्यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशतेतदनंतरम् ॥

એમ પરાભક્તિથી પરજ્ઞાન, ને તેથી પરમાત્માની પ્રાપ્તી, તેમાં પ્રવેશ–મળવું–શ્રુતિ **યથાનદ્યઃ સ્યંદમાના સમુદ્રાઃ** એમ નદીઓ જેમ પોતાના સાગર પતિને મળે છે, તેમાં ભળે છે, તેમજ મુક્તોનું થવું, કહે છે. ને તેથી સૌ માટે એજ પરમ શ્રેય ઠરે છે કે, **"માલીકને યત્ને મળવું"** સૌનેજ **"તન ઉતારો સાથ ધુતારો, પળમાં પડે નિકળવુંરે."** આ પદ વિચારો—

"ક્યાં તે જગના વડા, વડાના વડા બન્યા બાપડા;
પુંઠે પણ નવ જડયા, વડાના વડા બન્યા બાપડા. ટેક.
ચક્રવર્તિને ચરણે આવી, મંડળીક કંઈ પડતા;
તે પોતે સહુ સહાયક જોને, રે! રાતે ક્યાં રડયા! વડાના૦
દેશપતિ જેને મળવા દ્વારે, થઇ રહેતા ખડા;
તે ધામો–હામો શું ગામો, ના પત્તા નવ જડયા!! વડાના૦
પાણી પીયે શું, વાણી એ, વાપરતાં સાંસા પડયા;
સમજ્યા છતાં અનુ ક્યાં સુધી, રહેશું જગના દડા!! વડાના૦

એક કવિએ કહ્યું છે— **દોહરો.**

"કહા કરીએ, કહા જોડીયે, થોડે જીવન કાજ!
છોડ છોડકે ચલ ગયે, દેહ ગેહ ઓર રાજ." ને તે પણ
"પળમાં પડે નિકળવું રે" કારણ—**પદ**–એજ રાગ. ધનાશ્રી.
એની વારે વાર, ખરેખર એની વારે વાર;
બીજા વૃથા વિચાર, ખરેખર એની વારે વાર. ટેક.
બાળ નિરોગી જાડા જબરા, વૈદ્ય જ્ઞાની સરકાર;
વૃદ્ધ રોગી દુબળા મૂઢ, નિર્ધન, પહેલા પહોંચ્યા પાર. ખરે૦
આયુષ્ય પથ્ય ઔષધી તપ બળ, સાધન યુક્તિ અપાર;
જોતાં તો જુગ ગયે ન ખૂટે, (એવાં) પળમાં બને અસાર. ખરે૦
અનંત આડાં મોટાં છોટાં, સર્વે ખોટાં ધાર;
જેનો છે તે જગત પતિનો, સદૈવ શાખ્ય વિચાર. ખરે૦

દેવતાઓને કંપાવનાર, તપ બળથી અમર અજીત દેહને પદ ધરનાર હીરણ્ય કશિપુને પથ્થરમાંથી કેવી રીતે પ્રકટી કેટલી વારમાં વજ્ર જેવી છાતી ફાડી ભોંય ભેળો કરી દીધો! એ પ્રથમથીજ સમજનાર પ્રહ્લાદને એજ પદે પહોંચું સહજમાં વગર શ્રમે સુખે સંપાદન થયું, તે શાથી! તેણે તો એજ સૂત્ર એ પિતાને પણ સમજાવ્યું હતું કે—**"સાચુ સંસારે રળવું"** એ **"માલીકને યત્ને મળવું"** પણ પિતાજીના વિચાર ઓર હતા—કથા સુપ્રસિદ્ધ છે કે—

પદ "નાથ ના કરો"

તાતે શુભ સમે, સપૂતને તેડાવી રે;
ધારી ગોદ, આણી મોદ, પુછયું શું શિખ્યો છે બાપ;

એજ હોંશ લાવી રે, તાતે શુભ સમે;
તવ તુરત વહેલ, બાળ સરળ ભાવે રે;
વિમળ ચિત્ત, ધારી પ્રીત, સેવવા શ્રીકંથ નિત્ય;
એજ મને ભાવે રે, તાતે શુભ સમે.

તેના શ્રીમત્ ભાગવતમાંના શબ્દો આ પ્રમાણે છે.

तत्साधुमन्येऽसुरवर्यदेहिनां । सदासमुद्विग्न धियामसद्ग्रहात् ॥
हित्वात्मपातंगहमंधकूपं । वनंगतंयद्ध रिमाश्रयेत ॥

" હે અસુરવર્ય ! દેહધારીઓ અસત્ વસ્તુના સ્વીકારે કરીને હમેશાં ઉદ્વિગ્ન બુદ્ધિવાળા રહે છે, તેમને માટે એજ સારૂં હું માનું છું કે, ગૃહરૂપી અંધકૂપમાં પડેલ આત્માને તેમાંથી કહાડી વનમાં જઇ શ્રીહરીનો આશ્રય કરવો શું કામ ? એજ "**માલીકને યત્ને મળવું**" તે માટે તેણે એજ બોધ નારદજીથી લીધો હતો. ને બાળોને દીધો હતો. જે પૂર્વરંગના પદમાં સંક્ષેપમાં છે. તેના બોધના થોડા શબ્દો જુવો—તેમાં કાંઇ ખુલાસો છે.

પદ. " પ્રિત કરવી છે સ્હેલ " એ રાગ.

સુણો રાખીને ધ્યાન, વાત આ સુણો રાખીને ધ્યાન;
રહો નહીં નાદાન, વાતઆ.
જન્મ બાળપણુ યુવા જરા, મૃત્યું અંતે થાય;
ફરી જન્મવું ફરી એનું એ, એમ સહુ અથડાય;
આપણું પણ છે એજ નિદાન, વાત આ સુણો રાખીને ધ્યાન.
ગર્ભ જન્મનાં દુઃખ પછી, ભૂખ તૃષા નિત થાય;
ઔષધરૂપ અન્ન જળ છે તે, સુખદા કેમ ગણાય;
નિત્યનું લાગ્યું એજ તોફાન ! વાત આ સુણો રાખીને ધ્યાન.

ત્યાંજ " તન ઉતારો સાથ ધુતારો " છે એ માટે બોલે છે.

મઢયુ ચામડેથી, ભર્યું મહીં મળ મૂત્ર રૂધીર,
મોહ કર્યા જેવું તે શું છે ! કનડે સદા શરીર;
રૂતુ દુઃખ ત્રિતાપ કષ્ટ મહાન. વાત આ સુણો.
મુઆ પછી યમ યાતના, નર્કે કષ્ટ અપાર;
જેને માટે મથીએ નિત તે, કોઇ કરે નહી વ્હાર;
જીવ વેઠે ભટકે સહુ સ્થાન. વાત આ સુણો.
પ્રભુ ભજવા સ્મરવા વિશે, શો શ્રમ છે કહો ભાત !
માટે બીજું પડતું મુકી, હરી ભજો દિન રાત;
કરો વશ ભાવ વડે ભગવાન. વાત આ. (ઉપાય સમજાવ્યો)
હરી મળ્યા કે સહુ મળ્યું, કષ્ટ ટળે તમામ;
સુર બ્રહ્માદિક જે માગે છે, તે મળશે સુખધામ;
કરો માટે સહુ હરી ગુણ ગાન. વાત આ.

તે સારૂજ આ પ્રયાસને આ વચન ખાસ છે કે) " **માલીકને યત્ને મળવું** " જવાનું સ્થાન છે. મનુષ્ય દેહમાં ચારે પુરૂષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષ મેળવવાનો

ભાગ છે. માટે જ **नृदेह माद्यं सुलभं सुदुर्लभम्** કરીને મનુષ્ય દેહ ફરી ફરીને નહીં મળે એમ સર્વે કહે છે તેથી જો રળવું તો તો **"સાચું સંસારે રળવું"** ને તે પરમ પુરૂષાર્થે પરમ લોક નિત્ય સ્થાનમાં નિત્ય શાન્તિ સુખ, તે તેને મળ્યા એટલે—

"तत्प्रसादात्परंशान्ति स्थानं प्राप्स्यसिसाश्वतं"

"તેના પ્રસાદથી પરમ શાન્તિનું સ્થાન સાશ્વત તું પામીશ" એમ તેજ કહે છે. તે માટે "**तमेव शरणं गच्छ सर्व भावेन भारत**" એજ ઉપાય તે બતાવે છે. એ શરણુ જવું તે, તેને મેળવવા. પ્રલ્હાદે તેમજ કહ્યું અથું તો તેનું કાર્ય ઘરમાં રહે થયું. પણ તેનું મૂળ! જ્યારે છોકરાઓએ તેને પૂછ્યું કે–આ બધું તમે ક્યાંથી શિખ્યા? ત્યારે તેણે એજ વાત કહી કે નારદ મુનીની સેવામાં માતા રહી તે વેળા પોતાને તેનો બોધ બેઠો. ને તે તેવાજ સંગ પ્રસંગથી ઠીક બને. જેમ અહીં **वनंगत** કરીને હરીનું આશ્રયણુ કરવા કહે છે. તેના પિતા પણ પ્રભુતા તો વનમાં વશીને પામ્યા હતા, પણ તેમાં "માલીક" કોણ! એ ભૂલ થઇ હતી. કર્ત્તા, ભર્ત્તા, સંહર્ત્તા, એકજ છતાં કર્ત્તા તે છેવટના પણ બ્રહ્માનેજ ગણી તેનાજ દાસ બણી આ સૂત્ર ભણીને વનમાં શ્રમ કર્યો તે ભૂલ ભર્યો હોવાથી અંત અફળ ગયો. માટે અમારે તો "**योब्रह्माणं विदधाति पूर्वं**" એમ **ब्रह्मणोप्यादि कर्त्ता** જેણે બ્રહ્માને પૂર્વે પેદા કર્યો એ શ્રુતિ ને જે બ્રહ્મના પણ આદિ કર્ત્તા છે. એ સ્મૃતિ ગીતાજીના વચનાનુંસાર પ્રલ્હાદના ઇષ્ટ દેવનેજ ઉદ્દેશી–માલીક શબ્દથી તેનેજ સમજી પછી આ સૂત્ર ભણવું કે—"માલીકને યત્ને મળવું"

યદ્યપિ શ્રેષ્ટ તો મુક્તિનીએ પછી જે પરમાત્મ પ્રાપ્તી છે, તે છે. પણ તે માટે હાલ સૌ એવા મુમુક્ષુ નથી હોતા. બુભુક્ષુપણુ છીએ તો પણ શું! **अमृतस्स्ये वैशानो यदंनेना तिरोहति**" જે ત્યાં અમૃતનો ઇશાન, તેજ અહીં પણ છે. ઉભય લોકનો, ઉભય વિભૂતિનો તે એકજ નાથ છે. એટલે ઉભય લોક તેના ભોગ, તેના વશમાં છે. તેનાં જે થાય તેને બેઉના લોકનાં સદા સારૂ વગર શ્રમે પૂરાં સુખ તે આપે છે. મનુષ્ય કે દેવો, એને માંડીને, એને સેવી પ્રસન્ન કરીને જેવાં આ લોકનાં પણ સુખ મેળવે છે, તેવાં બીજાથી મળતાં નથી. મળે જનહી. તે માટે પ્રલ્હાદ જેવુંજ, આ લોકનાં સુખ માટે. વળી ધ્રુવજીનું દ્રષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે. તેને પણ એજ આચાર્ય શ્રી નારદે સમજાવ્યું—શિખવ્યું. કેવી રીતે? "માલીકને યત્ને મળવું" ને તેણે તે કરી પણ જાણ્યું તે—"સાચું સંસારે રળવું" તે માટે વધુ દ્રષ્ટાન્તો, પણ તેની પ્રથમ ગુરૂ—જ્ઞાની માતાએ પણ તેને એજ પ્રકારે દીધાં હતાં. તેના બાલ શ્રીમત્ ભાગવત શ્રી શુકદેવજીના કથનાનુસાર, એજ પ્રકાર, એજ સાર ઉપર આણે છે. ત્યાંનાં થોડાં વચન ધ્રુવને તેમની માતા કહે છે. તે જે દિલાસારૂપ કહે છે તે કાંઇ પોતાના મનથી નથી કહેતી, જગતના ઈતિહાસમાંથી ઉત્તમોત્તમ દ્રષ્ટાન્ત, તેનાજ પૂર્વજોનું આચરણ કહે છે. પ્રથમ પુરૂષથીજ આ આખા બ્રહ્માન્ડમાં સૌના ઉપર સત્ય લોક છે ને ત્યાંના પણ સ્વામી જેની રાત સાથે આ ત્રિલોક તો નષ્ટ થાય છે. જેના એક દિવસમાં ચૌદ ઇન્દ્ર બદલાય છે, ત્યાં પૃથ્વીના રાજાઓનું તો શું કહેવુ? તાત્પર્ય કે જેથી આ સંસાર, ચૌદે લોક–કુળ જગતમાં મોટું પદ નથી એવું મેળવવું હોય તો પણ એજ ઉપાય કે "**તે માલીકને યત્ને મળવું**"

જુવો મૂળ શ્લોક—મૂળ વચન તેમાં વધુ ખુલાસો છે.

यस्यां घ्रिपद्मं परिचर्यविश्वं विभावनायात्त गुणाभिपत्तेः ।
अजोध्यातिष्ट त्खलु पारमेष्यं पदं जितात्मश्वसनाभिवद्यं ॥

" અંતઃકરણ ને શ્વાસને જીતેલ એવા યોગીયોના વંદ્ય જે બ્રહ્મા તે વિશ્વ કરવા જેવું કામ કરવા, પરમેશ્વર જેવું પદ તે જે પ્રસિદ્ધ ગુણુ ધારણ કરનારના ચરણ કમળના સેવનથી પામ્યા છે. "

એ તો દેવોમાં સર્વથી શ્રેષ્ટ પદની વાત થઈ. હવે પૃથ્વી પદને માટે પણ—

तथा मनुर्वो भगवान्पितामहो यमेक मत्या पुरु दक्षिणैर्मखैः ।
इष्ट्वाभिपेदे दुरवापमन्यतो भौमं सुखं दीव्य तथापवर्ग्यम् ॥

" તેમજ તમારા દાદા મનુ ભગવાન અનન્ય બુદ્ધિપૂર્વક પુષ્કળ દક્ષણાવાળા યજ્ઞથી યજન કરી બીજાને દુષ્પ્રાપ્ય એવું ભૂમિનું સુખ, દેવનું સુખ ને મોક્ષ પામ્યા છે. " ક્રમથી બધું પામ્યા પણ મુખ્ય ચક્રવર્તિત્વ–તે માટે પણ—

तमेववत्सा श्रयभृत्य वत्सलं मुमुक्षुभिर्मृग्य पदाब्ज पङ्क्तिम् ।
अनन्य भावे निज धर्म भाविते मनस्य वस्थाप्य भजस्व पुरूषम् ॥

" તે ભક્તાવત્સલની ચરણ પંક્તિને મુમુક્ષુઓ શોધે છે, અર્થાત્ મોક્ષ એથીજ મળે છે. તેના ભક્ત થઇ ચરણ પ્રામવા તે તે મળવા મન કર્યું–યત્ન કર્યો–તો તે 'વત્સળ' છે. વિઘ્ન હરનાર, સ્હાય કરનાર પણ થાય છે. તે વત્સલ ભૃત્યતો, તેને માલીક માંને, તેતો તેને માટે ખાસ છે. તેને સ્વધર્મ પૂર્વક અનન્ય ભાવવંડે મનમાં સ્થાપીને તે પરમ પુરૂષનું ભજન કરવું. એ રીતે ધ્યાન, યજ્ઞ, ને વર્ણાશ્રમોચિત કર્મ, આત્મા પરમાત્માના જ્ઞાન પૂર્વક અનન્ય ભક્તિથી ભજન, સેવન એમ ત્રણ શ્લોકમાં ત્રણ પ્રકારના યત્ન, ને ધર્મ, અર્થ કામને મોક્ષ એ ચારે ફળો બતાવી, માલીકતો તેજ બધી પ્રકારના ફળ માટે છે. બધી પ્રકારના યત્નો—ઉપાયોથી એકજ સેવ્ય છે. તેવો પોતે જાતે મળે એવો સાકાર છે. એ સિદ્ધ કર્યું છે ને તેથીજ સાર ગ્રહીયે તો એજ કે એ " **માલીકને યત્ને મળવું** " બીજાને મળે બીજા યત્ન કરે તો " સાચું સંસારે રગવું " તે બનતુંજ નથી એમ પણ ત્યાં ઠોક મારે છે.

नान्यं ततः पद्मपलाश लोचना दुःख च्छिदंते मृगयामि कंचन ।
योमृग्य ते हस्त गृहित पद्मया श्रियेतरैरंग विमृग्य माणया ॥

"તે કમળ નયનવાળા વિના બીજા કોઈથી ત્હારૂં દુઃખ છેદાય એમ હું જાણુતી નથી. જે શ્રીને બીજા શોધતા ફરે છે; તે શ્રીએ પણ જેના ચરણ કમળ ગ્રહ્યા છે."

એટલે સર્વ પ્રકારની શ્રીની અધિષ્ટાતા શ્રીદેવીના પણ સ્વામી, એ ખુદ પણ જેના વશમાં છે તે માલીક મળે પછી ઇતર શું જોઇએ ! તેમ તે વિના બીજું જે મળે તે ન્યૂન તેનો અંશ, વૈભવનો ભોગ, એમે કર્યું જ. પુરૂં સુખ સર્વ પ્રકારનું તેનાથીજ "**नान्य पंथा**" કરીને જેમ શ્રુતિ ઇતરની મના કરે છે. જેમ " **मामेव" मामेकं** " કરીને ગીતાજીમાં સ્પષ્ટ " મ્હારૂંજ" "મ્હારા એકલાનુંજ" એમ વચન છે તેમજ સમજી દ્રઢ કરવું. કારણ જો તેના જ્ઞાનમાં, પહેચાનમાં ફેર પડે તો ફળમાં ફેર પડી જાય છે. " **नतुमांमभि जानाति तत्त्वेना तश्च्य वंतिते** " તત્વે કરીને મને ન જાણુવાથી તે—પડે છે. " **अंतवतु फलं तेषां तद्भवत्यल्प मेधसां** " તે અલ્પ બુદ્ધિવાળાનું અંતવાળું ફળ થાય છે. એમ પોતેજ ચે-

તાવેલ છે. માટે ખરા માલીકનું આ રીતે સંપૂર્ણ જ્ઞાન મેળવીને,, તેનેજ નિજ સ્વામી ઇષ્ટ ગણી, તે **"માલીકને યત્ને મળવું"** ને તે પૂર્વે-આરંભમાં કહી ગયા તેમ મળવા -મળી રહેવા માટે મળવું. અમુક ઇતર ફળ, વા અમુક કાળ માટે મળવું તે અજ્ઞાન છે. તેવા આર્ત, અર્થી—તો આર્તિ મટે, અર્થ સરે, એટલે પાછા વીછડે છે ને આરંભમાં પણ દુઃખજ જવા, અર્થજ મેળવવા ભક્તિ કરે છે, તેમ નહીં રાખી ખરા જ્ઞાન ભાન અનુસંધાનપૂર્વક ભગવાનનાજ શબ્દોમાં—

तेषां ज्ञानी नित्ययुक्त एक भक्ति विशिष्यते ।
प्रियोहि ज्ञानीनो त्यर्थ महं सच मम प्रिय ॥

"તે (આર્ત જીજ્ઞાસુ અર્થી ને જ્ઞાની)માં (મ્હારામાં) જ્ઞાનીયો જે નિત્ય યુક્તને એક ભક્તિવાળા હોવાથી તેઓ વિશેષ છે. હું જ્ઞાનીને અતિશય પ્રિય છું (ત્યાં સુધી તો ઠીક પણ દિલાસાની વાત છે કે) તેવાજ તે પણ મને પ્રિય છે" એમ ખુદ પ્રભુ કહે છે. બલકે સૌનેજ ધીરજ—વધાઇ જ છે કે, તે "**उदारा सर्व एवैते ज्ञात्वा त्मैवमेमतम्**" "તે સર્વ ઉદાર છે ને જ્ઞાનીને તો મ્હારો આત્મા માનું છું." એટલે પોતાના પ્રિયતમ ગણે છે. એટલે ખરે મને મળવું થયે. પુરૂંજ મળવું થશે. એમ માલીક કહે છે. તે તો તૈયાર છે. વારે અમારી છે તેમાં બ્રહ્મા, મનુ, ધ્રુવનેજ અધિકાર હતો, આપણો નથી તેમ નથી. અદ્યાપિ એવા જ્ઞાની થઇ એવો યત્ન જેમણે કર્યો તે તેવું ફળ પામ્યા છે. ભક્તમાળ દાખલાથી ભરી છે. તેમાંથી "ભક્તિ વિજય" કારના—મરાઠી લેખ ઉપરથી લખેલ **સંતોબા પવારનું** આખ્યાન અહીં આપીએ. પૂર્વરંગનું પદ તેજ આખ્યાનનું પદ છે. ફરીફરી એજ વાત દ્રઢ કરવી કે—**"માલીકને યત્ને મળવું"** વધુ વિગત આખ્યાનમાં.

संतोबा पवारनुं आख्यान.

પદ.

"માલીકને યત્ને મળવું, સાચું સંસારે દળવું રે."
"તન ઉતારો સાથ ઠુતારો, પળમાં પડે નિકળવું રે."

લાવણી.

સંતોબા પવાર એ નામે (૨) હતા વડા સરદાર દેશ દક્ષિણમાં શુભ ઠામે;
ગામ ઘર ધન સેવા સાથે (૨) રહેતા હતા સ્વપુરમાં પણ બહુધા સંતો સાથે.
સંગનો રંગ તેથી લાગ્યો (૨) રાગ મટી જગનો, વિરાગ મહા ભાગ ઊરે જાગ્યો;
યોગ ત્યાં મળ્યો પુરેપૂરો (૨) તુકારામની કથા સુણી કે ઉપડયો થઇ શૂરો.
રાતમાં બોધ સુણી ખંતે (૨) પ્રાત થતાં ભલિભાત થયા તૈયાર જ નિશ્ચીંતે;
ખાનગી દાસો તેડાવી (૨) ભેટો આપી રજા દઇ, દીધ પગાર ચૂકાવી,

નોતરી દીજ સંતો સાધુ (૨) ધન સામાન ભૂષણુ વસનો આપીજ દીધું બાધું;
ગાડી ઘોડા બળદો ગાયો (૨) દેવાયું તે દઇ ઉચિત ને વનનો પંથ રહાયો.

"જહાં રામ તહાં કામ નહીં, કામ તિહાં નહીં રામ;
તુલસી દોનું ના બને, રવિ રજની એક ઠામ."

બીજી જગે માગ્યું છે—"છોડીશ જખમારીને તે શીદ સમજી ના છોડું;"

"પ્રિત તુટશે અંતે તે શીદ સમજીને નવ તોડું."
"શ્રીવર મને ઠરાવો હવે તમારો સૌ વીધિ;
"પ્રેમ પૂરો પ્રકટાવો વિસરાવો વીતિ બધી."

"મુમુક્ષુ" એટલે છોડવાની ઇચ્છા વાળા, તે જેટલું વશમાં, તે બની શકે તેવું હોય તે તો છોડે, પછી ભીતરની વાસના ભુંસાવા પ્રયત્ન કરે. પહેલાં જૂની જંજાળો તોડી, નવી ન લાગે તે માટે તેનો પ્રસંગ છોડી તેવે સ્થાને "આરણ્યક" નો અનુભવ કરવા અરણ્યમાં "વાન પ્રસ્થ" બની વિચર્યા એકજ નિશ્ચયે કે—"આશ્રીકને યત્ને મળવું" તે આવા ઠરાવ વિના બને કે!—

"અબનહીં હૈં કછુકામ જગતકો રામ રામ હૈં, ટેક.
"આપ સંગ હમકો ભી બનાયે, માયા કેહી ગુલામ. જગતકો૦
"જો કુછ હૈં સો દેખલીયા હૈં, દુઃખમેં ભરા તમામ. "
"ભોગે કોં ફીર ફીર કયા ભોગે, અબતો દીખે ન કામ. "
"રહે આજ લો સોહી બસ હૈં, અબતો છોડો નામ. "
"સબ ભટકે ફીનકો જા બીલગે, થીર ન કોઇ કોઇ ઠામ. "
"અનુ ચાહું અબ સદા છુટના, પ્રભુપદ કરી પ્રણામ. "

તે રામ રામ કરવાનો કાળ પણુ સહ ચલ્યા નથી આવતો. કહ્યાં કરવું પડે છે.

"જો હોય મીલનેમેં દેર, તોડુ કર અલગ જગતતેં."

તનથી ભાગીને દુર જઇ વશીએ તેથી માત્ર શું?

"બીતિ બાતોકી રજ રહી ઉપર, ઉડઉડ કરત અંધેર;
દાબે ન દો તે છીનભરપર, ઉઠત વાસના ફેર."

બહારનો તો બને તેટલો બંદોબસ્ત કરીએ. પછી ભીતર માટે બીજા ઉપાય શ્રુતિપણુ

"परिक्ष्य लोकान् कर्म चितान् ब्राह्मणोनिर्वेदमायात्."

એમ લોકો જે કર્મથી મળે છે તેમની પરિક્ષા કરીને બ્રાહ્મણુ વૈરાગ્ય પામે" ભગવાન શંકર સ્વામી પણુ "इहामुत्र फलभोग विराग" એ અંગને સન્યાસ, બને તેનો ત્યાગ કરવો એ મુખ્ય સાધન કહે છે. તે પ્રથમ બરાબર કર્યું તેટલેજ કહેવું પડે છે કે—

પદ. "કંથણીન" એ રાગ.

સંતોષા સરદાર, ધન્ય એ સંતોષા સરદાર;
તજી ગયા સંસાર. ધન્ય એ.................................ટેક.
રાજણુ ગામ છોડીને ધામને ભજવા જગદાધાર;
ચાલી નિકળ્યા શ્રી સામનની, કરી નહીં દરકાર. ધન્ય એ૦
મુળા મુઠાના સંગમ માથે, ભીમરથીને કીનાર.
અરણ્યમાં બેઠા આનંદે, ઉતર્યા ભવથી પાર. ધન્ય એ૦

" शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनं " તેમ પોતાના પ્રયત્નને ઉચિત એવા સ્થળે— " एकाकीयत चित्तात्मा त्यक्त सर्व परिग्रह " તે વચન પોતા માટે, વાપર્યું. જેમ શ્રી ધ્રુવ યમુના તટપર ગયા હતા, તેમ ઉપાધિથી અલંગ થવામાં એ આનંદ માન્યો. દ્રષ્ટાન્ત દીધાં છે કે)

શુક પીંજરેથી ભ્રમર કમળથી, છુટે એજ પ્રકાર;
જગ પ્રપંચથી છૂટ્યા પોતે, કીધો સુદ્દઢ વિચાર. ધન્ય.

" व्यवसा यात्मिका बुद्धि रे केह कुरुनंदन " તેમ બરાબર આમાં હરી પણ તે સ્વાર્થ પરલોકોને કેમ પરવડે ! તેમને તેની ખોટ જણાઇ. ને ખાસ કરીને તે જીવતા હતા માટે. તેઓતો એમ ચાહે કે, સદા તેમનામાં આસક્ત રહી તેમનુંજ વૈતરું, તે પણ તેમનું ચ્હ્યું-ઘેલું, તે કર્યાં કરે. ને તે પૈસો મારો પરમેશ્વર ને ઘર ધણીઆણી ગુરૂ " ઇત્યાદિવચન વત-પરંતુ ધ્રુવની માતાએતો આશીષ દીધી, શ્રી લક્ષ્મણજીની માતાએ પણ શ્રી રામ જાનકીની સેવા માટે જતાં—गच्छ तात यथा सुखं કહી " જા વીરા જા વન સુખીયો થા " એવું વનમાં હરી સેવમાં જતાં કહ્યું, ને " ડાહ્યો દીકરો દેશાવર " એમ શાણા સમજે છે. પરાણે બાળકને શાળામાં મોકલે છે. પણ મૂઢનો તેમ થવું ઉલટું અટકાવે છે. તેમને કહેવું તો જોઇએ કે—

" ભૂલીને તમે કાં મને એ ભૂલાવો, હરીને દુઃખી કાં મને એ ઠરાવો, " પુ·" નરકથી તારવા માટે તે યોગ્ય થાય તો, તારે-તેજ " " પુત્ર " ખરો " જનની જણતો હરીભક્ત " એ પ્રથમ મૂકે છે. પણ તેવી માતા મદાલશા દુર્લભ છે. અહીં તો શ્રી રામ વન ગયા ને જેમ અવધને શોક થયો તેજ ઘાટ. તેના પુત્રનો થયો. કારણ પુત્રનાં લક્ષણ પારણામાં, તેમ સંસારમાં પણ સર્વને તે સુખકર હતો ત્યારે તો આ સુમતિ થઇ. જન સેવાદિ અનેક પુણ્ય કર્મનું ફળજ આ છે. પ્રભુએ કહ્યું છે કે—

" येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोह निर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥

પુણ્ય કર્મથી પાપ છેક જાય ત્યારે દ્વંદ્વ રહીત આવી ટેક થાય. તે તેની થઇ. પણ લોકોને તો પ્રત્યક્ષ હાની ભાસી એટલે તે મંડયાં—

સીતાજીના મહીનાનો રાગ.

શાણો સ્નેહી સગુણી સરદાર સદનથી સદા ગયો;
સુણી સ્નેહી સગાં સ્ત્રી સર્વને શોક અતિ થયો.
રાજણ નગરી જાણે રંડાઇ ઘણી વેરાગી થયો;
ભેહી મ્હેલ માંહી રોતી માઇ, અજાણ્યો ભાગી ગયો.
કરે નગર જનો કકળાટ, પાછો તેડી લાવવા;
માએ મનથી કર્યો ઝટ ઘાટ, વૈરાગ્ય ભૂલાવવા.

તેણે જોયું હતું કે પુત્રની કોઇ ઉપર પણ જો ખરેખરી પ્રીતિ હતી તો તેની સ્ત્રી ઉપર. તેણી તે રામની સીતા હતી. "स्वधर्मानु चारिणी " હતી. માતાએ તો મનથી માન્યું કે તે કામભાવનાથી પ્રીતિ હતી. તેની કલ્પના એથી ઉંચી જઇ શકી નહીં. મનથીજ માપ થાય, તે જેવું હોય તેવું માપ કરે. જેવાં ચશ્મા તેવું દેખાય, ને સ્હામો પદાર્થ તેવો માને. તેથી તેના મનથી તેણે તે દ્વારા ઘાટ કર્યો. દેવો પણ એજ પ્રયોગ સંસારીનો નિશ્ચય, તપાસવા કરે છે. ને વાતે ખરી છે કે—

"તુલસી જગમે આઇ કે, કોન ભયો સમરથ;
એક કંચન એક કામની, જીન ન પસાર્યો હથ." તેથી માતાએ.
(ગરબી ચાલુ)
નારી ભારી સ્વરૂપીને પ્યારી શૃંગારીને ઠાઠથી;
પાલખીમાં બેસાડી સોંડાડી, પતિ પાસે ધાટથી.
જાણ્યું જોઇ જોબનવંતી, જુવતી, પતિ મોહ પામશે,
પાછો આવશે પરતાઇ ઘેર, વિરહ દુઃખ વામશે.

કપીલ પાસે સ્હામું છુટવાનું માગ્યું એવી દેવહુતિ માતા દુર્લભ છે. આ તો અન્ન વ્હાલી હતી. જેમ જાનકીજીએ કહ્યું—

"**य स्त्वया सह सःस्वर्ग निरयः य स्त्वया विना**"

"જે ત્હારી સાથે તે સ્વર્ગને ત્હારા વિના તે નર્ક" તેણે વધુ કહ્યું હતું.
"બધાં વનતણાં દુઃખડાંના વિકુભારે;
તવ સમીપ તે શા ભાર, પ્રાણાધાર. મુજને મુકીને જશો નહીરે.

તે આ મૂકીને ગયા પણ તેમાં પાતિવ્રત પ્રભાવે પછવાડેનાં એ સંયોગ સારૂ આ ગોઠવણ કરી આપી. નહીં તો તેણીનું સૂત્ર એજ હતું કે—

"**બાલીકને યત્ને મળવું**" પણ હજુ "**સાચું સંસારે રળવું રે**" એવી તૈયારી ન હોતી. એથી વિરૂદ્ધ યત્ન હતો પણ જાતે શુદ્ધ બુદ્ધ હતી માટે જ ગાયું છે કે—

"પહોંચી પદ્મણી પ્યારી પવિત્ર, પતિ પાસે પ્રીતથી,
વસે વનમાં વેરાગીને વેશ, વિરક્તિ ધરી અતી. "

પદ. "પ્યારસે મીલો" એ રાગ.

"નાર આવતી દેખી, સંતોબાજી; જરીન બન્યા અવિવેકી; સંતોબાજી.
"(**जहि शत्रु महा बाहो कामरुप दुरासदं** " તે મારીનેજ આવ્યા હતા)
"પુછ્યું અરે તું અહીં શીદ આવી, પાછી જા ઝટ ધામે;
"વધુ ન વદા રહી વામા વિમાશી, કપટે કહ્યું ન કામે. સંતોબાજી.
(પતિનો રંગને પ્રસંગ જોઈ સદ્ય મનથીજ બદલાઇ ગઇને બોલી ઉઠી)
"સમજી સદ્ય સતિ વદી હે પતિ ! આની ગતિ તો સ્વામી;
"વને વશીસ ન ખશીશ ખરેખર, દેહ નહીં કરં નકામી. સંતોબાજી.
"જળ વિણ મીન, લતાતરૂ કેરી, વેગળી ક્ષણે ન થાતી;
"તેમ પવિત્ર પતિવ્રત ધારી, નારી પતિની સદા સાથી. સંતોબાજી.
"પતિ વદા, તો ભૂષણ ઉમદા, વસ્ત્રો બધાં દઇ દ્યો;
"થાઓ હું સમ કાં જાઓ ધરતી ગમ, નિશ્ચય કરી કહી દ્યો. સંતોબાજી.

"**સહ ધર્માનુ ચારિણી**" હોતો પતિ સમાન ધર્મ આચરવા પડશે. યાજ્ઞવલ્કય બે ભાર્યાને ધન વ્હેંચી દેવા માંડયા ત્યારે તેમને પુછ્યું તમે કેમ તેનો ત્યાગ કરો છો ? તે કહે હું 'અમૃત" થવા જાઉં છું. તુરત આએ કહ્યું તો પછી અમને કેમ તેવી ન કરો ?—

"વ્હાલી વ્હાલી કહો છો તે શું સાચે સાચી વ્હાલી રે;"
વ્હાલીના વાલી શું કરશો સાચી રખવાળીરે !

"समान शील व्यसनेषु सख्यं" બંને પરિક્ષા પુરી ને પાસે જ હતી.

પદ "પાંચાળી પ્રાણુ આધાર" એ રાગ.

ધન્ય ધન્ય સતિએ નાર, બડભાગી.
થઇ ગઇ સત્વર તૈયાર; બડભાગી.
ભૂષણુ અંબર ઉતારી, દઇ દીધાં સંગીને વારી; (પતિના ઉપર)
ધોળું અંબર તન ધારી, થઇ ગઇ સાધ્વી તૈયાર. બડભાગી.

(પીંગળાને પરાણે ઉતારવાં પડયાં, તે રોતાં રોતાં કહેવું પડયું હતું.
"પીયુને તજાવનાર વેરી અલંકાર, શૃંગારમાં ડુબાવીતી તમે જ મને"
તેમ પરાણે જખમારીને ઉતારવાં પડે તે કરતાં આ રીતે ઉતારે તેનાં કેવાં ભાગ્ય! આહાવી સ્રીના શું કામ ત્યાગ કરે! હવે તે સદ્‌ગુરૂની સુશિષ્યા થઇ ગઇ.")

"પઠવીએ પાલખી ખાલી, મંડળી ઘરે ગઇ ચાલી;
"પતિ સંગ વને રહી વ્હાલી, વધુ આણી ઉરમાં પ્યાર. બડભાગી૦
"તૃષ્ણાઓ જગની છોડી, પ્રીતિ જગજનની તોડી;
"દ્રઢ વૃત્તિ પ્રભુપદ જોડી, લાગી ભજવા સુખકાર. બડભાગી૦

જે ક્ષત્રીઓ ઉછળતી તલવારોમાં કુદી પડે ને જગતને ભૂલી જાય, જે ક્ષત્રાણીઓ ઉછળતી આગમાં ઉછળી પડે, બીજાં બધાંને ધોળ્યાં કરે, તેવાં દંપતિને માટે આ મ્હોટી વાત ન હોતી. બલકે તેના કરતાં, પણ આનો વધુ મ્હોટું પદ-સ્વર્ગ કરતાં પણ-પરમપદ સ્વર્ગના માલીકના માલીકને મળવાનો પ્રયાસ ને તે દેહ રાખીનેજ હતો તે આરંભ્યો.

ગીતિ.

"બેઠાં બન્ને વનમાં, શાન્તિ મનમાં, મોહ ન જનમાંહી;
પણ ભૂખ લાગી તનમાં, વૃત્તિ ન ફેરી તદા ભજનમાંહી.

ભગવાને પણ કહ્યું છે કે-शरीर यात्रापिचतेन प्रासिद्धे हा कर्मण" શરીર યાત્રા પણ કર્મ કર્યા વિના તો નજ ચાલે તેમ—शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्मीशः" કેવળ શરીરને માટે કર્મ કરવાથી પાપ લાગતું નથી. તેમાં વળી પત્નિની પરિક્ષા પણ લેવાની હતી કે તેનો વૈરાગ્ય ને પોતા પ્રતિ પ્રેમ કેવો છે! તેથી બોલ્યા.

સોરઠ. "નાના પ્રિતમ નહીં હું તારીયાદ" એ રાગ.

"વદ્યા સતિ સાથ સંત સંતોબાજી રે, સંતોબાજી, લાગી ભૂખ ઝાઝીરે. વદ્યા૦
જા સ્હામે ગામે શીષ્ટો ને ધામે, માગી લાવ ભાખરી ન ઉરે લાજીરે. "
"લોકો વદે જે ધ્યાને ન દેજે, સહેજે સુંદરી ધરી ના નારજીરે. "
ઝટ આવ પાછી મળે તે યાચી, ઉઠી સતિ રાચી, દીલ ન લેશ દાઝીરે. "

પતિ ભૂખ્યાની ફિકર હતી તે તેને જમાડવા પોતાનેજ કામ મળ્યું એથી ઓર હરખાણી. કદી પુર તો શું? મ્હેલ બ્હાર પણ પગે ન ચાલેલ, તે ચોંપે બે ગાઉ ચાલી જઇ પહોંચી ગામડામાં.

"વૈદરભી" એ રાગ.

"આવી સતિ ભીખ માગવા, પતિ આજ્ઞા અનુસાર;
"રતિ ન શોક ધર્યો ઉર પ્રતિ, હતી અતિ સુચિનાર, આવી૦

" ભિક્ષા માગવી શી રીતથી, ક્યાંથી જાણે કુલીન;
" " હરી વિઠ્ઠલ " માત્ર બોલતી, ફરે દેખાતી દીન. આવી૦
" ફરતાં ફરતાં આવી ચઢી, નાની નણુદીને દ્વાર; (તે પોતે નથી જાણતી પણ
" અચબુચ એણે તો ઓળખી, ભેદ ન લહ્યો લગાર. આવી સતિ.

ભાભી દ્રૌપદી જેવીજ ભલી. નણુદને સારૂ ગામ કાંચળીમાં આપી પરણાવી, સાસરે પઠાવી હતી. પણ તે ગામ એજ હશે એ તે જાણતી ન હતી. તેમ નણુંદે ભોજાઇને ધોળું ધોતીયું ને ભીક્ષાની ઝોળી સાથે જોઇ તે પણ ન સમજી શકી કે છને ભાઇએ ને ન્હાવી સુશીલ ભાભીની આ સ્થિતિ શી ?!

" દોડી ગળે વળગી પડી, રડી બોલી તે વાર;
" ભાભીજી આતે શું થઇ ગયું, આ શો વેશ આકાર. આવી૦
" પાલખીમાં નિત દેખતી, તે શું માગો છો ભીખ;
" વસ્ત્રભૂષણ ક્યાં ! આ ધોતી શું ! કોણે દીધી આશીષ. આવી૦
" વાત વીતિ કહી શાન્ત થઇ, નણુદી થઇ લાચાર;
" ઘી ગોળ રોટલીયો દીધી, ચલવી નયનથી ધાર. આવી૦
" ના કહેતાં સમ દીધા આકરા, ચાલી લઇ ધરી ધીર;
" પતિની પાસે ઝોળી મૂકી, જે ભજે રઘુવીર. આવી૦

શાર્દૂલ છંદ.

દેખી રોટલીયો મહીં બહુ, રૂડી, ઘીને ભરી ગોળની,
પુછ્યું આ શું કર્યું સતિ નવ ડરી, સાચું બધું બોલની:
વીતિ વાત કહી તદા પતિ કહે, પાછું દઇ આવ એ;
ઉઠી સદ્ય સતિ રતી ન બબડી, જાણી મનો ભાવ એ.

બીજી વારની પરિક્ષા ઓર આકરી થઇ. ચાર ગાઉપર ચાર ગાઉને તેમાં આજ્ઞા ઉઠાવવા શિવાય ફળ કશુંજ પ્રત્યક્ષ નહીં. પોતાનીજ ભૂલ સમજી. માત્ર " ભાખરી " ન લાવ્યા માટે ઓર અતિ પસ્તાઇ !

માલિની છંદ.

ઝટ નણુદ સમીપે, આવીને વાત કીધી, ભિખ દઇ સહુ પાછી, સ્થાનની વાટ લીધી;
નણુદિ રહિજ રોતી, જોતિ ના પાછું વાળી, વધુ વખત ન ખોતી, ચાલી સ્વામીની વ્હાલી.

" પિયુને તજાવનાર " એ રાગ.

નિકળી ગામમાંથી કે ચડયો વરસાદ, પડયો એકાએક પંથમાં થયો વિશાદ;
નદી ઉભરાઇ બાળા ગઇ ધભરાઇ, સ્હામે તીરે પતિ, સતિ અતિ અકળાઇ.
પતિ પ્યારા વને એકલા છે પેલે પાર, સૈયાના સમયે રોકાઇ દુઃખી અપાર;
નવ તરી શકું ન સહી શકું વિયોગ, વદી વ્હારે ધાઓ રે ! વિઠુબા પુણ્ય શ્લોક.

અપ્રાપ્તે શાસ્ત્ર મર્થવત્ " મનુષ્ય બળ ખૂટે ત્યારે શાસ્ત્ર ઉપયોગી થાય છે. તેમાં પ્રબળ ને સિદ્ધ ઉપાય શ્રી પતિની પાસે સ્હાય માગવી એ છે. તે કહે છે—" **યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહં** " જેમને જેમ ભજે તેને તેમ ભજું છું. સર્વ શક્તિમાનને મ્હોટું કે છોટું કામ સમાન છે. જગત સૃષ્ટી પ્રલયે લીલા, સંકલ્પમાત્રથી થાય છે, ને તે

કરેજ જાય છે. ત્યાં એક વ્યક્તિને અલ્પ સહાય કરવી. શું બિસાદમાં! તે જે રીતે માગે તે રીતે જ આપે, તેને માગ્યા પ્રમાણેજ આપ્યું કહેવાય. તેમાં બીજા દ્વારા માગે તો તેમ, તેમાં માગનાર યોગ્ય અયોગ્ય ને માગણી પણ તેજ રીતે ઉચિત અનુચિત જોવામાં આવે છે. પતિ સેવા એજ સ્ત્રી માટે પરમેશ્વર સેવા, ને તે પતિપણ પરમેશ્વરનીજ સેવામાં લાગેલ, તેની તે ચ્હાવા અખંડિત ભાવથી કરે જતાં સેવામાં વિઘ્ન પડયા ખાતે કષ્ટ, ને તે નષ્ટ થવાની માગણી! એથી શ્રીપતિ પ્રસન્ન થઇ. એવી ઉત્તમ અભિલાષા વાળીના ઉત્તમ કાર્યમાં તે પુરૂષોત્તમ જાતે સ્હાય ન કરે તો કયારે કરે? તેણે તેણીની કદર કરી "**आर्त्तो जीज्ञासु**" તેમાં આ આર્તિ ઉત્તમ પ્રકારની હતી. ને તે પોતે તો **आर्तत्राण परायण** છેજ.

तावदार्त्ति तथा वांछा स्तावन्मोहं तथाऽसुखम् ।
यावन्नयाति शरणं त्वामशेषौ घनाशनम् ॥

ત્યાં લગી આર્તિ તથા વાન્છા તથા મોહ તથા અસુખ જયાં સુધી તે સમગ્ર અઘના નાશકને શરણે ન જાય! શરણાગતિ એ ઉપાય માત્રમાં શ્રેષ્ટ છે. તે પણ શ્રીહરીની પોતાની "**मामेकं शरणंव्रज**" ને તે ચ્હાવાં અધિકારી કરે. પછી તે સફળ કેમ ન થાય! ને તેથીજ તેવી આઓને તો સહજ છે–સરળ છે–"**માલીકને યત્ને મળવું**" અલબત એવા પ્રસંગ વિરલ છે. ને તેમાં એવી ધીરજ, ભક્તિ, સુમતિ રહેવી કઠણ છે. પણ તેવાં પાત્રો પણ હોવાથીજ તેવા પ્રસંગો આવવાને તેમાં તેઓ ફાવવાથીજ અમને દ્રષ્ટાન્તરૂપે પ્રતિતિ આપે છે કે–જો યત્ન કરેતો માલીકને મળવું થાય છે ને તે મુજબ "**સાચું સંસારે રળવું**" છે. અહીં—

"રડી પડી તેજ ઘડી ધાયા દીનાનાથ, તારના સ્વરૂપે દેખાયાને વદ્યા તાત,
"જવું હોય જો સંતોબા પાસે ધરી પ્યાર, તો બાઇ હું તારૂં છું ઉતારૂં પેલે પાર.
"હરખી ન પરખીને વદી સતિ વેણ, ભાઇ ત્હારૂં ભલું થશે છું ધર્મની બ્હેન૦

તેણે માગ્યું તેટલુંજ મળયું. દીવ્ય દર્શન નથી માગ્યું નહીં તો તે તો ભવ સાગરનાજ તારૂ છે. તારવાનોજ ધંધો કરે છે.

હરિગીત.

ઝટ ઊચકી નિજ સ્કંધપર આનંદથી હરી, લઇ, ગયા.
નદી તરી પેલે પાર જઇ આ તુજ પતિ, હરી કહી ગયા;
પાછું જુવેતો ત્યાંજ અંતર ધ્યાન ઝટ હરી થઇ ગયા,
પતિ પાસ આવી વાત કહી કે લ્હાણુ ખુદ હરી દઇ ગયા.

શ્રી અંગનો સ્પર્ષ, હર્ષ એથી તન મનનો ઉત્કર્ષ અલૌકિક થયો હવે તે લખો; પણ વિદ્યુત ઝળક જેવો તે થયોને ગયો. ધન્ય સતિ ને તેને માટે ધન્ય પતિ! તેણીએ તો એજ "માલીકને યત્ને મળવુ" મળતું એટલે એક ચિત્ત રહેવું. તેથીજ તે દ્વારાજ તેનું કામ થઇ ગયું. હવે તેની ઉન્નતિમાં શંકા શું કામ! બ્રહ્મ જ્ઞાનથી મુક્તિ, તો આતો દર્શન સ્પર્ષન પણ થઇ ગયું. અજ્ઞાત તે હતી એથી શું! "**अग्नि छन्नपि वार्ष्णेय दहत्ये वहि पावकः** ન દેખે પણ અગ્નિ સ્પર્ષ બાળેજ તેમ "પ્રભુ પારસતું; તુજ સંબંધે પારસ સરવે થાય છે" તે તો પૂર્ણ વિમળ થઇ ગઇ. તે ધર્મની બ્હેન, ને પ્રભુ તેના ધર્મના ભાઇ. દ્રુપદી, સુભદ્રા

જેવીજ સમાઇ. બસ એ કાંઇ ઓછી કમાઇ છે! સ્ત્રી માટે "પતિ સેવા" એજ પરમ પ્રબલ ધર્મ, એથીજ પ્રસિદ્ધિમા. સકળ શ્રુતિ સ્મૃતિનો ઘોષ છે. તેથી તેમને લઇ પ્રસંગ અહીં એમજ પુરો થયો ગણીયે કે આ રીતે તેમણે—

"માલીકને યત્ને મળવું, સાચું સંસારે રળવુરે"

પણ હજી પતિનું તો બાકીજ રહ્યું. "ગુરૂથા ચેલા આગળા" ગુરૂજી શિષ્યની પરિક્ષા લેવા જતાં તેને પ્રભુજીએ 'પાસ' કરી દીધી એટલે હવે તો પોતે પાછા પાડયા. પણ તેની અસર ઉત્તમ થઇ.

શિખરીણી.

વધા સંતોબા એ, દરશન તને તો સતિ થયાં;
મને ના દેખાએ, અધ મુજ અતી છે હજી રહ્યાં;—હવે આર્તિ થઇ.

આર્તિ થયા વિના અત્યાગ્રહથી મંડાતું નથી. ને તે આર્ત આણી આવતી નથી. એજ પૂર્વે ગાયું છે.

પદ. *

" કહાંસેં આરત લાઊં, ઐસી મેં કહાંસેં આરત લાઊં,
જો તું પ્રિયકો પાઊં, ઐસી. ટેક.
ગજને દુ:ખતેં આરત કીની, સોતો લેશ ન ચાહું;
ગોપીકોં ભઇ આર્તિ વિરહમેં, કૈસે કૃષ્ણકોં ધ્યાઊં, ઐસી.
આલવાર આગે અનુભવિકે, મેં તો બદ્ધ કહાઊં;
કેવળ જુક્તિ કરી ઉક્તિ મેં, ઊનકે શબ્દહી ગાઊં. ઐસી.
સંભવ નહીં પેં આશ ન છુટે, ઊઠે તર્ક શમાઊં;
કૃપા કૃપા સર્વથા કૃપા અનુ, ચાહું ચાહું મેં ચાહું. ઐસી.

તે કૃપા સતિ સ્ત્રીની ઉત્તમ કૃતિના નિમિત્તે વૃત્તિ ઉપર થઇ. "નાનો ભાઇ પાસ થાય એટલે મ્હોટો લજ્જાથી ભણવા મંડે તેમ, યોગ, પ્રસંગ બન્યો. પ્રભુએ બનાવ્યો. આરંભ કર્યો તો એવો યત્ન કરવા અવસર આવ્યો ને તેને તેવાજ ઉમંગે ઉઠાવ્યો. બસ મનથી નિશ્ચય કર્યો. "અર્થ સાધું કે દેહ પાડું"

શિખરિણી ચાલુ.

નથી ખાવું પીવું, જવ લગિ નહીં નાથ નિરખું,
વૃથા શાને જીવું, નવ કોઇ અભાગી હું સરખું.

શાખી.

એમ વદી નવ ખાઇ ધ્યાયી હરી નિશા ભજનમાં કહાડી,
દીધું વણીકને સ્વપ્ન વિઠ્ઠલે તદા દયા દેખાડી;
(એકને બદલે બે ભૂખ્યાં રહે છે ને તેમના નિમિત્ત વળી ત્રીજાનું કામ થયું.)
પ્રાત કરી પકવાન વને જા, સંતોબાને સારૂ,
તેમજ કર્યું ધન્ય થઇ તેણે ભાગ્ય ગણ્યું નિજ સારૂં.
(ભક્તોનાં ચરિત્રો ઉપરથીજ ભગવાનનો સ્વભાવ સમજાય છે. અને એવા કૃપાળ

* આ પદ શ્રી રંગનાથમાળા. (હીંદી) માં છે. કિમ્મત રૂ. ૦—૮—૦

સંભાળ રાખનાર સર્વજ્ઞ કદરદાન સ્વામી છે તેથીજ તેનું ઉપાસન "સુલુર્ગ કર્તું" કરવું સુખ રૂપ ગણ્યું છે.)

પદ "એસી ચતુરનાર" એ રાગ.

"ઉઠી વડે પ્રાત, અહીં થાળ હાથ, અતિ રળિયાત એ વણિક જાત;
"આવ્યો હર્ષ સાથ, સંતોબા સંત પાસે. ઉઠી વડે પ્રાત.
"વદ્યો જોડી હાથ, શ્રી પુંડરી નાથ, વદ્યા સ્વપ્ને લાવ્યો તેથી તાત;
"કર્યું આપ કાજ આરોગો એ ઉલ્લાસે. ઉઠી વડે પ્રાત.
(જાણે કે નિશ્ચયની પરિક્ષાજ થઇ કે "ધ્યાન" વ્હાલું કે "ભગવાન")
"સુણી એવી વાત, સંતોબા સુજાત, વદ્યા અરે! ભાત એ જ છે પંચાત;
મળ્યાં તને તેમ કાં ન પુરે મ્હારી આશે! ઉઠી વડે પ્રાત.

(પદ પૂર્વે ગાયું છે)

વૃત્તિ દર્શનની પ્યાસી રે, પ્રભુજી હૃદય કમળ માંહે વ્હેતી.
અન્ય આશ પુરતા ન પુરતા આ મ્હારી આશ.
રહેશે કયાં સુધી ઉદાસી રે.........................

પદ ધનાશ્રી.*

પ્રભુ બારો બાર ખબર રાખો.
ચહ્યું ચિત્ત કે બન્યુ બીજું ઝટ, મન મ્હારૂં પુરે સાખો.
એક જ ટેક કેમ પ્રભુ રાખી, અનંતથી કંઇ નવ ભાખો." તેમજ થયું,
× માટે નહીં ખાઉં, ભલે મરી જાઉં, એને જ ચાહું, એનેજ ધ્યાઉં,
"મુખ જોયા વિણુ ભૂખ દુઃખ નહીં જાશે. ઉઠી વડે પ્રાત.
"હાર્યો વણિક અંત, લીધો ઘરનો પંથ, રીઝયા અંતે ખુદ રમાકંથ;
પ્રત્યક્ષ થયા સંતને શ્રી નિવાસે. ઉઠી વડે પ્રાત.

એમ ઉદ્યોગ સાહસ સાહસ, ધૈર્ય પરાક્રમથી અંતે ફળ છે માટે "માલીકને યત્ને મળવું" પણ હજી મળવું તે મુલાકાત રૂપેજ થયું છે. હજી તેમાં ક્રમ છે. પુરૂં મળવું બહુ દૂર છે. અક્રૂરને કંસને ઘેર તે હતા. ત્યાર પછી વ્રજમાં પ્રેમદર્શન થયાં, મળ્યા, તે એક દરજ્જે, પછી તેમનેજ મથુરાં લઇ જતાં રથમાં ને તેજ સાથે યમુનાંજીના જળમાં મળ્યા તે બીજે દરજ્જે. ને અંતે દેહ પડે મળ્યા તે ત્રીજે. ઉધ્ધવજીને મળ્યા ને પાછા તેને બદ્રીકાશ્રમ મોકલ્યા. મુચુકુંદને મળ્યા ને તેને ફરી વિપ્ર દેહ થયા કહ્યું એટલે ઉપાયના પ્રમાણમાં પૂર્ણ ફળમાં બાકી રહે છે ત્યાં સુધી કર્તવ્ય શેષ રહે છે. ને તેમને પણ હજી એ પદ બાકી રહે છે કે "સાચું સંસારે રળવું" તે ક્રમમાં છેવટ.

श्रवणं कीर्तनं विष्णो स्मरणं पादसेवनं ।
अर्चनं वंदनं दास्यं सख्यं मात्म निवेदनम् ॥

તેજ તેમણે કર્યું—"આ જીવતું અર્પણુ વ્હાલા, તુજ પદમાં કરંછું.

---

* આ પદ અમારી શ્રીનાથ માળામાં છે કિમ્મત ૦-૪-૦
× એસી ચતુરનારનો રાગ ચાલુ.

તારીજ મૂળે તો છું તે તુજ પદમાં વરંછું.
મન કર્મે વચને સ્વપ્ને, બીજું ના ચહું છું,
તન ધન આયુષ તુજકાજ વાપરવા કહું છું.

कायेन वाचामन सेंद्रियाणि बुध्ध्यात्मना वा सकल स्वभावात् ।
करोमि यद्य त्सकल परस्मै नारायणा येति समर्पयामि ॥

એમ જીવન સ્વામીને અર્પણ કર્યું ને તેમાં પણ ખાસ કામ, જગતજનને હરી અભિમુખ કરવાનું ઉપાડયું જે માટે પ્રભુ પોતે કહે છે. **न च " तस्मान्मनुष्येषु कश्चिन्मे पियकृत्तमः भविष्यति "** તેના કરતાં મને વધુ વ્હાલો કોઇ થઇ શકશે નહીં. જે **શુક, શારદ, નારદ, વ્યાસ' વાલ્મીક, પરાશર** તે પૂર્વાચાર્ય માત્ર કરતા તે કરવા માંડયા. તેમાં પણ ઉત્તમ અવસરે ઉત્તમ સ્થળે ઉત્તમ **શ્રીવરની** મંગળ મૂર્તિની સેવા કરવાનું ને કરાવવાનું ચૂકતાજ નહીં. તુકારામનો નિયમ, બોડાણાની પ્રતિજ્ઞા, સુરનો વૃંદાવન વાસ તેવોજ તેમને પુંડરીનાથપર ભાવ ને તેનો લ્હાવ લેતા ને દેતા તેમાં પણ ખાસ

પદ. " મ્હો મલકાવી " એ રાગ.

" આષાઢી એકાદશી આવી, પંઢરપુર જન ચાલ્યારે;
" સંતોબાએ ઉમંગ લાવી, ચાલ્યા હરીના વ્હાલારે. શું કામ! એજ.

હવે તો ત્યાં છેજ એમ અનુભવપૂર્વક—**"માલીકને યત્ને મળવું"** જાય છે ને તેથીજ.

" પુત્રી જાય પીયરમાં તેવો ઊર ઉમંગ ઉભરાયરે;
રસ્તે હરી ગુણ ગાતા ઘડી ઘડી નયને નીર ન માયરે.
દશમે નરસીંહ પૂરે પહોચ્યા, બે હજાર જન સાથેરે;
નીરા ભીમરાના સંગમપર, રોકાયા વરસાદેરે.
પુર આવ્યું ભરપૂર નદીમાં, કોઇથી ન ઉતરાયરે;
સૌ શોચે વિતશે વડો દીન, પણ શું થાય ઉપાયરે.
ઉતરી જાત સરવ જન સુખથી, હોત એક પણ નાવેરે;
પણ આ ઘડી તે કયાંથી આવે, તુરતજ કોણ બનાવેરે.

લોકોનો ભાવ ભોળો તેમ સંતોબાનો નહોતો તેમને તો—

અહીં રહેવું રહેવું વેઠું હૈ, દેર કરો ન જણાયરે;
મરવાથી બે પરવા અંતુ, તમારોજ થઇ જાયરે. " એવી ઘો ભક્તિ "

એમ થાય છે. એટલુંજ નહીં ઔર આતુરતા થાય છે. **" कदाद्रक्ष्यामि चक्षुषा "** ને તે માટે પંઢરપુરમાંજ મન મોહકનો સાક્ષાત્કાર થયો હતો. એટલે વિરહવેદના આશ ઉઠી ને આરંભ માંડયા પછી રહેવી કઠણ હતી ! " જેને વિતે તે જનણે " **नैवपश्यन्ति कामांधः "** તો આતો દીવ્ય કામના હતી. તેના ભોગી હાલ વિયોગી હતા ! સદા એકજ ઉચ્ચાર, એકજ પ્રકાર હતો કે—" **માલીકને યત્ને મળવું** " પોતાની સ્રીની પતિ વિયોગ માટે નદીપુર જોઇ શ્રીપતિને શરણે ગઇ તેની સહાય માગી કારણ તે તન ત્યાગે તો ઇષ્ટ થાય તેમ નહોતું પણ સંતોબા તેથી વિશેષ, તેનો ભાવ વિશેષ, તેના પતિનો પ્રભાવ વિશેષ ને તેનો સ્વભાવ તો કહેવુંજ શું ! તેવોજ ભકતના પ્રેમનો ઉઠાવ દેખાયો—

ગજલ. "અહો પ્યારા"

"સંતોબા શોચ ભીર કરતા, જવા દેવાય નવ ટાણું;

જનો તનથી વૃથા ડરતા, જવા દેવાય નવ ટાણું.

કદી તન જો ડુબી જાશે, વૃથા તોએ ન શ્રમ થાશે, અહીં બચવું કોની આશે. જવા.

તરાશે તો જવાશે ત્યાં, ડુબાશે તો જવાશે ત્યાં; ખોટી શીદ થાઉં હું અહીંયાં. જવા.

વદી જય પાન્ડુરંગ તણો, ઉરે આણી ઉમંગ ઘણો, પેઠા જળે સ્તબ્ધ સંઘ બણ્યો. જવા.

કામ ખરેખર કઠણ હતું. સાહસ હતું. પણ સાચા ભક્તને તો સાચો ભાવ હતો તેથી—

પ્રભુ ધાયા તુરત વ્હારે, જુવે સહુ ત્યાં શું વાહ વાહરે; ડુબી ન જંઘાએ તે વારે, જવા.

(જેમ આગવો આંધળો ને લશ્કર કૂવામાં–તેમ ગુરૂ કર્ણધાર–તે તરવાને તારવા સજ્જ થયો.)

પદ. "વ્હાલા વેંકટવર ત્હારો વિશ્વાસ" એ રાગ.

" બોલ્યા પરચો દેખી ટેકી, વૈશ્નવ સંતથી, થાઓ નહીં અવિવેકી ટેકી. વૈશ્નવ.

આપ બાપના પ્રતાપથી એકલા તરી જાઓ છો;

અમને રાખો છો આ કાંઠે. સ્વાર્થી સમજાઓ છો. બોલ્યા પરચો૦

સંઘ સંગ કીધો પ્રસંગપર, તો મન ભંગ ન કરશો;

પાન્ડુરંગને આપ વિનવી, ઉમંગ અંગે ભરશો. બોલ્યા પરચો૦

સુણી શુચિ સંતોની વાણી, ઉભા રહ્યા દયાળુ;

વધ્યા નદી વચમાંથી મુજને, ભલું સ્મરણુ આલ્યું. બોલ્યા પરચો૦

પદ. " ઓ વ્હાલા "

આવો ચાલ્યા આવો સંતો ચિત્ત ચાહી.

સહુ આવો લ્યો લ્હાવો. શક નવ લાવો. લેશે સકુચાઇ. આવો ચાલ્યા

જો "માલીકને યત્ને મળવું" હોય તો શિષ્ટોને પગલે ચાલવામાં સંસાર જળથી અટકવાનું નથી. તે આગત્રા થયા તે એનાજ અનુયાયી, તેની આજ્ઞાનું સારી રહયા તો "ભવજળ સાથળ સુધી" એ નહીં થાય ને પરિણામે પાર પડી કુશળતાથી તેને પદે પદે માલીકને મળવું" થશે જ.

ત્રણ પ્રકારના ગુરુ. પથ્થર જેવા ડુબેને ડુબાડે, પાંદડા જેવા પોતેજ તરે. ને નાવ જેવા તે તરેને તારે. સાચા એક તરતાં, આવું આચરતાં શીખે તો અનેકને ઉદ્ધારે. તે સાચો છે. એમ શોધવું. એવા આચાર્યો બહુએ થઇ ગયા. તેમના પ્રતિના પ્રતિ નિધિ તેમના દ્વારા ઉદ્ધારી શકે છે. માટે ઉત્તમ યત્ન ઉપાય એજ છે. ને તેથી તે રીતેજ "**માલીકને યત્ને મળવું**"

જુવો અહીં તમામ સાથેનો સંઘ કેવો પાર ઉતરી ગયો! પણ તેમના કહેવાપર વિશ્વાસ મુંકી, જળથી ન ડરી હરી મહાત્મ્ય સ્મરી તેને પગલે પગલે ચાલ્યા તો

(ઉપરનો રાગ ચાલુ)

ગાડી ઘોડા સહ સહુ દોડયાં, આવો નવ ડર ખાઇ.

પુંડરીનાથ તારનાર છે, નહીંજ ડુબોરે ભાઈ ભાઇ. ચાલ્યાઆવો.

જુવો હું ભણી ખુવો તમે શક, વૃથા રહયા રોકાઈ;

જળ તો ઘુંટણુ સુધી થયું ન વધશે એ પર કદીએ ક્યાંહી. "

એ દેખીને પ્રથમ વિવેકી, ભક્ત ઉપડયા ધાઇ;

તે પુંઠે ચાલી યાત્રા પણ વધતી ધન્ય વધાઇ વધાઇ.
લાજ ખરા ભક્તની રાખવા, દાઝ ધરી દિલમાંહી;
કીધું કુર્મ રૂપ જગ રાજે, ગયા સંકળ નદીમાં પથરાઇ. ચાલ્યા.

(આજુ બાજુ ઘણું ઊંડું જળ છતાં સંઘ જેટલામાં થઇને જાય તેટલીજ જગ્યામાં ઘુંટણ જળ, એમ સૌને અનુભવ થયો. એમ તે ગ્રંથકાર લખે છે. એમાં કાંઇ આશ્ચર્ય વા વિશેષ નથી. સાચા ગુરૂની બલિહારી છે. સ્વભક્તનું વચન સત્ય કરવા પ્રભુ શું શું નથી કરતા ?

प्राग्दास प्रल्हाद वा कारण रघुवा होगये बघवा " કળીમાં પણ.

" હુંડી લખે એ તો નાગર નરસહી હામ એથી બધી હેઠ;
" નામ નવું પાડયું નટવરતું શ્રીસામળશા શેઠ.

સુજ્ઞોને આ બે દ્રષ્ટાન્ત બસ છે. સૌ બોલે છે કે "શ્રીહરી ભક્તને વશ છે. તે પણ તેના ધામમાં તેના ચરણમાં નમવાજ જનારને માટે ! તો શકજ શું કામ !)

ગરબી. " અલબેલીરે " એ રાગ.

ચાલ્યો ચાલ્યોરે, સઘળો સંઘ જય જય દેત કહી;
મ્હારો વ્હાલોરે, શ્રીકુર્મ અંગ ધારે પીઠ વહી.
ઊંટ ગાડી ઘોડાં ને બળદો સામન ને નરનારરે;
ચાલ્યાં રમરતાં મુખે ઉચરતાં, વિઠલનો જયકાર. જયજય.
ઘુંટણપર પાણીજ ચઢયું નહીં, નડયું ન વાંધું પ્હાણુરે;
એક પ્રતાપ અનેક જનોને, દેવે દીધી લ્હાણુ. જયજય.
કહે પરસ્પર વૃથા ખરેખર, રહ્યાં આપણે થોબીરે;
ધન્ય સંત સંગત સૌ કહેતાં, થયાં ભક્તનાં લોભી જયજય.
ખરો ભેદતો ભકતો સમજ્યા, ઉતરી પેલે પારરે;
પ્રેમ અને આનંદ ઉભર્યા સંતોબાને અપાર. જય..ય

(જેના દાસ શેષ આખાં ભૂમંડળને હજારમાંથી એક શીર્ષપર સર્પ પર્વત ધરે છે. તેને આ શુચી સ્વાદમાં. એવા.) " **માલીકને યત્ને મળવું** "

દીંડી.

કરી કુર્મરૂપ કર્મ કર્યું કંથે, લહ્યું છે તમામ સત્ય સદ્ય સંતે;
આવી પાદ પ્રતિ પડી પતિ પાસે, વદ્યા વિનવી વ્હાલાને સઉલ્લાસે.

પદ. " ભેરવી " જઇને કહે એરાગ.

સ્તવ્યા હરીને સંતોબા પચારે, નમી વારંવારે વદી વ્હા ! રે.
આ વિપત્તિમાં આવી પતિ વિણુ, ચઢી વ્હારે કોણુ કષ્ટ નિવારે-
મંડળી, તારી નદીથી ઉતારી, તેમ લે તારી હવે મને પ્યારે.
કહ્યું તન વારી ઘો તનજ નિવારી, આવી વારી હવે તનુજ એ ધારે.
થયા ઉપકારી લીધા સ્વીકારી, અનુ સુખકારી એને ઊધારે.

અને અંતે એજ ઉચ્ચારે. એ "**માલીકને યત્ને મળવું, સાચું સંસારે રળવું રે**
તન ઉતારો સાથ ઘુતારો, પળમાં પંડે નિકળવું રે.

માટે " માલીકને યત્ને મળવું" એટલે. પછી ઇતિ.

॥ श्री हरिः ॥

श्री महेताजीनी हुंडी.

(લે. અ. ત્રી. વૈષ્ણવ.)

પૂર્વરંગ.

પદ. " મનકર્મ વાણી " એ રાગ.

જાણે મન માનું એ માલીકને હું માનું રે;
માલીકને હું માંનું—મ્હારી કને હું માનું રે. જાણે મન માનું.
માન તજી માનતે તજીને, માન દઇ અનંતપતિ પ્રમાણું રે. જાણે.

" માલીકને હું માનું રે " એ વાક્યનો અમલ તો આખા દેશમાં થાય છે, કારણ દેશમાં માલીક છે. દેશ ત્હેનો માલ જેમાં વસ્તી પણ આવી ગઇ તેથી યદ્યપિ ત્હેને રાજ્ય-સત્તાનો અનુભવ ન થાય ત્યાં સુધી ભલે પોતાને સ્વતંત્ર માને પણ ખરે વખતે કબૂલ કરવુંજ જોઇએ કે—" **માલીકને હું માનું રે.** "

બારીસ્ટર સાહેબના મગજમાં **વિલાયતનો** પવન હજી ભરાયેલજ હતો, તે પોતાના ગામના ઠાકોરને તો શું કામ પત કરે ! પરંતુ **વૉઇસરાયને** પણ નોકર ને **પાર્લામેન્ટને** પણ દેશની સેવા કરનાર સભા કહેતા જ્યાં **વિરમગામ** આવ્યા ને " પોટલાં શીંદાયાં " તીન પાંચ કશી ન ચાલી ? કબૂલ કરવુંજ પડ્યું કે જબરદસ્ત એવા—માલીકના નોકરના નોકરના નોકરને પણ માનવા પડ્યા પછી દસ્યુંજના કે ? " **માલીકને હું માનું રે** "

માલીકને માનવા તે માત્ર છે એમ નહીં, પણ તેને માન આપવું. પછી તે માલીક કોણ ! એ નક્કી જે હશે તે ઠરશે. ભયનું દ્રષ્ટાન્ત દીધું હવે લાલચનું. કુમારશ્રી, સર, કરનલ, એડીકાંપ આદી પદ પામી ચૂક્યા ને હજી રાજ્ય મળવાની લાલસા મનમાં હતી જ કોનાથી ! જેને માલીક ગણતા હતા જેના માટે " હાડ ચામડી હાજર છે " એમ ભણતા હતા તે પણ તેમના જેવા પ્રાકૃત દેહધારી પરમેશ્વરનાં પુતળાં હતાં પણ તે તો તેનેજ સર્વસ્વ માનતા હતા. પણ જે ખરા માલીકની મૂર્તિને માનતા હતા તેને સેવતા હતા તેમને તે હસતા, મૂર્ખ લેખવતા હતા. એક ઉસ્તાદ બ્રાહ્મણ જાણી બુઝીને સવારે તેમને પુજાપા સાથે ભટકાયો તેને તેમણે પૂછ્યું—"તુમ ક્યોં પથ્થરકે પૂતલેકો ઇતના માનતે હો ! હમ કહો તો વાંકો જૂતા મારે" " તેણે કહ્યું મહારાજ આપ પણ આપના માલીકના પૂતળાને માનો છો ને તેને બીજાને જૂતો નહીં મારવા દ્યો. તે કહે "નહીં, હમ પૂતલેકો કભી નહીં માનેગે" તુરત તેણે ખીસ્સામાંથી **મહારાણીશ્રી શહેનશાહ** બાનુંનો ફોટો કહાડી કહ્યું જોડા મારવા રજા છે! તેણે જોતાંજ ખેંચી લીધો. તુરતજ બ્રાહ્મણે કહ્યું એ જ રીતે તેના નામ, ધામ, આકાર સર્વને માનપૂર્વક

ઇષ્ટદેવ ગણ્યું છું, કારણ "એથી મ્હારા કોડ પૂરા થાશે" એમ સમજીને પણ **"માલીકને હું માનુરે"** રાજાઓમાં તો નીજામ સરકારથી આ દેશમાં સીમા છે "ખુદાવિંદ" ને "જહાંપનાહ" કહેવાય છે. ને પલકમાં ગરીબને "રાજા" નવાબ" તે બનાવી પણ શકે છે. પણ હેની વ્હાલી દીકરી મરણપથારીપર ને ઘેર પાટવી કુંમારશ્રી ગીજમાન હતા તેમના આતિથ્ય માટેજ નહીં તેમને માન દેવા તેને મરણપથારીપર મુકી જવું પડ્યું. વાંસે જે મરી પણ ગઈ. તેમણે લાચારીથી કહ્યું—"માલીકને હું માનુ રે" ને તેમના પણ શહેનશાહ માલીક જેને તેઓ માન દે છે તે પોતે હજી ગાદીપર પણ નહોતા બેઠા ને કાલે શહેનશાહ થઇશ એમ ધારતાંતો તખ્તને બદલે તખ્તાપર દાક્તરોના શસ્ત્રોના ઘા ખમવા તૈયાર થઈ સૂતા ને સ્વકાર્યું—જગતને જાહેર કર્યું બલ કે દેવલમાં જઈ પ્રતિજ્ઞાથી પ્રથમ એજ પ્રસિદ્ધ કર્યું—**"માલીકને હું માનુ રે"**

હેમનાં માતુશ્રીએ પણ "તખ્ત ઉપરથી તખતા ઉપર ત્યાંથીએ ધુળમાં લોટયાં !
"અલ્યા ભાઈ મ્હોટા મ્હોટા તે શેના ! મ્હોટા તે ઠરવાના ખોટા"—

"બાંધી મુઠી આયો પેં પસારે હાથ જાનેહિં" તેમ છેવટ તેનાજ કહેવાતા દેવળના આંગણામાં દેહને છેવટનો ઉતારો આપી હેનું અવલંબન સ્વીકાર્યું, અર્થાત્ વર્તનથી સાબીત કરી સમજાવી દીધું કે—**"માલીકને હું માનુ રે"** ભુલ થવાનું કારણ—

"પૂન્ય પૂર્વનાં ખાતા હમણાં સૂઝે છે તુફાન"
એ ખરચી ખૂટી કે આગળ વસમું છે મેદાન."

હાલ નીશાના મદમાં "મેરો વંશ ઊંચો, મેરે બાપદાદા એસે ભયે;
મેં તો બડો દાનો, માની કુલકો ઉજારો હૈ".

ભગવાન ગીતાજીમાં તેવા મદનું વર્ણન આપે છે-તેઓ માને છે—

ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी ॥ अ. १६ श्लो. १४.
आढ्योऽभि जनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया । अ. १६ श्लो. १५.

"હું ઇશ્વર છું હું ભોગી, સિદ્ધ, બળવાન સુખી છઊં. માનનીય બહુ કુટુમ્બવાળો છઊં મ્હારા જેવું કોણ છે!" પણ ક્યારથી તે ક્યાં સુધી ને કેટલી જગામાં! ને કઈ બાબતમાં જ ! એ વિચાર તેને ક્યાં આવે છે !

"ચહુ દેશમેં આણ ફેલાવતા હે ઔર દાણ આવે વાટ ઘાટકાહેં,
"મહેલ કીલ્લે બંગલે હુ બનાવત ખેલ ત્રિયા સંગ ખાટકાહેં;
ભાત ભાત કે ભોજન થાલ હુમેં જહાં બીસપચીસ તો વાટકાહેં,
"બ્રહ્માનંદ કહે અબ ચેત પ્યારે સબ કાલકી એક થપાટકાહેં.

"જુવે બીજાનું તોપણ ભૂલે, હાલ ગમે તે મદથી ફૂલે" કશુંએ નવુંરે; જગમાં મોટા તે સહુ રોયા અંતે જાણવુંરે" એને માટે નહીં થાય—

કારણ તે ક્ષણ માટે એક ખૂણાના, બીજાના બનાવેલા માલીક છે. ભોજે પોતાના ભોરા મારફત ભાઇને શ્લોક લખી જણાવ્યું હતું કે "માંધાતાદિથી આજ સુધી સેંકડો સમર્થ ચક્રવર્તી થઈ ગયા કોઈની સાથે પૃથ્વી ન ગઈ. હે મુંજ ! શું હારી સાથે આવશે ? " વસુન્ધરા કાહુકી ન ભયી" સમજુ માલીએ ગુરૂને કહ્યું હતું. શ્રીભાગવતમાં પણ બોધ છે જે એવા બનાવટી, ભાડુતી, માલીકને ચેતાવે છે કે—

પદ. " લાલ ન માટી ખાઈ " એ રાગ.

" ભૂમિ હસે છે તને ભારીરે, ભૂમિના સ્વામી;
" પતિ ગણે તે મટી જવાનો ચાર ઘડીની વારી ત્હારી. ભૂમિ હસે છે.
" મ્હારૂં ગામ મ્હારૂં ધામ, મ્હારૂં દેશપતિ નામ;
" ત્યારથી ક્યાં સુધી આમ, વિચાર ક્યાં નિત્ય ઠામ;
" કેટલા તું જેવા થયા, થવાના કેટલા રહ્યા;
" કો ન સાથે લઈ ગયા, ધૂળમાંહી ધૂળ થયા, દેહે એની બની ત્હારી. ભૂમિ૦
" ભૂમિ ને ત્હેના શું રાય! અહો કેટલા જણાય !!
" ગણતાં એ ન ગણાય, ત્હેના સ્વામી દેવરાય;
" ત્હેના ચૌદ લોકપતિ, એવા કોટી અંડપતિ;
" કેટલાને ક્યાં સુધી ! એ વિચારે થાકે બુદ્ધિ, ત્યાં તું રહ્યો શું મદ ધારી. "

એમ મદ છોડીને આ વિચારમાં વૃત્તિ જોડી કહેવું ઉચિત છે કે—" **માલીકને હું ભાવું રે** " પરાશર ભગવાને મૈત્રેયને કહ્યું આ બ્રહ્માન્ડ " **પચાશત્ કોટી વિસ્તૃતઃ** પચાસ ક્રોડ યોજનના વિસ્તારવાળું છે તેવા ગણતી કરે પાર આવે તેમ નથી.

अंडानांतु सहस्राणां सहस्राण्ययुतानिच ।
ईदशानां तथा तत्र कोटी कोटी शतानिच ॥

" ક્યાં આપ કોટી અંડપતિ દેવા, ક્યાં અમે આણુ તુચ્છ કીટ જેવા " છતાં મજા એ છે કે " ઘડીયે મનમાં ઘાટ તોએ જાણે જગતનો તાત " તે જીવ માત્રનું એટલે જેમ ચક્રવર્તિને અરજ પહોંચાડતાં કેટલાએ ઉપરીયોને ઓળંગવા તેમ તો આમાં નહીં જ પણ મનમાં વિચાર સ્ફુરતાં જ જાણી જાય.

" મનમાં આવે ત્યાં તું જાણે શીદ મુખથી કહીએ, ત્હારી ઓથે આનંદે રહીએ " શ્રુતિ કહે છે—" **यस्सर्वज्ञ सर्ववित्** " સર્વને જાણે તે સર્વજ્ઞ ને તે સર્વમાં આપણ પ્રત્યેકનું જે આપણે નથી જાણતા વા ભૂલી ગયા છીએ તે પણ તે જાણે છે.

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ॥
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥

પોતે **ગીતાજી**માં કહે છે—" હું વિતેલને વિતતુ હે **અર્જુન** ! જાણું છું, તેમ ભૂત ભવિષ્યને તે સર્વનું જાણું છું મને કોઈ નથી જાણતા. " કારણ તે સર્વને દેખાતા નથી. ને તેથી જ ભૂલ થાય છે.

" ધણી નજર નથી પડતો તેથી, બની ગયો મસ્તાન;
તું અંધ છે પણ એ દેખે છે, વ્યાપ્યો સ્થાનોસ્થાન. "

એટલે દેશકાળ વસ્તુથી અનંત બધે, સદા બધામાં છે તે જ માલીકની મીલકતનો કબજો માંહે રહીને કરેલ છે, તે માત્ર આકાશની પેઠે વ્યાપક જ વા વાયુની પેઠે ક્રિયાજ કરતો નહીં પણ જ્ઞાનપૂર્વક એટલે ચોખા શબ્દમાં—

" જાણે મન માન્યું એ માલીકને હું ભાવું રે. "

તેમ છે, એવા છે એમ શાસ્ત્ર કહે છે પણ માત્ર કહેવું જ નથી; જો શાસ્ત્ર પ્રમાણે ઉપાય કરે તો એ અનુભવ સિદ્ધ થાય છે. તે આ શ્લોક એમ સમજાય છે.

“પરમેશ્વરને હાજર જાણી” એવી પ્રતિજ્ઞા કરાવતાં સર્વત્ર ન્યાય સ્થાનોમાં પણ આ સત્યનો સ્વીકાર વ્યવહારમાં પણ છે. પરંતુ તે કેવળ શ્રદ્ધાની વાત છે. અનુભવ સાક્ષાત્ નથી, પણ ખરી વાત છે કે, મનમાં જ તે **अंतर्यामी** “ નો ” “**अमृत**” આકાર ‘**अंगुष्टमात्र**’ અનેક શ્રુતિ સિદ્ધ “ **योगीन स्तं प्रपश्यन्ति भगवंतं सनातनं** ” એમ યોગિયો તે સનાતન ભગવાનનો અનુભવે કરે છે પણ ક્યારે “ **मनसातु विशुद्धेन** ” મન શુદ્ધ થાય તે પરમ સાત્વિકતાને પામે, ધોળાં ચશ્માં થાય ત્યારે વસ્તુનું યથાર્થ દર્શન થાય. તેમ કરવા માટે બે ઘાંટી ઓળંગવી. તામસ રાજસ ભાવ ત્યજી સાત્વિક ભાવથી તેને તેવો સ્હમજી ભજવું.

“ **માન ત્યજી**—(તમોગુણનું કાર્ય) **માનતે તજી** (રાજસભાવ છોડી] **ને માન દઇ અનંત પતિ પ્રમાણું રે** ” એટલે ભક્તિભાવ, નમ્રભાવ વડે પતિ માનવો—અનંતને પ્રમાણવો તે કેવો. “ **જાણે મન માનું** ” તે “ **માલીકને હું માનું રે** ” પછી તો અનુભવસિદ્ધ હસ્તામલકવત એટલે—“ **મ્હારી કને હું માનું રે** ” એમજ થશે. દેખાશે—સમજાશે—અનુભવાશે. સત્ય સ્હામી તકરાર ઠીક નથી. હીરણ્યાક્ષ તે કરીને પ્રલ્હાદને કહ્યું.

प्रल्हादोस्मि यदिश्वरो वद हरी ! सर्वत्र मे दर्शयन् ।
स्तंभे चैवमिति ब्रुवंतमसुरं तत्रा विरा सिद्धरिम् ॥
वक्ष स्तस्य विदारयन्निजनखै वंस्तान्यमा पादयन् ।
आर्त त्राण परायणःसभगवान्नारायणा मे गतिः ॥

પ્રલ્હાદ ! ઈશ્વર છે ? તે કહે હા હરી છે. ક્યાં છે? સર્વત્ર મ્હને દેખાડ સ્તંભમાં પણ છે? એવું કહેતાં જ ત્યાં હરી પ્રકટ થયા ત્હેનું વક્ષસ્થળ પોતાના નખ વડે ફાડીને વાત્સલ્ય પાળ્યું: તે આર્ત (દુઃખ) ના ટાળનાર **શ્રી** નારાયણ મ્હારી ગતિ છે. એ રીતે સદા “ **મ્હારીકને હું માનું રે.** ”

“જાણે મન માનું” કેન ઉપનિષદની દેવોની પણ ભૂલ થયાની આખ્યાયીકા એજ સિદ્ધ કરે છે કે ત્હેમના મનમાં ગર્વ થતાંજ “જાણે મનમાનું એ માલીક” સુર સ્હમજ્યા એટલે “ માન તજી માન તે તજીને, માન દઈ **અનંત** પતિ પરમાણુંરે” એમ કર્યું ને તેમને ઈન્દ્રે તો કહ્યું “માલીકને હું માનુરે, મ્હારી કને હું માનું રે” એવો બહુને બોધ દાવાની અનેક શ્રુતિ સાખ પુરે છે—

એટલે અમે વિલાયત નથી ગયા પણ ત્યાં જઈ આવેલાંના જોયેલા “એડવર્ડ” સત્ય છે. તેજ જેમણે જોયા જાણ્યા માણ્યા છે તેવા પરમ પ્રમાણિક શાસ્ત્ર ને શિષ્ટ યથાર્થ દર્શીના વચનોપર વિશ્વાસ રાખી કહું છું કે—

“જાણે મનમાનું એ માલીકને હું માનુ રે.

કોટી બ્રહ્માન્ડોમાં હું “એક” ત્હેનો ક્યાં પત્તો ! ! ત્હેને શું સંબંધ ! એમ નથી—અમારો માલીક એટલે પાંચ મહાભૂતનું આ પુતળું ત્હેમાં રહેલ બાહેર ને ભીતરની ઇન્દ્રિયો, મન બુદ્ધિ આદિ ને ત્હેમાં ત્હેના માલીક તરીકે ઠરાવેલ “હું” ત્હેનો પણ માલીક તે આખા ખંડમાં

અણુ અણુકે અંશ અંશમાં પ્રવેશી રહ્યા છે. પછી મ્હારા આખા દેહનું ને મ્હારૂં જાણે. એમાં શું આશ્ચર્ય.

ईन्द्रियाणि मनोबुद्धि सत्वं तेजो बलं धृति ।
वासुदेवात्मकान्याहुः क्षेत्र क्षेत्रज्ञ मेवच ॥

ઇન્દ્રિય મન બુદ્ધિ ધૈર્ય બધું **વાસુદેવાત્મક** કહેવાયું છે. **ક્ષેત્ર** ને **ક્ષેત્રજ્ઞ** એટલે સર્વમાં વસ્યો, સર્વનો આધાર સર્વત્ર તે એકજ ક્ષેત્ર આખું શરીર, સમુહ; ને ક્ષેત્રજ્ઞ તે પ્રત્યેકમાં જે પચીસમો 'હુ' કરીને કર્ત્તા ભોક્તા છે, તેમાં પણ વસેલ છે. તે બધાં જ વાસુદેવાત્મક છે. એ રીતે "**प्रधान क्षेत्रज्ञपति**" કરીને શ્રુતિ તેને એઉતત્વ અચિત ચિતનો સ્વામી—માલીક કહે છે. બીજી "**पतिं विश्वस्य** એમ આખા વિશ્વનો એક જ અદ્વિતિય પતિ કહી બીજા દેવ, બ્રહ્મા પશુ પક્ષી સર્વ મૂળે આત્માને મુકતે આત્મા તેવા કોટી અણુ આત્માઓ "**सूत्रेमणी गणाईव**" સૂત્રમાં મણીગણની પેઠે ત્હેનામાંજ પ્રોત છે. શ્રુતિ તો "**ओताश्च प्रोताश्च**" આસપાસ આકાશમાં ને અંતરમાં પણ વિશ્વપતિનો વાસ કહે છે. એટલે 'હું' પણ સ્વતંત્ર નથી. હુંમાં પણ તે છે. તેના વડે તેનું શરીર એ 'હું' એટલે **आत्मेश्वरः** શ્રુતિ સ્પષ્ટ કહે છે. ને તેથી 'હું' જીવને શરીર સર્વમાં, સાથે જ વસેલ. સદા સાથેજ રહેતો, ને સર્વ પ્રકાર સર્વ જાણતો તેવા "**માલીકને હું માનું રે**".

"જાણે મન માનું એ માલીકને હું માનું રે" મ્હારી કને હું માનું રે".

એટલે એક દેહમાં બે છીએ. "**द्वासुपर्णा सयुजा सखाया समान वृक्षे**" બે સુપર્ણ સાથે જોડાયેલ સખા સમાન વૃક્ષમાં, દેહમાં, જીવ ઇશ્વર આત્મા પરમાત્મા છઇએ. તેજ સ્મરણમાં રહેવું જોઇએ, કે "**મ્હારી કને હું માનું રે**" પણ તેવું જ્ઞાનભાન બન્યું રહેતું નથી. અનુભવ ઉપરથી પદ ગાયું છે કે—

" મુખે ઊચરૂં છું કાંઈ તને આચરૂં છું કાંઈ, ડાહયો કે મૂર્ખ નથી એકેમાં ભાઈ;
" કહું માનું છું ઇશ બહુ વ્યાપ્યો દશ દીશ, વર્તનવેળા જવાય છેકજ ભૂલાઈ;
" અનું છે એને માટ, એવો ક્યાં રહે ઉચ્ચાટ, ઊલટાજ ઘાટ નિત્ય રહે છે ઘડાઈ;
" કહું દેખે છે દેવ, તજું તોએ ન કુટેવ, સેવ શાની! સેકવાજ સાધી સગાઈ;
" જાણું ઘુમે શીર કાળ, થશે આખર શા હાલ, રાખું દ્રઢ ખ્યાલ હવે હાલથીજ ચાહી;
" કરૂં બનતા ઉપાય માગું એનીજ સહાય, વિના કહે ન્હાય, **માનુ** ન્હાશે તે બાંહી.
અને તે માટે પણ વાયદો શું કામ? આરંભજ કરીએ.

પદ સોરઠ. " કામણ દિસે છે " એ રાગ.

માલીક તેં મુજને મોકલ્યો અહીં શા માટ છે રે; અહી કઈ વાટ છે રે. માલીક.
ભૂલ્યો સમજ્યો ફરી ચેતાવે, આવે ટાંણે યાદ અપાવે;
ભવિષ્યનો તોએ ક્યાં ખરો ઉચ્ચાટ છે રે. માલીક.
હું ભૂલું તેમ તું નહીં ભૂલે, પલક પલકનો હિસાબ તું લે:
એ ખાતામાં મ્હેતો વાળ્યો ડાટ છે રે.
સમજ્યો તેમ વરતવા સમ લઊં, તને ન ભૂલી એક દમ લઊં;

અનંત શું કરવું તે તો મુખ પાઠ છે રે.

તો હવે કર્તવ્યનો વિચાર કરીએ " ટેક " આ ઠીક છે પછી શું—

" માન તજી માનતે તજીને માનદઈ અનંતપતિ પ્રમાણું રે; "
જાણે મન માનું એ માલીકને હું માનું રે. "

માનું એટલે પ્રથમ મ્હારી સ્વતંત્રતાનો છેક ત્યાગ થાય, અહંકાર જાય " નર્કમૂળ અભિમાન " તે માટે પ્રયાસ, વર્તન સદા સેવકરૂપે ખાસ થાય ને જ્યારે દેહથી હું ભિન્ન છઉં, જાતિ, કુળ, વય, ધન, સામન, સગાં, ઈજ્જત બધુંજ શરીરને લઇને મ્હારૂં પોતાનું આ દેહમાં આવ્યા પૂર્વે નહોતું, તેમ આ દેહ છોડ્યા પછી નહીં રહે. હાલ જે છે તે પણ કરેલ નોકરીના બદલામાં માલીકે સોંપેલ નિયમિત વખત માટે જ ભોગવવાનું ને તેમાં સુખ દુઃખે તેણે ઠરાવ્યું છે તે પ્રમાણે આવવાનું એટલે જેમ ફોજદાર ' ગુમાસ્તા ' તેમજ છીએ. જાતે તો.

" આવ્યા હતા ત્યારે લાવ્યા હતા શું ? જાતાં પંડે કેમ પોકો "
એજ ભૂલતો રહી જાશે ધોખો. "

હું તે દેહ નથી તેથી ભિન્ન પરમાત્માને આધીન આ દેહને આ સામગ્રીથી પ્રારબ્ધ ભોગવવાનાં નહીં, પણ તેનાથી જેટલું બને તેટલું ભવિષ્યમાં મ્હારે જીવતે કામ લાગે તે કરી લેવું.

" આગલે કર્મ તુંને આપહી બનાઈ રાખે; "
સોઈ યહાં આગે આવે ભોગવની ભરની.
દેવીદાસ ખાસ યહ, સાધન સમસ્ત સાથ;
માનુષકો ચિન્તા પરલોક કોહી કરની. "

અહીં નિર્વાહ પુરતું—રક્ષણ પોષણ શરીર માગે તે ત્યાં પડશે દેવું,
પણ સાટે તારે પણ એથી કામ બરાબર લેવું. જીવડા ભૂલીશમાં એ ઘડીએ.
શરીર તે તું નથી, અલ્યા જીવ—ભૂલીશમાં તું ઘડીએ.
તું તો તેનો પતિ, અલ્યા જીવ— "

ને તે બને ક્યારે ? જ્યારે દેહને લઇને જેટલું અભિમાન છે તે જાય એ રીતે "**માન તજી**" માત્ર પોતાને સ્વતંત્ર નથી માન્યા બીજી બધી વસ્તુઓ પર " મ્હારાપણા " નો દાવો " મમકાર " તે ખોટો છે. ને તે સર્વથા મુકવો તો ક્યાં ? માલીકને માનવામાં સ્હામા તેની પાસે વધુ કામ કરાવીએ, ને તે તેની વસ્તુઓ ઉપર વધુ મ્હારાપણું મેળવવા, તે માટે જ તેનો ઉપયોગ " માનત " તે પણ ઠીક નથી. સકામ સેવા કહો કે માનત કહો તે રજોગુણનું કાર્ય છે.

काम एष क्रोध एष रजोगुण समुद्भवः ।
महाशनो माहापाप्मा विध्द्येनमिह वैरिणम् ॥

" એ કામ એ ક્રોધ રજોગુણથી ઉપજેલ મહા ખાઘરો (ભક્ષ કરનાર) ને મહાપાપી છે. એને વેરી જાણ " તે પ્રભુને તો ભૂલાવે, પણ આગળ—

" આશા આગ વિષય ઘી હોમે તૃપ્તિ થાય ન કેમે "

" મથી મરે તન મારે તવ જો એ બદલો શું દે છે !
" એકે વાતે તૃપ્તિ ન કરી વધુ વધુ માગે છે, "

માટે એ રાજસ ભાવજ ત્યાગ કરવો જોઇએ. માલીકને માનવા તે શું ? તેની મીલકત દાબવા ? સ્વામી માનવા તે શું સેવા કરાવવા ? નહીં. પોતાની માલીકી ઉતારી પોતાપર ને પોતાનાંપર તેની સત્તા સ્થાપવી ને પછી તેનાજ ઉપયોગમાં પોતે ને પોતાના હવાલાનું આવે તેમ કરવું. એ ખરૂં માલીકને માનવું તો છે. માત્ર કહેવાનું માનવું તો–કેવું છે?–

પદ.

પ્રભુને શું માનો શું માનો, પ્રભુ છે એટલું પ્રમાણો. પ્રભુને૦ ટેક.
પોતાનેજ પ્રભુ તન ધન જન મનના ગણતા નિત્યે;
હજી પ્રભુતા વધારવાને, ચાહ્યાં કરતા ચિત્તે. પ્રભુને૦
(એટલેથી ક્યાં બસ છે સ્હામા દાવાદારજ નહીં પણ તકરારી—)
ચહ્યું થવામાં પ્રભુની આજ્ઞા તોડ્યાથી નથી ડરતા; (પિતા તે પિતાજ !).
પ્રભુ ચેતાવે મુઝાવે પણ ઢીઢ હઠીલા ઠરતા. પ્રભુને૦
(પુજન સેવા સ્તવને કરી, માન પણ દઈ સ્વામી સ્વીકારીએ છીએ કહો તો.)
ફુરસદમાં સંભારો ક્ષણ, તે પણ કંઈ કહેવા—લેવા;
આપો ત્યાં પણ દાવો દસપટ–કહ્યાં કરો કરૂં સેવા. પ્રભુને૦
પગરખાંની પણ વધતી પરવા, પ્રભુની પ્રસિદ્ધ કરતા;
સારૂં કર્યું મેં માહું હરીએ, એમજ **અનુ** ઉચરતા. પ્રભુને૦

કામ બતાવવા ધણી નથી સ્વીકાર્યાં, પણ કામ કરવા સ્વીકાર્યાં છે. ઘોડું ખરીદીએ તે ચઢવા, નહીં કે ઉપાડવા ! બાયડી પરણીએ તે સેવા કરાવવા નહી કે કરવા ! તેમજ તેની માનત—તેનાંથી કામ લેવું એ ઠીકજ નથી. પરમ સાત્વિકે તો " **માન દઇ અનંત પતિ પ્રમાણું રે, જાણે મન માન્યું એ માલીકને હું માનું રે** " માનદેવું તે વર્તન પૂર્વક–વર્તનથીજ, પછી વિચારવું કે શા રીતે ! તે માટે અમેતો વિચારી પદ લખ્યું હતું—

પદ કાફી.—પ્રિયવાંચક ! પીવાથી જાગૃતિ પણ આવે. શું ? કાફી તેજ આ છે.

કહે જીવ હરીદાસ ! ખરેખર તું એનો કે એ છે ત્હારા–
(હરીદાસમાં બે સમાસ છે. હરી જેના દાસ ને જે હરીના દાસ.)
એનું એના માટે પામ્યો, તનમન સાધન વાસ;
ખુદનાં માની ભોગવવામાં, નથી ક્ષણે નવરાશ. ખરેખર.
એનું તુજ ઇચ્છા સમ રાખે, એ સેવા કે પ્રયાસ;
એ ત્હારી નહીં પણ તું એની, રાખે સદૈવ આશ. ખરેખર.
આજ્ઞા તોડી જાળે ફસાતાં, પામું જ્યારે ત્રાસ;
શિક્ષા નહિં સહી સ્હામો સેકું, કિર્તન કે કંકાસ. ખરેખર.
ચોરીપર શિરજોરી સ્હામી, દોરી ઝલાવું હાથ;
વરતું ઉલટું ફળ ચહું સુલટું, શું કરૂં પોત પ્રકાશ. ખરેખર.
મોત સુધી એ જોયાં કરશે, અંતે થશે તપાસ;
હજી **અનુ** અવસર છે વશમાં, સુધર ઉધરવા ખાસ. ખરેખર.

ને તેથી ખરી સમજથી " **માન દઈપતિ અનંત પ્રમાણુંરે, જાણે મનમાનું એ માલીકને હું માનુંરે** "

શરૂવાત અમારેજ કરવાની છે. " માન તજી માનતે તજીને " કહી ગયા તેમ દુરાચારમાંથી સારા આચારમાં પણ અહંકાર ને લૌકિક લાલચ ઉભય રહે છે ત્યાંસુધી કચાશ છે. પણ સુઆચારના પ્રતાપે તેનાં ફળ મેળવતાં પણ નશ્વરજ છે. એમ અનુભવસિદ્ધ સ્વર્ગાદિક પણ થશે ત્યારે તેમાંથી રૂચી હઠશે. પ્રાકૃત વિષયમાત્રપર વૈરાગ્ય ને પરમાત્મામાંજ રાગ વધશે. પોતાનું માન ને પોતામાટે પ્રાકૃત એ ઉભય ભૂલો સમજાશે. " **નીરાશી નિર્મમો ભૂત્વા** " તે થશે એટલે **યુદ્ધસ્વ વિગતજ્વર** એમ કર્તવ્યમાં આજ્ઞા પાલનરૂપ સેવનમાં લાગશે. પછી તે ઠેકાણેજ પડયો. પણ તેમ થતાં " **બહુનાં જન્મનામંતે** " બહુ જન્મ જાય છે. પણ ક્રમે ચઢાય છે નકી સત્કર્મના આરંભથી સકામથીજ નિષ્કામ, અન્ય દેવથીજ સર્વેશ્વર સેવન, તે અન્ય માટે થઇનેજ. તેનેજ માટે એમ ખરી મીલ્કત બની, પ્રયોગમાં રહી, મન કર્મ વચન એક રીતનું થવાથી ખરૂં કહેવું બનશે કે– " જાણે મન માનું એ માલીકને હું માનુંરે " પણ પ્રથમ " ખાટલે મોટી ખોડ કે પ્રથમ પાયોજ નહી ! " તેમ માલીકના અસ્તિત્વ, તે અમુક પ્રકારનો અમુકજ છે. એ વિષયોમાંજ વાંધા–વ્હેમો હજી બન્યા હોય, ત્યાં કોના બનવું ! એ શી રીતે નકી કરવું ? " જાણે મન માનું " એવા માલીક તે સર્વથા સર્વદા કોણ છે ? સામાન્ય ત્રિકાળજ્ઞાતો મહર્ષીઓ પણ કહેવાય છે. પણ અનાદિથી અદ્યાપિ દેવોના પણ મનનું જાણે તેઓ પણ જેને માલીકજ પ્રમાણે તેને માન દઈ **અનંત**પતિ પ્રમાણું " તેમ કરતા હોય, તે કોણ ક્યાં ? કેમ ખાતરી દઈ દ્રઢ કરે ? એ ઉપર થોડો ભાગવતનો પ્રસંગ લઇ પછી **મહેતાજી**ની વીતિ વર્ણવીએ.

❋ नृसिंह महेताजीनी हुंडी. ❋

આખ્યાન.

પૂર્વભાગ.

—શ્રીમદ્ ભાગવતમાંથી દશમસ્કંધ—

આગળના યુગનાં મનુષ્યશરીર પણ એવાં મજબુત હતાં કે તે વર્ષોસુધી તપ કરી શકતાં ને એટલી બધી યોગ્યતા, શુચિતા–સાત્વિકતા મેળવતાં કે તે સ્વર્ગમાં તે જ દેહવડે જઈ શકતાં. આ કાળમાં પણ એવો દાખલો ભક્તરાજ **શ્રીતુકારામજી**નો છે. રામાયણમાં **દશરથ** રાજાનો, **મહાભારત**માં **અર્જુન**નો, જગતપ્રસિદ્ધ છે. **દશરથે કૈકયી**ને જે બે વર દીધા " **भरतको राज राम वनवासा** " તે તેણીએ સ્વર્ગમાંજ મેળવ્યાં હતાં. ને **અર્જુન** તો

પાંચ વર્ષ સુધી સ્વર્ગમાં રહી આવ્યા હતા. તેવો જ દાખલો તેનાએ પૂર્વનો મુચુકુંદ રાજાનો છે. દેવોને અસુરો રંજાડતા હતા. તેમને તે કંઇ વર્ષો સુધી સ્વર્ગમાં સેનાપતિ રહી પૂરા પડયા. ને જ્યારે દેવોને સ્કંદ, કાર્તિકીય સ્વામી સાંપડ્યા, ત્યારે તેમણે મુચુકુંદને રજા આપી પણ તે બીચારા ક્યાં જાય ! પૃથ્વીપર તો તેટલામાં કંઇ જમાના પલટાઈ ગયા હતા. તેમનું તો કોણ હોય ! પણ તેમના કાળના સમાન પશુ પક્ષી પણ ન દીઠાં, ત્યારે જગત ઉપરથી તો પરાણે મોહ ગયો, ને સ્વર્ગનું તો પોતે જ રક્ષણ કર્યું. એટલા બધા સમર્થ તો હતા તેથી તેમણે છેવટ દેવોથી મુક્તિ માગી. પણ જ્યારે જાણ્યું કે તે તો તેમના વશમાં જ નથી ત્યારે—

काफी. (હીંદી આખ્યાનમાંથી)

नरपति करत विचार, भई सो भई बडी भूल, यही सुरसेवा.
स्वर्ग कहां ! भयो सुरको रक्षक, बीत गयो अवतार;
अंत न मोक्ष, मृत्यु न टर्यो शिर, बीगड गयो संसार. भई सो०

કેમકે દેવોએ તો ચોખ્ખું કહ્યું—

वरंवृणीष्व भद्रन्ते ऋते कैवल्य मद्यनः
एक एवेश्वर तस्य भगवान्विश्नुरव्ययः ॥

"વર માગ્ય ત્હારૂં કલ્યાણ થાય પણ તે કૈવલ્યવિનાનું–અમારી પાસેથી માગજે. કારણ તેના ઇશ્વર તો એકજ ભગવાન વિશ્નુ અવ્યય છે,, એટલે તે જ આપી શકે છે. ત્યારે શું આ મહેનત મારી ગઇ ! તે વખતે તો તેમ જ થયું. દેવથી તો તેમનું ઇચ્છિત ન જ બન્યું એટલે એ બાબતમાં બધા દેવ સરખા, તે સર્વેશ્વર તો નહીં જ. ખરા માલીક તો વિશ્નુ જ. તે જ સર્વમાં પ્રવેશ કરી ભગવાન ષડૈશ્વર્યવાન, જ્ઞાનવાન રહ્યા છે, માટે જ ઠીક કહ્યું. સિદ્ધ થયું, કે તે કોણ ? અને તે જ " **જાણે મનમાનું તે માલીકને હું માનુંરે** ,, પણ તેને મારી કને હું માનુંરે" તેવું પ્રત્યક્ષ ક્યારે થાય ! જો પરોપકાર કર્યો હોય, ઘણાં સત્કર્મ કર્યાં હોય થયાં હોય તો ને તેનું બીજું ફળ ન ચાહ્યું હોય તો છેવટ તેમ થાય. હાલ તો સત્કર્મ કરનારા મુચુકુંદ મહારાજ છે. જે થાકીને આપણા દેશમાં ગીરીનારની ગુફા–રેવતાચળમાં નિરાંતે સ્વર્ગથી આવીને સૂતા ત્યાં શ્રીહરી પોતે પહોચ્યા. કારણ તેના મનમાં જે આશા હતી તે "જાણે મનમાંનું, એ માલીકને હું માનું રે" તેનેજ મારી કને "હું માનું રે" એમ રાજાએ જાગીને અનુભવ્યું. તેણે તેમને ત્હાવા અનુભવ્યા, બહુધા તે સ્વજનોને તેવાજ દેખાય છે. સાધારણ નિયમ એ જ છે.

કેવા ! સાકાર–ત્હેનું વર્ણન શાસ્ત્રાધારથી આ રીતે છે—

पद. "एसी चतुर नार" यह राग.

घनश्याम सुंदर प्रिय पितांबर श्रीवत्स वक्षपर कौस्तुभवर;
कर चतुर लसत वैजयन्तिमाल. घनश्याम.
चारु प्रसंन वदन, दीव्य कुंडल करन, सुधापुरन नयन;
मनहरन यौवन, सिंह सम विक्रम निरखे कृपाल. घनश्याम.

भयी शांतचित्त, बाढी अमीत प्रीत, बिसारी व्यतित चहियेहि हित;
भये चरन शरन जय करन—काल. घनश्याम.

"માન તજી માનતે તજીને માન દઈ અનંતપતિ પ્રમાણું રે" તેમજ ૫૯ માં પડી કહ્યું—

गजल भैरवी.

मोह्या तेरी मायामें जगराया काल बहु बिताया;
खोया जो मीलाया सो तब रोया, फीर पुरा पछताया. टेक.
रहा क्या वृथाभिमानी, संपत्ति तुफानी—फानी;
रही न निशानी ये नादानी, ने क्या क्या सताया. मोह्या.

"માન તજી" તે પરાણે ગયું પ્રભુએ પડાવી લીધું, કાળે ચાવી ખાધું. હવે "માનતે તજી" કારણ પુણ્યનું ફળ જોઈ લીધું.ધટમાળજ—

करोति कर्माणि तपस्सु निष्टितो निवृत्त भोग स्तदपे क्षया ददत् ।
पुनश्च भूये यमहं स्वरा डितिमवृद्ध तर्षो न सुखाय कल्पते ॥

કર્મ કરે, તપમાં સ્થિર રહે, ભોગોને તજે ને ઐશ્વર્ય માટે ઈશને ભજે, તે તેને પામે. તેથી શું? ફરી હું મહારાજા કરી થતાં તૃષા વધે, તે પાછું દાન કરે, તોજ ફરી પામે. ભોગવે તો નાશ થાય. એટલે કરવું મેળવવું ને પાછું ન ભોગવતાં વાવરવું. વળી મેળવવું. એમાં સુખ ક્યાંથી! મ્હોટા થયે તો ભૂખ મ્હોટી દમે છે. મ્હોટા તો મ્હોટાં કષ્ટ ખમે. તેથી તેમણે તો "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ." એમ માગ્યું.

"न कामयेन्यत्तव पाद सेवनात्" પરંતુ શ્રીપાદ સેવા ક્યાં સુલભ છે!

येषां त्वंत गतं पापं जनानां पुण्य कर्मणाम् ।
ते द्वंद्व मोह निर्मुक्ता भजंते मां दृढ व्रताः ॥

જેનાં પુણ્ય કર્મ કરનારાનાં પાપ છેક ગયાં હોય, તે દ્વંદ મોહમાંથી છુટીને દ્રઢ વ્રતથી મને ભજે છે એટલે **"માન દઈ અનંતપતિ પ્રમાણું રે"** એ કાંઇ સાંભળવા સમજવાથીજ બની નથી જતું. તેવું મન થયા પછી અનુષ્ઠાન થાય છે. તે માટે પ્રથમ તપ, પુણ્યથી પાપ ધોવાય છે ત્યારે એ માટે "**अनेक जन्म संसिद्धि**" એ ન્યાય છે. રાજાએ પૂર્વે બહુ પાપ કર્યા હતાં, તેથી **શ્રી** હરીએ કહ્યું, કે માગ્યું તે મળશે. પણ શુદ્ધ પાત્ર થયા પછી, તે થવાની પણ જોગવાઈ બતાવું, પણ કરવું તમારે પડશે—
(ઉપરનું હીંદી પદ શરૂ).

गृही उलटा पंथ, बोले रमाकंथ, ताते तप करतज तनये अंत;
यांही मकटी संत, द्विज हो हि निहाल. घनश्याम.

રૈવતાચળમાંજ વરદાન ને બ્રાહ્મણ કુળમાં અનન્ય ભક્ત પ્રકટવાનું દીધું તેવું ત્યાં કોણ થયું છે? જગત પ્રસિદ્ધ "શ્રીનૃસિંહ મહેતા" જે સદા એજ કહેતા—

"**જાણે મન માનું એ માલીકને હું માનુ રે**" તે માત્ર માનવું નહીં "**મ્હારી-કને હું માનું રે**" "**માન તજી માનતે તજી માન દઇ અનંતપતિ પ્રમાણું રે**" કેવા તેણે માની પ્રમાણ્યા—તે માટે જરા જીવન ચરિત જુઓ—

સાખી.

સંવત ચૌદસેં સિત્તેર લગભગ, **કૃષ્ણદાસને** ધામે;
પ્રકટ્યા **શ્રીનરસિંહ** પ્રતાપી, શ્રી **જુ**નાગઢ ગામે;
બડી બડભાગી............માત **દયા** છે નામે.
દસ વર્ષમાં માતપિતુ ચાલ્યાં, ઉછર્યા કાકા હાથે;
સતરે વર્ષે **માણક** સાથે, વર્યા **મ**ઝેવડીમાં તે;
લાચાર થયા............વડીલ **વૈ**કુંઠ જાતે.
યજુર્વેદ માધ્યંદીની શાખા, ત્રિપર્વ **નાગર** જાતે;
વડનગરામાં ગૃહસ્થ મ્હોટા, વડીલોની વડી ખ્યાતે;
મહેતા જાતે.........ભણ્યા હરીગુણ ગાતે.

તે પણ કેટલેક કાળે શરૂવાતમાં તો "**જાણે મન માનું એ માલીકને હું માનું રે**" એજ પ્રકારે રહ્યા. એટલે ભીતર " માલીકને હું માનું, મ્હારી કને હું માનું રે" એમજ કારણ એમ જણાયું છે કે......**પદ** " બન ગયો બેદ " એ રાગ.

જનમના જોગી રે, નરસહીં મહેતા ! ટેક. " યોગીમાં સૌથી શ્રેષ્ટ "

ભગવાનના શબ્દોમાં—

योगी नामपि सर्वेषां मद्गतेनां तरात्मना ।
श्रद्धा वान्भजते योमां तेमे युक्त तमो मतः ॥

" યોગિયો સર્વમાં પણ અંતરાત્માવડે મ્હારામાં રોકાઈ, શ્રધ્ધાવાન રહી મને ભજે છે તેને મેં યુકતતમ માન્યા છે " એમ **શ્રી**કૃશ્નનું વચન છે. તેમ આ મહેતાજી—

આઠ વર્ષ સુધી કાંઈ ન વધ્યા, વૃથા-વાણીને રોકી;
મળ્યા ગુરૂ "**શ્રી**કૃશ્ન" કહાવ્યું, તેજ વદ્યા પહેલા શુચિ શ્લોકીરે. જનમ૦

લોક જાણે મુંગો છે, તે છેવટ ગુરૂપદે લગાડ્યા, તેમણે ચેષ્ટાથી વર્તિ કહ્યું-બોલો ભાઈ "જે શ્રી કૃશ્ન" કે મહેતા "**पूर्वाभ्यासेन ते नैव**" તેમ સદ્ય બોલ્યા-તે " **अन्या वाचो विमुंच थ**" બીજી વાણી છોડ" એમ શ્રુતિ કહે છે. તેમ "જાણે મનમાનું એ માલીકને હું માનું રે (૨) મ્હારી કને હું માનું રે" એમ અનુભવનારને બીજું ગમે પણ કેમ!

ભણવામાં પણ નામ હરીનું, કીર્તન લે ઝટ ગોખી;
રળવામાં પણ સંત સમાગમ, આઠ દિવસે ઘેર જાય રસ ભોગીરે. જનમ૦

જ્યાં સત્સંગ, શ્રી હરી ચર્ચા સાંભળે ત્યાં પહોંચે, ને ત્યાંજ પડ્યા રહે. " માન તજી માનતે તજીને" કારણ તેમને તો રસ પડતો હતો. તેથી "માન દઈ **અનંત** પતિ પ્રમાણેરે"

ને તે રસ નીધિ, પોતામાંજ તેથી તૃપ્ત રહેતા, પછી ઘેર શું કામ જાય! તેથીજ શાનું! "એ માલીકને હું માનુરે."

પણ તે મનનું જાણે, મનમાં માણે, તે જગત કેમ પ્રમાણે! તેથી પ્રભુએ યુક્તિ કરી **"હરકતમાં બહુ બરકત મનવા ધરી નર તન ના ડર રે."**

મ્હેતા રળતાજ નથી એ જોઇ અને તેમાં પણ એક નહીં એની પીડા થઈ.

"વહુ મ્હોટી થઇ ઘેર આવી રહી, થાક્યા સ્નેહી ટોકી;
"કઠણ વચન ભાભીનું સુણતાં, વૃત્તિ જગત સંબંધથી ચોંકી રે."

તે તો કહેતાજ હતા કે "માલીકને હું માનુરે" પણ તે કોણ! તે નકી કરવા યથાક્રમ પ્રથમ પોતે કુળદેવ, હટકેશ્વરની પ્રજન, તે ભોળાનાથને જ શરણ ગયા.

"યોગાનંદે આજ્ઞા દેતાં સેવ શંભુની શોધી.
ગોપનાથને સેવી એહા, સાત દિવસ અંન જળના વિરોધી રે. જનમ૦

"માન તજી માનતે લજીને" વળી::પૂર્વની તૈયારી તો હતીજ. તેને દેવદર્શન શું મોટી વાત! સાધારણ શુદ્ધિ માટે સાત દિવસ બસ હતા. બરાબર એકચિત્તથી સાત દિવસમાં પરિક્ષીત પાર ઉતરી ગયા. શુકદેવજીનાજ સેવનથી, તો આતો સાક્ષાત્ શ્રીશંકરનું સેવન તે વૃથા કેમ જાય?

"પ્રકટ થયા ઉમિયાવર ઉચર્યા, માગ્ય વસ્તુ મહા મોંઘી;
દુર્લભ વલ્લભ તમને તે દ્યો, ઇશિ, નથી હું ભોગનો ભોગીરે. જનમ૦

મહેતા મુત્સદી! "માલીક મનમાં વસ્યો તેજ ઠીક છે કે બીજો? તેનુંજ સેવન, પણ તે કયે પ્રકાર કરવું? "મારી કને" શી રીતે થાય! "માન દઈ અનંતપતિ પ્રમાણું" તે કોને? એના ખુલાસામાં જેમ અર્જુને **"यच्छ्रेयस्यात् निश्चितं ब्रुहितन्मे"** એમ જે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો" કરી કહ્યું તેમ.

શ્રેય સ્થાન, દુર્લભ ને પાછું વાસ્તવિક શ્રેષ્ટ નિશ્ચિત હોવું. તેથી કહ્યું "આપને વલ્લભ" એટલે આપ પણ ઉત્તમોત્તમ જાણી અનુષ્ટાન્ન કરતા આનંદ પામતા હો તેવી આપની "મોંઘી મોજ" આપો. એમ માગ્યું.

" જાણી શકીએ ચિત્ત શેમાં છે, અમારૂં હીત બુદ્ધિ અમારી તો જરી" માટે ગુરૂ ઉપરજ ભાર મુકયો. એવા ગુરૂની કૃપા ને તે પાત્ર શિષ્ય ઉપર થતાં વાર શી? મહેતાજીના લેખમાંથી—

" ઉમિયાધીશની કૃપા મુજપર હવી, જોજોરે માહેરૂં ભાગ્ય મોટું;
" કીડી હતો તે કુંજર થઇને ઉઠયો પૂરણબ્રહ્મ શું ધ્યાન ચોટયું."
એ "માલીકને હું માનું રે"

તેને મ્હારી કને હું માનુંરે" એમ પણ તે કહી શકયા. કારણ

" હાથ ઝાલ્યો મ્હારો પાર્વતિ પતિએ, મુક્તિ દર્શન મને સઘળી દેખાડી." તે શું ×× શ્રી હરીથી મેળવ્યા તેથી તેને "**માન દઈ અનંતપતિ પ્રમાણુંરે**" ખુદ ભોળાનાથે કહ્યું. સત્યવાદી મહેતાજીનાં વચન પ્રમાણ છે. તે લખી ગયા છે—

" ભકત ઉપર હવે કૃષ્ણ કરૂણા કરો નરસહીયાને નિજ દાસ સ્થાપો "

તેજ બોલ્યા શ્રી હરીએ કરૂણા કરી હસ્તકમળ મ્હારે શીશ સ્થાપ્યો.

એ રીતે " મારી કને હું માનુરે " અને તેજ " માલીકને હું માનુરે " આજે તે મળે છે. અનેક વખતે, પછી તો મળ્યા મહેતાજીને ને તેથીજ એ કહેવું સિદ્ધ થયેજ ગયું કે–

" જાણે મન માનું એ માલીકને હું માનુરે "

જ્યારે જ્યારે મનનું જાણ્યું ને તેનો અમલ થયો ત્યારે તે " પરચો " કહેવાયો. એવા પ્રભુ તે મહેતાજીના.

ગજલ.

પગલે પગલે પરચા પરમેશ પૂરે છે, અવિનાશીનો અનુભવ આનંદ ઉરે છે.
દાખલા જુવો–"પિતાનું સારી દીધું શ્રાદ્ધ જાતથી મથી, સ્ત્રીને કરી હરીએ ખાસી મહાપ્રસાદથી.
કેદારો છોડાવીને વાત રાખી સભામાં, ઢેડોને બતાવીને રાખ્યા નાત વભામાં.
માગ્યા વરસ્યા મેહ એવણે ક્ષમા ચહી, નારી બનીને પાયું નિર શી તમા રહી ?
એમ વગર કહે—" **જાણે મન માનું એ માલીકને હું માનુંરે** "

ઉત્તરાર્દ્ધ–હુંડી.

સાખી.

નટખટ નાગરી નાત નિરાળી, નિત્ય નંદ ને નિંદે;
મહેતા લક્ષ ન લેતા રહેતા પ્રસન્ન ભજનાનંદે;
કહે તે સહેતા, ઓઝો વહેતા, રહેતા વશી ગોવિંદે;
એક સમય પૂરાજ પ્રસાવ્યા, ફોકટીયાએ ફંદે.

મહેતાજી એ સિદ્ધ કે પ્રસિદ્ધ કરવાની જરૂરત નહોતી કે " જાણે મન માનું એ માલીકને હું માનું રે " પણ પ્રભુને જરૂરત હતી, તેથી તેણે ઘાટ ઘડાવા દીધા. ને પોતાના સ્વભાવ સ્વરૂપ સામર્થ્યથી જનને જાણીતા કીધા. એમની હુંડીની કથાતો સુપ્રસિદ્ધ છે તોપણ કહીએ—સારગ્રહીએ.

ખાસ આખ્યાન.

પદ. " બતાદે સખી " એ રાગ.

જુનાગઢ માંહે આવ્યા યાત્રી કોઇ **ચાર**; દ્વારિકાં જવા છે વિ**ચાર.** જુના.
સાતસો નગદ રૂપિયા છે પાસે, તિર્થે ખરચવા રાખી આશે; કાબાના ભયે લા**ચાર.** જુના.
લખે હુંડી એ ગમની એવો, ઝટ ન જડ્યો કોઇ શેઠીઓ તેવો; વ્યાપારનો ન પ્ર**ચાર.** „
આવ્યા રખડતા નાગરવાડે, ઠગો વસે જ્યાં ધોળે દાડે; બહાર ઉત્તમ આ**ચાર.** „

તેમણે જોયું કે આ ભોળાઓને **મહેતા**થી મેળવો, કારણ તે એવા અર્થનુંજ લોકો આગળ લવ્યાં કરે છે કે " **જાણે મન માનું એ માલીકને હું માનુંરે** " તો આ લોકોનું દુઃખ ટાળે. કારણ તે મનમાં ચિન્તવશે તો તેનો માલીક દ્વારકાંમાં રહયો તેનું ચહ્યું

કરશે. તે ક્યાં તેને દૂર સમજે છે ? તે તો માને છે " **મ્હારી કને હું આવું રે** " જનને લઇને તે દૂર પણ ઠીક છે. ખાસ સ્થાન તે દ્વારકાં સૌ માટે સમાન માને છે ને આ ત્યાંજ જવાના તેથી તેને પ્રિય થશે. એટલે તેમનું કામ ઉપાડશે. પરદેશી છે પણ ભોળાને મેળવો એટલે ઠીક ઠાઠ થશે ! એમ વિચાર બોલ્યા તો હાસ્યમાં પણ દેખાય સાચું. શું તે સાચુંજ દરવાનું ?

પદ " નાગર નટરે " એ રાગ.

વધા નાગરરે (૨) છે એક શેઠીઆ એવા. (તમે ચાહોછો તેવા)
જોઈ ડોળ નહીં વ્હેમાશો ! જો ભક્ત હશોતો ન્હાશો;
કીર્તન સુણીને ખુશ થાશો, ભક્તિ સાગર રે (૨)—છે. (દ્વારકાંનો સંબંધ છે તેનો હેતુ તેમને ગળે ઉતરે એવો બતાવે છે ને વધુ ભૂલાવે છે કે).

જોવામાં કામ છે સાદું, પણ નથી માત્ર તે સાધુ;
ઘરમાંહે ભર્યું ધન ઝાઝું, ઘડા ગાગર રે (૨)—છે. (પ્રસાદ વ્હેંચતાં બચેલ)!
એના ધનનું નવ લેખું, ટાંણું શું કરે એકેકું;
મ્હોટું મન એનું દેખ્યું, મુળ ઉજાગર રે (૨)—છે. (ભક્તિ રૂપી ધનથી)
આડતો જગે જગ ચાલે, દ્વારકા કોઠી વડી હાલે;
એ પર બે ફિકરો મ્હાલે, દેશે કાગળ એ (૨) છે.

ઠગોતો મૂર્ત્તિને પથ્થરજ ગણે છે. ને **મ્હે**તાને ગાંડા સમજે છે. કારણ તે મૂર્ત્તિને—માલીક ને તે વળી અંતર્યામી—સર્વજ્ઞ—સર્વ શક્તિમાન સમજે છે તે શું ખોટું છે ?

માલિનીછંદ.

બગ સમ ઠગ કેરી, વાત સાચી સ્વીકારી; ભગત ભુવન આવ્યા, યાત્રિકો આશ ધારી;
અતિથિ વળી જવાના, દ્વારકાં એ લહ્યું જ્યાં; અતિ હરખિત હૈયું, ભક્તનુંતો થયું ત્યાં.
કારણ ભક્તો સ્વામીના પિય સ્થાનને અતિ પ્રિય માને છે.
એકે ગાયું છે— " **माने प्यारो लागे श्रीजी तिहारोरी देश** "
બીજે ગાયું છે— " વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નહીં આવું "
ત્રીજે ગાયું છે—"**श्रीपति चालो तो चालो थारे देश.**"
અમે પણ **શ્રી**રંગધામ માટે કહ્યું છે.

"मेरे प्यारेकी नगरी प्यारी लगे, प्यारी लगे प्रिय भारी लगे. मेरे० टेक.
स्तुति करे सो मीठी लगे, निंदा करे सो खारी लगे. मेरे.* इत्यादि.

એથી તેમને દ્વારકાં જનારા ભક્ત જાણી—**ઉપેન્દ્રવજ્રા.**

વિવેકથી આસન આપી પ્રીતે, પુછ્યું પછી કારણ શાન્ત ચિત્તે;
લહ્યું કહ્યું જે પુરનાં જનોએ, કરી ખરી મશ્કરી દુર્જનોએ.

દોહો. "**મ્હે**તા સમજ્યા મન વિશે, ભાઇબિંધના **ખેલ;**
લાજ જાય ત્યાં **ક્ષેમ** જ્યાં, હરી વશ કરી રા**ખેલ.**

---

*જુવો અમ્હારી રંગનાથ માળા (હીંદી) કિ. રૂ. ૦–૮–૦,

"જાણે મન માનું એ માલીકને હું માનું રે; "મ્હારી કને હું માનું રે" એમજ અનુભવનારે તુરત મન ખોલ્યું. મનમાંજ માનો કે, જે બોલ્યા તેનો સાર—દ્વારામતિ પતિને ઉદ્દેશીને પુકાર કર્યો.— **પદ.** "હેરી દૈયાં લચકમચક ચલત" એ રાગ.

"હે શ્રી હરી ! ભક્ત ગણી જગતજન **સતાવે,** વારંવાર સહાય કરો તોએ મને **તાવે.**
(એથી સુધરતા નથી પણ બીજાને ઓર અગવડો ઉપજાવે છે, પાપે પાપ વધારે છે.)
"આપનોજ જાણી દાસ, મોકલ્યા મ્હારે અવાસ,"(તે તેમના મનથી તો હંબગ) છે પણ.
આશ ધરી ખાસ આવ્યા ભોળાજન ભાવે—હરી—(મને ધણી ગણ્યો !
નાણું આપનું નામ, મંદિર મ્હોટી દુકાન; (તે ચોપડા, ખડીયા કલમ જોઈ શેઠ જાણતા હશે)
કીર્તનના ચોપડામાં શાની ખોટ આવે. હરીભક્ત ગણી જગત.

(માલીક જગતમાં છેજ. તેનું દ્વારકાં ખાસ ધામ, ત્યાં તેનો કાયમ પ્રસિદ્ધ મુકામ છે. મને બતાવ્યો છે. હું હજી નિત્ય તેને મળું છું. તેજ સર્વજ્ઞ સર્વેશ્વર ગીતાચાર્ય, આજે એવાને એવા છે. એ બોધો દઈ થાકયો, પણ દ્રષ્ટાન્ત વિના લોકોને પ્રતિતી નહીં થાય, ને તે વિના પ્રીતિ નહિ થાય. માટે આ પ્રસંગથી સિદ્ધ કરવું અનુકુળ પડશે કે, " જાણે મન માનું એ માલિકને હું માનું રે " મને તો મળ્યા પણ હું મોકલું તેને પણ મળે, તે લેવા નહિ પણ દેવા ! એમ પોતે ધાર્યું તેવાજ તેના દેવા છે ! તે સાધારણ નથી. દેવાધિદેવા છે ! પણ તેને પણ વશ કરે એવી **મ્હેતાજી**ની એ સેવા છે. જુવો તે સુદ્રઢ વિશ્વાસવાળા કેવા છે ! કોના ઉપર ! " દ્વારકાંના દેવ " ઘનસ્યામ-સુંદર સ્વામી ઉપર ! તેણે ચાહ્યું—
" આજ ધરૂં વડી હામ, સંધરૂં હું ત્હારા દામ; કરૂં કામ હરી ધામ, રંક શું કહાવે "

ભક્તને ભીખારી સમજે છે, તેમને ખાતરી આપું કે તેના શેઠ તો **શ્રીહરી** છે. **શ્રી**નાજ સ્વામી છે, તેમને પછી શી ખામી છે ! તેમ પ્રભુ કરી બતાવે ત્યારે તો ? તે જ ગોઠવણ થાય છે.
" રાખીશ હું તો વહેવાર, તમને તમારો વિચાર, પથીક લાચાર, દેખી મને દયા આવે. હે શ્રીહરી.

જે કામ કરવાનું તે પોતા માટે નથી. ને જે કામ કરાવે છે તેમનો પણ ઉત્તમ ઉદ્દેશ છે. ઠગોએ પણ જે ધામ બતાવ્યું છે તે તેનુંજ છે. જેને **શ્રી**હરી સારી રીતે જાણે છે. ને તેથી પ્રસંગનાં અંગ તમામ ઉત્તમ છે. જે ઢંગ આવ્યા તે જગજાણીતા છે. તેથી જ માન્યું છે કે **" જાણે મન માનું એ માલીકને હું માનું રે "**

તોટક.

(તેમજ) મનથી હરીને કરીને અરજી, ફરી યાત્રિકને જણવી મરજી;
સહુ સંતનિમિત્ત દુકાન બધી, હુંડિઆમણની ન પડે અરધી.
(માત્ર કીર્તન ગાવા ગવડાવાજ દુકાન સ્થાન નથી. હરીજનને સર્વ પ્રકાર સહાય કરવા, પોતાની ભકિત તપ ફળ પ્રેમફળનો પણ ઉપયોગ બીજા માટે કરે છે. ને તે નિઃસ્વાર્થ !)
ગણુ દ્યો રૂપિયા બણી એપરવા, દઉં હુંડિ મળે ટંકશાળી નવા;
ધરશો નહિ વ્હેમ લગાર ચિતે, ઘર ઠામ નિશાન લખુ વિગતે.

ગુરૂને મહા વિશ્વાસ છે. તેથી શિષ્યના દામ સંઘરે છે. પણ શિષ્યને પણ એટલો વિશ્વાસ જોઇએ કે તે કહે તેમ કરે, ચલવે તેમ ચાલે. છેક સુધી આજ્ઞા પાળે તો ફળ

પણ નિહાળે. **ચોપાઈ.**

" ચારે જણે અણીને સંમત ઝટ રૂપિયા ગણી દીધા;
' પુરા સાતસો નરસહી મ્હેતે, વાણોતર બણી લીધા.

" માન તજી, માનતે તજીને, માન દઈ **અનંત** પતિ પ્રમાણું રે, " **જાણે મનમાનુ રે.** "
" નાગરડે નાંખ્યા ખટપટમાં, ભકતે હામ ચલાવી; (તે દ્રઢ કહે છે " **માલીકને હું માનુ રે.** "
" લખવા બેઠા હુંડી હાથે, નયને આંસુ લાવી.—સાચું છે કે—
કારણ " સેવન કરી સ્વ સેવ સોંપવી, એ અનુચિત છે અતિ; પ્રભુને નોકર રાખ્યો નથી."

તેને સેવા સોંપવા પ્રસંગ આવ્યો અથવા પતિ સાંભરી આવ્યાથી ત્યાં જવા મન થયું. પણ શું પ્રેમનો પ્રભાવ ! શું વિશ્વાસ ! તેને ખાતરી છે કે કલીમાં દેવોને દુર્લભ તે જેને પત્ર લખ્યા આપશે તેને પણ " માલીક સ્હામા આવી મળશે, ને લે પોતે ચહે તેજ વેશને દેશમાં પોતે સર્વત્ર માને છે. મનમાં છે એ જાણે છે, પણ યાત્રિકો દ્વારકાં જવા ચાહ્ય છે. મ્હેતા દ્વારકાંનાથના કહેવાય છે, તે તો પ્રકટ શામળા મૂર્તિમાન દેખાય છે, તેજ સર્વેશ્વર શ્રીકૃષ્ણ છે. ભોળાનાથે જેને દુર્લભ ને વલ્લભ ગણ્યા તે છે. એવી પ્રતિતી જગતને નથી. તેમના ગામમાં સગાઓ સહવાસીઓને નથી. ઉલટું એ બધું ઉપહાસ જેવું લાગે છે, ને તેથી જ આ તે ઘેલછા મુંકાવવા સ્હામો મ્હેતાજીને ત્રાસ આપે છે, પણ મ્હેતાજીનો વિશ્વાસ સ્વામીની વડાઈ ઉપર. મનના ભાવની કદર કરવા ઉપર સંપૂર્ણ છે. " જાણે મન માનું એ માલીકને હું માનું રે " તે તેવોજ છે. પણ મ્હેતાને પણ ધન્ય છે. આ કાળમાં અર્ચા–મૂર્તિ ઉપર પત્ર આવા અજાણ્યા ને આવા ઉપહાસ્ય ઉપર એજ આપે ! બેધડક " ભલામણ " હુંડી " રીતસર લખી આપી. અહા ! શું કહીએ ! ધન્ય છે !

પદ. " તારી કૃપાવિણ શ્રીવર મ્હારો " એ રાગ.

હુંડી લખે એ તો નાગર નરસહી હામ એથી બધી હેઠ;
નામ નવું પાડયું નટવરનું, **શ્રી સામળશા** શેઠ. હુંડી.

(બીજા અવતારો કયાં કરે ! કેવા રૂપમાં લેવા તે બીજા યુગોમાં શ્રીહરી પોતે નક્કી કરે ને આ કલીમાં મ્હેતા તેમનું નામ, વેશ, કામ બધું આગળથી ઠરાવે છે. કારણ કે–ઠગોએ તેમને તેમ કરવા ફરજ પાડી એ ઉત્તમ પુરૂષનો ઉત્તમ ઉદ્દેશ છે કે તેમના કહેવા પ્રમાણેજ વાણોતર શેઠ બની બતાવીએ, ધની છીએ એમ સમજાવીએ, કેમ કર્યાં તે સુધરે ને મનુષ્ય-દેહનું સાર્થક કરે ને ઉધરે " **માલીકને હું માનુ રે.** "

" દ્વારકાં ગામ પ્રભુને ધામે, કામ સોંપ્યું ધરી કોડ,
" રણ કાધું અહીં દેશે હરી તહીં છેજ ખરા " રણછોડ. "
" લે છે એના નામથી, ખરચે એને કાજ; (એજ મન છે.)
" દાઝ ધરી એનાં જનની મનમાં, છતાં જશે કદી લાજ,
" તો નરસહી મ્હેતાને ફિકર શી ? બુડશે પ્રભુની પેઠ. હુંડી લખે.

(મ્હેતાજીને થોડુંજ મનાવું કે જુનાગઢને ધામ બનાવવું હતું ? દ્વારકાંધીશ રહેવાની ઇચ્છા હશે તો યશ વધારશે, કાર્ય સુધારશે. ન ઇચ્છા હોય તોપણ ઠીકજ છે. કરવું તે પુરૂંજ. પ્રભુને લીલા પ્રિય છે. તે ભકતોદ્વારા ભજવે છે. શેઠ બનાવતાં પહેલાં વાણોતર પુરા બન્યા, રૂપિયા લેવા માટે હુંડીજ આશાર જોઇએ તેથી.)

" જગતની રીતના અંક બાંધ્યા છે, છે લખનાર ચતુર!" (વ્યવહારમાં પણ કુશળ છે)
" વાંચનારો લખ્યા પહેલાં વાંચે, લખનારાનું ઉર " (તેને તો કશાની જરૂરત નથી)
મ્હેતાજીનું જ માનવું અમે ગોખીએ છીએ કે **જાણે મન માનું એ માલીકને હું માનુ રે"**
" આપ્યો યાત્રિક હાથમાં ખીડે શાને માટ;
" ગુપ્ત ન રાખવા ભક્તની ભક્તિ, વ્હાલો ઘડે છે ઘાટ.
" એમ માને ત્યાં ઉચ્ચાટે શાનો, સેવા ગણી આ શ્રેષ્ટ. હુંડી લખે.

ગીતિ.

કહ્યો મુખે સં**દેશો**, પડે નહીં પથિકોને અ**દેશો**; (વળી દગો ખેલ ન બગાડે !)
પત્ર તમે જ્યાં **દેશો**, લેશો નગદ ન મૂઢ તદા રહેશો!

(સમજે તો સમજાવ્યું કે તમારૂં મહાભાગ્ય આવ્યું છે જે હાલ પોતાના ભાગ્યમાં પણ નથી. કારણ ધ્યાનથી ધ્યાયે કે મૂર્તિમાં માને, પણ આ હુંડી વટાવવાતો જરૂર શેઠ થશે. ને એ રૂપ નિહાળવા–એમને જ અવસર આવશે. બીજા પરચામાં તો પોતે પાસે રહેતા, હારમાં તો તેડાવ્યા જ, મોસાળામાં સાથે આવ્યા, વિવાહ પુરો જ કરાવ્યા લગી રહ્યા, શ્રાદ્ધમાં પોતે કહ્યું ચહ્યું નહોતું પણ આતો કહ્યા ચહ્યા છતાં, સ્વામીને નવા રૂપમાં પ્રકટ, કરાવ્યા છતાં, પોતાને લાભ નહીં મળે, તે શોચી ધ્યાયા, ગાઈ યાત્રિકોના ભાગ્યની અદેખાઈ કરી, ઉદ્ધવજીને **ગોપી** કહે તેમ કહે છે—

પદ. " ઓ વ્હાલા તું શીદ " એ રાગ.

કહેજો મ્હારા શેઠને સંતો જે ગોપાળ!
(શેઠને " જે ગોપાળ " કહેવા રીત તેના શેઠ ગોવાળજ છે! પણ તે ગોપાળ કેવા!
જે ગોપાળ, જગપ્રતિપાળ, અતિકૃપાળ, આણી વ્હાલ.

કહેજો મ્હારા શેઠને સંતો જે ગોપાળ. " (ચેતે તો ચેતાવે છે તેમને જ તેમની તરફથી કરવા,ને ન સમજે તો પોતાની તરફથી. તે નહીં જ સમજે માટે પોતાનું જ જારી રાખ્યું—

" સાષ્ટાંગે મુજવતી પ્રણમજો, નવ ધરજો કંઈ ખ્યાલ;
એ છે મયાળ, અતિ વિવેકી લાલ, તે દેશે કરી નિહાળ. મ્હારાશેઠ.

(તમે કદાચ શેઠ જાણી ન પગે લાગો તો મ્હારીવતી તો જરૂર પ્રણમજો. જો તમે જ પ્રણમ્યા તો તો—**एकोपि कृष्णस्य कृत प्रणामो** નું મહાત્મ્ય—" **कृष्ण प्रणामि न पुनर्भवाय** " તે વળી સાક્ષાત્કાર થયા પછી! પણ તેમનું તેવું ભાગ્ય નથી કે તેવી બુદ્ધિ થાય! જ્યારે અવતાર હતો ત્યારે પણ—**अवजानन्ति मां मूढा मानुषी तनु माश्रिताः** માણસનું શરીર ધારણ કરેલ એથી મૂઢ અવગણના કરે છે. ખેર—

" નખશીખ લેજો ધારી વારી, લુણ ઉપર તતકાળ;
કહેજો અંગ અંગના કુશળ. ફરીને લેજો મુજ સંભાળ " મ્હારાશેઠ.

કદાચ નખ સીખ નિરખવાથી ભાન જ્ઞાન તેમને થશે તો ઠીક પણ ઉલટી તેમની નજર લાગે તો! તેથી જ શણગાર વાંસે જ આરતી. નિરાંજની કરવા રીવાજ છે. તેમ અહીં લુણ ઉતારવા કહ્યું એક દોળા અમે ગાયું છે—

" અંખે નજર બાહાર ન જઈયો નાથ,
યા ડરતેં તો મૈંભી સ્થિરકર, નજર ન જોરત મથુરગાત. "

તેમ તેમને માટે ધાર્યું પણ પાછું તેનું ફળ પ્રભુના કુશળ વૃત્તાંત પોતાને ધ્યાન કરવા જાણવા બહુ જરૂરત. " કયા ઉત્સવ ઉપર પહોંચ્યા, શું શું લીલા શૃંગાર સેવા જોવામાં આવ્યાં, " તે સ્વાદ શ્રવણ કીર્તન સ્મરણ તો પોતાને પણ મળે માટે પાછા આવવા નિમંત્રણ દે છે. તેમને તો તેવો વિચાર નથી પણ પ્રભુ તે મનોરથ પણ પુરશે કારણ—તેમનું પણ " જાણે મનમાનું એ માલીકને હું માનું રે "

" જવાબ લખી આપે તો લાવજો, કહેજો અહીંના હાલ;
" સેવક પાસે તો ધન અખૂટ છે, પણ આપ રાખજો ખ્યાલ " મ્હારાશેઠ.

કહ્યુંજ છે કે કીર્તનના ચોપડામાં શાની ખોટ આવે ! " પણ પ્રભુ જેટલું સ્વીકારે તેટલું ખરૂં ! તે સ્વીકારશે જ તે કેવા છે ! મહેતા તો તે દ્વારકાંધીશમાં ડુબ્યા ! મનથી મોહન પાસેજ પહોંચ્યા. જે હરીએ હાથ ઝાલી દીવ્ય અંતઃપુર બતાવેલ તે કેમ વિસરે ! અહીં તે ક્યાંથી આણે ! બોલી ઉઠયા—

ગરબી. " વારી યશોદામાવડી " એ રાગ.

શેઠપર પ્રેમ મને ભારે, પ્યારા પથિકા શેઠપર પ્રેમ મને ભારે.
પૂછજો શું કદી સંભારે. પ્યારા પથિકા૦ ટેક.

ગોપીયોએ જેમ ઉદ્ધવજીને કહ્યું. ભ્રમરને કહ્યું—**भण्यतामन्य वार्ता** વ્હાલાનું સ્મરણ થતાં તો પ્રેમ ઉભરી આવ્યો—

" નયને નીર વહે, ગદગદ સ્વરે કહે, સમજે યાત્રિ શું લગારે. પ્યારા૦
" કહેજો તેડાવશો તવ હું આવીશ, ગમે ન અહીં ક્ષણવારે. પ્યારા૦

(દીવ્ય દ્રષ્ટીને દીવ્ય દર્શન સુખતો તે તેડાવીને દે તો જ મળે. અહીં તો દીવ્યની ભાવના માત્ર છે. મનોમય વ્યાપારજ છે. " **જાણે મન માનું**. "

" સોંપ્યું કામ કરે અહીં તન પણ મન રહે છે એની હારે પ્યારા. રે હો યાત્રિકા **ભ**ગવાનની એજ આજ્ઞા છે કે, **तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध च** " સર્વ કાળમાં મ્હારૂં ભીતર સ્મરણ બન્યું રહીને તત્પૂર્વક કર્તવ્ય કરે જવું. " સંસારમાં સરસો રહે ને મન મારી પાસ " તેજ હાલત છે. પણ મગ્ન ત્યાં છે.

" લાલો મ્હારો વ્હાલો અનુપમ, જે જુવે તે મનવારે. પ્યારા.

(કારણ **रसोवैसः** " **ગો**પીયો કહે સુર સ્ત્રી પતિ સાથે છતાં ભાન ભૂલી ત્યાં અમે કોણ !)

" જોશો તદા તમે પણ મ્હોશો, જાઓ ઝટપટ એને દ્વારે. પ્યારા.

(ભાગ્ય ઉઘડયાં કે આ પ્રસંગ આવ્યો તો તેનો લાભ લઈજ લ્યો.)

" મ્હારી કથનીનો પાર ન આવે, સિધાવોજી તમે તમારે " પ્યારા.

મ્હેતા તો હરીરસમાં ડુબ્યા. અનેક ભાવ ઉઠયા પણ તેમાં આ લોકો વિઘ્નકારી થયા. કારણ રસીયા ન જણાયા તેથી વિદાય કર્યા—" પ્રેમ રસ તેના ઉરમાં " એ ન્યાય છે.

પદ. "કાલીંગડો."

એઉતણો સંબંધ રે (૨) પથિક શું જાણે. એઉ. ટેક

(ધ્રુવવાણી એમ પડી કે દશરથે પુત્ર જાણ્યા તેમ તેમણે મહેતાને વાણોતર, ને તેના સ્વામીને શેઠજ જાણ્યા તેથી વેરાગી વેશ, તે આવા રાગી જોઈ ઉલટા ગરબડાયા કે—

" આ શું વાણોતર ટળવળતો, શેઠના પ્રેમમાં અંધરે. એઉ.
" વેરાગી ત્યાગીને પણ શું ? આવો શ્રીમંતપર છંદરે. એઉ.
" શાં આંસુડાં વ્હે આંખોથી, શાથી હશે આવો ફંદરે. એઉ.
" ચાલો આપણે વાટે પડીયે. એ તો કર્યાં કરે આક્રંદરે. એઉ.

સાખી.

રૂપિયા દઈ હુંડી લઇ નિકળ્યા, યાત્રિ જેવા **બ્હાર;**
દગ તે જગ એવીજ રહ્યા છે, જોવાને કંઇ **બહાર.**
હુંડી દેખી–માગી–વાંચી–લખ્યું વગાડયા **બાર !**
જાઓ સુખે કહ્યું દ્વારકાં–પડયા પૂરા **પોબાર.**
જેવા લખનારા લખેશરી તેવા સુખ્યાત્ શેઠ;
હુંડી જાળવો–ખૂવો, નહીં જોઇએ એનાપર " પેઠ "
અહીં ઘર ઠામ નિશાન જોઈ લ્યો નામ કરી લ્યો યાદ,
નરસહી મહેતાને ફરી આવી દેજો ઘટિત **પ્રસાદ.**

(શેઠ પાછા આવશે, ને લાકડીયો ઉડશે. તે જોવાનું તેમને મન છે.)

માલિની— શઠ નટખટ બોલે, યાત્રિકો તે ન જાણે, કરી ખટપટ બોલે, યાત્રિકો તે ન **જાણે;**
અસત નથિજ બોલે, યાત્રિકો તે ન જાણે, અસત નહી દરે તે, મૂઢ ક્યાંથી પ્રમાણે.

મહેતાને દ્રઢ છે કે " જાણે મનમાનું એ માલીકને હું માનુંરે "

દોહરો— વિણુ મરજી વેરી મુખે, હરી કરાવે **ખ્યાત;**
ભક્ત તેથી સુતા સુખે, જાણી બિરદ **વિખ્યાત.**

બ્રાહ્મણો દ્વારા શ્રાદ્ધ પિતૃદેવને કેમ પહોચે?! બ્રાહ્મણુ જમાડ્યાથી કે સાધુ સંતને આપ્યાથી પરમેશ્વરને શી રીતે પહોંચે?! તેનો આ જગપ્રસિદ્ધ પૂરાવો છે. તે રૂપિયા મહેતે સરકારી કામમાં, વાપર્યાં રિપોર્ટ કરવા જરૂરત નહોતી મંજુરી તો માગી જ નહોતી. કયે રસ્તે વાપરવા તે બહુ સારી રીતે જાણતા હતા. પાત્રની પરિક્ષા પુરી હતી તેથી—

સ્રગ્ધરાછંદ— સાતે સો સદ્ય સોંપ્યા, શ્રીવર સુખદને, સેવીને સંત સાચા;
પ્રીતે પ્યારા પ્રભુને, પદપડી પ્રણમી, પ્રાર્થ્યા પૂર્ણ પાછા;
પર્ચાં પૂરે પિતાશ્રી, પદપદ પછીથી, કાં પ્રતિતી ન રાખે,
ભ્રાન્તિ ભાગી ભરોસે, ભગવત ભજનો ભવ્ય ભાવેથી ભાખે.

ચોપાઇ— પંથકરી પંથિક પુરે પહોંચ્યા, સદ્ય સામળશા શેઠ સોધ્યા;
વડા વડા વણિક વેપારી, કોઇથી ન લાગી કશી કારી.
શોધી ચૂક્યા દુકાને દુકાન, શોધી ચૂક્યા મકાને મકાન;
ગામમાં ન માણસ કોઈ એ નામે, હુંડી શકરાવે તો કોને ધામે.

પ્રભુએ પ્રથમ હુંડી કોણે લખી છે એ પ્રસિદ્ધ કરાવ્યું, કે તે શકરાય ત્યારે સૌને સમજ પડે. પોતાનાં જન તારવા સુધારવાજ પોતાની ક્રીડા; પોતાનો ભકતાધિન સ્વભાવ એ પ્રકટ કરવા, ને તે લ્હાવ જે લે તેને દેવાજ—આ બનાવટ બનાવી છે. પરંતુ હજી સુધી મુદ્દે વાત પાર નથી પાડી.

"અથડીને ગયા છેક થાકી, લથડી રહ્યા નિસાશા નાંખી;
દુઃખ કેમ સકાય આ આંખી, ઘણી ગાળો મહેતાને ભાખી.

પદ. "ન દિલ લ્યો" એ રાગ.

ન ઉતર્યો શાને આડો સાપ,
જુનાગઢમાં જઈ લુટાયા, પાકયાં પૂરાં પાપ. ન ઉતર્યો.
ઠગે બઝી ઠગ ધામ બતાવ્યું, હુંડી ભગતની છાપ; (સોનેરી ટોળી)
લઈ લીધા રોકડા રૂપિયા, રોતા કર્યાંરે બાપ ! ન ઉતર્યો.
(ઠગાઈ તે કયાં સુધી ! મ્હારા જેગોપાળ કહેજો ! સંદેશો કહેજો ! અહાહા ! !)
કયા બાપને કહીએ એનો સંદેશો કે શાપ !
રખડયા રણવગડે વિણનાણે. એ પાપીને પ્રતાપ ! ! ન ઉતર્યો.
ભીખ માગતાંએ ન આવડે, પીડે ભૂખ થાક તાપ;
સહુથી વધતી હમે નિરાશા, સ્હાય કરો જગ બાપ ! ન ઉતર્યો.
એક વદ્યો, શું ફળ છે આવો. કરતાં વૃથા વિલાપ !
વસ્ત્ર વેચી પહોંચીએ પુરે એ, લઇએ વેર અમાપ. ન ઉતર્યો.

સોરઠો— ઘાટ ઘડીએ જે ઘડી, આવ્યા ગોમતી ઘાટ;
વાટ વિષે દીઠા અહા ! ત્યાં તો અદ્ભુત ઠાઠ.

પદ. "લાગી છબી નાથની" એ રાગ.

રે હા ! અહા ! કોણ શેઠ જણાએ.
કદી દીઠો ન સુણ્યો કદી ! એ કોણ ! કાં ન કળાએ. અરે અહા !
સ્હામેથી આવે કેમ, જોતાંજ જાય વ્હેમ, શાને ઉભરે પ્રેમ, શું એથી થાશે ક્ષેમ:
સાથે ગુમાસ્તા ઘણાએ, મુખી શામળા ગણાએ. કોણ ! કાં ન કળાએ.
હસે ફાંદાલા શેઠ, હાથે વીંટીઓ વેઢ, કંદોરો ઢીલો કેડે, હલાવે ખેસ છેડે;
સુડી છે કરની માંહે, કાપીને સોપારી ખાએ, કોણ ! કાં ન કળાએ.

માલિની છંદ.

લટક મટક થાતા, આવીને છેક પાસે; ટગરમગર જોતા, સ્હામી કીધી તપાસે;
પથિક દુઃખ વદી જ્યાં, ભકતનું નામ લીધું; તવ ઝટ સમજાયું, છે થયું કામ સીધું.

ગજલ. "શા માટ જાય માત-રામ રામ" એ રાગ.

"વદી હા ! પ્રિય પ્રાણ ! શેઠ થયા ગદગદા, ભરાયાં નીર નેનમાં, ન શબ્દ નિકળ્યા;
ત્વરા કરી હુંડી લીધી ભીડી સ્વ છાતીથી, ઉખેડી વાંચી રાચી વળા એ સંગાતીથી.
પ્રેમાનંદજી કહે છે—"એવડું લખવું તે પડયું શાને, મસ્તક ધુણાવ્યું ભગવાને;
"હમે નરસહીના કહેવાઇએ, મેતો વેચે ત્યાં વેચાઇએ.

" આવું લખવું નહોતું કેશે, રૂપિયા હું આપત સદેશે;
" તમે શોધતા તે ફરી શુંય, ભાઈ શામળશા તેજ હુંય.
" નરસૈયાનો વાણોતર જાણો, આ નગરમાં રહું છઉં છાનો;
" કરૂં વૈશ્નવજનની સેવા, મને ઓળખે મહેતાજી જેવા. „

" લાવો કોથળી સદ્ય એક નોકરે ધરી, ગણવા માંડ્યા ગોવિંદા તહીં ત્વરા કરી;
" સાતસેં એક સોંપી વધા સો અધિક લ્યો, ખરચી ખાઈ સંદેશો પાછો જઈ કહો:
" લખ્યા કરે હુંડી પતરી કામ કાજ એ, એની ને મ્હારી, જૂદી નથી, એક લાજ છે.
" ગણો છો તેમ હું ગણું ખરેખરૂં વદું, કહ્યું કંઈક પ્રેમે, લખ્યું પત્રમાં વધુ.

(તુકારામને વિઠુબાએ, કે મહેતાજીને દ્વારકાંનાથે, પત્ર લખ્યાના દાખલા છે. કારણ તુકારામે પણ એકાદશીપર ન જવાયાથી પત્ર લખ્યો હતો. સર્વશક્તિમાન પરમેશ્વર એજ અર્ચા અવતાર છે. એમ માને તેને તેવો અનુભવ આપે છે.

રાગ કાફી.

સ્વસ્તિશ્રી જુનાગઢ મહાન શુભસ્થાને, મહેતાજી શ્રીમાન
નરસહી મહેતાને લખનારા, શ્રી સામળશા શેઠ;
દ્વારામતિ મુકામ જણાવ્યો, લખ્યું બેસીને હેઠ; કલમ ખોસી હતી કાને. મહેતા.
સાશન શીર ધારીને, તમારી હુંડી સ્વીકારી ભ્રાત;
કામ કાજ સુખેથી સોંપજો, હો ચાહે દીન કે રાત; કરશું ઝટ બહુમાને. મહેતા.
ઠગવા આવે ભલે જગતજન, વગ ગણજો મુજ ખાસ;
આશ પૂરીશ ક્યાશ ન રાખીશ, છે મ્હારો વિશ્વાસ; ત્યાં વધુ લખવું શાને. „

સવૈયો—" દેવ જુએ નભમાં કહે ધન્ય ન અન્ય થયો નરસી સમ કોઇ;
" લોક જુએ જગનાં કહે શેઠ નવો કોઇ ક્યાંથી કરી બધી સોઇ;
" પંથી જુવે રૂપિયા ઝગતા લઇ પત્ર રહ્યા જરી જ્યાં સહુ જોઈ;
" અંતરધ્યાન થયા ઝટ ત્યાં નવ શેઠ ન નોકર એ પળ ખોઇ!!

કલ્યાણ ગજલ.

સમજ્યા સહુ જગતજનો ભક્તની વડાઈ;
પથિકો તો છકીત થયા પૂરા પસ્તાઈ. સમજ્યા સહુ.
સંભારી ભક્તવાત, સંભાર્યા જગતનાથ. સમજ્યા સાક્ષાત હતા શ્રીપતિ સહાઇ;
ગયા તે ગયાજ હરી, હવે ક્યાંથી મળે ફરી, નયનોમાં નીર ભરી, વદ્યા પાહી પાહી.
રાખવા કથાએ અહીં, મૂરતિ પધરાવી તહીં; ગોમતિના ઘાટમહીં, ઉભા સુખદાઈ;
ધન્ય એ સામળા શેઠ, ધન્ય નરસિંહ શ્રેષ્ટ, અનંતતો કરે વેઠ, તેપણ અકળાઇ.

પદ " હિલમીલ પનીયાં " એ રાગ.

" આવ્યા પથિક વળી દ્વારકાંથી, વળી દ્વારકાંથી કરી અધિક ખ્યાતી.
" ઠગનાર રાહ જોઈ રહ્યા હતા, તેને પ્રથમ નમ્યા શ્રદ્ધાથી;
" ભારે ભક્તને ભૂવન પઠાવ્યા, મળ્યા હરી એના બ્હાનાથી;
" નરસહી પદ પરસી રજ વંદી, વીતિ કહી અથ ઈતિ ભભકાથી.

"પત્ર જોઈ શરચ્છત્રનો ઉભરી, પ્રેમ પુરિત પુલકિત પ્રિય છાતી.
"એ આનંદ સંબંધ અનુપમ, **આનુ** ન કહ્યો જાય મ્હારાથી.
શ્રી **મહેતાજી** જ કહી સકે "**જાણે મન માનું એ માલીકને હું માનું રે.**"
"**માલીકને હું માનું રે, મ્હારી કને હું માનું રે, જાણે મન માનું રે.**"
"**માન તજી માનતે તજીને, માન દઈ અનંત પતિ પ્રમાણું રે.**
બસ ઈતિ માલિક ક્યાં ! કોણ કેવો ? તે સિદ્ધ થઇ ગયું.

બોલો શ્રી દ્વારકાંધીસકી જય.

શ્રીમાન ભક્તિમાનોને નકકલ કરવા જોગ

—આપવાની અકકલ.—

શ્રીમાન ને ભક્તિમાન યાત્રાએ જાય છે ત્યારે ત્યાંથી વળતા પ્રભુપ્રસાદી તરીકે કંઈ આણી પોતાના પ્રિય સંબંધમાં લ્હાણી કરવા રીત છે. ખરેખર પ્રસાદી તો નામની પણ વસ્ત્ર વાસણ વા નવાઈની ચીજ યાદગીરી તરીકે આપવામાં આવે છે તે સાટે પોતાના એ અનુભવનીજ લ્હાણ પુસ્તકના આકારમાં લખી છાપી આપી અમારાં સદાનાં આશ્રયદાતા **સૌ. સુમતિ** બ્હેને "દક્ષિણ યાત્રા" કરીને અમારા **આનન્દ**ના ગ્રાહકને અરધી કિમ્મતે આપવાનું અમે જણાવી ગયા છીએ તેનો લાભે અમારા ગ્રાહકોમાંથી ઘણા તેના રસના ભોગી લેવા માંડયા છે. હજી એ કાર્ય ચાલે છે. ત્યાં અમારા હાથમાં ખરેખર "પ્રભુપ્રસાદી" નામનુંજ ઉત્તમ નાજુક સુંદર સ્વચ્છ નિર્ણયસાગરના મ્હોટા મશીને ઉત્તમ કાગળમાં છાપી ઉત્તમ બાંધણીમાં બંધાવેલ એ બાઈશ્રીની કૃપાપ્રસાદીનું પુસ્તક આવી પડયું. તે જોઇ અમે માથે ચડાવી તેની પ્રસિદ્ધ પહોંચ એટલા માટેજ આપીએ છીએ કે જેનું અનુકરણ અમારા બીજા શ્રીમાન ભક્તિમાન ગ્રાહકો પણ જ્યારે યાત્રા કરવાને ભાગ્યવાન થાય ત્યારે કરે ! પ્રભુ તેવો લાગ તેમને વ્હેલો આપે, ને તેનો લાભ તેઓ લે.

આ **પ્રભુપ્રસાદી** તે પ્રાર્થનાનાં પદ—પોતાને થયેલ અનુભવનુંજ વર્ણન છે. યાત્રા શા માટે કરવી ? તેમાં શું મેળવવું ? તે કેટલું કેવું મળ્યું એ સમજવાને આથી ઉત્તમ આકારમાં અમારા હાથમાં કોઇ લેખ આવ્યો નથી. પોતાના પ્યારા પ્રભુ નિમિત્ત લેખ લખતાં ચાલીસ પદને એ સંપૂટ પદમાં સમાવેલ છે. તેજ અમે નમુના તરીકે અમને મળેલ પ્રસાદીમાંથી પ્રસાદી તે વિદુષી—હરીગુણ કથન સંતોષણીની ક્ષમા માગી (કારણ તેની રજા વિના પણ) અમારા ગ્રાહકોને અત્રે આપીએ છીએ. ને અવકાશે કદાચ અધિક પણ એકેક બે પદ આપ્યાં કરીશું, કારણ આ પ્રસાદી કદી જૂની થતીજ નથી જેમ પ્રભુ "પૂરાતનોપિ નવિન" તેમજ આ તેની પ્રસાદીનું છે. તેનો વિષય કેવો છે ? એ સમજાવવું કઠણ છે. એ ભગવતી પોતે પોતાના વ્હાલા ભાગવતોને સંબોધીને આરંભમાંજ કહે છે—

(અપૂર્ણ,)

॥ श्री हरिः ॥

—बोडाणानुं आख्यान—

(લેખક મે. અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈષ્ણવ.)

" भक्ति क्रीतो जनार्दन "

મંગળાચરણ.

પદ " રતિયાંન આવે " **એ રાગ.**

ખમા રાજા રણછોડ, શ્રી ડાકોરના ઠાકોર.
ધન્ય ભક્ત ચિત્ત ચોર, કીધા ભક્ત ને એ ચોર.
દેશની દાઝ ધરી, વેશ વિશેષ કરી;
વસો ગામો ગામે ધામો ધામે, **અનુ** ઠરી ઠોર. ખમા રાજા રણછોડ.

પૂર્વરંગનું પદ.

કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય; સ્વજનને રે. કેવા૦ ટેક.
મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે,
અનુ વળે તેનો ઢ્હાડો જે એનેજ ચિત્ત મ્હાય. કેવા૦

કેવા મ્હોટા! ને કેવા છોટા થાય તે માટે શ્રુતિજ કહે છે.

" **अणोरणीयान्महतोमहियान्** " જેનાથી બીજું ન્હાનું સૂક્ષ્મ નહીં, ત્હેનું નામ અણુ, તેનાથી પણ અણુ, તેમાં રહેલ, એવા સૂક્ષ્મ, ને તેજ પાછા **महतोमहीयान्** જેનાથી મ્હોટું નહીં તેનાથી પણ મ્હોટા. એટલે વાસ્તવિક તો સર્વથી સર્વ બાબત મ્હોટા તેજ "બ્રહ્મ"

તેનું સ્વરૂપ જુવો તો " **सत्यं ज्ञान मनंतं** " **सत्य** ત્રણે કાળમાં રહે એટલે વયે કરીને ક્યારથી છે ને ક્યાં સુધી રહેશે? એ પ્રશ્નજ નહી.

" **क्षणाणुवत् क्षीणपरार्द्धकालया** " જેના નિત્યાનંદાનુભવમાં બ્રહ્માદિકનો કલ્પ—આખી સૃષ્ટી, બ્રહ્માન્ડનું આયુષ્ય એક ક્ષણના અણુવત્ છે. એટલે કેવડા ઘરડા—વૃદ્ધ કહીએ! તેમ નહીં બને, કારણ તે કાંઈ પ્રકૃતિની દેહની વાત નથી. જડ અચિતની વાત નથી. તેતો ભાસ-પ્રકાશ, ચૈતન્ય, જ્ઞાન સ્વરૂપની વાત છે. સદા એકરૂપ, અવિકારી, એવા પ્રકાશરૂપ કે " **तस्य भासा सर्वमिदं विभाति** ". એના પ્રકાશથી આ બધું જીવે છે. એ આધાર અધિષ્ઠાન જ આ બધાનાં છે. ચર અચરને ધારી રહ્યાં છે, ત્યારે જ પાછા તે જ સૂક્ષ્મ પ્રકૃતિના પરિમાણુ કે તેથી સૂક્ષ્મ અણુ-જીવમાં પણ વ્યાપક છે. વિષ્નુ, વાસુદેવ તેથી જ કહેવાય છે.

" **वासनात् वासुदेवस्य वासितं भूवनत्रयं** " એ રીતે સત્તાઓ સૌથી મુખ્ય, સૌનીજ સત્તા, પરમસત્તા પરમચૈતન્ય પરમઆત્મા કહ્યા છે. પણ તેતો સૌની ભીતર,

એટલે મણકાઓથી દોરો ન્હાનો, વાસણથી ઘીનો ભાગ ન્હાનો, તેમ એકંદરે આકારમાં મ્હોટો નહીં ઠરે ! તેમ નહીં "**अनंत**" એટલે દેશકાળ ને વસ્તુ ત્રણે કરીને જેનો અંત નહીં, એટલે જે બીજા બે તત્વ **सत् प्रकृति** ને **ज्ञान**—જીવ ચેતનો છે, તેમની અંદર તેમજ બહાર દશેગમ તે તો ખરેજ. સૌથી સૂક્ષ્મ કહો કે પાતળો. એટલે તે પોતે રહે ને તેમાં પદાર્થ રહે, "**यथाकाश स्थितो नित्यं वायु**" આકાશ રહી ને તેમાંવાયુ, તેમાં અગ્નિ તે રીતે **अंतर्बहिश्चतत्सर्वं** જળમાં વાદળીયો તેની અંદર બાહીર જળ તેમ દશે દીશે ને વસ્તુ માત્રના પ્રત્યેક અંશમાં પણ તે ખરેજ, ને તે આખું બ્રહ્માન્ડ તો "**एकांशेन स्थितोजगत्**" એક અંશમાં "**यस्या युता युतांशांशे विश्वशक्तिरियं स्थिता**" જેના દસ હજારના દસહજાર તેવા અંશના અંશમાં આ વિશ્વ શક્તિ રહી છે. એવો **सएवअधस्तात् सउपरिष्टात्**" આદિ વચનથી શ્રુતિ દશે દીશા તેજ છે એમ કહે છે. તે દિવ્ય દ્રષ્ટીથી **અર્જુ**ને અનુભવ કર્યો છે ને કહ્યું છે.

"**नमःपुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व**"

"**अनंत देवेशजगन्निवास**" એમ આગળ પાછળ સર્વ તરફ તે સર્વ "અનંત" જગતમાં રહ્યો તેવો દેવોનો સ્વામી તે પાછો **રૂપે**—કરીને અનંત કારણ. **અર્જુ**ને આ બધું બ્રહ્માન્ડતો—

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्य देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥

સમગ્ર જગત અનેક પ્રકારના વિભાગ વાળું—નકશામાં ગામની પેઠે નહીં-એવું **દેવ** દેવના શરીરમાં **પાંડ**વે જોયું. એ શરીર, રૂપ કેવડું ! તેનું તેજ પણ "**दीवीसूर्य**" આદિવચનથી કોટી સૂર્ય સમ પ્રભાવાળું—તો તેનું સુદર્શન ચક્ર, તેના તેજનો અંશ, વળી તે કેવા દ્રવ્યનું તે શું કહે? **आदित्यवर्णं** છતાં **तमसः परस्तात्** તમ—પ્રાકૃત ગુણવાળું નહીં "**दीव्य**" તે કેટલી પ્રકારનું ! **नाना विधानिदीव्यानि नानावर्णाकृतिनीच**" તેમજ વળી તેની **शक्ति**" **यःसर्वज्ञः सर्ववित्**" એજ શું બતાવે છે ! એકેક જીવ ચેતન કેટલા કાળથી છે? એ પ્રશ્નજ નથી. તેણે અદ્યાપિ શું શું કર્યું ને ભોગવ્યું તે તે **પ્રભુ તમામ** જાણે છે. તેનાં કેટલાં કેવાં કર્મ બાકી છે તે પણ જાણે છે. ત્યારે જ તે સર્વને **કર્મ**નાં ફળ ભોગવાવે છે. **અર્જુન**ને જ દ્રષ્ટાન્તથી કહ્યું—"ત્હારા બધા અવતાર હું જાણું છું" તેનાંજ શું કામ ? ચેતન માત્રનાં. ક્યાંથી ક્યાં સુધી ? કેટલાં કર્મનાં, કેટલી પ્રકારનાં ખાતાં, ને તેવાં કેટલાં? શું **માણસ** વિચારે !! તેજ વાત **शक्ति**ની. પ્રલયમાં મૂળ આકારથી માત્ર સંકલ્પથી આવડું મ્હોટું બ્રહ્માન્ડ રચ્યું "વગર હાથે પકડે ને વગર આંખે જુવે." બધાં ધારે ચલાવે ને તેમાં થાકે તો નહીં પણ મોજ મળે "**लीला कैवल्य**" એમ જે બ્રહ્માન્ડો બનાવતો "**क्रीडाते बालकस्येव**" ત્યારેજ શ્રુતિએ—

"**परास्य शक्तिर्विविधैव श्रूयते । स्वाभाविकी ज्ञानबल क्रिया च**" ॥

આ પર શક્તિઓ તેતો તેની સ્વભાવ સિદ્ધ જેમ "**पावकस्य यथोष्णता**." જેમ અગ્નિમાં ઉષ્ણતા, તેમ અનંતની અનંતજ. **गुण**—એક આનન્દ ગુણની સો સો ગણી ગણના કરતાં શ્રુતિ થાકી ગઇ. તેવા કેટલા ગુણ ? પ્રત્યેક ગુણ અનંત ને તે ગુણ સમૂહે અસંખ્ય પાછા

वीर्य ' विनाहेयैं " अपहत पाप्मा " પ્રાકૃત ગુણથી દૂર તેના તો નિવારક માયીક ઉપાધિક નહીં. **समस्त कल्याण गुणात्मको सौ** સમસ્ત કલ્યાણ ગુણ ગણનાજ નિધી. કેટલા તે શું કહે? સ્વરૂપ રૂપ શક્તિ તો સૌના સદ્ય અનુભવમાં ન આવે પણ ગુણ—ઉપકારનો લાભ તો સૌ લઇજ રહ્યા છે. કેટલા જીવો કયાં કયાં ને કયારથી ને કયાં સુધી લેશે ! છતાં તેનો પાર આવશે શું ? ત્યારેજ જૂદી જૂદી રીતે કવિઓ કહે છે—

> **असितगिरि समंस्यात् कज्जलं सिंधुपात्रे ।**
> **सुर तरुवर शाखा लेखिनी पत्र मूर्वी ॥**
> **लिखति यदि ग्रहित्वा शारदा सर्वकाले ।**
> **तदपि तवगुणानामीश पारं नयाति ॥**

નીલગીરી સમાન કાજળ, સિંધુપાત્રમાં નાંખી શાહી બનાવીએ, એ સમુદ્રને કાળો કરી ખડીયો ગણીએ. કલ્પતરૂની શાખાની કલમ કે જે જ્યાં સુધી ચાહીએ ત્યાં સુધી ટકે ને તેથી પૃથ્વી રૂપી કાગળ ઉપર **શા**રદા સર્વ કાળ તે કલમ પકડી લખ્યાં કરે પણ હે ઇશ ! ત્હારા ગુણનો પાર ન આવે—બીજા હિંદુસ્તાની કવિ કહે છે—

છપય—"ચતુરાનન સમ બુદ્ધિ, વિદિત જો હોય કોટી ધર;
એક એક ધર પ્રતિ- શીશ જો હોય કોટી વર,
શીશ શીશ પ્રતિ વદન, કોટી કિરતાર બનાવે;
એક એક મુખમાંહી, રસના ધીર કોટી લગાવે;
રસન રસન પ્રતિ શારદા, કોટી બૈઠ બાની કહી,
મહીજન અનાથ કે નાથકી મહીમા તઉહુન કહ સકહી "

તે કયાંથી કેટલાનું કેટલે પ્રકારે શ્રેય કરે છે ! તે કાળની, કે જેટલાનું કરે છે તે ચેતનની સંખ્યાનોજ પાર નથી પછી તે પ્રત્યેક ઉપર થતાં ઉપકારનો તે પાર કયાંથી કોઈ પામી શકે ? ને **આખ્યાન**માં મુખ્ય મુદ્દો પણ એ છે કે—" **કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય**" એટલે ગુણની પરાકાષ્ટા, છોટાઇ, સાદાઇ, સુશિલતા વત્સલતા, સમાનતામાં છે. કરોડો રૂપિઆ હોઇ હજારોનું દાન કરે તે ઠીક છે. પણ કીરિટધારી ગરીબ—રાંકની જાતે સંભાળ લે એ વિશેપતા; એવાં રંકને હાથે ખવાડે, વા પાટા પીડ કરે, બલકે તેને વશ થઇ તેનું કહ્યું પણ કરે, તે તેના પ્રેમની કદર પોતાની સત્તાથી નહીં પણ પોતાના શરીરથી—જાતિ કૃતિથી કરે એ અતિ આશ્ચર્ય ! ને એવું કે, **મનુષ્ય શું દેવ બ્રહ્મા**થી બુદ્ધિમાં પણ ન ઉતરે; તે તેમને પણ મોહ થઈ જાય છે. ને આખર એજ ઠરે છે કે—

" મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે, અનુ વળે તેનો ઢ્હાડો જે એને જ ગિત મ્હાય " કેવા દરિદ્રીઓ કહેશે—રાજા જમાડવા ચ્હાય તેને રાજા શું કામ જાતે રાંધી ખવાડે ! ખાવાનું મોકલી દે; વા કોઇ રસોઇઓ આવે ! પણ અહીં ભાવિક તે વૈભવના ભાવિક ભક્તોની વાત નથી, પણ જાતના ભાવિક—પરમાત્માના પોતાના; પોતાનાજ પ્રેમી—ભોગીની વાત છે. તે અનુભવ પોતા વિના બીજા દ્વારા શી રીતે મળે ? **પતિવ્રતા** પતિસુખ—સેવ માગતી હોય, **માતા** પોતાનોજ પુત્ર માગતી હોય તેને બીજા પુરૂષ, બાળ, **રાજા** કે **રાજ**-કુમાર હોય તોપણ શું કામના ? " નીરથી પીડાતી મીન ક્ષીરથી ન ઉગરે " તેમ **પ્રભુ** માટેજ

ઝંખતાં ને પ્રભુના ભાવથી કોટી બ્રહ્માન્ડધિપતિ સ્વતઃ પૂર્ણ છતાં તેમના ભાવની કદર તેમના સમાન ભાવથીજ કરે છે. એજ કહેવાતું રહસ્ય છે કે—**કેવા મોટા જગરાય** " વધું ઊંડી દ્રષ્ટીથી જોઇએ તો **શ્રીમ**તો પોતાના ભકતોનાં કાર્ય માટે પોતે શ્રમ ન લે, ક્રીયા ન કરે, તો પણ તે થઇ શકે છે. પણ પરમાત્માની ક્રીયા, સહાય વિનાતો જગતમાં એટલી કાંઈ બનીજ શકતું નથી. " **मत्तः सर्वंप्रवर्तते । यतः ईमानिभूतानिजायंते जीवंति** " એમ **ગી**તાજીમાં કહે છે. " મ્હારાથી બધું પ્રવર્તે છે. ને શ્રુતિ કહે છે—" એનાથીજ ઉપજે ને જીવે છે " ચાલે છે એટલે તેને જાતે શ્રમ તો છેજ પણ તે શ્રમ મોજરૂપ છે—ભોગરૂપ છે, લીલા છે, અભિમત છે. ફરી થાક લાગે એવો નથી. પણ સ્હેલનો શ્રમ, ભૂખ્યાને ભોજનનો શ્રમ તેવો પણ છે. એટલે કરવામાં મદદતો—કૃતિને ફળ ઉભયમાં—સર્વ માટે તેનીજ છે. તેમાં વિશેષતા આ છે કે જો ચેતન ચાહે કે મ્હારૂં તો આપજ કરો તો તે બીજા દ્વારા નહીં પણ પોતેજ કરી આપે છે. ચાહે આ લૌકિક હો ચાહે પાર લૌકિક હો " **चतुर्विधाभजंते** " કહીને આર્ત—અર્થીને પણ ભક્તમાં ગણાવ્યા, ને તેમને **उदारा सर्वएवैते** એમ તેમને સ્હામા ઉદાર કહ્યા છે. ત્યારેજ કહેવું પડે છે કે " **કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય.** "

બેશક એવોજ અનુભવ સર્વને છે. સર્વને નથી એટલે—" **समोहं सर्वं भूतेषु नमे द्वेष्योऽस्ति न प्रियः** " હું સહુને સમ છું મ્હારે કોઈ અલખામણોએ નથી ને વ્હાલોએ નથી. " જેવું ચાહે તેવું કર્મ કરાવું ને તેનું જેવું ઘટે તેવું ફળ ભોગવાવું. એવો ન્યાયનો હિસાબ સમજાવી પછી દયાનો. સ્વસ્વભાવના પ્રભાવને સમજાવે છે કે—

ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् " જે જેમ ભજે તેને તેમજ અનુભવ—એટલે તેની ઇચ્છાને અનુગુણજ ભજે છે. તપ કરીને પુત્ર થાઓ એમ માગ્યું. ને તે પુત્ર થાઓ તે ગ્વાલ અથવા ક્ષત્રી જેવીજ ચેષ્ટાએ કરો. ઢોર ચારો ને ઢેબરૂં ખાઓ એમ માગ્યું તો તે પણ કબૂલ કરે, ને તે એવું કે જેવું સંસારી પુત્રોથી પણ ન બને.

દશરથના પુત્ર તો થયા પણ તેની સ્ત્રી કૈકયીએ—

"વનમાં કહાડ્યા, પિતુને પાડ્યા, કૈકયી ગણી પ્રિય માઇરે" પ્રભુ ત્હારી ભાળી ભારે ભલાઇ."

ત્યાં જોવાનું છે ! **ભ**રતનેજ રાજ્ય સોંપી ઓર સખ્ત આજ્ઞા કરી કે " ખબરદાર ! કૈકયીને ન દુભવીશ. " **ભૃગુ**એ છાતીમાં લાત લગાવી, તેજ ચરણ ચાંપ્યું ધાઇરે " પ્રભુ ત્હારી ભાળી ભારે ભલાઇ "

શ્રીમત્ ભાગવતમાં વચન છે " **वैरेण** " ઇત્યાદિ કંસ **શિશુ**પાળ આદિએ વૈરભાવથી પણ સંબંધ બાંધ્યો, ને તેનાપર " **क्रोधोपिदेवस्य वरेणतुल्यः** ક્રોધ કર્યો તોપણ વર સમ થયો. તેમનું પરમ શ્રેય ઠર્યું. પછી ભજતાં ને ભજે, ને પુત્ર ગણે તેને માતાજ સમજે એમાં શું વિશેષ ? એટલે અંત વિશેષ એજ કે " **કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય** " ઘણુંજ પ્રબળ ને પ્રમાણિક, સર્વને વિદિત અને અનુભવમાં આવેલ, એવું દ્રષ્ટાન્ત **શ્રી**યામુનાચાર્ય સ્વામી દે છે કે—

ना वेक्ष्यसे यदिततो भुवनान्यमूनि । नालंप्रभो भवितु मेवकुतःप्रवृत्तिः ॥
एवं निसर्ग सुहृदित्वयि सर्वजन्तोः । स्वामिन्न चित्रमिदमाश्रितवत्सलत्वम् ॥

" ન જોયું હોત તો આ ભૂવનો પુરાં ન થાત ત્યાં તેમની પ્રવૃત્તિ તો ક્યાંથી ! એવા સર્વ જંતુના સ્વાભાવિક સુહૃદ હે સ્વામી ! આપમાં આ આશ્રિત વત્સલતાએ વિસ્મિત નથી "

માંહે રહસ્ય એ છે કે, જ્યારે પ્રલય હતો ત્યારે તમામ જંતુ હાથ પગ શું ? ઇન્દ્રિય દેહ વિનાના, આકાશ પૃથ્વી વિના મૂળ પ્રકૃતિમાં પડયાં હતાં તે કોઇ " અમને કલેવર આપો, અમારે માટે રહેવા ખાવા પીવા જીવવાની સગવડ કરી દ્યો " એમ કહેવાને યોગ્ય નહોતાં. કારણ તે શુષુપ્તિ પણ ગાઢ ભોગવતાં, જ્ઞાનભાનહીન સર્વ એકસરખાં જડ જેવાં થઇ પડયાં હતાં. તેમની તમામનીજ દયા લાવી તેમના નિઃસ્વાર્થ હિતેષી હરી આવું બ્રહ્માન્દ ચૌદલોક, દેવનર તીર્યક આદિ વિવિધ દેહો, તેમના ઉચિત ભોગો ને ભોગનાં સ્થાનો, આદી બનાવ્યાં આ ભૂવનો તૈયાર થઈ ભરાયાં. તેવું મ્હોટું સુહૃદપણું વગર કહે કર્યું. તો પછી જે આપને કહે; આપનાંજ થઇને રહે, તેના ઉપર આ વત્સલતા દરસાવો એમા શું આશ્ચર્ય !

તે અશ્રિતના દોષજ હરીને સુહૃદનું જ કાર્ય કરી, તે નથી અટકતા પણ છોકરાને રમાડવા માબાપ જેમ બાળચેષ્ટા કરે તેવી ચેષ્ટાઓ પણ આપ કરો છો, ને તેમાં પાછા તે બાળકને પરવશે ઠરો છો ત્યારેજ કહેવું બરાબર બંધ બેસે છે કે—

" કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય "

શ્રીકૃષ્ણાવતાર થવા માટે પૃથ્વીની બુમ દેવ પાસે, ઇન્દ્રપાસે, તે બધાની બ્રહ્મા પાસે, તે સર્વને લઇ બ્રહ્મા ક્ષીરસાગર તીરે ગયા પણ ત્યાં ક્યાં પત્તો ! ! તેવા કોટી બ્રહ્માના સ્વામી ને સ્વતંત્ર ! ! છેવટ બ્રહ્માએ થાકીને સમાધી ચઢાવી ત્યારે પણ દર્શન તો નજ થયાં. બ્રહ્માન્ડની અંદર શ્વેત દ્વીપ છતાં દેખાયાજ નહીં. ત્યાં પ્રભુ રૂબરૂ મળવા તો કયાં ! માત્ર શબ્દ સંભળાયો. તે પણ એકલા બ્રહ્માનેજ, અને તે વળી સમાધી દશામાં અને તે પ્રાહ્ણે **गगने समीरीत**: ગગનમાં શબ્દ થતો એવો કોનો ? આટલા બધા—બ્રહ્માદિપરમ—**योगीभिर्ध्यानगम्यस्** પણ ન થયા ને " **सर्व लौकिकनाथ** " તો તે કેવા મોટા ! નિરંકુશ સર્વેશ્વર " તેજ પાછા—જ્યારે પૃથ્વીપર આવ્યા ત્યારે, એક રાજા પણ નહીં એવા ક્ષત્રીના પુત્ર થઇને—ને તેથી પણ આગળ વધી એક 'નેસડા' જેવા "ગોકુળ" માં ગોવાલણીના ઘરમાં તેના પુત્ર કહેવાયા, એટલુંજ નહિ પણ તેનાં દહી માંખણે ખાવા લાગ્યા, તે માગીને નાચીને તો ઠીક, પણ ચોરીને ! પણ તે વેળા વળી જેનું આ સકળ બ્રહ્માન્ડ છે તેને માંખણના પીંડા માટે ચોર સમજી તે માટે માતાએ શિક્ષા દેવા ચાહી તો તે વાત પણ સ્વીકારીને માતાનું મન રાખ્યું જે માટે અમે ગાયું છે કે—

પદ. રાગ ખમાચ.

દામણેજ જગતપતિ બંધાય, જેની કરોડમી શક્તિમાં ફસેલ છે જીવ સમુદાય.
સુર મુનિ ધ્યાને નવ આવે તે, જસોદાના કરમાં સપડાય. દામણેજ.
સ્વતંત્ર શ્રીવર જોઈ ભક્ત વશ, ભકતો અતિ પ્રસન્ન થાય. "
શ્રમ કે સંકટ કશું ન એને, સ્વજન રીઝવવા માત્ર ચ્હાય. "
ભક્તાધિનની છાપ રાખવા, દામોદર પોતે ગવાય. "

ને ત્યારેજ કહી શકાય. સિદ્ધ થાય છે કે—" **કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય** "

" **મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે, અનુ વળે તેનો દહાડો જે એનેજ ચિત્ત મ્હાય** " શું **નં**દરાયનો પ્રેમ ? શું **ય**શોદાજીનો ભાવ ! એક સંવાદ અહીંજ મુકીએ. જ્યારે **નં**દરાયજીએ સાંભળ્યું જાણ્યું, **ય**મલાર્જુનના પડવાથી જોયું કે **રા**ણીએ બાળને-લાલને-કુમારને—સુકુમારને બાંધ્યો તેમાંથી વિપરિત વિપત્તિ આવી પડી ત્યારે તેમણે કહ્યું.—

ધનાશ્રી.

યશોદા ન કરશો કદીએ આવું. ટેક.
રાંકનું રત્ન યત્નથી રાખો, સમજુને શું સમજાવું. યશોદા.
ભુખ્યાને મૂકયો અધ ભુખ્યો, ભલું તમારૂં સ્તન પાવું. "
મેળે માંખણ ખાતાં વઢવું, પડાવવા પુંઠે ધાવું. "
શું બાળકને આવું બંધન, બાંધીને વિસરી જાવું. "
કીધું ઘરમાં, જણાવ્યું જગને, રહ્યું લોક માંહી ગવાવું. "
અનુપતિ નહિ જાળવી જાણો, તો પુંઠે પડશે પસ્તાવું. "

યશોદાજીનો ઉત્તર પણ તેવોજ—રાગ એજ.

પતિ ભૂલ થઈ મ્હારી ભારી. ટેક.
માગી સેવ મુકાવી દોડી, પુતથી દૂધ વધુ ધારી. પતિ.
શિક્ષાથી એ અવળું સમજી, કામે ક્રોધ થયો જારી. "
પોતાથી પકડાયા તોપણ, મતિ ગઇ મ્હારી મારી. "
બંધાતાં પણ બોધ દીધાને, ભૂલી બાંધ્યા ન વિચારી. "
ન છોડવું સંભાર્યું ત્યારે, કળા કરી કેવા ન્યારી. "
એમ છતાં **અનુ**પતિ છે આધિન, એ જાણી ગઇ બલિહારી."

ને એજ કહેવું ઠર્યું કે—"**કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય.**"

જે સૃષ્ટિ પૂર્વે પણ સુલક્ષ્ તે પછી શું બદલાય ! સદા એકરૂપ, તેમ એક સરખા સ્વભાવ વાળા છે. કારણ "**स्वाभाविकी ज्ञान बल क्रियाच** " આદિ શ્રુતિ સિદ્ધ સર્વેશ્વરની પર ઉત્કૃષ્ટ શક્તિ ગુણ સ્વાભાવિક છે. સમસ્ત કલ્યાણ ગુણાત્મકજ એટલે સાકરની બનાવટજ મીષ્ટ રસથી, તેને જે અનુભવે—જ્યારે જ્યાં અનુભવે ત્યારે તેવીજ લાગે તેમ બીજા અવતારો જેમાં જગત્ પ્રસિદ્ધ **ગં**ગાના ઉત્પાદક **શ્રી**વામન અવતારમાં નથી જોયું શુ કે ! "**કેવા મોટાજગરાય કેવા છોટા થઇ જાય.**"

મ્હોટા તે એવડા કે ચરણ સત્યલોકમાં પહોંચ્યો તેના નખમણિથી ત્યાંનું તેજ ઝાંખું થયું ને **બ્રહ્મા**એ પોતાના તિર્થ પુરિત કમંડલથી તેનું પુજન કર્યું. ને પાદોદક તેજ **અખિલ જગપાવની માતગંગે** છે એવા મ્હોટા જગરાય તે સુર માટે તો ભિક્ષુક–બટુક થયા, પણ અસુરના પણ દ્વારપાળ થતાં આવું ઉચર્યા કે.—

" **બ**લી રાજા મમ પ્રિય મહા દુ:ખમાં જરીએ નવ ધભરાયો રે,
" બધું ગયું બંધાયો તો પણ મનેજ મનથી મ્હાયો રે.

ત્યારેજ અમે "સ્વજનને રે " એ પદ રાખ્યું છે. તેમની આ એક નિશાની છે.

" હદ આવી રહી એના દુ:ખની, હવે સદા સુખ થાશે રે,
" આમન્વંતર પૂર્ણ થતાં, એ ઇન્દ્રરાય કહેવાશે રે.

" ત્યાં સુધી પાતાળે રહેશે. ભોગવશે બહુ ભોગ રે.
" કદી કોઇ રીતે ફરી દુઃખનો થશે નહિં સંભોગ રે.
હું શું જીતું મુજને જીત્યો હવે ન કોઇથી હારે રે,
માટે એને દ્વારવશીને નિતરક્ષણુ કરવું મ્હારે રે. " ખાસ વચન"

रक्षिष्ये सर्व तो हंत्वां सानुगं सपरि च्छदम् ।
सदा संनिहितं वीर तत्रमां द्रक्ष्यसे भवान् ॥ भागवत.

" રક્ષણુ કરીશ તે સર્વ પ્રકારે—હું પોતેજ ને તે ત્હારૂંજ નહિં પણુ ત્હારાં ને ત્હારા વૈભવનું પણુ, તદુપરાંત જ્યાં સમર્યો કે હાજર એમ સદા પ્રત્યક્ષ રહીશ ! "

એક અસુરને માટે પણુ જે બ્રહ્માદિ મંડળને પણુ દુર્લભ, તે આવા પરવશ થઈ રહ્યા ! પછી કહ્યાવિના કેમ ચાલે કે **" કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય. "**

દેવતાઓ તેમને અમારાજ કહે તેથી શું એકવાર સ્વર્ગ પામ્યા તેજ પણુ તેમનો શત્રૂતો તેમનાથી પણુ સમર્થ, ને મહા ભાગ્યશાળી થઇ ગયો ત્યારેજ ગાયું કે—**" મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે, અનુ વળે એનો દહાડો જે એનેજ ચિત્તમ્હાય "**

દેવ અસુરમાં અવતારનો જે પ્રકાર સ્વભાવનો બતાવ્યો તેજ મનુષ્યમાં પણુ ને તે **શ્રી** રામાવતારમાં જોયું છે. **શબરીને** માટે મહારાજ **રઘુવીરસિંહજીના** શબ્દમાં—

પથિકનસેં પૂછત સપ્રેમ પ્રભુ પેખી પેખી;
શબરી હમારી પ્યારી બસેં કેહી ઠૌર હૈ,
કો ન વાકો ગામ ઇહાં, કૌન વાકો નામ કહૈ;
કૌ ન વાકો ધામ જાસેં, કામ ઇક મો રહૈ.
કો ન ધરી ઐ હું જામે નયન નિહારી હોં મૈ,
ખૈ હો ફલ સ્વાદ સુધા સરિસ રસ થોર હૈ.
રઘુરાજ જે દિન બિલોકી ના બિલોચનસોં.
બીતત પલક સમ કલપ કરોર હૈ. —એટલા બધા આતુર.

જણુાયા તે કોણુ હતા ! તેની ઓળખ કરાવે છે એવા છોટા તે કેવા મોટા !

ज्ञान औ विराग योग साधन सुखाने तनु,
मुनीजन खोजे जाको धारी श्वेत कबरीः
शंभूओ स्वयंभूजुको मनको निवासी सदा,
दासी भई सिंधुजा बढाई प्रित जबरी.
जाको नाम लेत लगे लवारी नाहि लालचकी:
लूटी जात पाप लाद लोप होत लबरी.
सोई रघुराज रघुराज पंपा काननमें;
पूछत फीरत कहां शबरी शबरी,

માટે ગાયું. **" કેવા મોટા જગરાય "**

તે માત્ર પછવાડે નહીં, ઈશ્વર તેણીને સંપૂર્ણ સંતોષ બતાવવા જે વખતે તેનાં વીણેલ પસંદ કરેલ બોર શ્રી લક્ષ્મણ કુમારની સાથે આરોગતા હતા ત્યારે મનુષ્ય અવતાર ધરીને જે જે ખાવામાં—ભોગમાં શ્રેષ્ટ લાગ્યું તે ક્રમે ગણાવતા થકા તેજ કવિરાજ કહે છે—

सवैयो.

बारहिबार भने कसनी ! जननी पयपान जो मोहि करायो,
त्रैशतसाठ सुपान सुभोजन भाति अनेक नीरोज खवायो;
मंदिरमें मिथिलेश जुके रघुराज सु व्यंजन आनन आयो;
(આ પ્રમાણે પોતાની જનેતાને સાસુનો જે પ્રેમ જોયેલ તેને સંભારી ત્રીજી માટે કહે છે.)
पायोनहिं असस्वाद कहुं जसमें शबरी बदरी महिं पायो.

પછી એથી વધારે શું કહે ! ને અમે પણ શું કહીએ એજ " **કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય** " મનુષ્યોમાં તો ભીલડી સૌથી નીચી, પણ તેથી પણ ઉતરતી, પશુયોનીમાં પણ જટાયુમહારાજ જે પોતાની પ્રિયા—જે વખતે (અનાથ જેવી જાનકી) રાવણ વશ પડી જતી જોઈ ત્યારે જેણે તેના રક્ષણ માટે પોતાનું જીવન ખપાવ્યું, અને રાવણને હાથે વિંધાઇ ફીદાઈ લોહીમાં લદ બદ ધુળમાં રગદોળાતા છેલ્લા શ્વાસ લેતા હતા, ત્યારે એજ ભક્તિસાગર કવિરાજ મહારાજ રિવાં—અધિપતિ કહે છે—

दीनमलीन सु अंगाविहीन विहंगम दखी महान दुःखारी,
राघवदीन दयावनके मन दखतहि करुना भयी भारी;
गीधकों गोदमें राखी रघुपति नेनसरोजनमें भरवारी,
बारहि बार सुधारत पांख जटायुकी धूरजटानसोंझारी.

ને તેવી કૃપા કરનાર તેજ હતા જેણે પોતાના વચન પ્રભાવે તેને તે યોનિમાંથી પરમ પદ આપ્યું. " **એવા મોટા જગરાય એવા છોટા થઈ જાય** " (એવા) સ્વજનને રે." **दुर्वासा चौद लोकमां** અંબરીષને સતાવતાં પુંઠે પડેલ ચક્રથી ભટકી, છેવટ **શ્રી** હરીને શરણે, ગયા તોપણ શ્રીમુખે એજ ઉચર્યા કે—

अहं भक्त पराधीनो ह्यस्वतंत्र इव द्विजः હું ભક્તને પરાધીન અસ્વતંત્ર જેવો છું. કારણ " **वशी कुर्वतिमां भक्त्या सत्स्त्रियः सत्पतिंयथा** " જેમ સતિપતિને વશ કરે તેમ મને વશ કરે છે. અર્થાત્ ભાવે વશ થાય છે. તે આ કાળમાં, આ દેશમાં અર્ચા વેશમાં, પણ તેમજ થાય છે તે માટે પ્રત્યક્ષ પ્રમાણ " **भक्त क्रीतो जनार्दन** " છે. તે માટેજ જુવો.

શ્રી બોડાણાનું આખ્યાન ને કહો એજ પદ.

" કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય" સ્વજનનેરે. "
મ્હારા કહે શું વળે, સાચોભાવ ફળે, અનુભવે તેના
હાડો જે એનેજ ચિત્ત મ્હાય.

श्री बोडाणानुं आख्यान.

પદ.

કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય. સ્વજનને રે. ટેક.
મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે;
અનુ વળે તેનો દહાડો જે એનેજ ચિત્તમ્હાય.

દીંડી.

વિજયસિંહ ક્ષત્રીજાતિ ગુજરાતી, ભક્તિ ઉરમાં સ્વાભાવિક **ઉભરાતી;**
બોડાણા નામે ચાલી રહી ખ્યાતી, રિઝ્યા રાજા **રણછોડજી** મુજરાથી.
દ્વારકાં વિચરે ડાકોરથી **ચાલી**, વાવે કરમાં **તુલસીજી** એ **સુચાલી;**
પ્રભુને ધરતા પદ્દે પુણ્ય**શાળી,** કૃતિ એજ હરી અતિસે **યશાળી.**

નિમિત્તતો પ્રભુ માગે છે, પણ ક્યાં તેની પ્રભુતા ને ક્યાં તુલસીનું પત્તું ! ક્યાં વિચિત્ર મનોહારી દીવ્ય પ્રભા સુગંધ લાવણ્યમયરૂપ ને ક્યહાં સેવા લેવા ઠરેલ એજ વિષ્ણુ સ્વયંભૂ શાલીગ્રામ ! સાર એજ " **સ્વજનનેરે; કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય** "

બેશક એવો છેક રહેલો નથી. પણ સતયુગમાં હજારો ને બીજા યુગોમાં સેંકડો વર્ષના સેવને જે સાધ્ય થતા તે કલીમાં પ્રમાણમાં ઘણાજ થોડા વર્ષમાં દસકાના હિસાબે—

કાફી.

વર્ષ વિત્યાં સીત્તેર; બોડાણાજીને દ્વારકાંધીશ સેવતાં;

(તેમને તો ફળ મળી ચૂક્યું છે, આંખ ઉઘડી છે, મને માણવા માંડ્યા છે. **બ્રહ્માનંદ** લાધ્યો છે. તેજ ભોગવે છે. ને ત્યારેજ પ્રતિસાલ અહાવડી મ્હોટી મુસાફરી આટલી **કષ્ટી સાથે કરે છે.** પણ છેવટ તન હાર્યું. કાળે તેહેનાપર અસર કરી.)

" **શિથિલ થયું** તન એનું એ મન, ભાવમાં ન પડ્યો ફેર; (કષ્ટમાં પરિક્ષા)
" વય વિતે તેમ વ્હાલ વધે છે, ગમે ન રહેવું ઘેર. બોડાણાજીને—

(પ્રાકૃત સુખ ભોગવતાં થાકી જવાય, એનો એથી કંટાળો ઉપજે ત્યારે દીવ્યની **એજ વિશેષતા છે કે** તેની તૃપ્તીજ ન થાય. વ્હાલ વધે કારણ આનંદ વધે) પણ તે ક્યાં? **તે મનમાંજ અંતર્યામીને** નહોતા ઉપાસતા, તેહેમના **ઇષ્ટ દ્વારકામાં** બીરાજતા **ઘનશ્યામ સુંદર હતા.** તેમને **બ્રહ્માનુભવ** તેમાં થયો હતો. ને તે હવે સેવવા વર્ષે દહાડે એકવાર પણ કઠણ **થયા** ને "સ્તનંધય શિશુને માતા પેંઠ એમને જગતમાં જીવન એજ મંગળ મૂર્તિ હતી. તેથી તેને પ્રાણ પાડતાં પણ પહોંચીને સેવવી એમ આગ્રહથી હવે તો ઢસડ્યા કરતા હતા. કારણ—

" તને **અશક્ત, અશક્ત** ઘને છે, જને ધરે કોણ મ્હેર;
" **પણ હરીજને** હામ ન હારી, પહોંચ્યા રૂડી પેર. બોડાણાજીને.

આટલો વખત **બોડાણાના** મનનોજ મનસુબારૂપ અનુભવ હતો, નિરખતાં આનંદ

સર્વેશ્વરજ એવો ભાવ. તેથી અતિ વિનય પૂર્વક વર્તન. પણ એથી વિશેષ કાંઇ **શ્રી હરી** તરફથી ખાસ નહોતું તેની તરફથી તેના પુરતું, પ્રભુ તરફથી બસ હતું. તોપણ હવે તેને " પેનશન " જાગીર " આપવા લાયક નોકરી **શ્રી**પતિને જણાઈ, તે ગણે એજ ખરી. અ-મારી ઉતાવળ કે મનસુબા માત્ર શું કામ લાગે ! તેનું સાધારણ ભકતો કરતાં તો દરેક કૃત્ય વિશેષજ હતું. ભાવ પ્રાધાન્ય હતો તેતો જણાઈ જ આવતું હતું. તેમ આ પ્રસંગે પણ—

રાગ કલ્યાણ. " રીઝોને વિશ્વનાથ " એ ઢાળ.

રાજા શ્રી રણછોડ, બોડાણા પર લોભાણા; એ રાજા શ્રી રણછોડ;
મંદિરની આગળ લેટ્યો, ભાવે ભક્ત પદે ભેટ્યો;
ધરી તુલસી મંજરી ભેટો, નિરખ્યા હા ! ચિત્ત ચોર. એ રાજા શ્રી રણછોડ.
ત્યાં વદ્યા શ્રી હરી એવું, પ્રિય ભક્ત સાંભળે તેવું;
લાગ્યું હશે મોઠું કેવું ! એ વાતજ છે કંઈ ઓર. એ રાજા.
તે સેવામાં વય ગાળી, હવે નથી સકાતું ચાલી;
દઊ કષ્ટી તારી ટાળી, હું આવી રહું ડાકોર. એ રાજા.

(ભકતો ભગવાનને કદી શ્રમ આપવા નથી ચાહતા ત્યારેજ ભગવાને ભકતોને શ્રમજ ન પડે એવી ગોઠવણ પોતેજ કરી દે છે. સ્વામી સેવકની એજ ખુબી છે.)

" **तेषां नित्याभियुक्तानां योग क्षेमं वहाम्यहं** " તે નિત્ય 'અભિયુક્ત' તે શ્રીહરી-માંજ ધનસામનની, સ્ત્રી સંતાનની તેવડ નહીં, શ્રીહરીનુંજ સુખ મળ્યાં કરે એવું ઇચ્છિના-રાઓમાં આ અસાધારણ ભક્ત અમુક દિવસના સુખ માટે આટલે દૂર આટલા વર્ષથી આ વેજ ગયો તેથી હવે તેનો ' ભાર પોતે ઉપાડ્યો તેનો પોતાનો યોગ ' થાય હાલ વર્ષોથી વખતો વખત વિયોગ થયાં કરે છે તે મટે, ને પછી તેનું ક્ષેમ બન્યું રહેવું થાય તેની તજવીજનો મુસદ્દો પોતેજ ઘડી ભકતને બતાવ્યો. પ્રભુ કરી આપે છે તે આપવાનું. તેમાં પણ ચેતનને (અમારે) કરવાનું કંઇ હોય છે. અમારા ગજા પુરતું પણ દેવ ગાડીવાનની વાત પેઠે કરવું પડેજ. અહીં તો જેના દેવજ ગાડીવાન થવાના છે, અથવા જે દેવનો ગાડી-વાન થવાનો છે તેને પ્રભુ પ્રેરણા નહીં પણ પ્રત્યક્ષ કહે છે. કારણ તે **શ્રી** રણછોડરાય પ્રભુ-જ છે. એમ માને છે તો તેજ તેને તેવો લ્હાવ દે છે. તેવો પ્રભાવ મૂર્તિરૂપમાંથીજ દાખવે છે.

" જા હાલજ તું તુજ ગામે, લઈ આવ વેલ આ ઠામે;
" હું આવીશ ત્હારે ધામે પુરા પુરીશ સહુ કોડ. એ રાજા શ્રી.

વિધી કહી. છેક કરામાત નહિં, થોડું માણસ જેવું કૃત્ય ને પછી બીજું દેવકૃત્ય મુખ્ય તે જ " કેરી વાવેલ " અમારે, પછીતો તેને વૃક્ષરૂપમાં લાવી તેમાંથી હજારો કેરીયો પ્રતિ સાલ કાઢવી એ પરમેશ્વરનુંજ કૃત્ય છે. પણ અપ્રત્યક્ષ ભક્તનો ભાવ વધારવા, અહીં પ્રકટ અનુભવ આપવો છે ત્યારેજ " કોઈ દેવ છે, તે મૂર્તિરૂપ પણ પોતેજ ધરે છે, છતાં તેનો પ્રભાવ ને સ્વભાવ તેવાંજ રહે છે " એમજ ગતને જાહેર કરવાને જાહેર રાખવા બધા દેશમાં એહાવા પરચા–એહાવાં પાત્રો દ્વારા કરાવ્યા ને કરાવે જાય છે. જગતનાં જનને તારવામાં મહા ચતુર હરી ન્યાય સાથે દયાને પણ દરસાવે શું વરસાવે જાય છે. " વિધિ તેને કહી હવે નિષેધ " જાળવવાનું તે એટલુંજ કે (આ " દેવ રહસ્ય છે ")

ગુગલીયો છે તોફાની, આ વાત રાખજે છાની;
" ચિન્તા તારે છે શાની ? હું પાડીશ સૌનો તોડરે. રાજાશ્રી.

પ્રભુ પોતાનું કૃત્ય તો બરાબર પાર પાડેજ તે " સત્ય કામ " સત્ય સંકલ્પ છે. પણ ભક્તો તો પોતાને સદા અકિંચન સમજે છે ને **બોડાણાજી** તો વાસ્તવિક લૈકિક દ્રષ્ટીથી પણ તેવાજ છે. તે તુરત બોલી ઉઠ્યા–મૂરતિ કેમ બોલી ? એ અમને નવાઈ લાગે છે. તેને તો ન બોલે તે નવાઇ હતી. કારણ પૂર્ણરૂપ પ્રભુજ તેને મન તે છે. તેને માટે તેવા દરેજ. દર્યાજ તેણે પણ ગણ્યાજ તેથી સદ્ય ઉત્તર દીધો તે પણ પોતાના ગામડીયા જ્ઞાનથી—ભોળાનો **ભગવાન** તે હાલ છે—ત્યારેજ બાળ સાથે બાળને તેવાજ ખ્યાલ કરે, તેને લઇનેજ કહેવાય છે " કેવા મોટા જગ "

પદ. રાગ સોરઠ " રામ ને લક્ષમણે " એ રાગ.

બોલ્યા બોડાણા બાપજી બ્હેલ હું ક્યાંથી લાવું રે;
ક્યાંથી લાવું રે બેલ કોના જોડાવું રે. બોલ્યા બોડાણા.

(કાંઇ આગગાડી કે મોટરકાર ! છે કે વગર બેલે ચાલે ! એટલે માત્ર બ્હેલે સરે તેમ નથી. પ્રભુ જાણતા હશે કે હું ખેડુત છઊં, ખેતી કરૂં છઊં તે ગાડું સારૂં હશે એમ કલ્પી તે બોલ્યા !)

શાની ખેતી, છે તે ફજેતી ! રેતીમાં નાવડું તમથી ચલાવું રે. બોલ્યા.
બળ નથી તનમાં, છળ નથી મનમાં, કળથી હરણે હુંથી નથી થાવું રે. "
સફળ ન થાઊં, માર્યો જાઊં, એવું ધીંગાણું ધણી કાં ઉઠાવું રે. "
આપમાં રહે મન, એ સારૂ સહે તન, ક્યાં સુધી રહેશે હવે જીવન અહાવુંરે. "

ભક્તને બહુ ગરજ ન જણાઇ પણ ગુજરાતપર કૃપા કરવા જગત નાથને જરૂરત હતી તે તો માત્ર " **निमित्त मात्रं भव सव्य साची** " એમ કરવું હતું પણ જેમ તે આરંભમાં અટકી બેઠો ને **ભ**ગવાનનું સારથીપણું નિરર્થક થવાનો ડોળ કર્યો, તેવોજ દાઠ અહીં પણ આવ્યો ! પણ તેમાં પણ જોવાનું એજ કે, જે અવતાર તેજ " અર્ચા " વધુ એટલું કે એ રૂપે **અર્જુન** જેવા નર' અવતારનો દીવ્ય રથ તેના સારથી હરી હાકવા સજ થયા. તેજ આ ગામડાના કંગાલ રજપૂત બેલગાડી હાંકવા સ્હામી માગણી મનોરથ કરે છે ! એ કેટલી મન મોટાઈ જણાવે છે ! ! ! તેવી મોટાઈ તેનામાં છે, એ અહાવા હજારો વર્ષ સુધી ગવાતી એવી યશસ્વી કીર્તિ—કીર્તન યોગ્ય ન કરે તો અમારૂં જીવન પણ શું ? અમે શાથી ઉરને દ્રઢ કરીએ કે આ અર્ચાએજ અમારે માટે બસ છે ! અમે તો આમાંથી એજ સાર પદે પદે દેખીએ છીએ કે—" કેવા મોટા જગરાય "

પદ. " ગમ ન પડે એ રાગ.

"વદ્યા નાથ મ્હારી માન્ય વાત, જાતું પ્રાતમાંજ ઉઠી ત્હારા ધામે, કહ્યું તે કર કામે. વદ્યા.
ગમે તેવી વેલ, ગમે તેવા બેલ; હું કરીશ સહેલ, ત્હારે હારવી ન હામે. વદ્યા.

પ્રભુ બળ પ્રત્યક્ષ જણાય એવોજ ચેતન પાસે ખેલ ખેલાવે છે. હવે તેને હિમ્મત આવી.

" **युध्यस्व विगत ज्वर " नाशुच्य** " કહીને કર્તવ્યમાં જોડવાથી શ્રી**અર્જુ**નને પણ **करिष्ये वचनं तव** કહીને કબુલ્યું તેને ધૃતરાષ્ટ્રના પુત્રો હતા. આ તે ગુગળીયો છે.

તોટક.

કરતા જવ શ્રીમન માગણી એ, શુચિ સેવ તદા મનમાં ગણીએ;
યદપી હતી બાબત આ કરી એ, તદપી ગણી ખાસજ ચાકરી એ.

(આ દેહ રૂપિ રથને ઇન્દ્રિય રૂપિ ઘોડામાં અમે બેઠા અમારૂં ગમે તેવું હાંકીયું પણ તે **ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुनतिष्ठति**" એમ ઉરમાં બેઠો થકો ચલાવી રહ્યો છે. તે ચલાવે ત્યાં સુધી વૈદ્યો ના પાડતા, જખ મારતા, રહે ને ચાલે, ને તે અટકાવે કે બગાસું પણ આવે કે એમને એમ દાક્તરો કહેશે "હાર્ટ" અટકી ગયું !!

ભુજંગી.

શુચી સંત ડાકોર ચાલ્યા **સવારે**, ગણે કો ન ઠાકોર પાળા **સવારે**;
હતા ખેડુના ખેડુ એ તો સ્વ**ધામે**, લઇ વેલ જાવા કરી ધૂમ**ધામે**.

પ્રભુ અનુકુળ છે તે પ્રયાસ પાર પડશે ને તે એવોજ કે જગત માને કે પ્રભુએજ પાર પાડયો !

સાખી.

પાડોશી પાસેથી પોતે વેલ વ્હાલથી માગી, છે છેલ્લો ફેરો જો ઘો તો ભાઇ બનું બડભાગી;
જ્યાંથી ત્યાંથી જોડ મેળવી જોડી જુગતે ગાડી, વેલ્ય બેલને હાંકનાર ત્રણે છેલી વય કહાડી.

સૌ પ્રભુ ધામ પહોંચવા લાયકજ છે ! તેમ અકિંચન છે. કોઇ મમકાર કરે વા અહંકાર ધરે એમ છેજ નહિં પ્રભુપર ભાર ધરવો જોઇએ તે છેજ.

ચોપાઇ.

કુશળે:પહોંચ્યા દ્વારા**મતી**, સાથે વેલ છે કિ**મતી**:
જે કામે હરિની સં**મતિ**, તેજ કામવાળો સન્**મતી**.
જોનારા મોહે છે એમ, ડાકોરથી પહોંચ્યાં આ કેમ !
છેડો શાનો સાચો પ્રેમ, તેથી રાખ્યું હરીએ ક્ષેમ.
પૂછ્યું કોઇએ આવ્યા ભલે, પણ શે પહોંચાશે નિજ સ્થળે·
ભક્તે ભાખ્યું ત્યારે સ્પષ્ટ, તેનું તો ત્રિવિક્રમને કષ્ટ.

(તેના કહેવા પ્રમાણે પોતાથી બનતું પોતાને મળતું રજુ કર્યું.)

હરિગીત છંદ.

જોઇને જનો હસતા જતા આ જોડ જોવા જોગ છે,
બેલો પુરાના પેંપુરાની ગાડીનો સંજોગ છે;
છે હાંકનાર પુરો પુરાનો એ ખરેખર યોગ્ય છે;
મહીં બેસશે સૌથી પુરાનો ક્યાંથી જાણે લોક એ ?

તોટક.

મળી મૂરખ ગુગળીઓ હસતા, શુચિ સંત સુણી તહીંથી ખસતા;
હસિ લ્યો પ્રભુ જ્યાં લગી છે વસતા, પડતાંજ પ્રભાત થશો સસતા.

કલ્યાણ ગજલ.

વ્હાલથી બોલ્યા હે વ્હાલા વેલડી તૈયાર છે;
કરો કરૂણા હે કૃપાળા, વેલડી તૈયાર છે. ટેક.
છોડી રાખી બ્હાર ગાડી આવ્યો બાર અગાડી હું;

આપ નિકળો બ્હાર કે ગણવા પછી પોબાર છે. વ્હાલથી.
ચઢે પુંઠે બ્હાર તો આપને કરવી બ્હાર છે;
દાસની નવ વાર છે પ્રભુને થવું અસવાર છે. વ્હાલથી.
આવું આપની હારમાં પણ હારશો માંહે હરી;
આપથી સૌ હારશે પ્રભુ બળતણી બલિહાર છે. ,,
આપનો આભાર છે ને આપપર આ ભાર છે;
ભાર શા છે અન્યના જય આપનો સંભારશે. ,,

(પ્રભુને કહેવું તે આપણું કામ, ને પછી કરવું તે તેની મરજીની વાત છે સૌની રૂબરૂ વિનવ્યા પણ તે વેળા તો સ્વામી કશું જ ન બોલ્યા.)

ગરબી. "તુજ કારણુ" એ રાગ.

એવું ઉચરી, બોડાણારે, સૂતા નિજ સ્થાન જઇ;
વાત કપરી, એ શાણા રે, જાણે છે મહાન સહી.
મોડી રાતે, પોરાઢીરે, બંધ દ્વારે તાળાં કરી;
સુખ સાથે, પુજારી રે, ગયા જ્યાં નિશંક કરી.
તેવા ઉઠયા જગતપતિરે, તાળાં બારણાં તોડી;
જાણે રૂઠયા સ્વપુર પ્રતિરે, તેવી તે જગ્યા છોડી.
વળી ત્રુઠયા સ્વજન પ્રતિરે, ઉતારે ગયા દોડી:
વધા શું હા! મધુરૂરે, ગાડી ઝટ લ્યો જોડી.

અર્જુન પ્રભુને તેડવા ગયા હતા ને **પ્રભુ બોડાણાને** તેડવા સ્હામા ગયા! જેણે મૂર્તિરૂપની એ મર્યાદા મુકી તેને દીવ્ય દર્શન દીધાં! "**કેવા મોટા જગરાય! કેવા છોટા થઇ જાય**" તે જ "**સ્વજનનેરે**"

આગળના યુગોમાં **બ્રહ્માદિ** ક્ષીર સાગરપર પ્રાર્થના કરવા ગયા, ભૂમિને ભેગી લીધી, ને દેવ સમુહે સાથે હતો ત્યારે જેમણે વળી પૂર્વે પૂર્ણ તપ ને પ્રાર્થના કરી વર પામેલ તેમના ઘરમાં રહેવા, તે કેટલી મુદત પછી ને કેવા અવતારે તેમના ગયા પછી પધાર્યા. ત્યારે કલીમાં તેજ બોડાણાને ઘેર સ્હામી માગણી કરી એજ રૂપે જવા તૈયાર છે તે થયા જશેજ ને ત્યાંનાજ સદા નિવાસી થશે—થયા છેજ માટેજ ગાયું "**કેવા મોટા જગરાય**" શી રીતે! તે જુઓ ખુલાસે.

બોડાણાને શ્રી હરિએ જગાડયો! તે જાગ્યા. તે શું અનુભવે રે! આ જગાડવું જૂદુંજ હતું. **વૈકુંઠથી** વિમાન લઇ **પાર્ષદ** આવે એથી પણ વિશેષ સાક્ષાત **પાર્ષદોના** પતિ, મંગળ દીવ્ય તેજ સુગંધમય આકૃતિ, જેવી **દેવકી** માતાના સુતિકા ગ્રહમાં "**વસુ દેવ દૈવત**" તેમ જ **બોડાણાના**: ઉતારામાં પ્રકટયા, પ્રકાશ્યા, ચાલીને આવ્યા, ને બોલવા લાગ્યા. તે આવા જ આકારમાં: જેમ અમને દેખાય છે તેવા કેમ હોય! પણ **બોડાણાજીને** પણ એ અનુભવ અપૂર્વ હતો!

પદ. "મોહન માટી" એ રાગનું.

ટગર મગર રહ્યા જોઇ, બોડાણાજી,
અનુપમ રૂપ અલૌકિક લીલા, શુદ્ધ બુદ્ધ બીજી ખોઇ. બોડાણાજી.
પાસે દીઠા મીઠા શ્યામ, નાશીને આવ્યા શું આમ!
ચાહે કરવા સકામ, પણ રહે કેમ હામ, જાણ્યું થાશે દેશ દ્રોહી. બોડાણાજી.

થર થર ધ્રુજે અંગ, બોલ્યા આપ છો તો સંગ;
ડરૂં કે ધરૂં ઉમંગ, રાખજો દયાળું રંગ, મારૂં ન તમવિણ કોઈ, „

અર્જુનને પણ આરંભમાં " **सिदन्तिमम गात्राणि मुखं च परिशुष्यति । वेपथुश्च शरीरेमे रोमहर्षश्चजायते" अश्रुपूर्णाकुलेक्षण** " એમ થર થરતા ને તેને નીર ભરતા થઈ ગયા હતા ધર્મ અધર્મ ! પરિણામ શ્રેય કે હાની ! આપનાં જનનો દ્રોહ કે નહી !

" ઊચર્યા શ્રી રણછોડ ઝટપટ ગાડી જોડ,
પુરા થાશે તારા કોડ પાડીશ બધા એ તોડ. ધારી રાખે છે સહુ સોઇ. બોડાણા.

मयैवतेति हितापूर्वमेव " કરીને જેમ આગળથી સવડ **અર્જુનને** યશ અપાવવા કરી રાખી હતી તેમ પ્રભુ પાર પાડવા માથે ભાર લે છે.

तेषामहं समुद्धर्ता मृत्यु संसार सागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥

તે મ્હારામાં ચિત્ત મુંકલાઓને મૃત્યુ સંસાર સાગરથી હું જલદી ઉદ્ધારનાર થાઉછું. " એમ કહેનારને કરનારને આ શું મોટી વાત છે. પણ અમારે એ અને આ વચનથી વિશ્વાસ રાખી હિમ્મત બાંધી તેના થવું, તેનું કહ્યું કરવું ને સ્મરવું કે—

" સ્વજનનેરે; કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય "

માટે વળગ્યા રહ્યાનો સમય આવે, આપણો પણ બેડો પાર ઉતારશે કારણ જેમ કાળ વિપરીત તેમ પ્રભુ વધુ સુલભ થાય છે. દેવોની પણ સેવા કરનાર **મુચુકુંદ** મહારાજને કાળયવનદ્વારા જગાડયો ને દીવ્ય દેખાયા તે **બો**ડાણાને પોતેજ જગાડી તેવાજ દેખાયા. **મુ**-ચુકુંદે માગ્યા છતાં બીજા જન્મનો વાયદો દઇ વિચરી ગયા ત્યારે બોડાણા પાસે સ્હામી માગણી તેને ઘેર જઈ રહેવા પોતાને લઇ જવા કરે છે. એટલા બધા સુલભ આ કાળમાં એવા ગરીબને થાય છે જે એવા દેવોના રક્ષકને પણ દુર્લભ છે ને તેથી એ કહેવું તો દઢ જ થતું જાય છે કે–" **કેવા મોટા જગ** "

પદ. " બન ગયો બેદ " એ રાગ.

બોડાણો વેલ જોડે, ડાકોર જાવા. ટેક.
માંડ માંડ બે બળધ ઉઠાડ્યા, માંડે શાની ખોડે;
મથી એકને માંડ જોતરે, ત્યાંતો બીજો જૂનું જોતર તોડે. ડાકોર જાવા.

ततःश्वेतैर्हयैर्युक्तेमहतिस्यंदने स्थितौ ચાર નામચીન મ્હોટા શ્વેત ઘોડાવાળા દીવ્ય રથથી તો **અર્જુનને** ઝીતાડયો પણ આ ગાડીથી **બો**ડાણાને ઝીતાડવો છે ને તેમાં વળી તેને હાંકવાનું પણ કામ હાલતો તેને સોંપે છે.

" ઉતાવળે ધભરાતાં સાત સાંધતાં તેરે તોડે;
કચડ પચડ ચાલતું કર્યું પણ પ્રાત લગી પુરી એ શેં છોડે? ડાકોરજાવા.
બળ હદના બળની હદ થઈ છે બુઢા ક્યાંથી દોડે,
હાક હાક હરી કહ્યા કરે પણ, માંડ ભરે પગ શીર બહુ ફોડે. "
બોડાણા પુરા ગભરાણા, વધ્યા તદા હરી જોડે,
પ્રાત થશે પાધરે પહોચતાં, જીવતો મને પુરજન નહી છોડે. "

(એટલે ઠરશે એવું કે ભગવાન તેને ઘેર નહીં જાય પણ તેને પોતાને ઘેર પહોંચતો કરાવશે ગુગળીગો પાસે પરમપદમાં લઇ જવાજ તેડવા આવ્યા છે શું !)

હરી કહે તું પુર પટાવતો, કાજ કરૂં પછી કોડે;
પાછલી રાતે પાધર સુધી માંડ પુગ્યા ત્યાં કહ્યું રણછોડે. ડાકોર.

ચેતનનું બળ ને તેથી ભવજળ તરવું શે અને? પણ પોતાથી બનતું કરે તો પછી બાકીનું બધુંજ હરી કરી કરાવી લે છે. ખરેખર બોડાણા આવી રહ્યા હતા ને મનમાં પકડાવવાનો ને શ્રમ વૃથા જવા, ને ઉલટા હેરાન થાવાનો એક તરફથી ભય! તેમ બીજી તરફથી શ્રીહરીનો મહા વિશ્વાસ છે. પણ તે શ્રીહરી કંઇ કરી બતાવે ત્યારે ના! તે પહેલાં ત્યાં સુધી ધૈર્ય આવે પ્રસંગે રાખવું બહુ કઠણ! આખર હરી તેના ધૈર્ય, વિશ્વાસ, ને શ્રમથી રીઝ્યા. તેના ત્રાસ ખેદથી દયા લાવ્યા ને બોલ્યા—

પરજ રાગનું પદ.

બોડાણા હવે બસ કર તું, જાગી હાકી રથ થાકી ગયો છે.
દિલમાં વળી અતિ ડર તું, બોડાણા બસ કર તું;
સંગી થયા ત્યાં બેઉએ સરખા, કરીએ કામ વારા ફરતું. બોડાણા.

"द्वासुपर्णा सयुजा सखाया समान वृक्ष परिषस्वजाते"

એમ શ્રુતિ કહે છે કે બે પખી સાથે લાગેલ સખા એક વૃક્ષમાં ભેટીને બેઠા છે તે દેહરૂપી રથને આ ખરેખર બેલવાળી વેલમાં પણ તેના તે બેઉ છે) હવે ભાર ઉપાડે છે,

" બેસ માંહે તું હું રથ હાકું, કરીએ કામ વારા ફરતું." બોડાણા.

" अप्राप्य शास्त्रमर्थत्वात् " એ ન્યાયથી જ્યારે મનુષ્યબળથી આમ ન થાય ત્યારે શાસ્ત્રકામનું, જે કહ્યા વિના, ચહ્યા વિના કર્તવ્ય પરાયણને શ્રીહરીના સંગીને શ્રીહરી સહાય કરે છે. ઈશ્વર કૃપા તે એજ—કર્મવિના ફળ નહીં, પણ તે પોતે પુરૂં કરાવી લે છે. તેને પુરૂં કરતાં કરાવતાં વાર શી? ક્યાં મનુષ્યબળ ને ક્યાં સર્વેશ્વરનું સામર્થ્ય!! તેથીજ કહ્યું —

" સુખે પોઢજે ફિકર છોડજે મારે શીર સારૂં નરતું " બોડાણા.

ચોપાઇની ચાલ.

નથી મૂળે બોડાણાજી માની, વાત વ્હાલાજીની ઝટ માની;
છુટે ચિન્તા તો શે મનમાની, બેઠા માંહે શાસન સનમાની.
હાથમાં લીધી હરીએ રાશ, ગાડી બળધ બન્યાં સુખરાશ;

(લોઢાના ખોખામાં વરાળ ભરાતાં ઇન્જીનમાં તે વરાળના પ્રમાણમાં બળ આવે છે તો શ્રીહરીના બળનું શું કહેવું! તેણે ઇચ્છાથી પ્રવેશ કર્યો.)

બોડાણાની આંખો થઇ ભારે, ગયા પોઢી ધારે હરી ભારે;
વ્હાલાજીને લાગે શાની વાર, થયું એ નથી પુરૂં સવાર.
ત્યાં તો ભક્તથી બોલ્યા જગાડી, જેની આવી ક્યાં સુધી ગાડી.

(જેની યોગ માયા આખી મથુરાં દ્વારકામાં મુકી સકી, જે લાખ્ખો ગાઉ સર્વ ગ્રહોમાં પ્રવેશી તેમને ગબડાતા છતા દોડાવે, પહોચાડે છે ને નિયતસ્થળમાં, પ્રદેશમાંજ, નિયતકાળ, નિયત પોતાના સંકલ્પ પ્રમાણેજ તેને એક વેલડું ડાકોર પાસે લાવવું શું મ્હોટી વાત છે! પણ અન્વયથી તો ખરીજ ને તે સંસારીને, કારણ સંસારી સામનથી દૈવી કામ કર્યું. દૈવની એથીજ વડાઇ સિદ્ધ થઇ, ને તે બોડાણાએ અનુભવ સિદ્ધ લહી)

પ્રભાતિયું " વનચરવિરા "

જાગી બોડાણાજી શું જુવે; પડયું મ્હોટું **પ્રભાત;**
મ્હારાજ શીમાડો કયાં થકી, હા ! હા ! એ **ભલિભાત.** જાગી૦
ડાકોર ઉમરેઠ મધ્યમાં, લીંબડો પરખ એ,
ઉતરી ત્યાં ઉભા હરી, ઠરી જન સરખા એ. જાગી૦
ઝાલી હાથે એક ડાળ તે, મીઠી પુંઠે જણાઈ;
પગલા સાથે લીંબ એ, રહ્યો હજી એ પુજાઈ. જાગી૦
બેઠા પછી વ્હાલા વેલમાં, આવ્યા ભક્તને ગામે,
પલક નિવાજે પ્રેમથી, પુરી હૈયાની હામે. જાગી૦

(**બો**ડાણાજીના આનંદનું ઉપકાર વૃત્તિનું આશ્ચર્યનું શું કહેવું ? તે તો બીજું બોલેજ કેમ ! એજ કહે—**કેવા મોટા જગરાય, કેવા છોટા થઇ જાય !** "

એક સ્તવન તેની વતીનું— " **ભેરવ** " જાગો જાગો " એ ઢાળ.

મંગળ મંગળ આ શુભપ્રાત, નિરખ્યા નટવર નાગર,
સુખસાગર ઘર આગળ શુચિ પ્રિય ગાત. મંગળ૦
આપ કૃપા કરી અભિમુખ આવે, આપ જગાડી સ્વમુખ બતાવે,
સ્વસુખ અપાવે ભાવે **અનુ**પતિ, કીધા કૃતાર્થ નાથ તાત. મંગળ૦

(સંચિત ગયાં, બ્રહ્મવિદ્યા ઉપાસના ઉપાય. પુરો થયો, પુરો કર્યો કરાવ્યો. હવે પ્રારબ્ધ રહ્યાં તે ઘર આગળ આવ્યો કે ખડાં થયાં પ્રભુજ ભોગવાવનાર બોલી ઉઠયા—

પદ. "ભેરવી–દેખો બાગોમેં " એ રાગ.

હાલ સંતાડ હાલ હાલ સંતાડ, હરી કહે, ઉઠ ઉઠ ચાલ ચાલ મને હાલ સંતાડ. ટેક.
" મને ન દેખી મંદર અંદર અહીં આવશે બધી ધસમધાડ. હાલ.
એ ગરબડથી નવ હડબડજે, જશે થાકી કરી બૂમ બરાડ. "

ભગવાને **અર્જુ**નને પહેલેથી ચેતાવી દીધો કે ઝીતાડીશ " પણ " અંતે ત્યાં સુધીમાં—

मात्रास्पर्शास्तु कौंतेय शीतोष्ण सुखदुःखदाः ।
आगमा पायिनोऽनित्यास्तां स्तितिक्षस्व भारत ॥
यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

" હે કૌન્તેય ! માત્રાના સ્પર્શ જે શીત ઉષ્ણ સુખ દુઃખદા છે, તેમને સહી લે તે અનિત્ય જતા આવતા છે. જે પુરૂષ તેથી વ્યથા નથીજ પામતો.

હે ભારત ! સુખ દુઃખમાં સમ રહે છે તે બુદ્ધિમાન અમૃતત્વ મેળવે છે. " એટલે જે વિતે તે સહી લેવા વિના પાર નહિં પહોંચાય પ્રારબ્ધથી છુટાણું નથી તે પુંઠે પડી પકડે છે. પણ જેને શ્રી હરીનો સંગ, આશ્રય છે તેને તેથી અંત જયજ છે પછી નિશ્ચિત–નિર્ભય નિત્ય સુખી થાય છે.

ગીતિ.

યદુપતિ તો સંતાયા, સંત ક્ષત્રીને લઢવા ના **પાઠી;**
તેથી નાથ છુપાડી, ભકતે માળા કરમાં ઉપાડી.

બીજી ગમ શ્રી દ્વારકાં પુરીમાં— "લંગડી લાવણી"

પ્રાત થયો ઉત્પાત મંદીરે વાત ખ્યાત થઇ જનમાંહી,
નાથ રાતમાં ગયા હાથથી, ક્યાં એ સ્થળ માંહી,
સાંકળ છુટી ભોંગળ તુટી તાળાં બાર ઉઘાડાં છે.
મંગળ સમયે મંગલા કોની ! અમંગળ આડાં છે.
પરસ્પરે પ્રેખ્યું બોડાણો હવે ન તો શકતો ચાલી,
ગાડી આણી ઉપાડી ગયો કુટીલ એ જ કુચાલી,
ભક્ત ઠર્યો ઠગ બગ જેવો એ જરૂર હરીને હરી ગયો;
ધર્મ પરહરી જીવન સહુ ગુગળીનું સંહરી ગયો.

ઉપેન્દ્ર વજ્ર.

વધા બિજા એમ ઘટે ન રોવું, પુઠે પડી પુરૂં પગેરૂં જોવું,
વડીલનું દ્રવ્ય ન ખાલી ખોવું, પ્રયત્નમાં પૂરણ ચિત્ત પ્રોવું.

" એસી ચતુર નાર. "

ચાલી ધસમ ધાડ, કરી બૂમ બરાડ, ધરી શસ્ત્ર અંગ કરવાને રાડ;
જબરો ઉપાડ કરી ઉપડ્યા ગુગલી. ચાલી.
ઝાઝું જણવે જોર, કરે શોર બકોર, માને હાલ પકડી પાડશું ચોર;
નાઠા રણછોડ પકડે શું આ મંડળી. ચાલી.
ગયા છેક ડાકોર, નથી તુટયો તોર; શોધે ક્યાં છે વજેસંગ એ ઠાકોર;
વચનો કઠોર કાઢયાં દાઝે દિલે બળી. ચાલી.
બાંધી લાવો હાલ, મળે આપણો માલ; એ કહેતાં આવ્યા તે તતકાળ;
પડયા પુજારીના પદે પૂરા પ્રેમથી પીગળી. ચાલી.

ગજલ.

બોલ્યા ગુગળી બોલરે બોડાણા ચોરટા, હતી મુરતી એ શું ત્હારા બાપની મતા !
છુપાડીને ઉપાડી ગયો લાવ હાલ એ, નહીં તો જાણજે કે આવી પહોંચ્યો કાળ છે.
ફરી ફરી પુછ્યું ઉગામીને વડી બરછી, ન ઉત્તર આપ્યાથી અડાવી દીધી તીરછી.
પેસતાં અંગ ઢળી પડયા થઇ ગઈ મૂરછા, તથાપી તેથી જડ્યા હરીપુરતા પરચા.

આશા ગોડી.

અચરજ ઉપજ્યું ત્યાંહી, અચાનક અચરજ ઉપજ્યું ત્યાંહી.
જોઇ મોહી રહ્યાં બાઇ ભાઈ. અચાનક.
વડું તળાવ નાવ કાંઠે છે, જળે રહ્યું છલકાઇ;
તેનો રંગ થયો કેમ રાતો ! વાત ન ઝટ સમજાઈ. અચાનક.
પછી પ્રભુ ત્યાં છે એ જાણ્યું, કાઢયા બ્હાર ઝટ ધાઈ;
બરછીનો ઘા કુખે ઝીલ્યો, નીર રહ્યું રંગાઇ. અચાનક.
જાગી ઉઠ્યા ઝટ બોડાણો, અસર નથી તન માંહી,
ધાએ સહે સ્વજનને સારૂ, ધન્ય ધણીની ભલાઇ. અચાનક.

ત્યારેજ એ ગાવું ઉચિત છે—" **કેવા મોટા જગરાય, કેવા છોટા થઈ જાય** "

હજી એથી પણ છોટા થવાનો પ્રસંગ જગવિદિત આવી લાગ્યો. કોઈ કહે છે, બોડાણા તો પડયા ને પડયાજ ફરી ઉઠ્યા નથી પણ ઘા હરીને વાગ્યો ને સાચો. (બરછીનો

વા બાણુને) ને ગોમતી એથી રૂધીરે રંગાયાં એમ સૌ સ્વીકારે છે. તોપણ ગુગળી ગળ્યા નહીં ત્યારે પંચાત થઇને એ વાત ઠરી કે મૂર્તિ નહિતો તેના ભારો ભાર સોનું બોડાણો આપે. ગામ વચ્ચે પડયું તેમણે સૌએ ડાકોરમાંથી હવે ઠાકોર ન જાય એમ ચાહ્યું. તેમ સોનું મળે તો સ્વામીને તોળી દેવા તેમણે પણ સ્વીકાર્યું. એટલે તેમની પ્રીતિની પરિક્ષા તો થઇ ગઇ, પણ બોડાણો ધભરાણા—

પદ " જીવ જતાં " એરાગ.

ભક્ત વદ્યા જગજીવન કનક તે ક્યાં થકી લાવું:
લખત થયું પણ શ્રીમન પણ આ કઠણ છે પળાવું.
સુનું શાનું ? સદન સંધુ સુનુ સદા,
ઠરીશ જૂઠ્ઠો પડીશ ભૂઠો, થઈ વિખૂટો, આપનું ઠરશે સિધાવું.

બોડાણો કરતાં પણ વધુ ભક્તિ તેની સતિ સાધ્વી સ્ત્રી **ગંગા** બાઈની હતી તેને માટે જ જાણે કે પોતે પ્રિતે પધાર્યા હતા. તેને પ્રસિદ્ધ કરવા આ કળા કરી. કોઈ કહે છે કે, તેણીએજ તકરાર કરી આ ઠરાવ કર્યો. કારણ **બોડાણો** તો **વૈકુંઠ**માં વિચરી ગયા હતા ! પણ પ્રસિદ્ધ કથાને શું વધારૂં ! **સ્વામી**એજ હીકમત બતાવી હિમ્મત રખાવી કિમ્મત ઠરાવી તેવીજ અપાવી.

પદ " હે સ્વામી "

નાથ વદ્યા, કનક પુરતું ઘરમાંહે, છે પ્રિય **ગંગા** બાઈ પાસેરે,
સવા વાલ તણી વાળી, લઈ આવ્ય તું સંભાળી,
વાર શાને કર ઠાલી, રહે વિશ્વાસે છે પ્રિય ગંગા બાઈ પાસેરે.

(**ગંગા** બાઇ પાસે સવા વાલ સોનાની વાળી હતી પણ તે ક્યાં ને **શ્રી**હરીની મૂર્તિ ક્યાં ! હરી કેવડા મ્હોટા ! વાળી કેવડી છોટી ! ! શું એનું વજન બરાબર ! !)

લાવણી.

બોડાણો સદ્ય ઘેર આવ્યા (૨) ગંગાબાઈને વૃત્તાંત વિતેલા સહુ સમજાવ્યા;
સતિ ચાલી સંગ લઇ વાળી (૨) કહ્યું પતિ રાખો ઉમંગ પ્રભુ કરશે રખવાળી.

(એક ધણું દાન ને સહસ્ત્રધણું પુણ્ય કહેવાય છે. વળી આ તો સાક્ષાત્ **શ્રી**હરી માટે, તે તો **सचानंत्याय कल्पते** અનંત ગણું થાય માટે હરીને તોળો)—

તાજવું થડ ડાળે લટકયું (૨) સૌએ માન્યું દંપતિનું કાળજાુંજ છે ફટકયું:
મૂરતી આણી જે વેળા (૨) ભૂપર નર ઉપર સૂર ઉભા જોવા આવેલા.

પદ " હેરી દૈયા "

અહા ! થયું અચરજ કળી કાળ વિશે ભારી;
આસપાસ ઉભા જુવે ઘેરી નર નારી. **થયું અચરજ.**
મૂરતિ ત્રાજુમાં ધરી, વાળી તુલસી સ્હામી ધરી,
ઠરી તેજ ઘડી ભગવાન થકી ભારી. **થયું અચરજ.**
ગુગળી જુવે તમામ, બદલ્યા તાજુના ઠામ;
હારી ગયા હામ દામે, ડુબ્યા દિલધારી. **થયું અચરજ.**
શોચી શરમાઇ ગયા, પુરા કરમાઈ ગયા;
પુરજન હરખાઈ રહ્યા, , જય જય ઉચ્ચારી. **થયું અચરજ.**

પદ "વિશ્વનાથ તું વિના"

વાલથી તોલાણા સવા વાલથી તોલાણા; નિજ જન રખવાળ સવા વાલથી તોલાણા. ટેક.
વાળી તો નામ માત્ર, વ્હાલીની મૂળ વાત, વ્હાલીની વાળી નહીં વ્હાલથી વેચાણા.
ગુગળી રહ્યા ગુંગળી, વૃત્તીઓ વળી સઘળી, બળીથી નબળી પ્રિત પેખી પરખાણા.
ફીકાફક જાય ક્યહાં જઇને શું ખાય ત્યહાં, દિવસે કેમ જાય ત્યહાં, તેથી ભ્રભરાણા.
પણ અમારૂં પદ પુરૂં થયું.
"મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે, અનુવળે એનો દહાડો જે એનેજ ઉર મ્હાય."
કેવા મોટા જગરાય, કેવા છોટાથઇ જાય,સ્વજનનેરે."

થોડી ગુગળીની ગાળો ગાઇએ. તેમણે પ્રભુ તો સાચા માન્યા, પણ વખાણ્યા તે આ પ્રમાણે—

પદ "જગદીશ જપરે" એરાગ.

કપટી ! એ કાળા ! (૨) નથી ભૂલ્યો હજી નિજ ચાળા.
જન્મતાં માત પિતુ મુકયાં, વ્રજવાસી વિરહે સુકયાં;
એ ધામે પડતાં મુકયાં, નાશીને પાળા (૨) નથી ભૂલ્યો હજીએ ચાળા.
પગ કર્યો કુઇને ધામે, ભારત જગવ્યું તે હામે;
રહ્યાં માત્ર કથામાં નામે, બન્યા રથવાળા (૨) નથી ભૂલ્યો૦
યદુકુળનો ઘાણ કઢાવી, દ્વારામતિને બોળાવી;
નિજ જન વસ્તુએ લૂટાવી, પાર્થના સાળા. (૨) નથી ભૂલ્યો૦
રાખે ભક્તને ભીખારી, આવી અમારી એ વારી;
રઝળાવી પુર નર નારી, આવ્યા અહીં ચાલ્યા. (૨) નથી ભૂલ્યો૦
તુલસી પત્રે તોળાણા બોડાણા કાજ ઘવાણા;
સોનું દીધું થઇ શાણા, દગ્યા ઠીક દાલા (૨) નથી ભૂલ્યો૦
કોઇએ નહીં પાછા ફરશું, અહીં લાંઘીને સહુ મરશું;
આથી શું થવું છે નરસું, ઠર્યાં ભમરાળા (૨) નથી ભૂલ્યો૦

(બ્રાહ્મણો ભૂલીને પણ ઠેકાણે મૂર્તિને મોહન માન્યા તો તેમનો એ તોડ પડયો)

સ્ત્રગ્ધરા—આજ્ઞા એવી મળી કે, જક તજી સરવે, દ્વારકાં જાઓ પાછા;
શોધો સાવિત્રી વાવે, મનહર મૂરતિ, પામશો—સત્યવાચા;
હું ત્યાં નિત્યે વસું છું, વશિસ વળી અહીં, હાની એથી ન કોને;
ખુલ્લાં એ ધામ થાશે. અનુકુળ અધિકું, એથી વ્હાલા જનોને.

તેમજ થયું ને જગતે લહ્યું અમે પણ છેવટ એક વૃતમાં કહ્યું—

તોટક—જક છોડી ગયા પછીથી ગુગળી, મુરતી હરિની મનહારી મળી;
હતી વિક્રમ સાલ તદા સવળી, શત બારની ઉપર બાર વળી.

ત્યારથી બેઉ જગે અદ્યાપી બ્હાર થઇ રહી છે અને અહિં પણ કહી વાત બહુ રીતે સિદ્ધ થઇ ગઇ છે કે—"**કેવા મોટા જગરાય કેવા છોટા થઇ જાય**" **સ્વજનનેરે.**
"મ્હારા કહે શું વળે, સાચો ભાવ ફળે, અનુવળે તેનો દહાડો જે એનેજ ઉર મ્હાય."

શ્રીદ્વારકાંધીશકી જય—શ્રીડાકોર નાથકી જય-

ઇતિ.

—પ્રભુપ્રસાદીમાંથી—

(ગતાંક પૃષ્ઠ ૨૨ થી સાંધણુ)

" **ગીરધારીરે** " એ રાગ.

વદો વ્હાલાંરે, કેમ કરી ઓળખાવું, મુજ પ્રભુ કેમ પરખાવું. ટેક.
નથી એકજ ત્હેનું નામરે, એક ભાષામાં નહિ કામરે;
જાણે એ ભાષા તમામરે–વદો વ્હાલાંરે. ૧
નથી એકજ એનું રૂપરે, નવ જાતિ એ અનુરૂપરે;
બને નરનારી જગ ભૂપરે,—વદો વ્હાલાંરે ૨
નવ એક રંગનો તે છેરે, શોભા નહિ એક જગે છેરે;
બધે સકળ ઉત્તમ તે છે રે, વદો વ્હાલાં રે. ૩
નહિ વૈભવ ગુણો ગણાયેરે, નવ ચરિત્રમાં એ મપાયેરે;
સહુ વિધે અગાધ જણાયેરે, વદો વ્હાલાં રે— ૪
નહિ એકજ ત્હેનું ધામરે, નવ રહે એ એકજ ઠામરે;
સર્વ વ્યાપક એ પૂર્ણ કામરે; વદો વ્હાલાં રે— ૫
નથી એના સરખું કોઇરે, નવ હતું નહિ શકે હોઇરે;
એવા અસદશ પર મોહીરે, વદો વ્હાલાં રે. ૬
એ અનંત સર્વ પ્રકારેરે, સહુ અનંત શક્તિ ધારેરે;
દીનબાળાના પ્રભુ ભારેરે; વદો વ્હાલાંરે કેમ કરી ઓળખાવું;
મુજ પ્રભુ કેમ પરખાવું.

એવાં ચાળીસ પદ બનાવી પોતાનો અનુભવ યદ્યપિ તેમણે વર્ણવ્યો તે પણ તેનો એકંદર કે ખાસ આનંદ જે પોતાને થયો તે માટે તે છેલ્લે એજ રાગમાં કહે છે. કારણ તેને પ્રભુનોજ રાગ તેવાજ પ્રકારનો છે.

કોઇ પુછેરે, હરિરસ હોયે કેવો; સ્હેલો નથી ઉત્તર દેવો— ટેક.
નવ ખુલ્લાં નયને જડતોરે, નથી બંધ નયનથી મળતોરે;
જદા મળે તદા એ વરસાતોરે; મન સમજેરે હરિરસ તો છે તેવો:
મૂખી ભુજે ત્હેણે લેવો. ૧
મળે માત્ર નહિ જ્ઞાનેથી રે, મળે માત્ર નહિ ધ્યાનેથીરે;
પ્રીતિ જગપતિ માનેથીરે, મન સમજેરે—હરિ૦ ૨
સ્પૃહા કરે નવ અનુભવાતોરે, આપ્યાથી નવ લેવાતોરે;
હરિ પ્રેમથી પ્રાપ્ત એ થાતોરે, મન સમજેરે. હરિ૦ ૩
છે એ તો દીવ્ય પ્રભુ રસરે, પૂર્ણ આનંદ છે માંહિ મસરે;
નથી એની કોઇજ સદશરે, મન સમજેરે. હરિ૦ ૪
જેની ઇચ્છા થાય એ લેવારે, ત્હેણે કરવી શ્રીહરિ સેવારે;
પ્રભુ તત્પર છે તે દેવારે, મન સમજેરે. હરિ૦ ૫
દીનબાળાના હરિનો રસ એરે, સર્વથા શ્રીપતિને વશછેરે;
પ્રાપ્તિ સારૂ (પ્રભુ) કૃપા બસ છેરે,
મન સમજેરે, હરિ રસ હોય કેવો ? સ્હેલો નથી ઉત્તર દેવો. ૬

અધિપતિ—આનંદ.

॥ श्री हरिः ॥

चोखामेळानुं आख्यान.

પૂર્વરંગ.

"ભેરવી પદ" મેં જગાય હારી–એ રાગ.

છે સહુના હરી, જુવે નહિં નાતી જાતી રે, છે સહુના હરી,
અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે, અંતે ઠરાવે સ્વજ્ઞાતી રે. છે સહુના.

"સહુના" એટલે જે કાંઇ જ્યાં જ્યારે છે ત્યાં ત્યારે તેના, શું? સર્વવિધ કારણ, માતાપિતા, રક્ષક પાલક, સુહૃદશરણ, ગતિફળ સર્વસ્વ." છે.

એવો અનુભવ થવાનો ઉપાય સૌ કરી શકે છે તે એજ કે—

"**અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે,**" ફળ "**અંતે ઠરાવે સ્વજ્ઞાતી** રે."

બ્રહ્મને જાણનાર બ્રહ્મજ થાય છે. એવાં શ્રુતિવચન પ્રમાણે—"**છે સહુના હરી.**" હાલે "છે સહુના હરી" શું શરીરી સહુના એટલે શરીરના. તે બે પ્રકારના છે. શ્રુતિ કહે છે "**प्रधान क्षेत्रज्ञपतिर्गुणेशः**" **प्रधान** એટલે પ્રકૃતિ-અચિતતત્વ, ને **क्षेत्रज्ञ** એટલે બદ્ધ ચેતન **आ ब्रह्मस्तंब पर्यंतं** બ્રહ્મથી સ્તંબપર્યંતના "**अंतर्यामी अमृतः**" **છે સહુના હરી.**

ગીતાજીમાં જ્ઞાન વિજ્ઞાન સહીત, જે જાણવા પછી કાંઇ ફરી બાકી ન રહે, હજારોમાં કોઇ તે જાણવા યત્ન કરે ને તેવામાં કોઇક યથાર્થ જાણી શકે તેવું રહસ્ય તે આ શરીર શરીરી સંબંધથી–"**છે સહુના હરી, જુવે નહીં નાતી જાતી રે.**"

भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥

"પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ ને અહંકાર આ અષ્ટધા ભિન્ન તે મ્હારી પ્રકૃતિ છે. બીજી મ્હારી મ્હોટી પ્રકૃતિ જીવ વર્ગ. હે મહાબાહો! જે વડે આ જગત ધારણ કરાયું છે તે છે." એ રીતે પ્રકૃતિવર્ગને જીવવર્ગ બેઉ સાધારણ ને વિશેષ તેની પ્રકૃતિ છે તે પોતે. "**मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव**" મ્હારામાં આ સર્વ પરોવાએલું છે. "**સૂત્રમાં મણીગણ હોય તેમ**" એટલે દોરાની અંદર દરેક પારા જૂદા પણ તે એનો એ એકજ એક સરખો તેમ—"**છે સહુના હરી.**"

એક બહુ પ્રકારનો થયો છે તે આ ચિત અચિતદ્વારા. ને એમાં પોતે શરીરી નિયામક રહીને **यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः** ત્રણ લોકમાં પ્રવેશીને ધારણ કરે છે. અવ્યય રહીને ઇશ્વર-નિયમન કરનાર એવા ભીતર રહીને નિયમન કરનારા ભાવકર્મ જાણી

ફળ દેનારા—ચાહે તેને ચાહનાર માને તો "**गतिर्भर्त्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृद्**" તે સર્વના છે. તે માટેજ—તે વિચારથીજ કહ્યું—"**જુવે નહિ નાતી જાતીરે, છે સહુના હરી**"

બળધનો ધણી તો પકડીને ખીલે બાંધી ખવરાવવા તૈયાર છે પણ તે અજ્ઞાન, તેનાથી નાસતો ત્રાસતો ફરે છે તેમ જીવ તેને વશ થાય, રહે. તો—"**છે સહુના હરી.**"

સહુ આ વાતનું શ્રવણ કરે છે, પણ મનન ને નિદિધ્યાસન નથી કરતા, એટલે દર્શન નથી થતું. તેને ઓર વિસારીને, શું પોતાને પણ વિસારીને, એટલે શરીર એજ હું છું એમ ભાન રાખે, તેને તેની અંદર જીવ જૂદો ને હું ને મ્હારી અંદર પરમાત્મા, મ્હારૂં સર્વસ્વ મ્હારે માટેજ છે, એ ભાવતો ક્યાંથી? પણ ઇન્દ્રિયો વિષયો તરફ ધસડેજ ને બહીરમુખ રહેવાથી બહારનુંજ જુવે. તેથી તેનું મન, તે માટે યત્ન તે મળે. તે ભોગે, તેની વાસના, તેનું મન એમ ઘટમાળ ફરી ફરી એનુંએ કર્યા કરે છે પણ એથી અટકી આટલું જ્ઞાન ભાન રાખી ભીતરના ભગવાનનેજ—

"**અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે, અંતે ઠરાવે સ્વજ્ઞાતી રે**" છે સહુના હરી. માંહે તો ઉતરવું ઘણું કહણ છે. કર્મ, જ્ઞાન, ભક્તિ ઉપાસનાનો ક્રમ વિકટ છે. એ ભજન, સેવન, ઉપાસન, નિદિધ્યાસન યોગીયોથી પણ પુરૂં નથી થઇ શકતું. **નારદજી** દાસીપુત્રે, સત્ગુરૂના સેવન—સત્સંગ પ્રસાદ—પ્રતાપથી કહ્યા પ્રમાણે મહાવનમાં બહુ મથી ક્ષણ એ સુખ મેળવ્યું, પણ તુરત આજ્ઞા થઇ કે, આ દેહે એ અનુભવ દુર્લભ. હવે અસંભવિત છે; ત્યારે બીજી દેહે પણ સુલભ કયાં થયા! બહાર સાકાર—અવતાર, અર્ચારૂપે થયા ને તેથી પછીતો વાણી, નેત્ર, હાથ, મુખ, કંઠ, બધું ઉપયોગી થયું. વીણા કરે ગ્રહી સુરસાથે હરી ગુણગાન શ્રીહરીના ઇષ્ટધામમાં ભૂમિ, સ્વર્ગ ગમે તે ખંડ, ગમે તે દેશમાં, તેના અનેક વેશમાંથી ગમે તે એક પાસે, કરતા ગયા ને કહેતા રહ્યા કે

"**અનુ ભજે ભાવે, તેજ ખરો ફાવે, ભજન** ને તેથી ભાવ, તેનો પ્રભાવ; "**પોતે ઠરાવે સ્વજ્ઞાતીરે.**"

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ॥
साधुरेव समन्तव्यः सम्यग्व्यवसितो हि सः ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्ति निगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥
मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युःपापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शुद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥

દુરાચારી હોય પણ એ વાત ભજન ને અનન્ય ભાવ, તો તેને સાધુજ ગણો. કારણ તેણે નિશ્ચય હવે નિચ રહેવાનો ત્યજ્યો છે. દુરાચાર, કુવિચાર, કુસંગ, કુઅંગથી ત્રાસી પ્રભુને આર્તીથી ઉપાસી રહ્યો છે. નિશ્ચયપૂર્વક ઉપાસે એટલે નવા ન વધે, જૂના મળ હઠવાથી તે શુદ્ધ ધર્મમૂર્તિ—શુચી થતો જાય, તેનો નાશ થવા સંભવ કેવો! ભલે જન્મથી પાપયોની હો પણ આશ્રય હરીનો લીધાતો તે પ્રભુમાં પાવનત્વ, મંગલત્વ છે. અગ્નિને કાષ્ટ, લોઢું, બધુ સરખું. સોને આગ કરે, તેમ અનન્ય ભજન—તેની લગન, તેનીજ ધુન રાખે તો તેની પરમગતિ થાય જ કલીમાં કબીર અનુભવીને કહે છે કે.

" કબીર નામ હદે ધર્યો, ભયો પાપકો નાશ;

માનુ ચીનગી આગકી, પડી પુરાને ધાસ, " એટલે—" **અનુભજે ભાવે, તેજ ખરે ફાવે, પોતે ઠરાવે સ્વજ્ઞાતીરે** " કીટભ્રમર ન્યાયથી " **છે સહુના હરી** " **શ્રીનાથમાળા*** " ની એક ગરબીથી આ વાત વધુ સમજીએ—

" **મ્હારે ઘેર આવો** " એ રાગ.

" ભાઇઓ બ્હેનો થઇએ સાચા સંગી, એકજ રંગીલાનાં એકજ રંગી; "

ભાઇઓ ને બ્હેનો તે કોને કહીએ છીએ ? સાચા સંગીને એટલે માત્ર એક માબાપની જ તે ભાઈ બ્હેન ન કહેવાય. ખરાં ભાઇ બ્હેન સંસારી તેનેજ ગણે છે. પણ તે કયાંથી તે કયાં સુધી ? આ દેહમાં આવ્યાં ત્યારથી તેમાં રહીએ ત્યાં સુધી. પછી વા પહેલાં કોણ હતાં ને કોનાં થઇશું ? તેની ગમ નથી ને નહિ પડે. અર્થાત્ તે સાચા સંગી ન ગણાય—પણ જે "એકજ રંગીલાનાં એકજ રંગી " તે મૂળે પણ સમજે તો સગાં છે, ને પછવાડે પણ રહેશે. કારણ—

સાચો પિતા પતિ પ્રભુ મ્હારો, સ્વાર્થ વિનાજ સદા ચાહનારો;
એથ વસિલો ત્હારો છે જગની પ્રતિરે." મ્હારે તો જે માનું તે તું છે "

એમ જેટલાં માનનારાં છે તે બધાં ભલે હાલ નાટકના વેશની પેઠે—

" વયે જાતે ધંધે જૂદાં ઢંગી, "પણ" સહુ અંગનો છે એકજ અંગી "—

અમે જૂદાં જૂદાં દેખાઇએ છીએ પણ અમારા સહુનો અંતર્યામી એકજ છે. એટલે કહી ગયા તેમ એક સૂત્રમાં પરોવાએલાં, એટલે એને લઇને સહુ એકનાંજ, ને મૂળ આત્મસ્વરૂપે જુવો તો સહુ સતચિત સ્વરૂપજ, અણુ, અવિનાશી, અવ્યય, અમળ, જ્ઞાન, સ્વરૂપ, જ્ઞાનવાન સરખા છે ને સહુજ તેનાં શરીર, પરમાત્માની વસ્તુ, પરમાત્માને માટેજ છીએ. એટલે એકનાં ને એક પ્રકારનાં છીએ. પણ હાલ પ્રાકૃત ભિન્ન ભિન્ન સંગરૂપી કર્મને લઇને ફળમાં ભિન્ન ભિન્ન યોની તેથી તદનુગુણ જાતી, ધંધા, ઢંગ, ભિન્ન છે. બીજી બધી ઈચ્છા બંધ કરી, જો—" **અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે, પોતે ઠરાવે સ્વજ્ઞાતીરે** " **છે સહુના હરી** " એ રીતે સહુ સમાન થાયજ.

કારણ મૂળે જ્ઞાતિ તો જે અમારી તેજ તેની છે અમે બ્રહ્મ તે પરબ્રહ્મ, અમે આત્મા તે પરમાત્મા, જાત એકજ છે. પણ અમે ટપકું ને તે મહાસાગર, અમે તણખો ને તે અગ્નિ, અમે કીરણ ને તે સૂર્ય, એટલે અમે અણુ ને તે વિભુ—જીવોમાં કર્મથી વિવિધતા આવવાથી મૂળ જાત ઢંકાઈ છે. પણ બદલાઈ ગઇ નથી. ને તેથી પરસ્પર ન્હાનાઈ મ્હોટાઇ, પવિત્ર અપવિત્રતાઇ, અમીરી ગરીબાઈ આવી છે. પરંતુ એને શરીરી લઇને તો સૌનો સંબંધ સરખોજ છે- ત્યારેજ " સાસુ વહુ બ્હેન બેટીનો ધણી, માતા પિતા સૌનો લ્યો એક ગણી " સાસુનો ને વહુનો, બ્હેન ને બેટિનો લૌકિકમાં એક ધણી હોઈજ ન શકે, પણ સર્વેશ્વર ભર્તા સૌનેજ સરખો છે. તેજ રીતે માતાપિતા પ્રિય, હિતકર પણ પોષક રક્ષક શિક્ષક પણ સૌનોજ સરખો છે.

" **માતાપિતા** " ઉત્પન્ન કરનારા કહેવાય પણ તે નિમિત્તમાત્ર, કારણ શુક્ર શોણિત જે તેમના અંગના ભાગ કહેવાય છે તે પણ મૂળ વસ્તુ તેમની નથી. તે બેનો સંગમાત્ર તેઓ

* ભક્તરાજ અનંતપ્રસાદ કૃત. કિ. રૂ. ૦-૪-૦

કરે છે. તે પણ સર્વેશ્વર ચાહે તે દિવસ ત્યાં યોગ કરાવે છે. એટલે આરંભથી લઇને પછી આ દેહ આવી, મ્હેલ જેવી, બનાવવી, તેમાં ભીતર યંત્રો, અન્ન પાણીની કોઠીયો, નસોની નહેરો, હ્રદયનો હોજ, આંખોમાં અરીસા, કાનોમાં નગારાં, ઉપર ચામડું મઢવું, માંહેના હાડના સંચામાં ગાબડાં માંસમેદથી પુરવાં, બધેથી મઢ્યા છતાં વળી મહીં હવા જવા આવવા, પોષણ લેવા ને મળ છોડવા, ખાવા પીવા ને જોવા સાંભળવા, દ્વારો બનાવીને ખુલ્લાં રાખવાં, તેમાં આંખ મુખને ઢાંકણાં કરવાં, મુખમાં ઘંટી; દાંતોની, જીભની તેમાં મદદ, એ બધું, આ દેહરૂપ એમાં પણ જેવી દેહ તેમાંથી તેવીજ મૂર્તિ પ્રકટ કરવી, બનાવવી એ તમામ તે તેનુંજ કૃત્ય ને તે સોને માટે છે. તે જ કહે છે—" **सर्व योनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः** " તે તો તે કરે જ છે. પણ તેમાં **बीजप्रदःपिता** પણ એજ છે. કઈ દેહમાંથી અમને ઉપાડી, વળી કઈ દેહમાં જઈ મુકવાં, એ પણ એજ કામ કરે છે. એટલે **पिताहमस्य जगतो माता धाता पितामहः** " જે કહો તે તેજ છે. એ જ ઠીક છે. આખા જગત માટે એમજ છે. પિતામાતા કરીને રક્ષક પાળક કહો તોપણ સૂર્યની ગરમી, ને પ્રકાશ; જળ, વાયુ, ભૂમી, બીજો, વૃક્ષો, ફળો, બધાંને બનાવનાર ને બધું બધાંને યથાયોગ્ય આપનારે એજ છે. **चंद्रसूर्य**માં મ્હારૂં તેજ છે. " પૃથ્વીમાં ગંધ હું, છેવટ સર્વનું બીજ હું, પુરૂષમાં પુરૂષત્વ " ને બળવાનમાં **बळ** પણ મ્હારાથી, મ્હારૂં દીધેલું જ તે છેક " **अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः** " એમ દેવ, મહર્ષીનો સર્વ પ્રકારે આદિ છે તે **नारायणात् ब्रह्माजायते** " એમ નારાયણની નાભીથી બ્રહ્મા ને તેનાથી રૂદ્ર, ને જગત્ થાય છે. તે પણ વળી તેનાં પ્રવેશ તેના સામર્થ્યથી જ. એટલે ઉત્પન્ન કરનાર તેજ છે. તેમજ પાળનાર " **तपाम्यहं मंहवर्षं** " તપું છું વરસું છું. બલકે ખાધા પછી **पचाम्यन्नं चतुर्विधं** " ચારે પ્રકારનું અન્ન પચવે છે પણ એજ અમે સુઇ ગયા ત્યારે અમારા પ્રાણોને એજ ચલાવી રહ્યા છે. જેથી અમારો દેહરૂપી સંચો ચાલી રહ્યા છે. તેજ ખરી રીતે અમને ઉઠાડે ને સુવાડે પણ છે. " **मत्तः स्मृतिर्ज्ञान मपोहनंच** " એટલે સર્વનો પાલક નિભાવનાર તેજ છે. ને છેવટે સંહારનાર તે છે. આ દેહમાંથી કહાડનાર પણ એજ છે. ને પછી ક્યાં મોકલવા ? તે તેના વશમાં છે તે એકનુંજ નહિ "**यतोवा इमानि भूतानि जायंते**" આદિશ્રુતિ પ્રમાણે—સોનોજ કર્ત્તા, ભર્તા, સંહર્તા, મોક્ષપ્રદાતા તે સરખો જ છે. ચારે પ્રકારની યોની, ચારે વર્ણ, ને વર્ણ બહાર સોને માટે, અરે ! આખા વિશ્વ માટે શ્રુતિના શબ્દમાં **संसारमोक्ष स्थिति बंधहेतुः** તે એજ અદ્વિતીય જ છે. એ રીતે **गतिर्भर्ता प्रभुःसाक्षी** આદિ જે ગણો તે સોને સમ, સુખકર, શ્રેયકર, સહાયકર, સાચો સદાનો સંબંધી એવા —" છે સહુના હરી "

વધુ મર્મ એ છે કે, બીજા નિમિત્ત; બીજાનું કરવામાં તો તે કરે તેવું પામે જેમ વાવે તેવું લણે, ગજાું હોય તેટલું આપે ને દામ પ્રમાણે માલ ને મજુરી પ્રમાણે મહેનતાણું પણ મળે, અહીં તો આ સંબંધ સંભારીને એનેજ માટે કરે તો—

" નાના મોટા સોનું સરખું ગણશે, વસ્તુ નહીં વ્હાલે વ્હાલો બણશે "

લખેસરીના લાખ, ને સો વાળાના સો, જો તેને અરપ્યા તો તે સમાન ગણી એઉએ પોતાનું સર્વસ્વ આપ્યું એમ સમાન ફળ દે છે. કારણ જ્યાં સુધી તેણે રાખ્યાં ત્યાં સુધી નોકરી બરાબર કરી, સોંપેલ નોકરી—સોંપણ સુધી પુરી કરી. એમ ગણે છે તેજ રીતે દેવ

અમૃત અરપે; ને મનુષ્ય અન્ન, ગામડીયો ઢેબરૂ, ને શહેરી પુરી અરપે. તે સૌ પોતાનું છે તેવું આપે છે. એમ ન્યાય કરી સમ ગણે છે. પણ તેમાં વિશેષતા જે રાખી છે તે પણ સૌને માટે સમાન તે એજ કે "વસ્તુ નહિ" વ્હાલે વ્હાલો વરશે" વ્હાલાની કિમ્મત કદર કરે છે. કારણ વસ્તુતો તેની જ છે. હો તોપણ તેના કબજામાં છે. તમારા કબજામાંથી પુજારી વા બ્રાહ્મણ, વા સંત, વા ગુરૂના કબજામાં જાઓ, તે પહેલાં તમારા કબજામાં હો તે પણ તેનાજ જન સદનમાં છે. પણ જે પ્રેમથી ધરે છે, અરપે છે, આપજ ભોગવો, આપજ વધુ આનંદ પામો, એમસ્વભોગે પોતે ન ભોગવી તેને ભોગ લેવા, પ્રેમ એ રીતે દેવા, જે ચહે છે તેનો તે પ્રેમ સ્વીકારે છે. ને તેને સાટે પ્રાણતુલ્ય પ્રિય ધારે છે. પોતાનુ વચન છે.

"प्रियो हि ज्ञानिनोऽत्यर्थ महं स च मम प्रियः" ज्ञानी त्वात्मैव मे मतम्"

એ રીતે જેમ **ગીતા**જીમાં **અર્જુન** આગળ કહે છે. તેમજ **ભાગવત**થી જણાય છે કે "તમારો રૂણીજ રહીશ" ને ભોળા ગોવાળીયા સાથે તો.

પદ—"શ્રીયમુના તીરે, મળી મંડળી ધીરે, ગોઠ કરી, મોદધરી, શ્યામ શરીરે. ટેક.
ગ્વાલ બાલ નંદલાલ સંગે, બેઠા ગોળાકાર,
મધ્ય બિન્દુ શોભે મનમોહન, સૌના પ્રાણાધાર. શ્રીયમુનાતીરે.
શિકલીયો કાંધેથી ઉતારી, મુકી પદની પાસ;
સહુ સહુનું ખાવાનું ખોલે, ઉર આણી ઉલ્લાસ. ”
દધ્યોદન ભાખરી પૂરીઓ, ખીચડી તળેલ દાળ;
શાક અથાણાં વિધ વિધ વાનાં, સૌનાં બન્યાં રસાળ. ”
પુષ્પ પત્ર પલ્લવનાં પાત્રો, લાવ્યા હાથો હાથ,
અરસપરસ અરપે પ્રીતિથી બેઠા સરવે સાથ. ”
ચાખી ચખાડે ખાઇ ખવાડે, વખાણ કરતા જાય;
સો સ્નેહે સેવે શ્રીવરને, ઠઠ્ઠા ગમ્મત થાય. ”

શ્રી શુકદેવજી મહારાજ આ વખતનું શ્રીહરીનું ધ્યાન કરી કહે છે કે આ મૂળે કોણ છે! ને અહીં કેવા થઇ શું કહે છે! ને એથી શું ઠરે છે!

જે પ્રત્યક્ષ તે વખત દીઠા તે તો મનોહર વેશમાં મીઠા, પણ વેશે તો ગોવાળજ.

"बिभ्रद्वेणुं जठर पटयोः शृंग वेत्रे च कक्षे
वामे पाणौ मसृण कवलं तत्फलान्यंगुलीषु
तिष्ठन्मध्ये स्वपरि सुहृदो हासयन्नर्मभिः स्वैः
स्वर्गे लोके मिषतिबु भुजे यज्ञभुग्बालकेलिः"

દેવના લોકમાં મહાન શુચી સ્થાન શુચી દ્રવ્ય, શુચી ક્રીયા, શુચી કર્ત્તા, શુચી વિચારથી કરે, ત્યારે જેમાં લાખોની સામગ્રી અર્પાય, તેવા યજ્ઞોમાં પ્રકટ પણ થાય નહિ, પોતાના દૂત અગ્નિદ્વારા તે આહુતીયો ગ્રહણ કરે છે. ને કદી પ્રકટ થાય તો તે દેવાના અધિપને છાજતા સ્વરૂપ રૂપ વૈભવ વેશ આયુધ ભૂષણના ઠાઠ સાથે, તેજ અહીં બાળકસાથે બાળ, તે ગ્વાલજ વેશ, મુરલીને ફેટેજ ખોશી, શીંગડુ,ને તરૂ તે ખભે, એમ ગામડીયાનાં આયુધ ભૂષણ અંગીકાર કરી, તેમની રીતિએ હાથમાંજ ખાવું, તે તેમનો ખુરાક, ને પાછો પ્રીતિને આનંદપૂર્વક, તે-

મની ભોળી વાતો ને ટોળામાં મોજ માણતા, ને તેમને આનંદ દેતા, બીરાજમાન રહીને સૌના મધ્યમાં સુહૃદ, સમાન મીત્ર થઇને, દેવો સાથે તેમના ઠાઠને યોગ્ય, ને મનુષ્ય તેમાં તેવા; પણ બાળ, તેમાં પણ ગ્વાલ, તે પણ પ્રત્યેક સાથે—

" છે સહુના હરી " જુવે નહિ નાતી જાતીરે "

યુવાવસ્થાવાળી ગોપાયોએ—

" અવળાં આભરણ અંગે ધર્યાં, ને અવળાં પહેર્યાં ચીરજો.
ચંચલ થઇને ચાલી તારૂણી, ના રહી ધારણ ધીર.
વ્હાલેકુંજ ભુવનમાં વેણુનાદ કર્યો.

જો કે ઘેરથી તો તે સૌ " **अन्योन्यमलक्षिता:** "

છાની એક બીજી થકી, ઝટધાઈ ધરી ઉર આશજો;
અલબેલા ઉભા જહાં, મનના મોહન સુખ રાશ.
સુંદર શરદપુનમની રાત્રી સુખદ સોહામણી.

પણ બહુજ ગોપીયો ત્યાં ભેગી થઇ ગઈ, ત્યારે **હરી** એક ને ગોપીયો અનેક, સૌજ રૂપ, વય, વેશ આવડમાં સરખી નજ હોય, પણ સરખા પ્રેમથી અને સરખી આશથી આવી તો પોતે પણ.—

આર્તિ જોઇ વ્રજનારની, ઝટ રીઝયા સુંદરસ્યામ જો;
હસી મીઠી દ્રષ્ટી કરી, પુરી સહુની મન કામ. સુંદર૦
છેવટ—બાહુથી બાહુ બીડી, થઈ ગોપી ગોળાકાર જો;
બે બે ગોપીના વચ્ચે પ્રકટી રહ્યા જગદાધાર. સુંદર૦

બલકે છેલ્લે એક એક ગોપીની સાથે એકેક રૂપે પ્રકટયું, એટલે અમે અનેક હોઇને તે એકનો એક સાથે સર્વવિધ બંધુ થઇ. સમાન અનુભવ શી રીતે આપી સકશે એ શંકા પણ ન રહીને દર્યું કે—" **છે સહુના હરી.** "

" જુવે નહિ નાતી જાતી " તે **રામાવતારમાં** પોતાનેજ પ્રભુપતિ માનનારી પ્રિય પ્રજાને પરિણામે—

" સ્થાવર જંગમ **શ્રી**રાઘવને, જોતાં તેવાં મ્હોતારે;
સંગે થાતાં અતિ ઉમંગે, કષ્ટ કલેશ ઝટ ખોતાં રે.

દોહો—સૂની બની, અવધ બધી, કોઇજ લેતું શ્વાસ;
જંતુ પણ જ્ઞાની બની, આવ્યાં રાઘવ પાસ.

ચોપાયા—અર્ધો યોજન આવ્યા પશ્ચિમ સુખે રઘુવર રાય;
સરયૂ ગંગા વહેતી હર્ષે, ત્યાં ઠેર્યાં શુચિ કાય.
પ્રજા સમસ્તે આવી પહોંચી, સરયૂ તીરે જ્યારે;
દીવ્ય વિમાનોથી ઉભરાઇ ગયું સઘળું નભ ત્યારે.

એ વખતના ભૂ પરના ને ઉપરના ઉત્માહનું શું કહેવું ? સૌને એકજ જ્ઞાન, એકજ ભાન, **શ્રીરામ** સ્વામીમાં ગુલતાન હતાં. જેના પરિણામે **मुक्ति: कीटपतगानाम्** " એમ સૌની મુક્તિ થઇ ગઈ, ને એ કથા " મોક્ષ ઘાટ " ના નિશાન પૂર્વક કાયમ રહી ગઈ કે—" **છે સહુના હરી** " બલકે એજ નામને પ્રભાવે પણ કાશીપુરીમાં.—

" महामंत्र तो जपत महेशु, काशी मुक्ति हेतु उपदेशु "

જેને કાનમાં અંત **શ્રી** વિશ્વનાથ, રામમંત્ર શ્રવણ કરાવે છે તે પણ તરી જાય છે. એ રીતે " **જુવે નહિ નાતીજાતીરે.** " **છે સહુના હરી.** "

છેવટે એ સત્ય ખરૂંજ કે ચહે તેને, મહાત્મ્ય લહે તેને. એટલે સત્ય એકજ છે કે—" અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે " ને તેમ ન કરે તેને તે ફળે ન મળે એટલે—

પદ. " ઝીંઝોટી. "

લાગ **હરી** દે સરખો પણ લે લાભ તેજ સદ્‌ભાગી રે,
પુંઠે દિલ દાઝે છે, જે તક ચૂકે છે, દુરભાગી રે. લાગ.
બ્રહ્માને ને મધુકૈટભને, ઇશે દર્શન દીધું રે,
એકે અમરપણું, ને અવરે મૃત્યુ, માગી લીધું રે. લાગ.
શ્રી પ્રલ્હાદદ્વારા પિતુને, બાળોને બોધ અપાવ્યો રે,
બાળ સદ્રશ પણ અસુર પાપી નવ સમજ્યો દેહ ગુમાવ્યો રે. "
વિભીષણથી ઉપદેશ વધુ, **રાવણ**ને વિવિધ અપાવ્યો રે,
હનુમાન અંગદ **સુગ્રીવ સીતાજી**થી પણ નવ ફાવ્યો રે. "
મીરાંના પરચાને દેખી, રાણે ઝેરજ દીધું રે,
રહી **તુકા**ની નાર અભાગી, જગને પાવન કીધું રે. "
દ્રષ્ટાન્તો કેટલા ગણાવું, જહાં જુવો ત્યાં જડશે રે,
અનુ રીત તું સુધાર નહિ તો, પછી વિમાસણ પડશે રે. "

એની તરફની ગોઠવણમાં, તેમાં પણ આ " ભજન " ઉપાયમાં ને ભાવના પ્રભાવમાં, જીવને મન સૌને તેણે દીધાં છે. અમારે તેનો ઉપયોગ કરવો જોઇએ. કરે તો તે સૌજ અનુભવથી જાણે, માણે, પ્રમાણે કે, " **છે સહુના હરી, જુવે નહિ નાતી જાતીરે.** "

જે મુખ્ય ઉપાય ભજવું તે માટે—" **ગરબી.** "

છૂટ છે છૂટ છે છૂટ છે રે, પ્રભુ ભજનની સહુ વિધ છૂટ છે,
સ્નાન દાન વસ્તુને વિધિની, કશીએ ના કડાકૂટ છે રે. પ્રભુ.
રાગ તાલ સુર વિના ન અટકે, નામની કરવી લૂટ છે રે. "
તાંતે તારે જીભ બાંધી ન સાંધી, ન છૂટશે કે નવ તૂટશે રે. "
વધુ હાલેથી હેવા પડતાં, આપોપી પછી ઉઠશે રે. "

જેમ મહેતાજીએ કહ્યું—" મને **હરી** ભજવાની ટેવ પડી, મ્હારો નાથ ન વિસરે એક ઘડી. "

" વિંધ્યું મન પાછું નહિ વળશે, શ્રી હરજી શું પ્રીત જડી,
" ગાઇ ગાઈ થઇ ગઈ કૃતારથ, નરસહીઆની જીભલડી. મને હરી. "
ઘણા વર્ષના ઘણાં રોગના, ઔષધના એ છૂટ છે રે. પ્રભુ૦

" रामनामकी औषधी खरे मीठमें खाय;
बाको यम पूछे नहिं, महा रोग मीट जाय "
भर्जनं भवबीजा नामर्जनं सुख संपदाम् ।
तर्जनं यमदूतानां रामरामेति गर्जनं ॥

श्रीराम रामेति जना ये जपंति च सर्वदा ।
तेषां भुक्तिश्च मुक्तिश्च भविष्यति न संशयः ॥

એ પ્રમાણે પ્રમાણો છે તેમ પ્રબળ જગ વિદિત દ્રષ્ટાન્તે—

" મરાં મરાં કહેતે મુનીશ વાલ્મીક ભયે, રામ રામ કહેતે ન જાને કૌન પદ હૈ "

ગરબી આલુ—પ્રચંડ પાપ શું આડાં આવે, એ છરીથી બંધ તૂટશેરે. પ્રભુ.
રૂઠશે નહિ કરે તો જ **અનુ**પતિ, ફરશે તેપર ત્રુટશેરે. પ્રભુ.

કહ્યું છે કે—

के शवाः पुरुषा लोके येषां हृदि न केशव ।
केशवार्पितचित्तानां नशावा न पुनर्भवः ॥

કોણ " શવ " જગતમાં? જેના હૃદયમાં કેશવ નથી. કેશવમાં મન અરપે તે ન શવ, ન તેને ફરી ભવ. બહુ બોલે છે. **अपवित्रः पवित्रोवा, सर्वावस्थां गतोपिवा यस्म- रेत् पुंडरीकाक्षं सबाह्याभ्यंतरः शुचि** " એટલે સિદ્ધ થયેલ છે કે, જે ભજે તે શુચી, જે કરે તે તરે તેમાં " જુવે નહિ નાતી જાતીરે, છે સહુના હરી. **અનુ** ભજે ભાવે, તેજ ખરે ફાવે, પોતે ઠરાવે સ્વજ્ઞાતીરે, છે સહુના હરી. " તે જ બાહેર ભીતર શુચી—એમાં મુદ્દો " ભજે ની સાથે ભાવે " બસ એજ મોટી વાત છે—

" **भक्त्या लभ्यास्त्वनन्यया** " એમ અનન્ય ભક્તિથી જ તે લભ્ય છે. એ શ્રુતિ, સ્મૃતિ, ઇતિહાસ પુરાણનો નિર્ણય છે. તે દર્શીત કરવાને.

एष मे सर्व धर्माणां धर्मोधिक तमो मतः ।
यद्भक्तया पुंडरीकाक्षं स्तवैरर्चेन्नरः सदा ॥

" એજ સર્વ ધર્મોમાં અધિકતમ મેં ધર્મ માન્યો છે. "

" ભાવવડે પુંડરીકાક્ષનું નર સદા અર્ચન કરે તે સ્તવનરૂપે "

આ પ્રમાણે ભક્તિપૂર્વક સ્તવન એ જ ઉત્તમ ધર્મ શ્રી **ભીષ્મ**પિતામહે હજારો મહર્ષી વચમાં **શ્રીહરી** સંનિધ સ્વમતપૂર્વક સમજાવેલ છે. તેમાં અધિકારી માટે " નર " એટલે કોઇ પણ દેહધારી-શબ્દ છે. કારણ એજ કે-" **જુવે નહિ નાતિજાતિરે, છે સહુના હરી** " મુદ્દોજ એ કે " **અનુ** ભજે ભાવે, તેજ ખરે ફાવે, પોતે ઠરાવે સ્વજ્ઞાતિ રે. "

આગલા યુગમાં " શબરીનાં બોર " તો એઠાં ખાધાં ગવાયાં તે તે અવતારની વાત છે, પણ અર્વાંના પર્ચાંમાં પણ વિશ્વવિદિત વાત છે કે—" **केसो करमान, भात पायो जगंनाथ** " એજ રીતે **શ્રી** ગોવર્ધનનાથનો યવન ભક્ત, તેમ બહુ દીવ્ય ધામમાં ઠામ ઠામ તેવાં, કબીર રોહીદાસ જેવાં દ્રષ્ટાન્ત વ્હાવાં ગવાય છે એટલે તેમાં મુદ્દો " વ્હાલ " પ્રેમનો છે.

ગરબી. " સમજી ગઇ છું " એ રાગ.

વ્હાલો વ્હાલ વડે વહેલા વહેલા વશ થાય છે રે.
જગના રાય છે રે. પણ વ્હાલો વ્હાલવડે. ટેક.
પટ્ટ ભાગ પણ ખુદ ન સ્વીકારે, તે મહી માખણ માગે પ્યારે;
નાચ નચાવે તો નાચે વ્રજરાય છે રે. વ્હાલો.

સ્વામીપણે ન સુરને મળતા, જ્ઞાની માની રહે ટળવળતા,
તે રાખા રીઝવવા ઢોલે વાય છે રે. વ્હાલો.
વેદ ઋષિ સ્તુતિ કરીને થાકે, ઉત્તર પ્રકટ ન પોતે ભાખે;
તે ગણિના રવ સુણી તે ભણી ધાય છે રે, વ્હાલો.
કલીમાંતો એથી પણ સાદા, સ્ત્રી શુદ્રાદિને પણ લાધ્યા;
ભક્તમાળ અનુ પરચાથી ઉભરાય છે રે. વ્હાલો.

ને ઠરાવ થાય છે કે "**જુવે નહિ નાતિજાતી રે, છે સહુના હરી.**"

न शूद्रा भगवद्भक्ता विप्रा भागवताः स्मृताः ।
सर्व वर्णेषु ते शूद्रा ये ह्यभक्ता जनार्दने ।

ભગવદ્ ભક્ત શૂદ્ર નહિ, વિપ્ર છે. સર્વ વર્ણમાં તેજ શૂદ્ર છે. જે અભક્ત જનાર્દનમાં છે. **મહેતાજી** કહે છે—

"હરીકીર્તન વિના સદા નર સુતકી" તુકારામ બાવા કહે છે—

"**अभक्त ब्राह्मण जळो त्याचे, तोंड, कायत्याचीरांड प्रसवली**"

તુલસી— "ચતુરાઇ ચૂલે પડો, ભાંડે પડો આચાર,
"તુલસી હરીકે ભજન બિન, ચારૂ વર્ણ ચમાર"

કારણ—કાગ ભુશંડીના પણ પ્યારા તે શ્રીરામ જે "જુવે નહિ નાતિ જાતિ રે, છે સહુના હરી" એપર દ્રષ્ટાન્ત **ચોખામેળાનું** અહીં આપ્યું છે.

ચોખામેળાનું આખ્યાન.

પદ.

જુવે નહિ નાતી જાતિ રે, છે સહુના હરી,
અનુ ભજે ભાવે, તેજ ખરે ફાવે, પોતે ઠરાવે સ્વજ્ઞાતી રે, છે સહુના હરી.

પદ ભેરવી.

ચોખામેળા નામ, અંત્યજ **ચોખામેળા** નામ,
પંઢરપુરમાં ધામ, અંત્યજ **ચોખામેળા** નામ;
ભાવિક ભક્ત, વિરક્ત સરલચિત, માહીત આખું ગામ, અંત્યજ
ભજન સ્મરણ વંદન કીર્તન પ્રિય, એ વિણ ન કરે કામ. ,,
તન ધન જનપર મોહ ન જરીએ, તુચ્છજ ગણે તમામ. ,,
અતિ દીન આતુર ઉર રહેતું, શે સ્વીકારશે શ્યામ. ,,
પતિત પાવનતણા બીરદની, બની રહે ઉર હામ. ,,

પણ પોતાને યથાર્થ પતિત સમજતા હતા તેમાં દેહથી ખાસ. બીજી બાબતો ભક્તને છાજતી પણ "કાયા" થી કાચા થયા હતા, કારણ તેને સેવાદિનો અધિકારજ નહોતો એટલે પોતાનો અધિકાર હતો તે જગા પસંદ કરી—

મંદર ભ્હાર બેશીને ભજતા, ભાવે આઠું જામ. અંત્યજ.
અંદર કદી નથી જઇ શકતા, ધર્યાંજ કરતા ધ્યાન. ,,

એ ઉપરથી હાની, પણ ભીતરથી ભારે લાભ, મોહનની મૂર્તિ મંગળમય દીવ્યજ તે માનતા, ને એ ઉરે આણુતા, રૂબરૂ દેખે તો કદી કાળી પથ્થરની પણ લેખે. વળી અતૃપ્તી રહેવાથી આંખથી નહિ સરે માની મનથીજ કામ કરવું પડતું. એટલે કાયીક કરતાં માનસિક, નિરૂપદ્રવે વધુ સારૂં થતું હતું. "**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु**" એ ચારે લક્ષણુ આવ્યાં હતાં. તેનામાંજ "મન" કારણુ ભક્ત હતાજ તે ત્યાં બેઠા. ગાનથી, ધ્યાનથી યજન કરતા ને તે અપૂર્વજ લાગતું એટલે "નમ્યા" કરતા. શ્લોકાર્ધ પૂર્વાર્ધ બરાબર તેમનામાં હતું. ચેતન કૃત્ય **શ્રી**હરીએ ઠરાવ્યું છે ને આવ્યું છે, તો ઉત્તરાર્ધ્ધ "મ્હારામાં મનને મારો પરાયણુ મનેજ પામીશ" એ કેમ નહિ થાયે ! બીતર તો થવા માંડયું હતું. કારણુ ત્યાં તો પ્રભુ જન્મ સાથે હતાજ. તે—

"ઉરે આવતા અંતરજામી, પુરા પૂરણુ કામ" અંત્યજ. તેનું પારખું શું ?
એ આનંદ અનુભવી બનતા, પ્રેમ મગ્ન ગુલતાન. અંત્યજ.

તેથી પોતે બીજાને "પોઇશ" કહેવું ચૂકી જતા, કોઈ અડી જતા, ઘડી લઠી વઠી જતા, પણુ પોતે ત્યાંથી નહોતા ખસતા. પરંતુ એક વેળા—

દોહરો—મુખ્ય પુજારી મદ ભર્યો, લહી ન ભક્તનો ભેદ;
વૈશ્નવને વઢીને વધો, વૃથા વચન કરી ખેદ.

પદ. "ભેરવી" આજ રંગમાં રસિલી—એઢાળ.

"અલ્યા ઢેડા અહીં શું નિત આવ્યાં કરે, વૃથા વખત શું ગુમાવ્યાં કરે !
વૃથાકેમ ! "વિઠ્ઠલ ઉભા મહી કહીં ના કહીં, કોને આ લટકાં બતાવ્યાં કરે ! અલ્યા.
કાગારોળ વચ્ચે છે કેટલો ? કીર્તન કોને સુણાવ્યાં કરે ! અલ્યા.
કયાં છે કોણુ તું એ નવ જાણે, માથું કોને નમાવ્યાં કરે ! ,,
હોત પ્રીત તો મળત આવીને, ખોટી આશ ઉર લાવ્યાં કરે. ,,
આ દેહેતો દિવસ નહીં વળે, ખાલી તન શીદ તાવ્યાં કરે. અલ્યા.
ના અહીં આવીશ નહિ કદી ફાવીશ, જનોને નિત અભડાવ્યાં કરે. અલ્યા.

"તને લાભ નથી થયો, નથી થવાનો, જનોને હાની છે. માટે ઠરાવ આપું છું" એમ કહ્યું પણુ તે મંજુર ઝટ ન રહ્યું. તેનાપર "રિવ્યુ" ફરી વિચારમાં લેવા અરજી થઈ. કારણુ તે માલીકના કાયદાથી સુજ્ઞાત હતો.

પદ "ન દીલ લ્યો દોષ" એરાગ.

વઘો ઉત્તર એ ભક્ત સુજાણુ, અનુભવથી આનંદે રહેતો, કયાંથી અજાણુ. વઘો.
ક્યહાં ચંદ્ર નભ માંહે ઉગે, ને કયાં ચકોરનું સ્થાન;
ક્યહાં ભાનું ને કમળ તેમ એ, લહું એની હું લ્હાણુ. વઘો.
(પોતાનો અધિકાર માનસિક, બ્યાપારથી સ્થાપન કર્યો તે સુદઢ કરે છે)
પ્રિત વિનાનું પાસે વસવું ઉલટી કરાવે હાણુ; (જેમ પુજારી મદ ભર્યાં મૂઢ રહે છે)
દૂર છતાં મુજ ઉર તુષ્ટ છે, એનો હું, એ મુજ પ્રાણુ. વઘો.
અંતરજામી રહ્યુમાં વસતા, સઘળે સહુના જાણુ;
આશ અને વિશ્વાસ મને છે, કરશે અંત કલ્યાણુ. વઘો.

(પણ સત્તા આગળ શાણપણું ક્યાં ચાલે! હુકમ ફરી એજ થયો. ત્યારે ભકતે કાંક પોતાનોજ વાંક થયો એ લહ્યું. ને તેથી સ્વામીએજ એ પુજારીને પ્રેરી પોતાને કઢાવ્યો એમ કબૂલ્યું. એથી અતિ દુઃખ થયું. પુજારીની પરવા તેને નહોતી. પણ તેમ નથી. માનતો હતો કે પોતાપર પ્રિયતમની પ્રિત છે. તે એકતરફી માન્યતા હતી. મંદિરમાંથી કાંઇ વિશેષ ન્હોતું જણાયું. જે જણાયું તે આજે આ તિરસ્કાર! હવે ત્યાં ગયા વિના રહ્યું સહ્યું નહિ જાય, ને ત્યાં તેની સત્તા છે તે ચહ્યુંએ નહિ થાય! સ્વામીએ કેમ મ્હાવો કોપ કર્યો! મ્હારા અધિકારથીએ ટાળ્યો! એ માટે એ રાતે તે બહુ કષ્ટ પામ્યા—રોયા. અંતે—

પદ. " એસી ચતુરનાર " એ રાગ.

સ્તવી શ્રીનિવાસ, બની રાખી આશ, વિશ્વાસ વિશે ન કરી કચાશ,
રાતે ઘેર સૂતા જઈ ભક્ત મહા ભારે. સ્તવી.
ત્યાં પુંડરીનાથ, પહોચ્યા સાક્ષાત, ઉંઠાડી સ્વજનથી ઉચર્યાં વાત;
ભલા ભાત ચાલ્ય હાલ તું મ્હારી હારે. સ્તવી.

(ભકતના સ્થિતિનું શું વિચારીએ! શું એ દર્શન! સ્પર્શનાવચન! પોતે કોણ! કેવો! ક્યાં પડયો છે! તેની સાથે " બોડાણાને જગાડયો તેથી પણ વધુ વાત. તેને ઘેર જાતે જઇ વગર વેલે તેડવા ગયા. પછી કહ્યા વિના કેમ ચાલે કે " **જુવેનહી નાતિ જાતિરે, છે સહુના હરી** "

પોતે કહ્યું—મ્હારૂં મંદર સુંદર, દેખાડું બધું અંદર, એમ કહી ગ્રહી કર;
ચાલ્યા ચતુર, શ્રીવર, જાણે નવ કોઇ નર. તેવા પહોચ્યા સ્વ ગભારે. સ્તવી.
આવી ઉભા સ્થાન, કરૂણાનિધાન, પાસ ઉભો ભક્ત નવાઈ મહાન;
ક્યાંથી લાવ્યા કેમ મને હા પ્રાણઆધારે. સ્તવી.
ભરે નયન નીર, રહે ઉર ન ધીર, વદ્યા ત્યાંતો વ્હાલે યદુવીર;
પ્રેમે બની અધીર, ઘણા સ્પષ્ટ ઉચ્ચારે. સ્તવી.

રાગ પરજ પદ.

ભલા ભક્ત ભલે અહીં આવ્યો. ટેક.
વૃથા કરે અટકાવ મૂઢ જન, છે મ્હારે મન ભાવ્યો. ભલા ભક્ત
નામા સાથે જમ્યો તદા તું, હતો યાદ મુજને આવ્યો. ભલા ભક્ત.

શ્રી પાંડુરંગના પરચા અનેક છે. **નામદેવ** દરજી કહેવાયા છતાં સેંકડો બ્રાહ્મણ વચમાં તેમની સાથે **શ્રીહરી** જમ્યા હતા ને તેથી જ બની ગયું કે—" **જુવે નહિ નાતી જાતી રે. છે સહુના** " અર્ચા, મૂર્તિ, પણ અવતાર છે. તેનાં પણ ચરિત્ર દીવ્ય છે. તેના અનન્ય ભક્ત–વીરલ. તોપણ થયાં જ કરે છે. તેમાં જ્યાં નોંધ રાખવાની રીત ત્યાં વધુ પ્રસિદ્ધીમાં આવે. તેવી નોંધ **શ્રી** વિઠુબાની, ચતુર મહારાષ્ટ્રીએ બહુ રાખી છે એટલે તેમના પરચા ઘણા પ્રસિદ્ધ છે. જેમનો એક આ ચાલે છે. પાંડુરંગ પોતે સહુને અંકે ભેટે છે. એજ એમ ઠરાવવા કે—" **છે સહુના હરી** " **દ્વારકાના** વાસી તે પોતે રાણીયો સાથે ત્યાં પણ સદા બીરાજે છે તે એજ ઠરાવવા કે—" **છે સહુના હરી** " **શ્રી** ડાકોરમાં ગુજરાતમાં મધ્યમાં **બોડાણા** નિમિત્તે વસીને " છે સહુના હરી " ઠર્યા. તેમાં પણ મજા એકે ભલે બ્રાહ્મણો અમારાજ કહે પણ જ્યારે એક જગેથી બીજી જગે નવા મંદિરમાં પધરાવવા હતા ત્યારે **બો-**

ડાણાનો વંશજ ગરીબડો રજપૂત આવ્યો ને અડયો ત્યારેજ તે સ્થાનથી ઉઠ્યા. ભલ ભલા ભૂંડા પડ્યા. ને કહેવુંજ કબૂલ કરવુંજ પડ્યું કે " **જુવે નહિ નાતી જાતિરે** " ભગવાને " **स्वागतं वो महाभागाः** " એવું ગોપીયોને બંસીની ટેરથી પ્રેરીને પોતાના અભિમત સ્થાનમાં તેડીને કહ્યું હતું તો, **ચો**ખામેળાને તો પોતે જાતે અચિન્ત્ય શક્તિથી મંદિરમાં લાવી ઉભાડીને પણ ઉપરાંતે વધુ કહે છે.

" ભલા ભક્ત ભલે અહીં આવ્યો " આવ્યો ક્યાં છે ! પોતે કબૂલે છે.
" આતુર ઉર ત્હારૂં વરતીને, વચન ઉપર તેડી લાવ્યો. " ભલાભક્ત.
સાચું વધ્યો તું છે મુજ પાસે, જને ભલે બ્હાર ટકાવ્યો. ભલા ભક્ત.
ભક્ત કહે શું ? હર્ષાશ્રુ વહે ! પ્રેમ ઉભરો ઉભરી આવ્યો. ,,
માંડ વધ્યા પ્રિય પ્રાણ શું કહું ! તૃણને મેરૂજ ઠરાવ્યો. ,,

ભક્તને અભક્ત વિઘ્ન કરે એથી ઉલટો લાભ થાય " હરકતમાં બરકત " **હી**રણ્યે પ્રલ્હાદજીને બહુ કનડયા તે તો પુરા બાર માસે નહિ. તે કનડગતે તેના મનથી હતી. ભક્ત તો હરી ભરોંસે નિશ્ચિંત હતા; તોપણ ઘણી ગરબડો કરી તો ઉલટો સાક્ષાત્કાર થયો. રૂબરૂ વરદાન મળ્યાં, દીલાસા, ને તે ઉપર ચક્રવર્તિપણું પ્રાપ્ત થયું. તેમજ ધ્રુવને માતાનું હીણું ને મહેતાજીને ભાભીનું મ્હેણુંજ ફળ્યું. તેમજ અહીં પુજારીનું મ્હેણું ફળ્યું. " વિઠ્ઠલને ક્યાં દીઠા છે ? તે કેવા છે ? આ જન્મે નહિ દેખે " તે વચનપર ભક્તની વાણી ખરી ઠરાવવા ભાગવતમાં વાર વાર કહે છે કે " પ્રભુ પ્રકટે છે " તેમને જેમના મ્હેણાપર કર્યું હતું તેમને જણાવ્યું, કારણ તે બધા બ્હારનાજ ભાગમાં, તેમના મનથી માંહે કોઇ પેસી ન જાય તેની ચોકી કરવા સૂતા હતા. પણ માંહેનોજ ફૂટે ખૂટે ત્યાં શું કરવું ? પણ તે ઝટ કેમ મનાય ! માનવુંજ પડયું. કારણ પ્રભુને ચોરી નહોતી. તે ગાજતા **मेघ गंभीर या वाचा** કહે ગયા કે " ભલા ભક્ત ભલે અહિ આવ્યો. "

—પરજ ગજલ.—

સાંભળી વાતો થતી જ્યારે, વડા પુજારીએ, પ્રથમ કલ્પ્યું બોલે કોઇ બ્હારે, વડા પુજારીએ;
(પણ જ્યાં " વૃથા કરે અટકાવ મૂઢ જન તું મુજને છે મસ ભાવ્યો "
ભલા ભક્ત ભલે અહિં આવ્યો " એવું સાંભળ્યું ત્યારે.)
પછી સ્પષ્ટ સુણ્યું પ્રભુ અંદર વદે અંત્યતજ થકી, ન કળ્યુ આવ્યો કયાંથી આ દ્વારે, વડા પુજારીએ,
જાગતા અહિં સૂતા સરવે, બ્હાર છે પ્હેરા ખડા, દીધું છે તાળું વડે દ્વારે, વડા પુજારીએ,
વાત દ્હાડે કરી તેથી, શું તેડી લાવ્યા હરી ! સોચ્યું ઠીક થયું નહિ લગારે ! વડા પુજારીએ.
શું અભડાવ્યું ખાસ મંદરને અંદર સામન બધાં, અણગમો આણ્યો ઉરે ભારે, વડા પુજારીએ.
આબરૂ પોતાની હલકી કરે, ઈશ સ્વતંત્ર એ, શ્રુતિ શાસ્ત્રો—શોચ્યું, જખ મારે. વડા પુજારીએ.
ઢંગ પાંડુરંગના ન ગમ્યા જરી પણ શું કરે; ઉઠ્યા કોપી ભરાઈ ખારે, વડાપુજારીએ.
ઉઘાડયું મંદીર દીઠો અંદર ઉભો હા ! એજ છે; ઠલ્યું આ શું થયું વાહવારે વડાપુજારીએ.

(પ્રભુ તો તેની સાથે બોલતા નથી, એમ ઝટ બોલવાનાએ નથી બોલે એમ તેણે ચાહ્યું શું ? માન્યું પણ નથી તેમ આ કૃત્ય પ્રભુ મૂર્તિ તે શી રીતે કરે ? એ વિશે પણ " **संशयात्मा** " હોય જ તેથી " ચોખા ' ની ખટપટ જ કળી અને—

ગજલ " ધરસેં યહાં કોન " એરાગ.

પુછ્યું **ચો**ખાને અલ્યા કેમ તું કયાંથી આવ્યો ?

છે તાળાં બંધ છતાં કેમ! તું ક્યાંથી આવ્યો! (શું કપટ કર્યું!)
સ્વનાત ભાતનો વિચાર ના લગાર કર્યો; (કે આથી હાની થશે)
રાખ્યો નહીં જરીએ વ્હેમ, તું ક્યાંથી આવ્યો! (અમારૂં તો વિચાર!)
રાખી વિશુદ્ધી અમે રાતદિન મથી મરીએ,
તેં બોલીને ચહ્યું ક્ષેમ, તું ક્યાંથી આવ્યો! (બસરૂં પાપ થયું)
તમામ ગામ ખાલી ધર્મ પાળીને વરતે; (તીસરૂં પાપ પૂર્ણ લાગ્યું)
ભલો ઝીલ્યો આ ત્હારો પ્રેમ! તું ક્યાંથી આવ્યો! (સૌ કચવાશે)

ગજલ " ભૈરવી "

વદ્યા ચોખા મેલા કરગરી, મ્હારો વાંક નથી;
કહે દ્વીજના ભયે થરથરી, મ્હારો વાંક નથી, ટેક.
સુતો હતો મ્હારે સ્થાને, આવ્યા ચાલી ત્યાં ભગવાને; ઉઠાડયો પોતે કરૂણા કરી. મ્હારો.
હોંશે મ્હારો હાથ ઝાલી, લાવ્યા સાથે સાથે ચાલી; દેખાડયું ધામ જાતે ફરી. મ્હારો.
પતીત હું સર્વ વાતે, કનિષ્ટ સહુથી જાતે; જાણું પણ તાતે છે કૃતિ કરી, મ્હારો.
ક્ષમા તમ સહુની ચાહું, કહો તો હું હાલ જાઉં; સાક્ષી મ્હારા છે ખુદ શ્રીહરી. મ્હારો.

ખરી હકિકત હતી ને તેથી સ્હમજવું હતું કે " **જુવે નહિં નાતિ ભાતિરે' છે સહુના હરી** " પરંતુ જગત જન એકદમ આહાવું મ્હોટું ભાગ્ય એવા અધમનું કેમ માનાં

વસંતતિલકા.

આવ્યા બહુ દ્વિજ તહીં અતિસેં અડાવ્યા, ત્યારે વિચાર મનના ન કરી જણાવ્યા;
શાને વૃથા સહુ તમે મુજને લઢો છો, સાચું કહીશ અઘટીત હઠે ચઢો છો.

દીંડી.

ઢેડ ને દ્વીજ ગંગામાં કરે સ્નાન, સૂર્યકીરણ અડે સર્વને સમાન,
વાયુ સ્પર્શે ભૂ સર્વને ઉપાડે, દૈવને અશૌચ નડે કયે દહાડે.
(મ્હેં **પાન્ડુરંગ**ને નથી અભડાવ્યા, તેણે મને પાવન કર્યો છે. કારણ તે સારૂંજ એ છે.)
આતો અશુચિને શુચિ કરી નાંખે, પાપીઓનાં પાપ એજ હરી નાંખે.
શાસ્ત્ર જુવો હજી ફરી નરી આંખે, છતાં કોપો તો દાસ ડરી સાંખે.
(બ્રાહ્મણો દલિલમાં થાક્યા " **शेषं कोपेन पूरयेत्** " એજ વાત આવી)

પદ " જા હઠ હઠ " એરાગ.

ચાલ બહાર, જા જા જા નિકળ ગમાર દ્વિજવર કોપી બોલ્યા. જા જા જા.
અમો પંડિતને તે શું શીખવીશ, નીચ; આચાર વિચાર. દ્વિજવર૦
બ્રાહ્મણ શાસ્ત્રી ખાસ પુજારી, થા તેની સ્હામું બોલનાર. દ્વિજવર૦
ગામમાં પણ જો હવે રહ્યો તો પડશે પથ્થરના માર. ,,
વસ પેલીગમ ભીમા ઉતરી, નવ આવીશ કોઇવાર.
પુરે જણાયો તો જાણુ પીટાયો, હાથે ન થઇશ હાડમાર. ,,

રેખતો.

પ્રભુ તો રહ્યા મૂર્તિરૂપ, હાલે ન ચાલે દિસે ચૂપ;
દ્વિજો મંડ્યા બધા સાથે, થયો લાચાર તે જાતે.

નમી સહુને તુરત ચાલ્યો, હુકમ દ્વિજનો તુરત પાળ્યો;
આવી સ્ત્રી આગળે રોયો, નગરનો વાસ પણ ખોયો.
હરીએ કરી નહીં સ્હાય, કોપ્યા ધણીને ઘર મ્હાંય;
ચાલો પેલે તીર જઈ વસીએ, મારે ન દ્વિજે ત્હાં ખશીએ.
ઉચાળા ઉપાડી સ્ત્રી સાથે, નદી ઉતર્યાં દુઃખી થાતે,
સ્હાંમે કાંઠે તરૂ છાયે, બાંધ્યુ ઝુંપડું ખૂણા માંહે.
મંદિર સ્હામું રાખ્યું દ્વાર, કરી દીપમાળ ઘર બ્હાર;
મુંકે મહીં દીપની હાર, સાંઝે સ્તવે ત્યાંથી લાચાર.
હજી પણ ત્યાં નીશાની છે, ઉભી દીપમાળ નાની છે,
યાત્રીને જણાય છે નજરે, ત્યાં પોતે નિત્ય ભજન કરે.

શિખરીણી.

દીઠેલા છે જાતે, ક્ષણ પણ પછી કેમ વિસરે; દુઃખી દા'ડા રાતે, ઘડિ ઘડિ દુમો ચિત્ત ઉભરે.
મને છોડી કીધા, જગત પતિ છેક અળગો, જીવું શાને ઝાઝુ ? તનઘર બધું સંગ સળગો.

પદ ભેરવી.

હવે તો પ્યારા આવ આવરે આવ. ટેક.
તાપે તાવી આશ ઉપજાવી, સમજાવી શું સતાવ. હવેતો.
અવર ભૂલાવી મુખ ન બતાવી, પાસ કેમ તરસાવ. ,,
ભાળ લાગી ત્યાં ત્યાં ભટકીને, થાકી ગયો છઉં સાવ. હવેતો.
અહીં મળશે નહિં દુઃખ ટળશે, ખોટા ઠરે મનોભાવ. ,,
આતું આતું એમ જણાતું, થાતું ન ઉર ગરકાવ. ,,
કદાએ કહીએ ભેટી શકે નહીં, હા ! એ પણ ના જણાય. ,,
થાકી માગુ અનુ પુંઠે શું લાગું, આવ કાં સાવ ભૂલાવ. ,,

એ રીતે અમે અમારૂં દુઃખ રોયું છે તેવું તે રોતાજ રહ્યા.

ગજલ. "દયા આ દીનના" ભેરવી.

માર માર માર ભલે, કરીશ શું વધુ ખવાર. મારમાર.
માર મારતો થાઉં છઉંજ છે, તું તો ખુદ સંહારનાર. ,,
જનમનો રોગી, દુઃખનો ભોગી, નવું શું છે બીજું થનાર, ,,
મ્હારી કૃતિથી તો કરી મ્હેં ઇતિ છે, ત્હારો ધાર્યો હતો આધાર. ,,
ન ખાવા પિવા દે સુખે સુવાદે, કશું ન ગમાડી લગાર. ,,
જોતો જાતો છાનો, કરાવે તોફાનો, શાન્તિ હરી કરી લાચાર. ,,
મજાઓ સુણાવી, એકે ન અપાવી, રખાવીને ઉમેદવાર. ,,
ઉર પીગળાવી નયનમાં લાવી વહાવ્યાં જાય બેઉએ ધાર. ,,
ન સહેથી રોવું, બાકી બેઠાં જોવું, છે તું ધાર્યુંજ કરનાર.
મ્હારે માટે જે છે, તેજ તું શું દે છે, તો આનંદ એ છેજ તૈયાર. ,,
"આવી ઉભા અહા ત્યાં અચ્યુત શ્રી અવિનાશી."
"જોતાં ઉઠી નમ્યા થઇ હરખીત એકદીને."

શ્રી નારદજીએ ભક્તિદેવીને કહ્યું છે—

त्वंतु भक्ति प्रिया तस्य सततं प्राणतोधिका ।
त्वयाहुतस्तु भगवान्याति नीचं गृहेष्वपि ॥

"હે ભક્તિ! તું તેની સતત પ્રાણાધિક પ્રિય છે, ત્હારા તેડાવ્યા ભગવાન નીચને ઘેર પણ ચાલ્યા જાય છે," તે પ્રત્યક્ષ થયું પણ જગતને જણાવવું પણ હતું. કારણ તોજ એ કહે છે કે-"**છે સહુના હરી**" તેથી—

એવો યોગ કર્યો કે—"વડો પુજારી એ કહીથી, ત્યાંથી જાતો હતો,
"દૂરથી દીઠું જોડી મળી ખચીત એક દિને;
"લપાઇ ઝાડ પુંઠે તે પણ આવી ઉભો,
"ચાલી બેઉ વચમાંહી વાત ચિત એક દિને.

ગરબી. "પુનમચાંદની" એ રાગ.

ચોખામેળાએ બેસાડયા પ્રિય પ્રાણુને રે, નીચે પાસે બેઠા આપ બની ગુલતાન,
માન દીધું માધવે વિચારે ક્ષણે ક્ષણ ધન્યએ રે, સેવા માંહે લાગ્યા ભૂલી પુરૂં ભાન.
ચોખામેળાએ બેસાડયા પ્રિય પ્રાણુને રે.

ચોખામેળાને દર્શન થયાં હતાં, પણ તેની સ્રી તેથી પણ ભાવિક હતી એટલે તેને દર્શન દેવાજ આ યોગ કર્યો. કારણ—"**છે સહુના હરી.**"

તે વિદુરજીની પત્નિની પેઠે સેવામાં ભાન ભૂલી ગઇ! તેમજ થાય!

સાખી— અર્ઘ પાદ્ય આસન દઇ, નારી લાવી થાળ,
ભાખરીયો ને દહી રૂડું, આરોગો ગોપાળ.

નારી પણ દેખી વિઠ્ઠલને વિવ્હળ થઇ રે, સરકી ગયું મહીંથી મહી ભરેલું પાત્ર,
પડયું પિતાંબર ઉપર પતિએ તવ ઠપકો દીધો રે, તેને વારી જમવા બેઠા જનકજમાત્ર;
ચોખામેળાએ બેસાડયા પ્રિય પ્રાણુને રે.

સાખી— ભાન ભૂલ્યા છે ભક્ત, તેવા શ્રી ભગવાન,
દ્વિજ દેખીને દૂરથી, કરતા કોપ મહાન.

આવી બેઠો ત્યાં તો ડાળી ઉપર કાગડો રે, ખાઇ લીંબોળી ફેંકી અડી હરીને અંગ,
ત્યારે ભક્ત વદ્યા ભુંડા ન ઓળખે નાથને રે, બેસ બીજી ડાળે જઇ જોતો જરી પ્રસંગ;
ચોખામેલાએ બેસાડયા પ્રિય પ્રાણુને રે.

પદ. "મ્હારા વ્હાલા વેંકટ." પીલુ બરવો.

કોપ્યા અતિ પુજારી દેખી આતે થાય કેવું રે, આતે થાય કેવું, હા હરી આ ખાય કેવું રે. ટેક.
ઢેડ ભુંડો શો લટકાં કરતો, મળી ઢેડડી તેવી; મ્હારાથી તો નથી સ્હેવાતું, કરી નીચતા કેવી. કોપ્યા.
ધશી આવી લપડાક લગાવી, એક ચોખાને ગાલે; અંતરધ્યાન થયા શ્રી વિઠ્ઠલ, તેજ સ્થળે તે કાળે.
અરે! દુષ્ટ હરીને વટલાવે! ત્હારૂં એઠું આપી; અહીં સુધી કરગરી બોલાવે, સુખીયાને સંતાપી.
લઠી ઝમડી પુજારી ન્હાયા, ભીમા તીરે આવી; ગયા મંદિરે તિલકાદિ કરી, પુરી રીશ ચઢાવી.
અમથી તો બોલતા ન કદીએ, ખાય ઢેડનું દોડી; બીજારૂપે પણ જગ ભૂપે, છે મર્યાદા છોડી.

પુજારીને પ્રભુપર પ્રેમ હતો તે વર્ણાશ્રમધર્મ ચાહતા હતા. એ પણ ઉત્તમ હતું. પણ આ ચોખામેળાનો અપવાદ, અનન્ય ભક્તિના મહાત્મ્યનોજ અવતાર તે તેઓ નહોતા જાણતા. તે તેનાજ પ્રભાવે જણાતું જાય છે. અજાણે પણ દર્શન થયાં લ્હાણુ ન લીધી પણ સાક્ષાત્કાર થઇ ગયો. મૂર્તિમાં પુરી શ્રદ્ધા થઇ. કાગારોળમાં ક્યાંથી સાંભળે? ઇત્યાદિ અજ્ઞાન ગયું. પણ હજી હરી અભડાય છે એ ભૂલ રહી ને મનથી માન્યું, કે મ્હારા વિઠુબા તો

મંદિરમાં છે. તે રૂપે ઢેડનું નથી જમ્યા તેથી તે નથી વટલ્યા. એટલે તેનો ભોગ પ્રસાદ જમવામાં વિરોધ નથી. પણ હરી તો એકજ છે. ને તે--

" છે સહુના હરી, જુવે નહીં નાતી જાતીરે છે સહુના હરી "

એ સુહૃદ પોતાના પુજારીને કરવા ચોખાનું પણ સંકટ હરવા જગતમાં અનન્યભક્તિનો પ્રભાવ પ્રકટ કરવા ઇત્યાદિ આમાં અનેક હેતુ છે.

કાલીંગડો.

શું આવી જુવે માંહીરે, તપ્યા છે વિપ્ર ભાઈ;
ઢેડનું દહીં પીતાંબર ઉપર, રહ્યું એમનું એમ છાઈરે શું આવી જુવે.
ગાલ સુઝયો છે ગોવિંદાનો, થાપડ પુજારીની ખાઈરે. ,,
અહા! આપ શું આજ રૂપથી, કરી આવ્યા છેક કમાઈરે. ,,
માર્યો મ્હેં ચોખાને તમાચો, તે એ પોતે ઝીલ્યો ચાહીને. ,,
એનું " ભોજન " મારે "મ્હારો" ખાધો, ભુડી એ થઇ ભાઇરે. ,,
મ્હારી જૂઠી—એની સાચી—ભક્તિ જણાઇ કમાઈરે. ,,
થયું થવાનું હવે કરૂં શું? ગયા મન માંહે મુંઝાઈ રે. ,,

સાખી. " પ્રાણથી પ્યારા " એ રાગ.

કોપ્યા હરી તે કેમ રીઝે હવે કહે સહુને દેખાડી, પરચો પેખી થથરી સહુ કહે ચાલો ભક્ત અગાડી;
એ આવીને દેવ રીઝાવે તો જ થશે રીશ ટાઢી, નહીં તો કેશવ કોપ્યાતો સહુનું મૂળ નાંખશે કાઢી.

પદ. " ત્હારૂં ભૂવન ધર સાચું રે " એ રાગ.

આવ્યા ચોખામેળા પાસેરે, પુજારી.
વિનવી અડી ક્ષમા માગીને, તુષ્ટ કર્યાં હરી દાસેરે. પુજારી.
લઇ આવ્યા શ્રીમત મંદિરમાં, સંગમાં સરવ ઉલ્લાસેરે. ,,
આવ્યા શ્રી મંદિરમાં નમતા, દીઠા સ્વજન શ્રીનિવાસેરે. ,,
પદે પડી ભેટયા કે તુરતજ, ગાલ સુઝેલો ન ભાસેરે. પુજારી.

(આગળ એકવાર મંદિરમાં પ્રભુજ તેડી લાવ્યા ને તે આવી ચૂકયા હતા. એટલે સ્વામીએજ શુચી કરી સ્વીકાર્યાં હતા તેવા થયા, તે પછી અંત્યજ કયાં રહ્યા? " રાજાએ માની રાણી છાણાં વીણતી આણી " કરી જગત માન દે છે તો સર્વેશ્વરે સ્વીકાર્યાં પુછું શું? સર્પને શયન માટે ને પંખીને વાહન માટે સ્વીકારેલ છે. તો આતો મનુષ્ય દેહ! વળી ધંધો તો તેમનો નીચ હતોજ નહિ. અવરથી સંસર્ગ પણ નહોતો. ને વિઠુબા તો પોતાના વ્હાલાને ભેરે છેજ. " પતિત પાવન " છેજ તેથી).

સહુએ સંત શ્રેષ્ટ સ્હમજીને, દીધા ત્યાં વસવા ખુલાસે રે. પુજારી.
અંત ખંતથી શ્રી પરમપદમાં, પહોંચ્યા સદા સારૂ પાસે રે. પુજારી.
અનંત તેથી જગે જીવે છે, એજ વિઠ્ઠલની આશે રે. ગુજારી.

કારણ—" છે સહુના હરી, જુવે નહિ જાતિ ભાતિરે, છે સહુના હરી. "
" **અનુ** ભજે ભાવે, તેજ ભવે ફાવે, પોતે ઠરાવે સ્વજાતી રે. "

ચોખા સાથે પણ જમ્યા, અહિંજ સ્વજાતીમાં લીધા, પોતાનો કીધો એટલે અંતર નથી રાખતા. ત્યારેજ અંત સિદ્ધ છે કે—

" છે સહુના હરી જુવે નહિ નાત જાત રે છે સહુના હરી. "

તેવો સૌ તેનો લાભ લ્યો. તથાસ્તુ.

॥ श्री हरिः ॥

श्री नृसिंहमहेताजीना पितानुं प्रभुए सारेलुं श्राद्ध.

——आख्यान——

પૂર્વરંગ.

પદ. " માથાના મુગટ " એ રાગ.

હરી ન વિસારે તેને હરી ન વિસારે રે, હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારે રે.
પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ, અનંત ઓળખી એનો રે,
ભજવા મન બીજે ન જવા દઈ, સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે. હરી.

હરીકથામાં હરીથીજ આરંભ ને તેથી હરીનું જ સ્મરણ થવું જોઇએ તેથી શું લાભ ? તે માટેજ પદ ને પ્રસંગ છે. " હરી (ને) ન વિસારે તેને હરી ન વિસારે રે " હરીને ન વિસારવા એટલે તેને સદા સંભારવા. તે શી રીતે ? " પરમ પ્રભાવ સ્વભાવ સુખદ શુચિ " એને જાણી એ જે કૃતિ આકૃતિથી જાણવામાં આવ્યો હોય તે રૂપ ગુણને ઊરે આણી એમાંથી આપણે માટે ઉચિત હોય તે કહેવાથી સ્મરણ બન્યું રહે એ રીતે.

" ભજવા મન બીજે ન જવા દઈ સુજ્ઞ સહમજે છે એ છે સારે આ સંસારે રે. "

કેમ ! સંસારમાં એજ સાર છે એમ કેમ કહેવાય ! પ્રત્યક્ષ અનેક અર્થો છે, તેથી અનેક કામ ભોગ છે, તે મેળવવા ઘણા શીખે છે, શીખવે છે-મેળવે છે. પોતાને કૃતકૃત્ય માને છે; મ્હોટા ભાગનું વર્તન ધર્મપણ અર્થ, કામ માટે એવુંજ છે ! એ ખરૂં પણ તેનું આદી અંત વિચારવું જોઇએ—

મનહર છંદ.

ધન જ્યાં મળે કે ચિત્ત તેમાં ચળે તેજ પળે; કયાં ધરૂં શેમાં વાપરૂં એમ ગોથાં ખાય છે;
પામે પ્રિયપ્યારી કે કરે છે તેની તાબેદારી, શી રીતે રીઝાવું નારી એજ સદા ન્હાય છે;
પામે પુત્ર પુત્રી તેને લડાવવા કરે જુક્તિ, પામે માન તેમ અભિમાનમાં તણાય છે;
ધન જાય કાંતો જન જાય કાંતો રોગ થાય, હોય ન ઉપાય ત્યારે હરી સંભારાય છે.

છતાં મજા એ છે કે " પરમ પ્રભાવ સ્વભાવ સુખદ શુચી " તે કેવો ?

લાવણી.

સ્વામી મુજ સુધો ને સ્હેલો (૨) વશ થાવે વ્હેલો ને છેહ દેવામાં છેક છેલો.
પાપી પણ જો સમરે પ્યારે (૨) દોષો તેના અસંખ્ય સાંખી ગુણ હરી ઉર ધારે.

(ઇન્દ્રપુત્ર જ્યાં જાનકીજીનો મહાપરાધ કરનાર છતાં, ચરણમાં છેવટ થાકીને પણ આવી પડયો તો પોતે બચાવ્યો ! (રામાયણ).

દુઃખીજન જે શરણે જાય (૨) પોતે કાપે કષ્ટ અભિમુખ ઉતાવળા ધાય.

(" ગજ ઓર ગ્રાહ લડે જળભીતર, લડત લડત ગજ હાર્યો "

" છીન ભર સુંઢ રહી જલ બાહેર, તબ હરી નામ પુકાર્યો. નાથ કૈસે. ")

કહે છે કે લક્ષ્મીજીએ પૂછ્યું--ક્યાં ચાલ્યા ! ત્યારે કવિ કહે છે—

" હા " કહે તે લક્ષ્મીપ્રતિ " થી " કહે તે ગજરાજ " એટલી ઝડપથી ગયા.

" આગે ગોળી લગત હૈ, પી છે હોત અવાજ " ને તેવા દોડાવનાર "**आर्ति**" તે પણ સ્હામા " **उद्दारा** " કરીને વખાણે છે.

ન સાધન શ્રમ બહુ એ માગે (૨) આતુર ઉર સંપૂરણ દેખી આવી ઉભે આગે.

દ્રુપદાએ છેક છેલ્લી ઘડીએ સેંકડા ગાઉ હસ્તીનાપુરથી કહ્યું—

". હું પણ મ્હારી નથી રહી ત્યાં માનત તે શી માનું !
દીન અકિંચન આતુર હૈયું નથી આપથી છાંનું.
કૃષ્ણા ધાઓરે ધાઓ મુજને વસમી વિપતે ઘેરી,
પ્રકટજ થાઓ રે થાઓ આવી વળગ્યો પલ્લે વેરી. "

તો પરિણામે " ધાયા ધાયા મ્હારાનાથ, ધન્ય દ્વારકાં પતિ,
તુરત જણાયા વિશ્વતાત, ધન્ય દ્વારકાં પતિ.
દૂર સેંકડો ગાઉ થકી પણ, બૂમ સાંભળી શ્રવણે;
પળમાં આવી ઊભા ઊરમાં, અન્ય કોઇથી ન બણે. ધાયા ધાયા.

(લાવણી ચાલુ) થાય જે શરણ એકવારે (૨) તેને પોતે સંગ રહી ભવ ઉદધીથી તારે.

સુગ્રીવ શરણે આવ્યો, ધ્રુવ આવ્યા, વિભીષણ આવ્યા, બળી આવ્યા તેને સદા નિભાવ્યા.

બલકે સુંદરકાંડમાં જે શ્રીરામ " **रामोद्विर्नाभि भासते** " બીજીવાર બોલતા નથી તેણે પ્રસિદ્ધ કર્યું છે કે—

सकृदेव मपन्नाय तवास्मीति च याचते ।

अभयं सर्व भूतेभ्यो ददाम्ये तद्व्रतं मम ॥

એકવાર પણ તમારે શરણ છું એમ જે યાચના કરે છે તેને સર્વ ભૂતથી—અથવા સર્વ ભૂત તેમ માગે તો તેમને અભય દઉં એવું મ્હારૂં વૃત્ત છે તે પછી કદી તોડયું નથી તે તોડશે પણ નહીં. છેવટ—

પ્રભુ સૌથી મ્હોટો જે છે (૨) ભક્તિ વશ તે ભકતો વાંસે નિશદિન ભટકે છે.

ને તેથી સિદ્ધ ઠરે છે તે એજ કે—

હરી ન વિસારે તેને હરી ન વિસારે રે;

હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારે રે.

ભારત, રામાયણ પુરાણ એથીજ ભર્યા છે. વેદાન્તમાં પણ બ્રહ્મજ્ઞાન તે—

" પરમ પ્રભાવ સ્વભાવ સુખદ શુચિ **અનંત** ઓળખી એનેરે.

ભજવા મન બીજે ન જવા દઈ સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે. "

તેના પ્રભાવ માટે **अनंत** શબ્દજ છે. તેના સ્વભાવ માટે **शरण सुहृद्** " આદિ તેનેજ " **तमेवैकं जानथ आत्मानम्** " **अन्या वाचो विमुंचथ** " તેને જાણો. બીજી વાતો મુકી દો—એમજ આજ્ઞા અનેક વચનોથી શ્રુતિયો કરે છે.

ગીતાજીમાં તો "**गति र्भर्त्ताप्रभु साक्षी**" "**येयथामां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्**" આદિ સુખદ સ્વભાવનું વિવેચન છે જ. તેમ પ્રભાવ માટે તો **नान्तोऽस्तिमम दिव्यानां विभूतिनां परंतप**" હે પરંતપ! મ્હારી દિવ્ય વિભૂતિનો અંત નથી. અને વળી—

भोक्तारं यज्ञ तपसां सर्व लोक महेश्वरं ।

सुहृदं सर्व भूतानां ज्ञात्त्वा मां शान्ति मृच्छति ॥

સર્વ યજ્ઞ તપના ભોક્તા લોકના મહાન ઈશ્વર ને સર્વ ભૂતના સુહૃદ એવા પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ-"**लोक त्रयेऽप्यप्रतिमप्रभावं**" ત્રિલોકમાં પણ અપ્રતિમ પ્રભાવવાળા એવા જાણીને શાન્તિને પામે છે તેને ભજવા મન બીજે ન જવા દઈ, પ્રભુ આજ્ઞા જ કરે છે કે—**अनित्यम सुखं लोक मिमं प्राप्य भजस्वमां** ને તેથી "**સૂઝ સમજે છે એ છે સારે આ સંસારે**" તે **ભ**ગવાનજ કહે છે. આ અનિત્ય ને અસુખવાળા લોકને તું પામ્યો છે. તેમાં રહી મને ભજ. એજ આજ્ઞા સાર છે.

"**मय्येव मनःआधत्स्व**" નો અર્થજ ભજવા મન બીજે ન જવા દઈ "**कोटिंत्यक्त्वा हरिं भजेत्**" એ રીતે "**સૂઝ સમજે છે એ છે સારે આ સંસારે**" તેમાં ફળ "**હરી ન વિસારે તેને હરી ન વિસારે રે**"

વહિવટજ રાખ્યો છે કે, એક બીજાને મળે તો હરી સ્મરણ કરાવ્યું. પત્રમાં હરીસ્મરણ કરાવવું, કાંઇ કામ આરંભવું તો લ્યો પરમેશ્વરનું નામ " ગામ જવું હોય તો " હરી સ્મરણ" ને અંતકાળે તો શબ વહન કરનારા પણ તેજ કામ કરે છે. ખરૂં તો તેજ અમારેજ કરવાનું છે, કારણ "**यंयं वापि स्मरन्**" ન્યાયથી "**अंते या मतिः सा गतिः**" છે તેથી કહ્યું છે કે—"**तस्मात् सर्वेषु कालेषु मा मनुस्मर**" એમ સર્વ કાળમાં તેના અનુસ્મરણનો અભ્યાસજ રાખવો. એટલે અંતે પણ તેજ સાંભરી આવે ને સદા સંભારવાથી સદા મંગળ પણ બન્યું રહે. "**लाभस्तेषां जयस्तेषां**" આદિ વચન છે, કે જેના હૃદયમાંથી ઈન્દીવર શ્યામ—સુંદર ખસતા નથી. તેને સદા મંગળ છે. કારણ કે **ભ**ગવાન કહે છે " જે મને ભજે તેને હું તેજ પ્રમાણે ભજું છું." તેમાં કારણ છે—ત્રણ ગુણ તો સર્વેશ્વરમાં ખાસ છે, જેને લઇને લોક તેને અતિ વ્હાય છે. પ્રથમ "સર્વજ્ઞ" તે સદા સર્વના અંતરનું પણ જાણે છે. એટલે અમે તેને સંભારીયે ત્યાં તે વગર તાર—સંદેશે સમજે છે, કે મને સંભાર્યો. તે **सर्वस्य चाहं हृदि संनिविष्टः अनेक रूप रूपाय विष्णवे प्रभु विष्णवे** તેનાં અનેક રૂપ પૈકી એકેક રૂપથી સર્વના હૃદયમાંજ છેક સુધી **अन्तर्यामी ईश्वरः**" બિરાજમાન રહે છે. જ્યાંથી સંભારવાનું બને ત્યાંજ તે સદા હાજર. તે પણ—બિરાજમાન—સાવધાન છે. એટલુંજ નહિ, તે "દયાળુ" છે. એટલે સ્મરણ જાણે તેમ તે પર લક્ષ આણે છે. ને વળી "સર્વ શક્તિમાન" છે. એટલે એનું ચાહ્યું—દયા તે ધારતાં વેંત, સફળ કરે છે. જેની પાસે પોતાના ખપ કરતાં વિશેષ છે, ને બીજાને તેની જરૂરત છે. ને તેની પાસે માગે તો તેને આપવું એજ વાજબી, એજ તેનો ઉપયોગ, એજ ઉચ્ચ ભાવ, લૌકિકમાં પણ તેને "વડા" કહે છે. "તવંગરી બદીલસ્ત, નબમાલ," તવંગરી દિલની સાથે છે, માલ સાથે નથી" કૃપણનું સવારમાં નામ લેતાં પણ લોક સંકોચાય છે. તો સૌથી સારા, સૌના નેતા—શિક્ષક તે પરમનિઃસ્વાર્થ ઉદાર હોય તેમાં શું આશ્ચર્ય! વળી આપેથી તેનું ખૂટે તેમ નથી. પછી શું કામ ન આપે? માગતાંજ મન પરખે પછી શું આપવું તેમાં શું કામ ભૂલ કરે! એટલે એ

રીતે આ નષ્ટ માત્રનું નિવર્તક ને ઇષ્ટ માત્રનું પ્રાપક હોઇને—**હરીસ્મરણ શ્રેષ્ટ ગણ્યું છે—**
અમે ગાયું છે— **પદ.** " કંથબીન " એરાગ.

હરી સ્મરણ સુખ મૂળ, જગતમાં હરી સ્મરણ સુખ મૂળ-
અવર સ્મરણપર ધૂળ. જગતમાં ... ... ટેક.
ધાર્યું ન મળે. વાર્યું ન ટળે, અનુકુળ પ્રતિકુળ.
થાય થવાનું વચમાં શોચી, શીદ ઉપજાવે શૂળ, જગત૦
શોચનાર સૌનું ખુદ તે આ નથી રહેવાનું સ્થૂળ;
જે જોડે તે છેક છોડવાં, ફોકટ ક્ષણની ફૂલ. "

હાલ લોકો જેમને દેખીતી અનુકુલતા હોય છે, તે તેમાંજ લીન રહે છે.

કવિત.

કોઈ મસ્ત કહે દેખી, ધનના ભંડાર ભર્યાં, કોઈ મસ્ત રહે શેખી, ધરી ધરા ધામની;
કોઇ મસ્ત રહે વિદ્યા, બુદ્ધિ બહુ મેળવ્યાથી, કોઇ મસ્ત રહે લહી, કીર્ત્તિ વધી નામની;
કોઇ મસ્ત રહે દાસી, દાસ પ્રજાના પુજ્યાથી, કોઇ મસ્ત રહે પામી, પુત્ર પુત્રી ભામની;
કાળ અસ્ત કરે ત્યાં, **અનંત** એ મસ્તી સમસ્ત, બની જાય અસ્ત વસ્તુ એકે નહિ કામની.

ને તે કરવાનોજ—" ચલતી ચક્કી દેખકે, ગયા કબીરા રોય;
દોનું પડકે બીચમેં, સાબીત રહ્યા ન કોય.
ચલતી ચક્કી દેખકે, કબીર કીયા બિચાર;
ખીલેકો લાગે રહે, સોહી પડ ગયે પાર. "

તે જગતનો બોલો—" **હરી ન વિસારે તેને હરી ન વિસારે** ' ને તેથી કહ્યું.

" કદા ભટકતો **અંતુ** અટકીશ, ભાગી છેકજ ભૂલ,
લાગી જઇશ બની અનુરાગી, પળ પળ ગણી અમૂલ્ય જગતમાં૦

કારણ જેના વશમાં સર્વ સુખ—

यद्य द्विभूति मत्सत्वं श्रीमदूर्जितमेव वा ।
तत्त देवाव गच्छ त्वं मम तेजोंऽश संभवम् ॥

" જે જગતમાં જે જે વિભૂતિવાન શ્રીમાન્ મહાન પ્રાણીઓ છે, તે **ભ**ગવાન કહે છે—મ્હારા તેનાજ અંશ લેશથી થયાં છે. તે ભગવાન ખુદ, ખજાનો, અખૂટ તેજ રીઝે છે. ક્યારે ? " **હરી ન વિસારે તેને હરી ન વિસારે રે** " પોતેજ કહ્યું છે.

तमेव शरणं गच्छ सर्व भावेन भारत " કારણ તે વિના.

" अथ चेत्व महंकारान्न श्रोष्यासि विनंक्ष्यसि " ॥

અહંકારથી મ્હારૂં નહિં સાંભળે તો નાશ પામીશ, તે **मच्चित्तः सर्व दुर्गाणि मत्प्रसादात्तरिष्यसि** " મ્હારામાં ચિત્ત રાખીશ તો મ્હારા પ્રસાદથી સર્વ દુઃખ તરીશ તેથીજ વારંવાર **मच्चित्तः सततं भव** " કહીને " **माशुच** " **विगत ज्वरः** " આદિ ખાતરી શ્રીમુખથી અનેકવાર આપ્યાનું, અનેક પ્રમાણિક ગ્રંથોમાં દેખાય છે તે આધારથી કહીએ છીએ કે—" **હરી ન વિસારે તેને હરી ન વિસારે** "

હાલ પણ બધાનું બધું સવળું ક્યાં રહે છે ! હરી સ્મર્યા વિના છૂટકોજ નથી.—

કવિત.

ધનનો ન ધાર મદ, તન રોગે બધું રદ, લક્ષ્મીની ગતિ જલદ, જગમાં પ્રસિદ્ધ છે;
તનનું શું અભિમાન, સૂતાં કેટલાં શ્મશાન, આધિ વ્યાધિ ઉપાધી શીરે ઝુમેલી નિત્ય છે;
જનનો ભરોંસો ખોટો, સ્વાર્થ વિશ્વ માંહે મ્હોટો, પુત્ર અહી તોટો વાળે, ગોટો શું વિચિત્ર છે!
પાણી પરપોટો તેવો, ખેલજ એવો છે ખોટો, કાળ ઘેરો દે ત્યાં છોટો મોટો સૌ સરીખ છે.

અરે ભાઇ! બીજાનું જોઇએ છીએ તેમ-અમારૂં પણ પળમાં થશે.

સગાંની સગાઇ સારા, સ્નેહીયોની સલુકાઇ, શત્રુઓથી શત્રુતાઇ, તન સાથે સમશે,
પ્રિયાનો પવિત્ર પ્રેમ, પુત્ર પુત્રીઓનો તેમ, પીંડમાંથી પ્રાણ પાર પડયા કે પ્રણમશે;
અક્કલ અનુભવ કે અતિશય આવડત, આવે અવસાન અંત, અંદર આથમશે,
હામ દામ ધામ ગામ નામ નકામું તમામ, તેનુંજ સકામ જેને રામ નામ ગમશે.

પ્રેમથી પણ નહિં, માત્ર પુત્રના ભાવથી અજામેલે "નારાયણ" કહ્યું તેનું કેવું ફળ લહ્યું! તો સાક્ષાત્ સ્મરણ સદા કરે તો પ્રભુ પોતે કહે છે—

અંતકાળે કદાચ તે—

ततस्तं म्रिय माणंतं काष्ठ पाषाण सन्निभं ।
अहं स्मरामि मद्भक्तं नयामि परमां गतिम् ॥

તે મરવા પડેલ કાષ્ઠ પાષાણ જેવો થઈ ગયો હોય, એટલે પોતાનેજ કોણ કયાં છઉં એ ન જાણે, તે સ્મરણ કયાંથી કરે? તો પ્રભુ કહે છે-"હું મ્હારા ભક્તને સંભારીને પરમ ગતિએ લઇ જાઉં છું." **तेषा महं समुद्धर्ता** એમ ગીતાજીમાં શ્રીમુખથી કહે છે. બીજી જગે **जलंभीत्वा यथा पद्मं नरका दुद्धराम्यहं** જળને ફેડી જેમ કમળ તેમ નરક, સંસારસાગરનાં કષ્ટથી હું તેનો ઉદ્ધાર કરૂં છું. એવા અનેક પ્રમાણપર કહ્યું છે. "**હરી ન વિસારે.**"

ભીષ્મપિતામહનું દ્રષ્ટાન્ત જગતજાહેર છે. પાંચ રત્નમાં "ભીષ્મસ્તવ" છે. કથા ભારતમાં વિસ્તારે છે. **પ્રભુ પાંડવોના** મ્હેલમાં હતા ને **ભીષ્મ** તો ત્યાંથી કેટલાએ કોસ દૂર-ગંગાતટપર પડયા હતા. પણ જે વેળા તેમણે ત્યાં પડે પડે પ્રાણનાથનું સ્મરણ કર્યું ને તે—

"પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ અનંત ઓળખી એનો રે,
ભજવા મન બીજે ન જવા દઇ સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે."

તેમ અંતકાળે—

अनाद्यंतं परंब्रह्म न देवा नर्षयो विदुः ।
एको यदेव भगवान्धाता नारायणो हरिः ॥

એવા તેના મહિમાને-પ્રભાવને કાંઈ પુરો જાણી શકતું નથી. પણ તેનો સ્વભાવ "**यः सुरासुर गंधर्वा सिद्ध ऋषिर्महोरगाः प्रयत्ना नित्य मर्चंति परम दुःखभेषजम्**" જેને સુર અસુર ગંધર્વ સિદ્ધ રૂષી સર્પ સૌ પ્રયત્નપૂર્વક અને હમેશાં દુઃખનું પરમ ઔષધ અથવા પરમ દુઃખનું ઓસડ જાણી અર્ચે છે. તેમ પ્રયત્નપૂર્વક "ભજવા મન બીજે ન જવા દઇ" તે મંડ્યા—

પદ. "દઇએ સુમતિ" એ રાગ.

શ્રીમન્નારાયણ શ્રી કૃષ્ણ હરી, દેવ દેવ જગકર્તા ભર્તા હર્તા અચિન્ત્ય તાપ,
જગનાથ મ્હારા નાથ નમું છું ફરી ફરી;

ઈશ, નામું ચહી શીષ, તજી રીશને આ દીશ, પધારો શ્રી જગદીશ;
આશ ખાસ દર્શનની ધારી રાખી છે આ દેહ, આણી નેહ, પુરો તેહ.
રહ્યો છું હું સમરી.......................................દેવાધિ દેવા.
તે સ્મરણનું ફળ—" **હરી ન વિસારે તેને હરી ન વિસારે.** "

પદ. " ઓ આવે હરી હસતા " એ ઢાળનું.

સ્તુતિ એ પૂરી ન થાતાં, અહા હા ! આવ્યા શ્રીવર ધાતાં. અહા હા !
દીવ્ય શ્રી રથનો ઘોષ સુણાયો, રજથી દીશાઓ છવાતાં. અહા હા !
ચમકયા ભીષ્મ દ્રષ્ટીથી દોડયાં, દૂરથી શ્રીરથ દેખાતાં. અહા હા !
ઉઠયા રૂષી ઉભા કરજોડી, હર્ષ ઉરે ઉભરાતાં. ,,
દામોદર પણ ઉતરી રથથી, દોડયા સ્વજન જણાતાં. ,,
પરસ્પરે પ્રણમ્યા સહુ પ્રિતે, હર્ષાશ્રુ ઉભરાતાં. ,,
કુશળ પૂછે આશિષ કહે રૂષીઓ, ગદ ગદ કંઠે થાતા. ,,
અનંત એ અવસર સંભારી, આંહી અમે એ ગાતા. ,,

" **હરી ન વિસારે તેને હરી ન વિસારે રે.** " પણ અંતકાળે એવા કષ્ટમાં સ્મરવા કરતાં આરંભથીજ કાં આદર કરી અભ્યાસ ન પાડીએ ! " **जन्म मृत्यु जरा व्याधि दुःख दोषानुदर्शनम्** " એ જ્ઞાનનો મુખ્ય ઉપાય, વૈરાગ્યનો હેતુ, કૃપાનિકેતુએ દેખાડેલ છે, ને વાતે તેમજ છે. જગતમાં " **સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે** " કારણ અમે એક વેળા ગાયું છે—

પદ. " જગમાં મીઠા તો મોરારી " એ રાગ.

જાતે જગ કડવું રે, જેમ ચાવો તેમજ રડવું. જાતે ટેક.
મીઠાશની પોપડી નિહાળી, લાલચે ન ગડબડવું,
મળમળાવી રહેવું ન તપાસી જોવા જરી કચડવું. જાતે.
અતિ રૂપાળુ દેખી દૂરથી, અંગે નહિ રગડવું,
ઝેર ઝટયું તો નહિ ઉતરશે, ખપ જેટલુંજ અડવું. જાતે.
ચીકાશનો ચકચકાટ દેખી, ચોંટી છંદ ન ચઢવું;
ઉખેડયું નહિ પછી ઉખડશે, સંગે પડશે સડવું. જાતે.
સુગંધ સમજી સુંઘો છો, તેથી છે માથું ચઢવું,
વધુ લગાડે બધિર કરી દે, ઉલટ સુલટે બગડવું. જાતે.
અનુ સંબંધે કરે અપંગજ, એમાંજ રહે પડવું;
ઓસડ સમ સેવીને અંતે, છુટી જવા પથ ચઢવું. જાતે.

ભગવાને કહ્યું છે—

ये हि संस्पर्शजा भोगा दुःखयो नय एव ते ।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः ॥

સંસ્પર્શથી ઉપજનારા પ્રાકૃત ભોગ દુઃખથી ઉપજે, તે આદિ તેમ અંતવાળા છે તેથી તેમાં બુદ્ધિમાન નથી રમતા તેથી છુટવા ચાહે તેજ મુમુક્ષુ—તેવા થવાય ત્યારેજ " હરી સ્મરાય "

" રામ સ્વામીસેં પ્રીતડી, ઓર પરનારીસેં હસના,

તુલસી દેતું ના બને, લોટ પ્રાક ઓર ભસના."

માટે ધીમે ધીમે ધોરણ છુટવા, પ્રકૃતિસંબંધ ઓછા કરવા મથવું—

દોહરો— શાણા શાસ્ત્ર શુચિ કહે, હરી સ્મરે દુઃખ જાય,
પ્રથમથીજ સમર્યા કરે, તો દુઃખજ કાં થાય !

માટે જાગ્યા ત્યાંથી સવાર, ધીરે ધીરે–**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते** " તે પ્રથમ વૈરાગ્ય, માટે આવાં પદ ધ્યાનમાં લેવાં.

" **મીઠડાં ગોરસ હયો** " એ રાગ.

જન્મ્યા શું જગતમાં ડાહ્યા રે, પાછા અવતરવા રે અવતરવા,
ક્યારે કરશો મટીને:રઘવાયા રે, તેવડ ભવતરવા રે ભવતરવા;
હજી અચંકો ને ચેતો સવેળા, થશો ઠોકર ખાતા ભૂમિ ભેળા રે. પાછા.
ખોટા જીવનમાં શું રહ્યા મોહી, સાચા જીવન સોઈ સહુ ખોઇ રે. પાછા.
સાથે આવે એવું ન કાંઇ થાતું, મુકી જવાનામાં ચિત્ત ટીચાતું રે. પાછા.
કરો શુભ તે નશ્વર ફળ લેવા, એ ભોગવવા ત્રિતાપ ફરી સહેવારે. "
અનુ એકે ન મુકી ઉપાધી, કાઢી તેમજ શું જશો વય બાધી રે. "

નૃદેહ દુર્લભ તે શું કામ ! સૌ જાણો છો, તોપણ, સ્મરણમાં આ ટાણે આણો—

પદ. " હૈયાના ફુટયા " એ રાગ.

નર દેહ મેળવી ખાસ રળવાનું રળ તું.
સમજુ થઈ અણસમજુ સંગે, હવે વધુ નવ ભળ તું રે. નરદેહ.
ખાવું પીવું સુવું રખડવું, સર્વ દેહમાં મળતું,
માનુષ દેહે યત્ન કરે તો, જન્મમરણ દુઃખ ટળતું રે. નરદેહ.
સુકૃત કરી બદલો માગે તે તો અહીં જેવું ફળતું,
આ તન શું બંધન સઘળાથી છેકજ ચહા કે નિકળ તું રે. નરદેહ.
હરીચરણનું સ્મરણ રાખીને, રટણે કર પળ પળ તું,
તન ધન સાધન ખર્ચ એ નિમિત્ત, **અનુ** જાયે છે બધું બળતું રે. નરદેહ.
જેમ જળમાં પતાસુ ગળતું રે. નરદેહ મેળવી.

ભકતો તો તે વિનાનું મનુષ્ય તન હોવું જ ચાહતા નથી. "જનની જણતો હરી ભક્ત" બીજા કહે છે " તુળસી મનુષ દેહ ધરી, નહીં સમર્યા જગદીશ;
જનની નાળ વધેરતાં, કાં કાટયો નહીં શીશ."

તેમાં મજા એ છે કે, આ કરવું પણ કઠણ નથી. " **सुसुखं करतुं** "

नहि कश्चित् क्षणमपि जातु तिष्ठत्य कर्मकृत् " કર્મ કર્યા વિનાતો કોઇ ક્ષણુ રહી શકતું નથી. તેમાં વળી જેનું નામ જ.

" એની મેળે ઉંડાં કર્યાં અનેક વિચાર, એક પછી બીજાં કેમ આવે નહીં પાર."

निवृत्त तर्षै रुप गीयमानात्, भवौषधात् श्रोतृमनोभि रामात् ।
क उत्तमश्लोक गुणानुवादात् पुमान् विरज्येत विना पशुघ्नात् ॥

યોગી જ્ઞાની પૂરાને ભોજનરૂપ ફરી ગાવા મુમુક્ષુને ભવનું ઔષધ, સંસારીને શ્રવણને

મનોહર એવા ઉત્તમ શ્લોકના ગુણાનુવાદ, જેનું ચારિત્રજ મનહારી ને કલ્યાણકારી પછી તેનાથી કોણ વીરમે !—

તેમાં સ્વરૂપજ જ્ઞાન, આનંદ ને તે અનંત, દેશ કાળ વસ્તુની ઇયત્તા જેને નથી, તેમ તે સર્વ આનંદથી શ્રેષ્ઠ, એ આનંદની માત્રા લેશથી આ જગત જીવે છે. એમ શ્રુતિ કહે છે. તેનોજ અનુભવ કરે તે—**नान्यत् पश्यति नान्यत् शृणोति नान्यत् विजानाति** "બીજા ને નથી જોતો, નથી સાંભળતો એમાંજ તલ્લીન—એકતાન થાય છે. "**तत्र कोमोह क शोक एकत्व मनु पश्यति**" જે એકત્વ સર્વત્ર સંપૂર્ણ આનંદઘનનો અનુભવજ કરે તેને એવું એકત્વ-મુખ્ય-તત્વ જે સર્વત્ર છેજ તેને તેવું જોનારને પછી મોહ શોક કેવો ? તેને તે અનુભવ પછી મટતોજ નથી. પ્રભુ સર્વદા તેનું જ્ઞાન ખુલ્લુંજ રાખે છે. એજ ન્યાય.

"હરી ન વિસારે તેને હરી ન વિસારેરે."

પણ સ્વરૂપ કરતા પણ તેમાં જે શક્તિયો છે, તેનું પ્રાકટ્ય જે રૂપમાં થાય છે, લાવણ્ય, સૌન્દર્ય, માધુર્ય, ચાતુર્ય આદિ જેમાં અપૂર્વ જણાય છે, તેમાં પણ **साक्षात्मन्मथ**" **श्रीकृष्ण** સ્વરૂપ જે માટે જ પોતાનો ગીતાજીમાં આગ્રહ—**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु** " **पत्रं पुष्पं फलं तोयं** બધું પોતાનેજ અર્પણ કરે એવો પોતાના રૂપનો ભક્ત-પૂજક—વંદન કરનાર—તેનુંજ સ્મરણ કરનાર, તે સર્વથી શ્રેષ્ઠ ગીતાજીમાં જ ઠરાવેલ છે,

" **तेषां के योग वित्तमाः** ના ઉત્તરમાં તેવા ભકતોની અતિ પ્રશંસા કરી છે **શ્રી શંકરસ્વામી** પણ વારંવાર શ્રીપતિના રૂપનું ધ્યાન કરો—**ध्येयं श्रीपति रूप मजस्रं** ને તેમાં પણ ષટ્ પદીમાં **दामोदरगुण मंदिर सुंदर वदनार विंद गोविंद, भूतदयां विस्तारय तारय संसार सागरतः** ॥ એમજ માગે છે જે અમારા પદનો સાર છે. ને વાસ્તવિક સૌથી શ્રેષ્ઠ ને તે પોતાનુંજ તે કરનારા પિતા પતિ તરીકેજ હોય પછી તેને કોણ ન ચ્હાય ? અમે ગાયું છે—

ગરબી. "મહાકોપ" એ રાગ.

સુણી સારૂં સારૂં ન કોણ ચ્હાય છે જો, વ્હાલા તુજને મળવાનું મન થાય છે જો.
કહે છે રૂપ ત્હારા જેવું કોઇનું નથી જો, વસ્ત્ર ભૂષણે તેવાંજ ધરે છે પતિ જો. સુણી.
દીઠાથી ન માત્ર ભૂખ દુઃખ જાય છે જો, સુખ સાચું ને સદાનું સદા થાય છે જો;
ત્હારા વૈભવનો પાર નથી શ્રીપતિ જો, દેવા માંડ્યા પછી પાછુંજ જોતા નથી જો."
માત્ર માગીને વળગી રહેવું જોઇએ જો, **અનુ** લાગ ભાગ મળ્યાં શીદ ખોઇએ જો.

એ પ્રમાણે અનુભવ થયાના ઘણા દાખલામાં એક અમારા પુજ્ય પૂર્વજ **શ્રી નૃસિંહ મહેતાજીનો બસ**, તેમાં પણ મહેતાને એવો રસ લાગ્યો હતો કે તે વિસરતાજ નહોતા; બલકે તેમાં ડુબતાં બીજું બધુંજ વિસરી જતા હતા. તેની પુરી પરીક્ષા શ્રાદ્ધના પ્રસંગપર થઇ કે ખરેખર.

" ભજવા મન બીજે ન જવા દઈ સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે."

તેમ તે વર્ત્યાં ને તેના ફળમાં એ આ કાળ દેશમાં સિદ્ધ થયું કે—

" હરી ન વિસારે તેને હરી ન વિસારે રે."

જુવો આખ્યાન.

શ્રી નૃસિંહમહેતાના બાપના શ્રાદ્ધનું આખ્યાન.

પદ.

હરી ન વિસારે તેને હરી ન વિસારે રે,
હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારે રે. હરી ન વિસારે.
પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ અનંત ઓળખો એનો રે;
ભજવા મન બીજે ન જવા દઈ, સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે.

રાગ ઝીંઝોટી.

વડનગરા નાગર મહેતાજી નરસહી નામે ચાવારે;
સદા સ્નેહ યુત વ્રત છે જેનું, ગોવિંદના ગુણ ગાવા રે.

હરીને ન વિસરવાનો તે અતિ ઉત્તમ ઉપાય છે.

ઓધવજી કરમનકી ગતી ન્યારી. એ રાગ.

ભજન સમ લાભ નથી કોઈ **ભારે**, ટેક.
નાદે બીજા નાદ બંધ થાય, ને મન માલીકને સં**ભારે,**
શબ્દોના અર્થોને લક્ષે ધરેથી, મન ઉભરાય આ **ભારે.**

એકેક ગુણ એવા છે !

ગરબી.

આ શી ? દીવ્ય ગુણો ગણ જાળ, ફસાવે સંતને રે,
એ આગળ ત્રણ ગુણ નિર્માલ ગમે ન ધીમંતરે. ટેક.
ત્રિગુણોથી તો કોકે છૂટે, આ ગુણ ગણ માંહે જે ખુંચે,
પુંઠે કદી ન પામે એના અંતને રે. આ શી ! દીવ્ય.

इषुःक्षयात् निवर्तते नान्तारिक्ष क्षिति क्षयात् ।
मतिः क्षयात् निवर्तते न गोविंद गुण क्षयात् ॥

બાણ પોતાની શક્તિ પુરી થવાથી–વેગ પુરો થવાથી આકાશના પ્રદેશમાંથી પાછું ફરે છે આકાશનો અંત આવવાથી નહિં, તેમ મતિનો ક્ષય થવાથી પાછી ફરે છે, ગોવિંદના ગુણના ક્ષયથી નહીં. એકેક ગુણ અનંત છે. તેમાંના—

"એક ગુણે પણ જે જરી ન્હાયો, કુંભે વસ્તુ હોય જેમ એ ડાબ્યો;
કાઢ્યો થાય શું નજ મુંકે એ તંતને રે. આ શી ! દીવ્ય.
શીલ વીર્ય રૂપ વિધવિધ જાતો, સમુહે કોથી નથી ગણાતો;
રોકયું મનકે ભૂલી જાય દુઃખ દ્વંદને રે. આ શી ! દીવ્ય.
ખાન પાન નિદ્રા ચૂકાવે, આ તન શું અજલોક ન ભાવે;
છોડયો કદી ન કોઇએ ગ્રહી એ પંથને રે. આ શી ! દીવ્ય.
બંધ કહો, સંબંધ કહો એ, ફંદ કહો કે છંદ કહો એ;
અનુ કહે શું એ પ્રત્યેક અનંતને રે. આ શી ! દીવ્ય,

એવા ગુણમાં ગુંથાએલા—

બીઆટી શરૂ.

" જુનાગઢમાં રહેતા મહેતા શુચિ સતિ સંગાથે રે;
ધંધા ધાપા વિણુના ધારી, જૂદા કીધા ભ્રાતે રે.

ખરો ધંધાતો એજ કરતા ને લોકોને કરાવતા હતા પણુ "જગત ભક્તની અવળી રીત"–

" વેર સાચને જૂઠ, વેર ગુણકાજ સતિને;
વેર અસુર ને સુર, વેર સંસારી યતિને;
* * * * * * * * *
વેર પાખંડ પવિત્રને, વેર મૂર્ખ પંડિત તણું;
વેર સુધર્મ અધર્મને, સહજ વેર એતો ભણું. "

વડીલ ભાઈ બંસીધર કને, ધન વૈભવ છે ભારી રે; [મુંકી જવાને].
મદમાતી ને કઠણુ છાતિની, છે ઉતપાતી નારી રે.
શ્રાદ્ધ સંવત્સરીની પણ પરવા, મહેતાજી નવ રાખે રે;
ભાભીને ઘેર સહુ સોંડેથી, કટુ વચન તે ભાખે રે; [તિ કૃપણુ હતી].
આવ્યો લાગ પતિને પ્રેર્યો, કંઇ તો કહો નરસીને રે,
શ્રાધ્ધ ન કરે મુઆ બાપનું, નાતીથી એ ન બ્હીને રે.

(વાસ્તવિક તો પરમેશ્વરથીજ બ્હીવું જોઇએ, તેમાં તે ભક્ત છે તો " પુત્ર એટલા પીંડ " છતાં મહેતા નથી કરતા તે ઠીકતો નથી જ પણુ તેણીનો મુદ્દો તો અડધાં સગાં ત્યાં જાય તો પોતાને ખર્ચ ઓછું થાય એ હતો).

બંસીધર દઇ બધે નોંતરાં, નરસહીને ઘેર આવ્યા રે,
કઠણુ બોલ આકરા થઇને, નારી સમીપ સુણાવ્યા રે.

પદ. " જગદીશ જપરે " એ રાગ.

અરે ! નરસહીયા (૨) ! છે શ્રાદ્ધ પિતાનું કાલે.
તું સંભારે પણ શાને ? (જાણીને નથી સંભારતા ! નહિં.)
બેભાન બન્યો રહે ગાને, (છોડી નથી દેતાં, છુટી જાય છે.)
કોઇનું ક્યારે એ ન માને, મસ્ત નિજ ખ્યાલે (૨) છે શ્રાદ્ધ પિતાનું કાલે.
પૈસાની પણુ ન કમાણી, (તે ખરેખર નહોતી) સ્ત્રી તેવી મળી ઠકરાણી (એ જૂઠું)
હતું તે કીધું ધૂળધાણી (ખેડુત વાવે ત્યારે ગમાર ! ધૂળમાં ફેંકી દીધુંજ જાણે.)
હવે નહિં ચાલે (૨) છે શ્રાદ્ધપિતાનું કાલે (એ ખોટું છે પણુ તેનાથી જાણતો કે) "હરી ન"
તું આપ કડાકા કાઢે, ત્યાં કોઇને શું ઘર દેખાડે. (એજ બળતર ખરીતો હતી.)
રહે શૂન્ય પિતૃને દહાડે, હુંથી બધું ચાલે [૨] છે શ્રાદ્ધ પિતાનું કાલે.

(એ જણે કામ વ્હેચી લીધાં, એક આલોક, બીજો પરલોકની તજવીજ કરે, તો શું ખોટું ! પણુ એ રહસ્ય તે સમજતો નહોતો. તેને તે ભૂલ જ જણાતી હતી, કવી કહે છે " જનની જાણતો હરીભગત " ત્યારે આ ભાઇ કહે છે.)

કુળમાં તું પથરો પાકયો, (પથ્થરપણુ રામ નામ અંકિત તરે ને તારે.)
હું કહી કહીને થાકયો, (હજુ થાક્યા નથી લાગતા.)
નહિં ચલવી દઉં ભવ આખો, કંઇક કર ખ્યાલે (૨] છે શ્રાદ્ધ બાપનું કાલે.
શાં લાંબાં ટીલાં કહાડે. વળી તાલો ચંગ વગાડે,
ધંધો ન કરે કોઇ દહાડે, વૃથા વય ગાળે [૨] છે શ્રાદ્ધ બાપનું કાલે.

મહેતાજીએ તો ખૂબ વિચારીનેજ આરંભ કર્યો હતો. મોટાભાઈ શું નાગર કુળના પિતા **શ્રી** મહાદેવજીની સલાહ સમ્મતિ શાસન અનુસાર આચરણ રાખ્યું હતું, પણ હવે તે " દ- હાડે દહાડે ઘેલું એ **અં**તુનું વધે જાશેરે, ઘેલું છે કે ડાહ્યું તે તો આખરે જણાશે રે "

જગતના જન કહે લાગ્યું એને ઘેલું રે, વ્હાલા **વે**ંકટેશને કદીએ નહીં મેલું રે. "

કારણ એજ **રાગમાં** વિચાર કરી જોયો.

ગાંડો થયો ગોવિંદમાં, વાત શું છે સાચીરે, હું તો જાણું આજ સુધી બુદ્ધિ હતી કાચીરે.
બીજેથી ઉખડી ચિતડું છે એમાં ચોટ્યું રે, એજ સાંભરે તો એમાં થાય છે શું ખોટું રે. ગાં.
ખાવા પીવા પહેરવાની તમા ન રખાએરે, દુઃખ ક્યાં જ્યાં સમુળ આશાઓ મરી જાએરે. ,,
સગાં સંબંધીઓની બંધી જાય છે છુટીરે, ન છોડે તેને પરાણે જાશે અંતે તૂટીરે. ,,
એને નામે કામે ધામે ચિત્ત વધુ વાગેરે; અહીં ક્યાં રહેવુંજ છે અંગે બળશે આગેરે. ગો.
જગે રહેવું હોય તે જગના થઈ રહેજોરે. છોડવું હોય તે પંથ **અનંત**નો લેજોરે. ,,

આ **મહે**તાજીનો નિશ્ચય હતો, પણ વડીલ સ્હામે વાદ ન કર્યો. એ વાતે સાચી હતી કે, પોતાનાથી પિતૃ શ્રાદ્ધ બની શકતું નહોતું. વડીલ હતા તેથી તે એ શીકર પણ હતા આગળે પ્રજા તેનેજ હતી. એટલે ઇશ્વરથીજ એ બોજ એમના પર હતો. પરંતુ તે માંહે મહેતાજીને ભાગીયા કરવા માગતા હતા, તે ધનથી ન થયા તો તનથી કરવા ચાહ્યા. તન સંબંધ મહેતાજીને તેનાથી છે ને વડીલ છે. તેની આજ્ઞા પોતે માનવીજ જોઇએ, માનતા હતા તેથીજ ભાઇએ છેવટ હુકમ કહાડયો તે એઉને માટે બ્હાર પાડયો—

પદ " દીનપાયા " એરાગ.

વ્હેલો આવજે પ્રભાતથી, લાગી જાજે ઘર કામમાં. વ્હેલો.
કહેજે વહુને ભરી રાખે એ પાણી, મ્હોટાં ન્હાવાઓના ઠામમાં. લાગી.
તેડાં હકારાંની રાખજે ત્રેવડ, ફરવું, પડશે બધા ગામમાં, લાગી.
પહોંચી જજે પછી મદદે રસોડે, હું તો હઇશ ધુમધામમાં. ,,
(શ્રાદ્ધ કેમ કરવું તેની વિધિ કોણ વાંચે ને વિચારે ! ને તે પ્રમાણે આચરે છે ?)
ટોકજે વહુને કે શ્રમ દે સ્વ તનને, ગળચી ન જાએ હરામમાં. લાગી.

દોહરો—એમ ઉચરીએતો ગયા, મહેતા તો છે મસ્ત; પણ વહુએ એ સાંભળી, જેઠની વાત સ્મસ્ત.

ભૈરવ " નમું શંકર " ઢાળ.

વહુને દુઃખ બહુ આથી લાગ્યું, જાણે હાલ જીવન ત્યાગું. વહુને,
(ધ્રુવજી કહે મને અપમાન્યો ત્યાં સુધી ઠીક, પણ મા, તને નીંદી તે નથી સ્હેવાતું, તેમ સતિનું પતિ દૈવત જેમ બાળનું માતા, તેનું આવું અપમાન અવલોકી)
વળી સ્વામી પદમાં શીરનામી, આ મહેણું તો જરૂર ભાગું. વહુને.
જશો ન જમવા, મ્હેણાં ખમવા, ઘર સઘળું એ છે નાગું. ,,

શ્રી પાર્વતિજી પતિની મરજી ઉપરવટ થઇ, પીયરપર પ્રેમ આણી દક્ષના યજ્ઞપર ગયાં પણ પતિનું અપમાન દેખી, જીવન તજીજ દીધું, કારણ ત્યાં બીજો ઉપાય નહોતો, પણ **મા**- ણકબાઇએ તો **સુદા**માની સ્ત્રી પેઠે ઉપાય શોધીને એથી આગળ વધી, પોતાનું સર્વસ્વ શેષ વા પ્રિય વસ્તુ અરપીને પણ પતિને અપમાનથી બચાવવા, **જાન**કીએ મિથ્યાપવાદ માટે સદા વિયોગ સ્વીકાર્યો, સતિઓ પતિના યશ માટે એમજ કરતી આવી છે. તેણીએ સ્વ ઠરાવ સંભળાવ્યો—

શ્રાદ્ધ કરો આપણેજ સદને, તો હું ઉરમાં અનુરાગું. વહુને.
કંઈ ન હોય તો લ્યો મુજ વાળી, સીધુ આવશે મ્હોં માગ્યું. વહુને.

વાળી પાછી છોડાવાશે પણ પિતૃનો દિવસ તો બારે માસે આવશે વા નહિ! ને સ્રીની આટલી બધી ઇચ્છા ને તે સ્વધર્મ સુકર્મ માટે છે એમ જોઇ—

પદ. "મોહન માટી" એ રાગ.

વાત મહેતીની માની, મહેતાજીએ, વાત મહેતીની માની,
નિત આવીને ભાઇ કનડતો, મહેણા દઇ અપમાની. એથી. વાત.
વાળી રૂપાળી સોનાની, આપી આણેક પોતાની, તેવી મહેતાજીએ ગ્રહી, દીધી વાણીયાને જઇ,
શોચ્યું એવું ઉરમહીં, હાલ ફીકર ન રહી, રકમ લીધી મન માની. મહેતાજીએ.
ઘઉં ચોખા ગોળ દાળ, લાવ્યા હેતે તતકાળ, સારૂં ઘી મળે પ્રભાત, તેથી જાવા દીધી રાત,
નોંતરાંઓ વ્હેલા જઇ, જાતે ખુદ આવ્યા દઇ, લોકોએ નવાઇ લહી,
વાત ન થવાની થઈ, કોઇએ સાચી નહિ જાણી. મહેતાજીએ.
ઉઠી સતિ વડે પ્રાત, અંતર છે રળીયાત, આજે ઘેર થશે શ્રાદ્ધ, નથી બીજો કશો બાધ,
માત્ર ઘી લેવાનું રહ્યું, તે સારૂ સ્વામીને કહ્યું, પોતે પ્રિતે લક્ષે લહ્યું,
તુરત તપેલું ગ્રહ્યું—ચાલ્યા બજારમાં ધ્યાની. મહેતાજીએ.

રાગ પીલુ.

નાગર એક બીજાને પૂછે, આજે જમવાને ક્યાં જવું છે. ટેક.
બેઉ ઘેરથી ફર્યાં નોતરાં, સગપણ બેઉ સંગે સરખું છે. નાગર.
નરસહી કરશે, નવી નવાઈ, કદી નહિ ને આજ ચહ્યું છે. ,,
દાન દક્ષિણા દ્વિજને દેશે, જમણ થશે જેવું ન થયું છે. ,,
કાઢ ખોતરી વાટ જોઇ તો, વૃત્ત સહ પારણું ઘેર થવું છે! ,,

લાવણી. "ધર્મ ધૂરંધર" એ રાગ.

મહેતી તેડી લાવી પીયરીયાં, ઘર કામે લાગી,
જુવે પડોશી આજ ધૂમ સાચી ધામે જાગી;
મહેતા ચાલ્યા ઘી લેવા જ્યાં, બજારમાં પહોંચ્યા,
મળ્યા પુરાના વૈશ્નવ મિત્રો, નવ પ્રેમી ઓછા.
યાત્રાથી તાજા આવેલા, લેઇ ગયા સ્થાને,
ઘી લેવા નિકળેલા, નવ એ વાત રહી ધ્યાને;
મળ્યા પ્રેમીથી પ્રેમી વાતો, તિર્થોની ચાલી,
નવાં પદો ને નવી કથાની નવી મોજ મ્હાલી.
શ્રાદ્ધ શ્રાદ્ધને ઠેકાણે ને ઘીની વાતજ શી!
મહેતા મંડ્યા કિર્તન કરવા, હૃદય રહ્યું વિકશી;
ઘડી થઇ બે ઘડી થઇ શું વૃત્તિ જ્યાં જામી,
દશ દીન વીતે પળ સમ લાગે, એવા ગુણગ્રામી.

પદ. "કોઇ હાલ કહો જાકે" એ રાગ.

સતિ વાટ જોતી ઘેર શોચે, પતિ ન વળ્યા વખત વિત્યો છે. સતિ.

ઘી લેતાં વાર થાય શાની, આતો થયા મધ્યાન;
કહીં કરવા બેઠા ગાન, નથી વાતજ આ રહી ધ્યાન;
ભૂલીને ભાન મંડી ગયા પોતે. સતિ વાટ જોતી ઘેર શોચે.
ઘી વીણની તે જમણવાર શી! દીધાં નોતરાં હાય!
નથી દમડી પણ ઘર માંહ્ય, શેં આવે સદ્ય શુચિ કાય,
ફજેતી આજ થશે જગ જોતે. સતિ વાટ જોતી ઘેર શોચે.

સાખી " પ્રાણથી પ્યારા " એરાગ.

વખત વિતે તેમ સ્ત્રી ગભરાતી, નયન વહે છે નીર;
નાત જાતમાં નાક કપાશે, ધરે શા રીતે ધીર,
વ્હાલાના વ્હાલા સંભાર્યા, ધાયા હે યદુવીર,
આરતની અરજી સુણતાં એ સજ થયા સ્યામ શરીર.

तावदार्तिस्तथा वान्च्छातावन्मोहस्तथाऽसुखम् ।
यावन्न याति शरणं त्वामशेषौघनाशनम् ॥

ત્યાં લગી આર્તિ ત્યાં લગી વાંચ્છા ત્યાં સુધી મોહ તથા અસુખ છે, જ્યાં સુધી સમસ્ત પાપને નાશ કરનાર આપને શરણે ન આવે, શરણુ થયા કે બેડા પાર તેમાં પણ સારા કામે, સારા મનવાળાં, માગે તેમને સદ્યજ સહાય થાય ત્યારેજ ગવાય.

" હરી ન વિસારે તેને હરી ન વિસારે, હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારેરે "

તે મહેતાજી માટે ને મેહેતીજી માટે-કહો ચહો નહિ તોપણ ને કહો ચહો તેને હરી ન વિસારે તેને હરી ન વિસારે રે."

સૌ જાણે છે શું બન્યું તે ભગવાનના કામમાં મહેતા સેંકડો સંતને ઘેરી લાગી રહ્યા હતા. તેથી ભગવાન તેમના કામ માટે કેમ સજ ન થાય!

મહેતામાં ભગવાન વસ્યા હતા. મુખદ્વારા ભગવાનનુંજ કામ થઇ રહ્યું હતું, તો મહેતાનું કામ ભગવાન મહેતા થઇને કેમ ન કરે?

મહેતા ભગવાનનું કામ ન ભૂલ્યા, તો ભગવાન મહેતાજીનું કામ કેમ ભૂલે! મહેતા જાતેજ તેનું કામ કરતા હતા. તો શ્રી હરી બીજા દ્વારા કેમ કરાવે! તેમાં પણ મહેતીને ખપ મહેતાજીનો હતો. કારણ શ્રાદ્ધ તેમના વિના બીજાથી સરાય નહિં. મહેતીના પતિ કે મહેતાના બાપના બેટા બીજાથી થવાય જ નહિ. સર્વનો સાચો પતિ પિતા તેજ સર્વનું સર્વ થઇ શકે ને કરી શકે. તેમ કર્યું. મહેતીજીનું કષ્ટ હર્યું આવા પ્રસંગે સાક્ષાત્ અવતાર લીધાવિના ચાલતુંજ નથી ને તે અમુકજ રૂપ, આકાર ગુણવાળો અમુકજ ચરિત્ર કરવાને તેવું કરવું થવું સર્વશક્તિમાન વિના બીજાથી પરિપૂર્ણ કેમ બને? " **હરીન વિસારે તેને હરી ન વિસારે** " એ સિદ્ધ કરવા સારૂ.

પદ, " બન ગયો બંદ " એ રાગ.

જુવે ત્યાં શું બિચારીરે, થઇ મન ધારી. ટેક,
આવ્યા મહેતા વધાઇ દેતા, ભભકો ભારે મારી,
મીત્ર મળ્યાથી ટળી પીડા સહુ, નાત જમાડશું આખી હે નારી! થઇ મન ધારી.
(પ્રભુ રીઝે પછી પોતાના ગજા પ્રમાણેજ **द्विर्ददाति न चार्थिभ्यः** અર્થિને બેવાર

દેતા નથી, કે ફરી તેને કદી કોઇ પાસે વા પોતા પાસે પણ એ માટે માગવું પડે.)

"કોઇ નથી દાતાર, હરી સમ કોઇ નથી દાતાર; મુષ્ટી તાંદુલ ખાતાં વેંતજ પુરી થઇ તૈયાર"

અહીં તો ધર્મ કાર્ય માટે આખી વાળી સતિ આપી ચૂકી છે, તેનો બદલો કેટલો!

"હરીને વિપત્તિ પતિ કેવા અર્થ સારેરે" તે હવે જોવાનું છે.

દીધાં નોંતરાં ખરા બપોરે, ઘેરે ઘેર પુકારી

સહુ સમજ્યાં મશ્કરી કરે છે, જવાબે આપી ગોર ગયો હારીરે. થઇ મનધારી.

આવ્યો સામન ઘી સાકર, મેવા મીઠાઇઓ ભારી,

પુષ્પહાર ચંદન આ કયાંથી! આવ્યાં બની રૂડાં બીડાં સોપારી રે. થઇ.

તેડાવ્યા ઝટ વડા રસોઇયા, ઝડપે થઇ તૈયારી,

શાક રાઇતાં ભજીયાં પૂરી, ગોઠવણી બણી ગઇ અણધારી રે. થઇ.

જોવા આવે જતાં જગત જન, થાય અચંબો ભારી;

કયાંથી આવ્યા સામન નોકર, સંત મળ્યો કે શ્રીમંત કો ભારી રે!"

(મંત્ર એકજ છે—"**હરી ન વિસારે તેને હરી ન વિસારે રે.**

મહેતાજીની નાતને પાવન કરવા ગોઠવણ કરી, હવે પિતૃઓ જેમના નિમિતે એ તૈયારી હતી તેમને માટે તૈયાર થયા—

રાગ કાફી— કરવા બેઠા શ્રાદ્ધ, ઉમરભર માંહે આજ શ્રદ્ધાથી ખરેખર, કરવા.

કયાંથી આણ્યું પિતાંબર કસબી, પોંચી આ શી હાથ!

આ શી કંઠી છેલકડીને, તનપર તેજ અગાધ. ઉમરભર.

ત્રપણ કર્યું ચાંદીને ત્રભાણે, જળ દેવાની સાથ.

તૃપ્ત થયા પૂર્વજો સભાગી, ઉદકજ અડતાં હાથ. ઉમરભર.

(પાદ જળ સ્પર્શે **સગર**પુત્ર જેવા ઉદ્ધરી ગયા, તો શ્રી હસ્તજળ તે સવિધિ તારવાનો સંકલ્પથી કરે પછી કેમ તેમાં કસર રહે!)

કહ્યું છે—

आस्फोटयन्ति पितरः प्रणत्यन्ति पितामहाः ।

वैष्णवोनः कुलेजातः सनस्संतार यिष्यति ॥

પિતૃઓ તાળીઓ પાડે છે તે પિતામહો નાચે છે.? ક્યારે? શું કામ? અમારા કુળમાં વૈશ્નવ પેદા થયો. (એવું જાણે ત્યારે) તે અમને તારશે. **પ્રલ્હાદ**ને **પ્રભુ**એ કહ્યું કે ભક્તની એકવીશ પેઢી તરે છે. રાજા રીઝે ને ગામ દે, તો કેટલી પેઢી તે અમીર રહે છે! તો આ તો સાક્ષાત સર્વેશ્વર છે!

"પીંડ પામતાં દુઃખ વિરામતાં, ત્રણે પેઢીના તાત;

તરી ગયા જે મરી ગયા તે, ડરી ગયા શુચિ જાત.

"ઉમરભરમાંહે" **મહેતાજી**ને ફરી શ્રાદ્ધજ ન કરવું પડે એવી ગોઠવણ એકવાર શ્રાદ્ધ કરીનેજ કરી દીધી. **ગયા**માં ગદાધરના પાદમાં પીંડ પડે તો ફરી શ્રાદ્ધની જરૂરત નહિ, ને **બદ્રિનારાયણ**પરના બ્રહ્મકપાલ શાપ વિમોચન શીળાનું તો મહાત્મ્ય શું કહીએ! એ પ્રમાણે જેના સંકલ્પ આધિન જગતનાં પિતૃઓનાં શ્રાદ્ધ પૂરાં થાય છે. ને પોતેજ ક્રીયા પણ કરે, પછી કસર કેમ રહે? ગજા પ્રમાણે બદલો "હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારેરે" પણ

જગત કેમ જાણે કે "હરી ન વિસારે તેને હરિ ન વિસારેરે" પિતૃ પ્રસન્ન મુક્ત થયા એ વાત તો અંતરિક્ષમાં અદ્રશ્ય રહી, જગતને જણાવવું જોઇએ—

તેડ્યા બ્રાહ્મણ આપી ભૂરશી, શાલ દુપટ્ટા સાથ;
લઇ લઈ પ્રસન્ન થઇ.થઇ મનમાં, લહે નવાઈની વાત. ઉમર.

પદ. "દીન જાણીને" એ રાગ.

નટખટ નાગરી નાત, પરસ્પર ટોળ કરે છે.
નોતરાં દે એઉ ભ્રાત, (એ) સમજની ખોળ કરે છે.
એક કહે અલી તું ક્યાં જવાની, મ્હારૂં મહેતા ન્યાં ફરે છે. પરરસ્પર.
બીજી કહે મ્હારે મહેતી છે માસી, પીરસવા રહેવું ઘટે છે. „
ત્રીજી કહે હું તો જાતી નથી કંઇ , જોવા આવીશ શું જમે છે. „
ચોથી કહે વંસીધરનું ચૂકશો, મહેતાજ બહાર ફરે છે. „

એક તરફથી એવા તે ખરા આધાર પર હતી. બીજી ગમ--

લાવણી.

શ્રાદ્ધ ત્યાં કરી રહ્યા મહેતા (૨) નિકળ્યા બ્રાહ્મણ લાલ પીળા થઇ વાહ વાહ કહેતા.
આશિષો અનેક વિધ દેતા (૨) સૌ દિવસોનું સાટું વાળ્યું એમ માની લેતા.
વાત ગઇ નાત વિષે ફેલી (૨) જોવા ધાયા ન્હાંના મોટા નિંદાને મેલી.
દીઠા બ્રાહ્મણ રાતા પીળા (૨) દ્વેષીના ટાંટીયા ત્યારથી બની ગયા ઢીલા.
જુવે શું ઘર આગળ વહારે(૨) રસોઇ:થાય ઝપાટે ચૂલા ચાલે કહી હારે.
સુગંધી ચહુ દીશ ફેલાતી (૨) માંડ્યા ઠામ ટપો ટપ સહુએ મૂકી પંચાતી.
બંસીધરને ત્યાં કોણ જશે ! (૨) આજે જમીએ વ્હેલું સુંદર શીદ આંહી ન રસે !
મળ્યો કોઇ ખરો શેઠ આજે (૨) ઘણા પડ્યા છે જગમાં જેને ભક્તોનું દાઝે.
કોઇ કહે હરી રાખે લાજે (૪) કઇ વખત:આવીને કેશવ કરી આપે કાજે.
હશે કદી એ આવ્યા આજે (૨) ક્યાંથી તે પરખાય ! શોધતા અજ શીવ સરખા જે.

પદ. "પ્રિય સભાજનો" **કલ્યાણ.**

નરસહી અહે, જમવા સહુ ચહે. આવી નાત મોદ સાથ ભેદ ના લહે.
ક્યાંથી લાવ્યા ધન મહેતાજી, મળ્યો કોણ આ શેઠ;
બંસીધરની વાત આજ થઈ, ગઈ સરવ વિધ હેઠ.
ન્હાવા જળ ઉન્હાં ને શીતળ, ફુલેલ મર્દન કાજ;
ચંદન કુસુમહાર દઇ પુજે, ખુદ **નૃસિંહમહારાજ** „
પૂરી રાંગુલી પડ્યા પાટલા, કરી ધૂપની હાર;
નવો ચાલ સોરઠમાં કહાડ્યો, મહેતે કીધી મ્હાર.
બબ્બે પત્રાવલી ને દડીયા, પાંચ સાત શા માટ !
ત્યાં.ભોજન નિકળ્યાં ઘસમસતાં, વાહ શો આવ્યો ઠાટ ! „
નામ સુણ્યાં તે નજરે પડતાં, આજ આંહી પકવાન;
મળે ન દેશે તે શાકે છે, એ આશ્ચર્ય મહાન. „
સ્રીમંડળમાં મહેતી મ્હાલે, પુરૂષોમાં છે આપ;

બ્રાહ્મણને ભૂલવ્યાં ગૃહસ્થે, એવા ઉપડ્યા હાથ. „
એ ખૂટ્યું એ ખૂટ્યું ત્યાં તો, આવ્યા થાળો થાળ;
કશી વાતની કસરજ ન પડે, રસોઇ સરવ રસાળ- „
પાન બીડાં ને દાન મ્હોરનાં. ગૃહસ્થ માંડે હાથ !
સદા ખ્યાત રહે એમ જમી રહી, નરસહી ભૂવને નાત. „
પત્રાળાં ખુદ મહેતે કાઢી, પછી ન ધોયા હાથ;
એ દેખાતા અંધ થયા પણ, વાત ન ઝટ થઇ ખ્યાત. „

ચોપાઈની ચાલ.

સુધ ત્યાંતો આવી મહેતાજીને, અરે ! હુંતો ભૂલી ગયો ઘીને;
રજા માગી આવ્યા મોદી હાટે, ઘી ઉપાડી ચાલ્યા ઘરવાટે.
સ્હામા મળતા જમી જમી લોક, કરે ખ્યાતી તે થોકે થોક,
મહેતાને મુખે ધન્ય કહે છે, સાબાશીઓ સાચી વરસે છે.
મહેતા માને કે મુજને હસે છે, જમ્યા એ સહુ ભ્રાત ગ્રહે છે,
મ્હેં એ ભૂલ કરીજ ખરે છે, થયું તે ન થયું ન ઠરે છે.
રામ કૃષ્ણ ગોવિંદ સંભારી, મહેતે ભૂલ પોતાની વિસારી,
લોકોની સ્તુતિ લક્ષ ન ધારી, આવ્યા ઘર આગળ સુખકારી.

હરિગીત.

પત્રાવળાં પડીયાતણા ત્યાં ગંજ છે લાગી રહ્યા,
પંખીઓ ઉડે આંગણે, ભીક્ષુકો કંઈ માગી રહ્યા;
ઘરમાં જતાં ધમસાણ જોતાં ઝબકી શું જાગી ગયા !
પહોંચ્યા પ્રભુ માની, હૃદયના, વ્હેમ સહુ ભાગી ગયા.

પદ. " પીયુને તજાવનાર. " એ રાગ.

વદી વ્હાલી આ શું ? વળી આણ્યું પ્રાણનાથ ! ઘણોએ વધ્યો છે પાક જમે બીજી નાત.
થાકયા પાકયા આપ હવે ન્હાઇ લ્યોને સંત, આજે મ્હારૂં મ્હેણું ટાળી કરી ભાગ્યવંત,
મહેતા સાચું બોલ્યા હુંતો ચાલ્યો આવું હાલ, કયાંથી આ કર્યું શું પહોંચ્યા મ્હારા પ્યારા લાલ !
આવ્યો ત્યારે સાચે સાચો સરવને ખ્યાલ, એ મહેતા હતા હરિ આપ પ્રતિપાલ.
પત્રાવળાંએ ઉપાડી ગુમ થયા તાત, ક્યાં પિતાંબરી ઘરેણાં વીતિ એતો વાત !

ગજલ " પ્રિય રામ. "

મહેતી રહ્યાં પસ્તાઇ હીરો હાથથી ગયો, આવી વશી ઘરમાંહી હીરો હાથથી ગયો !
બેઉએ ભરીને નીર નયને પ્રેમનાં પૂરાં, ફરીને સ્તવ્યા ગુણગાઇ, હીરો.
તાર્યાં બધા પૂર્વજ તમા ફરી શ્રાદ્ધની ન રહી, સંત સંબંધ વડાઇ. હીરો.
લીધી પ્રસાદી પ્રેમથી પ્રિય અંગ સ્પર્શીતએ, રહ્યા સદાકાળ ધરાઇ. "
અનુ વાત થઇ એ ખ્યાત પુરમાં દેશમાં, રહી તે આંહી કહી તે ગાઇ."
" હીરો હાથથી ગયો " પણ હૃદયથી નથી ગયો. સાર સમજાઇ ગયો કે,

હરી ન વિસારે તેને હરી ન વિસારે રે, હરીને વિપત્તિ પતિ
સારા અર્થ સારે રે. હરિ ન વિસારે તેને હરિ ન વિસારે રે"

—શ્રી દ્વારકાંધીશનો જય—

॥ श्रीहरिः ॥

जगमित्रनुं आख्यान.

पूर्वरंग.

पद. राग पीलु.

જે શ્રીહરીને સરવ **ધારે**, તેનું શ્રીહરી સર્વ સુ**ધારે**;
વિઘ્ન **સીધારે**, વેરી **સીધા રહે,** શક શું ધાર ! તું સુધર એ સુ**ધારે**.

શ્રીહરીને સરવસ ધારવાનું સૌ જાણે છે. સૌ દેવ સમિપ જાય ત્યારે બોલે છે કે—

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधु च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्व मम देव देव ॥

એટલે રક્ષક, સહાયક, ચિત, અચિત, સાધન તમામજ તે છે, એમ તેને મુખે કહે છે. પણ મનથીજ તેમ " **જે શ્રીહરીને સર્વસ ધારે, તેનું શ્રીહરી સર્વ સુધારે** "

તે કાંઈ લાલચ ભયથી તેનાપર પરાણે ભાર મુકીને આરોપિત ધારવાનું નથી. વાસ્તવિક હકિકતજ તેમ છે. પ્રથમ દર્શને પ્રત્યક્ષ સામાન્ય લૌકિક જ્ઞાનથી તે સમજાય તેમ નથી. ઉલટું વિરૂદ્ધ ભાસે છે. જે માતા તે પિતાજ કેમ થાય ! તે બે એક નજ હોય. તેમ તેથી પણ વધુ અસંભવિત તેને વિદ્યા ને ધન પણ કહ્યું એટલે તે માનાર્થ, ઉપચારાર્થ છે એમ ભાન થાય, તે ઠીક છે. પણ વેદાન્ત ભણનારા વેદાન્ત દ્રષ્ટીથી શ્રુતિએ આપેલ સમજણથી વિચારે ત્યારે તેમજ હકિકતમાં છે એવું જણાય છે.

સર્વ **શ્રી**હરીજ છે એમ શ્રુતિ કહે કરીને **सर्वं खल्विदं ब्रह्म** આ બધું નક્કી બ્રહ્મ છે એમ "**खलु**" કરીને દૃઢ કરે છે. તે શી રીતે ? શું રાજાએ બ્રહ્મ ને પ્રજાએ બ્રહ્મ, જેલર, કેદી ને બેડી બધુ બ્રહ્મ ! એમાં ત્રણે તત્વ પ્રત્યક્ષ જૂદાં જડ, જીવ ને ઇશ્વર જણાય છે–મનાય છે. ધર્મ કર્મ ન્યાય નીતિ સ્વર્ગ જગતનાં સુખ ભોગના સાધન ભોક્તા ને બધું ભોગવનાર એમ " **भोक्ता भोग्यं प्रेरितारंचमत्वा** " કરીને શ્રુતિજ ત્રણેને જૂદાં ચોખ્ખાં કહે છે, ને તેમ દેખાય પણ છે. પછી બીજી શ્રુતિ " આ બધું બ્રહ્મ " કહે છે. તો તે આની સાથે પણ બંધ બેસતું થવું જોઇએ ! તે માટે ત્યાંજ " **तज्जलानीति** " તેનાથી ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય છે. માટે એમ હેતુ બતાવે છે એટલે ઉત્પત્તિ સ્થિતિ ને લય અચિત તત્વનો થાય છે. ત્રિગુણ, અવ્યક્ત મૂળ પ્રકૃતિ ને પ્રલયાવસ્થાને તેમાંથીજ–તે બીજમાંથી વૃક્ષ, તેમાં ડાળાં પાંદડાં ફળ ફુલ છાલ રસ થડ બધાના રૂપરંગ ગુણ સ્વાદ ભિન્ન હોય તેમ છતાં તે તેનું તેજ છે. તે રીતે ચોવિસ તત્વમાં વિકાર પામેલી તેજ માયા "ત્રિગુણ" પ્રકૃતિ પ્રધાન તત્વ છે. લય પામે છે. એટલે બીજી વસ્થામાં પાછી આવે છે. પણ વૃક્ષથી

બીજા ભિન્ન છે. જ્યારે આ જેમ મૃતિકા, સુવર્ણ આદિમાંથી ઘટ કટકાદિ બને ને પાછાં મૃત્ પીંડ, વા સુવર્ણ થઇ જાય, તેમ તે જે રૂપમાં હતી તેમાં તેની તે આવે છે, ને વધુ ખૂબી એ છે કે તેજ ક્રમમાં જેમ તે પ્રકટી વિસ્તરી હતી. આકાશથી વાયુ રૂપમાં આવેલી, તો વાયુ આકાશમાંજ સંકેલાય છે. પણ તે તો જડ–અચિત–પર માટે છે. સ્વતઃ કરતી જાણતી ભોગવતી નથી. યદ્યપિ તેની ચોરાસી લક્ષ જાતની દેહો બને છે એમ કહેવાય છે. તે પ્રત્યેક દેહમાં ભિન્ન ભિન્ન દેહી હોય છે. જે પૂર્વના ક્રમ પ્રમાણે તે તે દેહ વિવિધ પ્રકાર આકાર શક્તિવાળી પામે છે, તે જીવો—જાતે દેહો બનાવે છે, ન સ્વેચ્છાથી સ્વસત્તાથી તેમાં આવે છે. તે દેહોને રચનાર તથા તેમાં કર્મ પ્રમાણે ફળ ભોગવાવવા માટે તેમાં મોકલનાર ત્રીજો, બેઉથી એવડો મોટો કે બેઉ જેટલાં જ્યાં છે તેટલાંની અંદર ને બાહેર પૂર્ણ ભરેલ હોઇને તે બે ઉપર જ્ઞાનશક્તિનો ઉપયોગ કરી યથેચ્છ તેમને વર્તાવી શકે, એવો–એટલે સર્વ શક્તિમાન એના જેવો એજ અદ્વીતિય, તે તેમનો નિયંતા રચનાર સંબંધ જોડનાર છે. તેતો બેઉમાં છે. માટે તેની મુખ્યતાથી તે બેઉ પણ તેજ છે એમ કહેવાય છે. બેઉમાં તે છે માટે બેઉ તે છે. જેમ દેહમાં જીવ હોવાથી "દેવદત્ત" નામ, પણ તેજ નામ તે પીંડને અપાય ત્યારે જાણીએ કે જીવનુંજ નામ, પણ દેહને પણ લગાડેલ છે. તેમજ ચિત અચિત એ બેઉની દેહ હોવાથી તેમને પણ બ્રહ્મ કહે છે. એ રીતે "આ બધું બ્રહ્મ" એ બધાનો આ રીતે પોતાનાં શરીરથીજ પોતે માંહે સૃષ્ટી પ્રલય બેઉ અવસ્થામાં રહીનેજ આવિર્ભાવ તીરોભાવ–કરોળીયો પોતાની પોતામાંથી કાઢેલ જાળમાં ખેલી ગળી જાય તેમ તે સૃષ્ટીપ્રલય કરતો હોઇને સર્વે તેનાં શરીર છે, માટે તે સર્વ છે એમ કહેવાય છે.

સર્વ તેનાં શરીર છે એટલુંજ નહિ પણ સર્વમાં જે શક્તિ છે તે પણ તેને વશ છે એટલે તે જેમાં જેટલી જ્યારે રહેવા પ્રકટ થવા–અમલ કરવા દે ત્યારે ત્યાંથી તેટલું તેનાથી થઇ શકે છે.

પ્રથમ પ્રકાશનેજ લઇને "**तस्यभासा सर्वमिदं विभाति**" **ગી**તાજીમાં "સૂર્યચંદ્ર અગ્નિમાં મ્હારૂં તેજ છે એમ કહે છે. એટલે રાજાની સત્તા અમલદારોમાં હોઇ રાજાને છેવટ વશ છેજ તે રાજાની ગેરહાજરી હોઇને, ને આ સ્વરૂપેજ–અનંત પોતાવિના કોઇ કયાંહી કંઇ છેજ નહિ. એ રીતે "**नतदस्ति विनायत्स्यान्मया भूतं चराचरम्**" એટલે બાહેર તો ઠીક પણ અંદર પણ સૌ જૂદા, પણ તેતો એકજ "**मयि सर्व मिदं प्रोतं**" ન્યાયથી છે તે જેમ ધારક, વ્યાપક, તેમજ પોતાની શક્તિ તેમાં ધરનાર ભરનાર તેમની શક્તિનો પણ યથેચ્છ તે નિયમન કરનાર છે. વિભૂતિયોગમાં બહુ વિસ્તારે સમજાવ્યું છે, તે બધુંજ તેના વશમાં છે તે રીતે બધુંજ તે છે બધામાં તેની શક્તિ છે માટે બધું તે છે એમ–"**सर्वं समाप्नोसि ततोसि सर्वः**" એમ **અર્જુ**ને તેનો અનુભવ ને તે દીવ્યદ્રષ્ટીથી કર્યો છે ને કહ્યું છે.

ઉપનિષદ્ પ્રમાણેજ શિષ્ટોનો અનુભવ પણ તે શુદ્ધ ચિત થયા પછીનો પ્રસિદ્ધ છે. **પ્રલ્હાદે** તેની બહુ મ્હોટી પ્રતિતિ આપી છે. પુત્રે પિતાને **શ્રી** નારદજીથી જાણેલું એજ રહસ્ય સમજાવ્યું છે. ને તેના ચરિત્રને લક્ષમાં લઇએ તોજ તેણે ચિત અચિત જળ અગ્નિ સર્પ શસ્ત્ર બધું બ્રહ્મ, એટલે તે બધામાં બ્રહ્મ ને બધાની શક્તિ તે તેનેજ વશ એમ જાણ્યુંજ નહિ–માન્યું. દૃઢ રાખ્યું તો સૌને ખબર છે કે તેને ન અગ્નિ બાળી શકયું, ન વિષ મારી શકયું. કારણ, પદમાં એજ સાર છે એજ દ્રષ્ટાન્ત પૌરાણિક ઐતિહાસિક આધાર છે. ઉપ

પ્રમાણે "કેન" આદિ ઉપનિષદ્‌નું એજ છે કે–**"જે શ્રી હરીને સરવ ધારે, તેનું શ્રી હરી સર્વ સુધારે."**

શ્રીમત્ ભગવદ્‌ગીતામાં તો કહ્યું છે કે–"**वासुदेवं सर्व मिति समहात्मा सुदुर्लभः**" સર્વ **વાસુદેવ** છે. એમ જાણનાર માનનારા મહાત્મા મ્હોટા જ્ઞાનવાળા દુર્લભ છે." કારણ સર્વમાં વસેલ તે "વાસુદેવ" એ રીતે સર્વ વાસુદેવ, તે **સમજાવવાંજ. પ્રથમ** બે પ્રકારની પોતાની પ્રકૃતિ "વાસ" સમજાવી, તેમાં પોતે સૂત્રની પેઠે છે એમ બતાવીને તે શરીરમાં જે શક્તિ વિશેષતા તે પણ પોતાની–"**बलं बलवता चाहं**" બળ વાનમાં બળ હું છઉં. એમ સમજાવી, છેવટ તે સર્વ પોતાને વશ, એવા પોતે શરીરીજ મુખ્ય છે. તેને આધીન, તેનાથી ભિન્ન જેનાં સ્વરૂપ સ્થિતિ નહિ, જેની ઇચ્છા વિના જેમની પ્રવૃત્તિ નહિ, એવા બ્રહ્મ, તેજ સર્વ સર્વત્ર જાણે એ રીતે "**જે હરીને સરવસ ધારે**" તેને માતા પિતા ગુરૂ ધન વિદ્યા બધું બ્રહ્માત્મક—બ્રહ્મને લઇનેજ **ब्रह्मार्पण ब्रह्महर्वी** ન્યાયથી **अहं क्रतु रहंयज्ञ स्वधाहमह मौषधं**" ઇત્યાદિ વચન પ્રમાણે જે કાંઈ નામ રૂપ તેમાં બ્રહ્મ છેજ તે બ્રહ્માત્મક છેજ એમ ભાસે આ બ્રહ્માત્મક કાંઇ નથીજ. સ્વતંત્ર કોઇ ક્યાંહી હોઈ શકતું નથી એમ સિદ્ધ અનુભવાય. "**ईशावास्य मिदं सर्वं यत्किंचित् जगत्यां जगत**" જે કાંઈ જગતમાં છે તે ઇશે આ વાસ કરવા યોગ્ય છે નિયંતા અંતર્યામી તેની અંદર હોઇને નિયમન કરતા થકાજ બધું છે. ઉપનિષદ્‌નો એજ ઘોષ છે. ને તે ઉપરજ અમે એક પદ લખ્યું છે.

ભેરવી ગજલ.

" શ્રીહરી વિણ છે બીજું કંઇ, એ વિચારો છોડ છોડ;
" શ્રીહરીજ રહ્યા બધું થઇ, એ વિચારો જોડ જોડ.

" પ્રકૃતિનાં પૂતળાંમાં, જીવ છે એણે ધર્યા, આપ પેશીને કરે છે, વિવિધભાંતિ તોડ ફોડ. કોઈ જીવ સાથે બ્રહ્માની દેહમાં, ને કોઈ સાથે કીટમાં, એમ "નામ રૂપનું વ્યાકરણ કરાવે છે, તે માંહે મુખ્ય પોતે રહીને, કરાવીને; પોતાનાં શરીરવડે—

"કાળ કર્મ સ્વભાવ એ સહુ, નામ છે સંકલ્પનાં, પ્રકૃતિ ને જીવકરણો, સુદૃઢ એ ચિત ચોઢ ચોઢ.

જેમ શસ્ત્રવડે કાપીએ, જેમ અમે ઇન્દ્રિ કરણવડે કરીએ, તેમ ચિત, અચિત ઉપકરણ મુખ્ય કામોનાં છે, ને કાળ તેનો સંકલ્પ, વિચાર છે. પુણ્ય પાપ તેની રીઝ ખીજ છે. સ્વભાવ તે પણ તેની મુખ્યતાને લઇને તેણે જેના જેવા જ્યાં સુધી ઠરાવ્યા ત્યાં સુધી તેવા છે. ગરમી અમુક ડીગ્રી તેમાંજ પાછી મુદલે નહિ તેમ.

"સર્વમાં તું એ અણું, તારૂં એ ગણુ એનું બણ્યું; અનુભવે અનુભવાવે એ ખોટી તારી હોડ કોડ.

સર્વ તેના શરીર એટલે "મ્હારો" આત્મા જીવ પણ તેને વશ મ્હારા ગણાતાં દેહ મન ઇન્દ્રિય પ્રાણ "**वासुदेवात्मकान्याहु क्षेत्र क्षेत्रज्ञ मेवच**" તેમ "હું" કહેવા "તું" તમામે તેના દેહ, તેને આધીન છે. અમારી કૃતિ મતિ ભુક્તિ મુક્તિ તેનેજ વશ છે. તે **संसार मोक्ष स्थितिबंध हेतु**" ત્યારે જ કહેવાયા છે ને તેથી બીજું પદ ગાયું છે.

ગજલ.

નાથ કહું કે તાત કહું કે જાત કહું શું શું કહું; જે કહું તે પડે ઓછું સર્વ તું શું શું કહું.

મ્હારૂં તે ત્હારૂં કહું ને ત્હારૂં એ મ્હારૂં કહું, હું છઊં એવું કહું કે હું ને પણ તું તું કહું. હું રહું તુંમાં કહું કે તું રહે હુંમાં કહું, હુંમાં પણ તું તુંમાં પણ તું સર્વમાં તું તું લહું.

એટલે પછી ફળ મળવું તે પણ તેનાજ વશમાં, કૃતિ કરાવવી તેપણ તેનાજ વશમાં; માત્ર ઇચ્છા કરવી, ચેતનનો સ્વભાવ છે. તેથી તે કર્ત્તા, તેથી "**शास्त्रार्थत्वात्** " શાસ્ત્ર તેને માટે, કે " આ કર " આ ના કર " એનું નામજ વિધિ નિષેધ, પછી તેમ છતાં જેવું જીવ ચાહે તેવું પ્રભુ, પ્રયત્ન, કર્મ ને ફળ તેને કરાવે ને અપાવે છે. તેમાં પણ તે ફળ આપનારમાં જેટલી શક્તિ મૂકી હોય તેટલું તે દ્વારા અપાવે છે. " કૂવામાં હોય તે હવાડામાં આવે. " બળધમાંથી દૂધ ન મળે ને લીંબડામાંથી કેરી ન મળે. આંબલીના ઝાડમાં રૂ ન મળે ને પંખીમાંથી દૂધ ન મળે. તે જ રીતે માણસમાં, વૈદ્ય વકીલાતની, વકીલ વૈદકની મદદ ન દે, તેમાં દેવો પણ ધન્વન્તરી વૃષ્ટી ન દે, ને ઇન્દ્ર ઔષધ-આરોગ્ય નવ દે. બધામાં શક્તિ સર્વેશ્વરી તેને તેને તેણેજ આપેલ—સોંપેલ, તે તેના નિયમ પ્રમાણેજ વાપરે છે. જેમ અમલદારો રાજાની આપેલ સત્તા ભોગવે, કર વસુલ લે ને પગારે આપે, પણ ગમે તેને ગમે તેટલો ન લે, ન દે. તેમ તે રાજા જ દે છે. લેછે, એમ કહેવાય છે. ને તે ઠીક છે. રાજાની જ સત્તાથી શાસનનો અમલ, રાજા તેમના દ્વારા કરે છે, સમજુ સમજે છે કે મુખ્ય રાજા છે. તેજ વાતે પોતે ગીતાજીમાં સ્પષ્ટ સમજાવી છે કે—"**यो यो यां यां तनुं भक्त । श्रद्धयार्चितुमिच्छति** " આદિ વચનથી જેજે મ્હારા જે જે "તનુ" શરીર તે પૃથ્વી, વૃક્ષ, પશુ, નર દેવ ગમે તે રૂપે હો તેની શ્રદ્ધાપૂર્વક સેવા કરવા ઇચ્છે તે કરાવી તેને તેનાથી ફળ—" "**लभते च ततः कामान्मयैव विहितान् हितान्** " ને તે કામનાઓ પોતે જ તે દ્વારા અપાવે છે. "**अंतवत्तु फलं तेषां** " તે ફળ અંતવાળું થાય છે. કારણ તેના પણ આપનારા તે સ્વામી એજ. અંત પાળીને તેને આપવાનાં ફળો પણ અંતવાળાં આપ્યાં છે. કારણ મૂળે તેમનાં તે નથી, તેમણે યજ્ઞ કરી, તપ કરી, ધ્યાન કરી,તેના બદલામાં મેળવ્યાં છે. તે પરિમિતે કૃતિનાં ફળે પરિમિત જ હોવાં વાજબી છે. અપરિમિત ફળ તેજ આપે છે. જેની પાસે અપરિમિત સત્તા સામગ્રી સ્વાભાવિકજ કોઇની આપેલી વા કોઇથી મેળવેલી નથી તેવા તે પોતેજ છે. પૂર્ણકામ સર્વ શક્તિમાન સર્વાભિષ્ટ ફળપ્રદાતા છે. ને તેથી ડાળાં મૂકી થડને સેવે.

" એકહી સાધે સબ સધે, સબ સાધે એક જાય;
જો ગ્રહી સેવે મૂલકો, તો ફુલે ફલે અઘાય. "

રાજાને વશ કર્યા, પ્રસન્ન કર્યા કે અમલદારને? તેનો વૈભવતો તેની અંતર્ગત આવી ગયો. વિશ્વમાત્રનો વૈભવ તેના કોટયાન્ કોટી અંશમાં છે. **एकांशेन स्थितो जगत्** કહેલ છે. એટલે અમે ગાયું છે તેમ.

લાવણી.

નાથજી નાથ તમે સાચા (૨) અન્યનાથ તે તમે બનાવ્યા અંત દરે કાચા.
નાથજી નાથ સદા રહો છો (૨) અન્યનાથનું બધું આપ અંતમાં હરી લ્યો છો.
નાથજી નાથપણું કરતા (૨) અન્ય નાથ બની દીન ઘડિઘડિ તમને કરગરતા.
નાથ શીર નાથ નથી કોઇ (૨) લક્ષ્યા ભૂલી તે પડયા ધૂળી થઈ ગયા બધું ખોઈ.
નાથજીનું નિજધામ ખરૂં (૨) અન્ય ધામનું ધામ અંડપણુ નષ્ટ થતું જબરૂં.

નાથનાં તે સનાથ રહેશે (૨) અન્ય નાથ આપજ નહિ રહેશે પ્રલય જળે વહેશે.
નાથજીનું ધાર્યું થાતું (૨) અન્ય કરે એ ચહે ત્યાં લગી પળે પલટી જાતું.
સત્ય એનું શ્રી નાથ સદા (૨) હતા છે અને રહેશે એ છે કેવળ મોક્ષપ્રદા.
અને બીજાનું બીજું તેપણ એનુંજ.

પદ. "બતાદે સખી" એ રાગ.

સઘળે છે મ્હારા વેંકટ વરનો ઠાઠ, વિધ વિધ જીવો માટ; સઘળે.
વૈકુંઠે એ, પુરીએ, ધામે, મંદિરમાંએ, ગામે ગામે, એના છે સહુ ઘાટ. "
જ્યાં એ જેમ લ્હાણુ દે તે લઉં, બીજે બીજાનું નથી સત્ય કહું, એજ લીધી છે વાટ. "
બીજે બીજાનું તે પણ એનું, ખુદનું તો વળી અતિ મઝેનું, એજ કરૂં મુખ પાઠ. સઘળે છે.
રાજ્યભૂવનમાં ઇન્દ્રસદનમાં, કૈલાશે કે નંદનવનમાં; અજ ગ્રહે વૈકુંઠે આઠ. "
જનો વખાણે સુરો વખાણે, સત્ય પ્રમાણે કે ન પ્રમાણે, **અનુ** સહુ એના ભાટ. "

અને તેથી તે મૂળને પકડી—"**જે શ્રીહરીને સરવસ ધારે, તેનું શ્રીહરી સર્વ સુધારે**" એ તેની ખૂબી છે–તેનો પ્રભાવ છે, સ્વભાવ છે, જ્ઞાનનું ઇનામ છે, ભાનની લ્હાંણ છે. તેનાં તે કર્મ છતાં બીજાને અંતવાળાં ફળ કેમ મળે છે? ત્યાં પોતે સ્પષ્ટ કહે છે—

अहं हि सर्व यज्ञानां भोक्ता च प्रभुरेव च ।
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥

" સર્વ યજ્ઞનો ભોક્તા પ્રભુ હુંજ છઉં છતાં, મને તત્વે કરીને નથી જાણુતા, તે પડે છે."

બીજા દેવને સર્વેશ્વર માને તેથી તેનાથીજ પરિમિત ફળ પ્રભુ અપાવે છે; "**मामेव**" **मामेक** "**एकमेव अद्वितीय**" એમ શાસ્ત્ર બોધ તેથીજ કરે છે, પહેલો એકડો તો ખરોજ ઘુંટવો જેનાં છીએ તેને ખરોજ ઓળખવો જેનું જેણે દીધું છે તેને માટેજ તે વપરાય તોજ ચોરી મટે. બલકે તેનું ઇનામ ઘણુંજ મ્હોટું છે. માગનારાને 'ઉદાર' તે એ કહે છે ને પોતાને માગે તો આપી દે છે. એ રીતે "**તેનું શ્રીવર સર્વ સુધારે**"

લાવણી.

" ઘરેશ્વર ખાલી ગોદા ખાય, ધણી તો એકજ છે જગમાંય;
પાંચ સાથે પ્રભુ કદી હોય નહિ, તે વળી સર્વ સમાન;
સૌથી મ્હોટો એકજ, સૌનો સ્વામી માન, કરે જે એજ સદા તે થાય. ઘરેશ્વર ખાલી.

સૌ પાઠ કરે છે—

यंब्रह्मा वरुणेन्द्र रुद्र मरुतः स्तुन्वंति दिव्यै स्स्तवै।
वेदैः सांगपद क्रमोपनिषदै र्गायंति यं सामगाः ॥
ध्यानावस्थित तद्गतेन मनसा पश्यन्ति यं योगिनो ।
यस्यान्तं न विदुः सुरा सुरगणा देवाय तस्मै नमः ॥

જેને **બ્રહ્મા**, **વરુણ**, **મહાદેવ**, **વાયુ**, દીવ્ય પદથી સ્તવે છે, વેદ પદ ક્રમથી ઉપનિષદે સ્તવે છે, સામ ગાન જેના ગુણનું ગાન કરે છે, જેને ધ્યાનમાં સ્થિર થયેલ યોગીયો તેમાંજ મનપરોવવાથી જેને જુવે છે પણ તેના અંત સુર અસુર જાણુતા નથી, તે દેવને **નમસ્કાર**–

એટલે એવા કોટી બ્રહ્માન્ડના નાયક આગળ અને તેજ પાછા આ બ્રહ્માન્ડના પણ એક નાયક સ્વતંત્ર સર્વેશ્વરનાં તો અમે સૌ પ્રજા છીએ. તે કોણ છે? "**सर्व लौकीकनाथं**" સર્વ લોકનો એક નાથ, ને **शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं**" એમ સૌ સુર દેવતાઓનો પણ ઇશ શેષશાયી **શ્રીમન્નારાયણ** જેની નાભીમાંથી **બ્રહ્મા** તો થયા એટલે કર્ત્તાનો કર્ત્તા ને ભર્ત્તાનો ભર્તા, હર્તાનો હર્તા ને સહુ દેવોનો નિયંતા, ચૌદે લોક ને તેના અધિપતિનો નાથ, તેજ ખરો નાથ છતાં, તેને નથી નમતા, તેના સમાન બીજાને ગણે છે. તે કેવા છે?

લાવણી.

ધણી ધણા શીર ધારે તે તો, વેસ્યા સમ લેખાય;
સાચી પ્રિત નહીં એક પર, સ્વાર્થ દેખીને ધાય; ન એક તેથી ઉરથી ચ્હાય, ઘરોઘર ખાલી૦
સકળ વસ્તુ સૌને દેનારો, એકજ છે તે આપ;
એને વળગે સઘળું મળશે, તજી મહારાજા બાપ, ભીખારી નોકરનો શીદ થાય? ઘરોઘર ખાલી૦

વળી— **ગજલ.**

ભગવાનથી જેવું થશે તેવું બીજે થાવું નથી, અંતે એ એની સેવ વિણ ખરૂં દુઃખ જાવું નથી.
" ધન પામવાજ વિચાર છે તો લક્ષ્મી એની નાર છે,"

શ્રીપતિ એજ કહેવાય છે, ભૂમિપતિ તો છેજ, **સિતા** ભૂમિનો અવતાર છે, **વરાહ** વેશે પણ તેનોજ ઉદ્ધાર. પુરૂષસુક્તમાં **ह्रींश्च लक्ष्मिश्चपत्नौ**" કહે છે. એટલે સર્વને અધિકાર આપીને પોતે અધિકારરહીત નથી થયાં, પણ ખરા પૂરા અધિકાર તો પોતાની પાસે જ. રાખેલ છે. **હિ**રણ્યાક્ષનું વરદાન ઉડી ગયું, તપનું ફળ ખુટી ગયું, ને **પ્ર**લ્હાદને તેજ પદ મફતમાં આપી દીધું. એટલે કહ્યું જ કે "**જે શ્રીહરીને સરવસ ધારે, તેનું શ્રીહરી સરવ સુધારે;**"

" જો લંકાં દશ શીશ અરપીંક **રાવણ શી**વપેં લીની;
સો સંપદા સહિત **વિભિષણ**કાં સકુચ સહિત હરી દીની "

તે એજ મંત્ર "**જે શ્રીહરીને સરવસ ધારે, તેનું શ્રીહરી સર્વ સુધારે**" એ બેઉ અનન્ય ભક્તના દાખલામાં જોયું છે કે—"**વિધ્ન સીધારે, વેરી સીધા રહે, શક શું ધાર તું સુધર એ સુધારે**" **પ્ર**લ્હાદજીના ઉપર કયું વિઘ્ન નહોતું આણ્યું! તે તમામ કસોટીમાં કસાયા, પણ બધાં વિઘ્ન ક્યાંહી સીધારી ગયાં. તેજ હાલ વેરીના થયા, તે સીધા ન થયા તો ઊંધા પડ્યા–મુઆ તેથી જ શીખી લીધું તે સર્વને માટે **પિતા માતા સુહૃદ શરણ** છે. માત્ર દેર અમારા દ્રઢ વિશ્વાસની છે. પછી તો "જે" શબ્દ છે " તેનું શ્રીહરી સર્વ સુધારે "

પ્રલ્હાદજી તો જન્મથી વળગ્યા હતા પણ **વિ**ભીષણજી તો ઘણી મુદત અસુરોમાં વસ્યા, પછી **રાવણ**ના મંત્રી રહ્યા, પછી જ્યારે તેના કહ્યામાં **રાવણ** ન રહ્યો પણ ઉલટો પોતાનો વેરી થયો ને તે હીત કહ્યું તે માટે–તો પછી જ્યારથી તે પોતાનાં સ્ત્રી પુત્ર પ્રજા ધનધામ પણ **રાવણ**ના રાજને વશમાં મુકી **શ્રીરામ** શરણે, તે મને જ સરવસ્વ ગણીને ગયા તો જોયું કે તે **રાવણ**નાં બધાં રણમાં રડ્યાં, છેવટ **રાવણ** રોળાયો, ત્યાં સુધી શ્રી **વિભીષણ**ના ઘરભણી તેને કુવિચાર પણ ન સુઝ્યો. તેની તો સ્ત્રી પ્રજા ધન સર્વનું રક્ષણ જ થયું. અને પરિણામ તો જાણીએ જ છીએ.

એટલે—" **વિઘ્ન સીધારે, વેરી સીધા રહે, શક શું ધાર તું સુધર એ સુધારે.**

એમનો જ કૃષ્ણાવતાર એજ શ્રીહરિની પાસે દુર્યોધન ને **અર્જુન** ગયા, મહાભારતમાં પ્રસંગછે—

સાખી.

દુર્યોધનને ખબર પડી પાંડવો મેળવે **સેના**, દુષ્ટકૌરવો કજીયાળા પછી ક્ષણે શાન્ત રહે **શેના**!
બેઉ પક્ષ પૃથ્વીપર પહોંચ્યા જ્યાંજેની વગ **ચાલી**, સગુણી સાથે થયા સદ્‌ગુણી કુચાલીસંગ **કુચાલી**;

પણ પછી શ્રીદ્વારામતિમાં પ્રભુ પાસે પણ બેઉ પહોંચ્યા ત્યાં—

દુર્યોધન બોલ્યા પ્રસંન મન સ્વઆગમનનો **હેતુ**, શ્રીમનયદુનંદન છો સરખા આપ બેઉના **હેતુ**;
યુદ્ધ થાય બેઉ માંહ્ય આપની સ્હાય ન્હાય બેઉ **ભારી**,
પહેલો આવ્યો ગણી સ્વીકારો અરજ કરો **આભારી**;

ભગવાને તોડ પાડ્યો— **ગીતિ.**

સેના મ્હારી **વ્હાલી**, એક તરફ નારાયણ પદ**વાળી**;
બીજી ગમ થઇ **વાલી**, શસ્ત્ર યુદ્ધ વિણ કરીશ રખ**વાળી**;

શું પસંદ કરો છો? દુર્યોધને સેના, વરી, ને **અર્જુને શ્રી**હરિને વર્યા. છેવટ—

પદ " કંગનવા " એ રાગ.

અર્જુનથી ઉચર્યા, એકાન્તમાં શ્રીહરી; માગી લીધો તે મુજને શું શોચકરી!
શસ્ત્રો ધરીશ નહીં, યુદ્ધ કરીશ નહીં; એવા એક શું થાશે, રહી સેના એની પાસે;
જેને દેવોએ કેમ શકે ના સંહરી. અર્જુનથી ઉચર્યા, એકાન્તમાં શ્રીહરી.

ત્યારે ઉત્તરમાં—**પદ** " આજ શ્યામ " એ ઢાળનું.

અર્જુન કહે કર્યું કામ, કૃષ્ણ મ્હેં વિચારીને;
કૃષ્ણ મ્હેં વિચારી શક્તિ ત્હારી ના વિસારીને. **અર્જુન.**
એકતું સમર્થ તાત, હરવા સહુ શત્રુ સાથ, નિશ્ચય માનું એ વાત, વદું ના વધારીને. **અર્જુન.**
ત્હારી કૃપાથી જ હરી, હુંએ સકુંછું સંહરી, વાત એજ સિદ્ધ કરી, દે તું દયા ધારીને. ,,
ધરે હાથ તું લગામ, તો સુધરે સર્વ કામ, પાર્થ સારથીનું નામ, ધાર દયા ધારીને. ,,

પિતાતો પુત્રનો ભાર ઉપાડવા તૈયારજ છે. તે મૂર્ખ નાહક માથે ઉપાડી મરે, વા અન્યને કરગરે છે. એવા **અર્જુન** નહોતા. તેણેતો "જે શ્રીહરિને સરવ ધારે," એજ કર્યું તો ઉત્તર શું મળ્યો?

દોહરો,

" હરી કહે દુઃખ દઇશ હરી, વાર ન કરી કરી વ્હાર;
નવરી સેન ન વરી ભલે, કરીશ વકરી જયકાર.

ને સૌ શ્લોક બોલે છે " " **भीष्म द्रोण तटी जयद्रथ जला** " ઇત્યાદિ. ત્યાં ભારત સાગર, ને અર્જુન કુશળે તરી ગયા. એટલે **વિઘ્ન સીધારે, વેરી સીધા રહે.**"

છેલ્લે **નજીરની ગજલ** કહી આખ્યાન આરંભીએ.

અયે દીલ કહી તું જાકે ન અપની જબાં હિલાય,
ઓર દર્દ દિલકા આપના કિશીકો તું મત સુનાય;
માંગ ઉસ્સે જીસ્કે હાથસે તું પેટ ભરકે પાય,
મશહુર યહમીસલ હૈ કહું કયા મૈં તુજસે હાય!

ગએર, અજ—ખુદાકે કિસમેં હુએ કુદરત કે હાથ ઉઠાય;
મકદુર ક્યા કિસીકા વોહી દે વોહી દીલાય.
અહેલે જહાં હૈ જીતને તું ઉન સબકા છોડ સાથ,
ના પાઉં પડ કીસીકે, તું અયે દીલ ન જોડ હાથ.
દો હાથ વાલે જીતને હયે ઉન સબસેં મોડ હાથ,
ઉસ્સેંહી માંગ જીસકે હુએં કંઇ સો કરોડ હાથ.
ગર વો દીલાયા ચાહેતો દુસ્મનસેં લા દીલાય,
ઔર જો ન દેતો દોસ્તભી ફીર અપના મુંહ છુપાય;
બીન હુકમ ઉસકે રોટીકા ટુકડા ન હાથ આય,
ગર ચુલ્લુ પાની માંગોતો હરગીજ ન કોઇ પીલાય.
ઝરદાર માલદાર કે મન ફીર તું આસ પાસ,
મહોતાજગીસેં આપ વો બએંહાલેંજી ઉદાશ.
મા બાપ યાર દોસ્ત જીગર સબસેં હો નિરાશ;
હરદમ ઉસી કરીમકી રખ દિલમેં અપને આશ,
ઉમદા હયે જીતનેં ખલ્કમેં ક્યા શાહ ક્યા વજીર,
અલ્લાહહી હયે ગની મીયાં ઔર યહ હૈં સબ ફકીર.
ક્યા ગંજો મુલ્કો માલો મકાં તાજ ક્યા શરીર,
જો માગના હુએ ઉસ્સેહી માંગો મીયાં નજીર.
ગયેર, અજ ખુદાકે કીસમેં હયે કુદરત કે હાથ ઉઠાય,
મકદુર ક્યા કીસીકા વોહી દે વો હી દીલાય.

મુસલમાને અહાવું જાણે છે પછી અમે ક્યારે અમલ કરશું! તેમાં અમનેજ પુરણ લાભ છે. કારણ.

"શ્રી **હરીને સરવસ ધારે, તેનું શ્રી** ‌ ‌ **।સવ સુધારે.**" જુઓ વળી **આખ્યાન.**

—श्रीजगमित्रनुं आख्यान—

પદ પીલું.

જે શ્રીહરીને સરવસ **ધારે**, તેનું શ્રીહરી સરવ **સુધારે**;
વિધ્ન **સીધારે**, વેરી **સીધા** રહે, શક શું ધાર તું સુધર એ **સુધારે.**

બે જાતની આપત્તિ છે, એક આસમાની ને બીજી સુલતાની. બેઉના દાખલા દઇએ, કારણ સાધારણ કર્મ કરીએ ને ફળ મળે તેમાં **શ્રી**હરીએ કર્યું એમ પારખું ન પડે, પણ "આસમાની" દૈવી કોપ વેળાજ દેવ છે. તે સહાય કરે છે, કે નહિ, તેની પરિક્ષા થાય છે. તેમજ "સુલતાની" ધણીનો કોઈ ધણી નહિ એમ "રાજસત્તા" જ્યાં શાણુપણું ન ચાલે, ત્યાં પરિક્ષાએ થાય છે. આ ચરિત્રમાં બે પ્રસંગજ ને તે એજ નિર્ણય સમજાવે છે કે "વિધ્ન સીધારે" વિધ્ન રસ્તો કાપે એ જ આસમાની, અને વેરી સીધા રહે" એજ સુલતાની આ વાત નક્કી છે. "શક શું ધાર તું સુધર એ સુધારે." તે શું સુધરવું!" જે શ્રી હરીને સરવસ ધારે" કેવી રીતે?

ગરબી. "ગરજી તમને" એ રાગ.

હતા વિપ્ર જગમિત્રને નામે, દક્ષિણમાં કોઇક નાને ગામે;
વિશ્નુભક્ત જગમાં વિરક્ત હતા, પ્રભુપદ માંહે આસકત હતા. હતા.

" **परमात्मनियोरक्तो** " **विरक्त परमात्मनि** " કવી પણ કહે છે—
"જૈસી પ્રીત હરામપેં, એસી હરપેં હોય,
ચલ્યો જાય વૈકુંઠમેં, પલ્લો ન પકડે કોય. (સુરદાસની પેઠે.)
કુટુમ્બે મળ્યું હતું મન **ધાર્યું**, પોતે પાછું બોધે બહુ **સુધાર્યું**. હતા.
રાતે વહેલા કામથી પર**વારી**, કરે નિત કિર્ત્તન મન **વારી**. હતા.
પડોશીએ ત્યાં આવવા લાગ્યાં, કથા સુણી જગ ઉંઘથી જાગ્યાં, „
તેનું દેખી તેનાં સંગી આવ્યાં, જે આવ્યાં તે સંત બોધે ફાવ્યાં. „

તે આવુંજ માનવા લાગ્યાં કે–બીજાં સગાં તો ઠીક ને વૈશ્નવ તો—

એજ રાગ.

મોડાં વ્હેલાં વૈશ્નવ છે ભેળાં, એકજ ધામે જવાને સરજેલાં,
સરવ અહીં એકનેજ ભજતાં, સરવને તે અંત નથી તજતાં.
સરવના સરવ સુખ દુ:ખ એ કાપે, સરવને સરવ સુખ એ આપે,
સહુને સરખા નિતચિત મ્હાશે, સહુની સરખી પ્રિત રીત થાશે;
અનુ અંત જગત ઝીતિ જાશું, પુરા કૃતકૃત્ય સરવ થાશું.

એટલે તે સૌને અનુકુળ ને અગત્યનું નિર્દોષ હતું તેથી—
" છેલ્લે થયું ભક્ત જુથ જબરૂં, દહાડે દહાડે વધતું ગયું લશ્કરૂં.
એક આખું ગામ ભક્ત કીધું, ચોખું વળી નામ ભક્ત કીધું. "

ગીતિ— જેમ હરીને સેવે, તેમ ગુરૂ ગણી દ્વિજવરને **સેવે**,
લહ્યું અવર ભૂદેવે, કરે કમાણી આ વિણ પર**સેવે**.

જેમ મહેતાજીપર આરોપ મુકયો હતો કે—
" ભાંડ કુભાંડ ઠગી ભોળાંને પુરૂં પેટનું પરભાર્યું કરે."

ને કેટલાક તેમ કરે છે ત્યારેજ કહેવાયું છે—
" ટોપી પહેરે તીન ગુણ, નહીં વેરો નહિ વેઠ, બાવા બાવા સહુ કરે, સુખે ભરાએ પેટ. "

પણ આતો સાચા હતા–તેની પરિક્ષા કર્યાં વિના કેમ ખબર પડે! માટે પરિક્ષા થઇ શત્રુદ્વારાજ. **નિષ્કુળાનંદે** ગાયું છે કે—

જેનાં કસાણાં કસોટીએ તનજી, તે તે નર થયા નિર વિઘનજી,
કાચું માને કસણી વિના, શોધાણું માને સોનાર, ફરી ન થાય ફેરવણી, એવો ઉંડો ઉરે વિચાર.
રૂપ રંગ રૂડાપણું, મૂળ માંહે વધે વળી, જો શોધ્યાથી સહુ સમજજો, વધી કિમ્મત સઘળી.

અહીં સોનાને અગ્નિથીજ તાવવા જેવોજ પ્રસંગ છે, તેથી આટલું બસ છે. એ મહેનત કરનારા તેમનાજ શત્રુ હતા, એજ પ્રભુની વડાઇ છે તેમના કૃત્યથીજ પોતાના જનનું કામ તેનું **નામ** કરાવે છે.

ચોપાઇની ચાલ.

દ્વેશીઓથી ગયું ન **દેખાઇ**, આવી ઉરમાં અતિ **અદેખાઇ**,
વાંધા વચકા કાઢયા **કથામાંથી**, પણ ફાટયા ન જન **જથામાંથી**;

પછી ખોટી વાતોએ **ચલાવી,** આળો ભક્તની ઉપર **લાવી;**
પણ વાત ન થઇ મન **ભાવી,** લીધા હરીએ સ્વભક્ત **નિભાવી;**
જાતે લઢવા કનડવાને **ચાહી,** કીધી ભાત ભાતની લુચ્ચાઇ;
ક્ષમા ભક્ત કરે ગયા **સ્હામા,** રહ્યા સહાયી જગતના **વિસામા.**
જેમ જેમ દુષ્ટો પાછા પડતા, તેમ તેમ ઘણા ઘાટ ઘડતા;
કુડ કપટ યુક્તિ જેમ **સ્હાયી,** તેમ સંતની થઇ **સરસાઇ.**

(ધારણવાર પરિક્ષાઓ જેમ પાસ કરે તેમ કપરીજ પરિક્ષા. વિષયો વધુ કપરાજ આવે, પણ જે ચઢનારા છે, તે કાયરતા કેમ લાવે !)

દોહરો—અનુષ્ટાન ઉંધાં પડયાં, થયો સ્વધંધો **બંધ**; રહ્યો ગામને માત્ર છે, જગમિત્રથી **સંબંધ.**

(કારણ દ્વેષી સારા ગણાતા, ગવાતા, તે પણ **જ**ગમિત્રના દ્વેષથી પકડાઇ પરખાઇ ગયા, એટલે તે ઉલટા માનભ્રષ્ટ થયા ને તે સાથેજ **જ**ગમિત્રની ક્ષમાની પરિક્ષા થવાથી તેમનો વાંકો વાળ ન થવાથી મંત્રશાસ્ત્રી ખોટા ને તે સાચા, તેનાથી પણ સમર્થ. વાક્ય સિદ્ધ ખોટા ને તે સાચા, એમજ ઠરવા માંડયું એટલે બધું મંડળ ગામ એ તરફ વળ્યું, પણ જેમ—

" સાકર તજે ન ગળપણું, સોમલ તજે ન ઝેર;
સજ્જન તજે ન સહનતા, દુર્જન તજે ન વેર. "

તેમ તેઓએ છેવટ ઉપાય મહા ઘોર અજમાવ્યો. કાળી રાતે કાળું કૃત્ય કરવુંજ ઠીક પડે, ને તેથી લાગ સાધીને—

પદ. " ઉપકાર " એરાગ.

કરી કિર્તન પોઢયા જ્યારેરે, જગમિત્ર બાવા, ત્યાં વેર વાળ્યું મહાભારેરે. જગમિત્ર૦
અસુરોએ છાંના આવી, ઘરને દીધું સળગાવી, ચારે ગમ આગ ઉઠાવીરે. જગમિત્રબાવા !

પાંડવોનું કપટ તો **વિ**દુરજી જાણી ગયાથી તેમને લાખાગ્રહમાં જતાં ચેતાવ્યા હતાં ને પાછા સહાય કરનાર પણ ખનિત્રાદિ રાખ્યા હતા. બધીજ સવડ થઇ હતી. **શ્રીહ**રીએ **હ**રિજનદ્વારા કરી હતી પણ આ વખતે તો આ બિચારા અજ્ઞાતજ હતા. ને તેમનું જગતમાં જે તન ધન જન સામન તે સંધુંજ—

" છે સઘળું કુટુમ્બ માંહી, જાગતું નથી કોઇ કયાંહી; લાગી અગ્નિ તો ત્યાંહીરે. જગમિત્ર બાવા.
" ફરી વળી આગ ચોપાસે, ધાયાં જન જાગી ત્રાસે, સહુ સહાય કરવા આશેરે. "

પણ કરે શું ! " સબે સહાયક સબલકે, અબલ ન કોઉ સહાય;
પવન જગાવત આગકોં, દીપક દેત બુઝાય. "

તેમ અહીં સહુ સહાય છતાં પવન ને અગ્નિ દેવ કોપ્યા ત્યાં માણુસ શું કરે !

" અગ્નિ પ્રસરી ઉભરે છે, પવને ત્યાં મદદ કરે છે;(એટલે)મહીં જવું અશકય ઠરે છેરે. જગમિત્ર.
જાય તેનો ઉલટો નાશ થાય; કાંઇ માંહીવાળાને મદદ ન કરી શકે ! એજ મજા છે કે—

" ખરી અડચણમાં સરવ કોઇ નકામ છે જો. "

વળી—" ખરાં દુઃખો તો જાતે ખમવાં, મટે ન કોઇથી લેશે. "

પતિ મરી જાય ત્યાં ભાઇ પિતા મહારાજા ને રાજકુમાર હોય પણ શું કામના ? કાળજ્વરે ઘેરો ઘાલ્યો ત્યાં રાજાઓ પણ રૂવે, વૈદ્ય ડાકટર અસાધ્ય છે કહીને પોતાનું બળ ખૂવે, ને બચાવથી હાથ ધૂએ. ને ચક્રવર્તિ પણ પડીને રૂવે, કે કુકવે વરાળ કાઢે ! કે—

" સરવે રહ્યાં ને જવુ પડે મ્હારે, કયાંથી આવી મ્હારી **વારી**,
" એ સંકલ્પ ઘણોજ સાલશે, વહેશે નયનથી **વારી**. "

જગમિત્રનું ઘર બળ્યું તેમ અમારા આ દેહ ઉતારાને પણ આગ કાળજ્વરની લાગશે ત્યારે શું કરવું તે આથી જ સમજાશે—

" જ્યાં આગ બધે ફેલાણી, ત્યાં કરી શકે શું પાણી, થયું ગામ ભેળું આ જાણીરે; જગમિત્ર.

ત્યાં કાંઇ નળને બંબા નહોતા ! તેમ જગમિત્ર બાવા પણ નહોતા જાણતા કે બહાર શું થાય છે! જાણે તોપણ શું ! જેમ અમે કાળજ્વરે કષ્ટાતાં—

" પાસે ઘેરી વળે બધાં પણ, વિપતિ સમય નકામાં;
દુ:ખી થઈ ન દુ:ખ વધારે, બેસી રહીને સ્હામાં. "

વધુ વ્હાલ હોય તે વધુ રૂવે, વા વધુ રોવરાવે; "**स्नेह मूलानि दुःखानि**" ને તે વખત ફળી આવે, ને નિરૂપાયે, સદા છોડવાં પડે છે જ. લોકોએ તો માન્યું કે, " જગમિત્ર ને કુટુમ્બી " આપણામાંથી સદામાટે ગયાં, તેમને અંતકાળે પુન્યદાન, સ્નાન પણ ન મળ્યું! ન ચિતાનોએ ખપ પડયો! હવે બાકી શું રહ્યું !–પોક મુકવી, તેમના ગુણ સંભારવા,એજ ચાલ્યું.

ગરબી. " બેડા બાઇ " એ રાગ.

ભુંડી થઇ ભાઇયો ભારીરે, લાગી આગ શી અણધારીરે. ટેક.
સહુને શત્રુપર વ્હેમ રહ્યો પણ, હાથ હવે ન ઉપાય;
લાગી ચૂફી આજુબાજુ ને ઉપર, ભડ ભડ ભડ ભડ લ્હાય. ભુંડી.
આખું કુટુમ્બ છે ભક્તનું અંદર, બળી થયું હશે ખાખ;
ભક્તને સાટે હવે તો દેખાશે, હાડકાની પણ રાખ. ,,
રાંક બાલુડાં ને બાયડી બાપડી, સાધુ હતા સંત આપ,
જજો સત્યાનાશ એનું ભવોભવ, જેણે કર્યું આ પાપ. ,,
ગામ આખાનું વિશ્રામ દામ તે, આમ કર્યું શું વિનાશ;
આ પાપથી થશે અલ્પ સમયમાં, વસ્તિ બધીનો નાશ. "
આગ જુવે સ્નેહી ભાન ખુવે ને, કુકવે રોતાં લોક;
બ્હારે ધાવા હરિને એ હવે શું, વિનવે જન એ ફોક ! "
લ્હાય તો લાગી ને સ્હાય રહી નહીં, ચાહે આખું ગામ ચાલ્યુ;
અંદરનાંનું અંતર જાણે, જીવન **જા**દવરાય. ,,

અંદરનાંનું હવે શું થયું ! તે તપાસીએ—

માલિની છંદ.

ખળભળ સુણી ભારે, તાપની આંચ લાગી; ઘરમહિ જગમિત્રે, ત્યાં ગયા સદ્ય જાગી;
સતિ સુત સહુ જાગ્યાં, આગ ફેલી વળી છે; હરિભુવન ભરાણી, ભક્તની મંડળી છે.

જગતમાં કહેવત છે કે—" સુખે સાંભરે સોની ને દુ:ખે સાંભરે રામ " તે જેને એનો અભ્યાસ જ છે, તેને સાંભરે :: તેમાં શી નવાઈ? પણ તે સંભારીને કયાં ધાયાં ! " સરકારી ઓફીસમાં " પ્રથમ બનતું કર્યું.—

કરિ તજવીજ જાણ્યું, મંડળી તો **પુરાણી**; પણ નવ ગભરાયાં, આપત્તિમાં **પુરાણી**;
કરિ ન સકે સહાયે, વસ્તિ આખી **પુરાની**, તવ સમરી હરીની, પ્રીત પાકી **પુરાની**.

ગરબી.

હરી આપ વિના કોઇ અમારૂં નથી જો, માત તાત ભ્રાત આપ છો ખરા પતિ જો;
જીવોના પ્રયત્ન ખાલી ઉતપાત છે જો, ખરી દોરી તો સદાએ ત્હારે હાથ છે જો.
ખરી અડચણમાં સરવે નકામ છે જો, (પણ) **અનુપતિ** માત્ર ત્હારી હામ છે જો.

તેનો ઉપયોગ કર્યો—

પદ. "જીવ ઝટપટરે" એ રાગ.

હરી ઝટપટરે (૨) કરો સ્હાય આગની મ્હાંય. ટેક.

ચોપાસ આગતો લાગી, મ્હેં જોયું મોડું જાગી, નથી હવે આંચ રહી આઘી, વખત અટપટ રે (૨)
આખું કુટુમ્બ છે સંગે, નહિ બળે માત્ર આ અંગે, થાશે સહુનું આ પ્રસંગે, છેક ચટપટરે[૨]કરોસ્હાય.
કરી શકે ન કોઇ સહાય, નથી બાકી રહ્યો ઉપાય, ઘેરી વળી ચહુદીશ લ્હાય, થાય ચટપટ રે.(૨) ,,
બાજી છે માત્ર તુજ હાથે, બચીયે જો બચાવ જાતે, અઘટિત ઘટનાથી તાત, કરી ખટપટ રે. (૨) ,,
તું કહ્યાવિના પણ જાણે, કહ્યું છતાં ઘટિત આ ટાણે હવે સમયે ખોવો શાને ! સ્મરૂં સટપટરે.(૨) ,,

કારણ કે બચવાનો સંભવ ઓછો જણાયો તોપણ શું ?—ભકતોને એજ મજા છે કે—

"અહીં રહેવું સ્હેવું વૈકુંઠે, ફેર કશો ન જણાય રે;
મરવાથી ખેપરવા **અંતુ** તમારોજ થઇ જાય. એવી દ્યો ભક્તિ."

પછી અહાવું ગાય છે (બીજાના બોલમાં.)

મરનેસેં ક્યા ડરના, જીયરા મરનેસેં ક્યા ડરના ?
જલદી પાર ઉતરના, જીયરા૦
યેહી દ્વારસેં રાહજાનેકા, મુકામ જહાં અપના હૈં;
ક્યા દરકાર કરત જીનેકી, જીંદગી યહ સપના હૈં. જીયરા૦

પણ તે માટે ગોઠવણ ત્યાંની તો **શ્રી**હરી કરે તોજ થાય, તે માટે તો કહેવું જોઇએ. કામ તો બન્યા જેવું છે. જો બનાવે તો સહજ છે, કરે છેજ. કારણ અંતે "**યःमति सागति**" પણ તે મતિ શ્રી હરિમાંજ રહેવી જોઇએ તે ગોઠવણ શરૂ કરી—

રાગ રેખતો.

વધા ઘરનાં સહુજનને, કરો સ્થિર દેહને મનને,
બચાવે ચાહે આ તનને, બાળી લઇ જાય નિજભૂવને;
અંતે સ્મરતાં એને મળીએ, માટે સહુએ ખરૂં રળીએ;
લહીને સત્ય મંડળીએ, હરી ભજવા મહીં વળીએ.

કારણ એ સત્ય તેમણે કાંઇ આજજ જાણ્યું નહોતું ! બહુ પ્રકાર ઊર દૃઢ કરી માન્યું પણ હતું, ને આ વખતે પ્રમાણ્યું કે તે ટાણું આવ્યું. પ્રભુ પર વિશ્વાસ હતોજ કે મરવું આ નિમિત્તેજ હશે ! તોપણ સૌ સાથે ને **શ્રીહરિ** ધામમાંજ જશું તેથી—

ફિકર તનની દીધી છોડી, વૃત્તિ શ્રીપ્રભુપદે જોડી;
ભજનની ધૂન ત્યાં ગજવી, પ્રભુએ ત્યાં ભલી ભજવી.

भर्जनं भव बीजानां मार्जन सुखसंपदाम् तर्जनं यमदूतानां रामरामेति गर्जनम् ।
आपदा मपहर्तारं दातारं सुखसंपदाम् लोकाभि रामं श्रीरामं भूयोभूयो नमाम्यहम् ॥

બસ એ પ્રકારનાં વચનો તો કંઠેજ હતાં, અર્થો મનમાં રમી રહ્યા હતા, તેનો ઉપયોગ

અવસરે કર્યો ને તેની અસર પણ જણાવા લાગી. જેમ યમે પોતાના દૂતોને કહ્યું-" **प्रभु रहमन्यनृणां न वैष्णवानाम्** " ને તેર્થાજ કહ્યું છે કે—

" न वासुदेव भक्ताना मशुभं विद्यते क्वचित् । " પોતે કહ્યું છે.

यच्चंद्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धिमामकम् ॥

તે અગ્નિનું પણ તેજ તેને વશ છે. **केन उपनिषद**માં આખ્યાયિકા છે કે " તૃણ " ને પણ અગ્નિ પ્રભુના સંકલ્પવિરૂદ્ધ ન બાળી શક્યા ! પ્રલ્હાદજીને ઉપાડીને હોળીમાં દુષ્ટે હોમ્યા, પણ કમળજેવું બીછાનું તેમને લાગ્યું ! એમ **વિશ્નુ** પુરાણમાં **પ**રાશર ભગવાન કહેછે.

આતો હજી અગ્નિ દૂર હતો, તે ત્યાંજ અટક્યો. **શ્રી**હનુમાનજીના પૃછપરનાં ગોદડાંમાં જ રહ્યો. રૂવાંટાંને ન અસર કરી, જળે પથ્થરને ન બુડાડ્યાનું કહેવાય છે. **યમુનાંજી**એ **શ્રી** નંદરાયને માર્ગ દીધો. ને **શ્રી**હનુમાનજી માટે સમુદ્ર પર્વતની સહાય લાવ્યા, એમ હરીજનને જળ અગ્નિના દેવ સ્હામી સેવા કરે છે. ભૂલથી **નં**દરાયને લઇ ગયેલ તે માટે વરૂણે ક્ષમા માગી, ને **ભી**મસેન વિષપાન કરી પાતાળમાં ગબડેલ તે પુષ્ટ થઇને આવ્યા ! કેટલા દાખલા ગણાવીએ ! કળીમાંહે **મીરાં**ના પેટમાં ગયેલ વિષ અમૃત થયું ! તો આતો આગ હજી દૂર હતી.

" આવી સકી આંચ નવ પાસે, જાણે હરી નામથી ત્રાસે; " માંજારીને નિભાડામાંથી બચ્ચાં સાથે ઉગારી હતી. જો એકજ દેવની ઉપાસના હોય તો તેના કામમાંજ તે મદદ કરે. બીજી બાબતમાં તેનું ન ચાલે પણ આતો " **देवदेव जगन्नाथ** " **दैवतं देवतानांच** " એવા **શ્રી** હરી જેનું સર્વ જેને વશ જેથી સર્વ છે, તેનેજ સરવસ ધારે છે એટલે કે.

"જે શ્રી હરીને સરવસ ધારે, તેનું શ્રીહરી સરવ સુધારે."

"**नारायणपरा** " ક્યાંહીજ બ્હીતા નથી. એમ **શ્રી**શંકર ભગવાને સતિને સમજાવ્યું છે. બલ્કે **श्रुति—नबिभेति कुतश्चन** " એમ કહે છે એટલે " **विष्णोःपदे निर्भयं** " જ છે. **भय कृत भयनाशनः** તે બેઉ બાબતનો અનુભવ ઉત્તમ થયો. કારણ પરિણામ—

મંડ્યા સહુ તેથી વિશ્વાસે, માન્યું આગથી નહીં અડાશે,
ચારે ગમથી રહ્યું સળગી, મધ્યે રહી મંડળી અળગી;
શકી નહિ આંચ પણ વળગી, ધીમે ધીમે પડી હલકી.

કહ્યું છે કે-" ભારતમેં ભારી સુત રાખે ઘંટા ટૂટ પડ્યો " બીજી વાત-ટીટોડીનાં બચ્ચાંને પારધી નિચેથી ને બાજ ઉપરથી બેઉએ મારવાં ચાહ્યાં, ત્યાં પારધીને પગે સાપ ડસ્યો, તેથી તેના હાથમાંનું બાણ છુટ્યું તે બાજને જઇ વાગ્યું ને તે પડ્યો. બેઉ શત્રુ શમી ગયાં, ને બચ્ચાં ઉગરી ગયાં. તેમ આડા ટેડા ભારોટ નળીયાં પતરાં ગોદવાઈ મંદરને હરીજન ઉગરી ગયાં, જેમ સમુદ્રે દ્વારકાં ડુબાવી, પણ **विना भगवदालयं** ભગવાનના મંદર વિના, તેવો ઘાટ અહીં થયો. પણ બહારવાળાં તે નથી જાણતાં. કારણ મકાન ચોકદાર મ્હોટું હતું.

સાખી.

બળી રહ્યું ઘર ચારે બાજુ પડ્યા આગના ઢેર, પ્રાત વાત ઘેર ઘેર થાતી થયોજ કાળો કેર,
અંદરથી એક ન નિકળ્યું હરીનું પણ અંધેર, હોલાવા લાગ્યા અંગારા ચોગમ પેરેપેર;
વચમાં ટીંબો છાયો રાખે અંદર પોલું ધામ, જ્યાં આપ્યો છે શ્રીહરીએ નિજજનને પૂર્ણ વિરામ.
ત્યાં બેઠા, શ્વાસ સમા કરતા પાઠ શ્રીરામ શ્રીરામ, શબ્દ સુણી સહુ અચરજ પામ્યા આ.શી મહીં ધુમધામ !!

પદ " થયા છોરે પતિ " એ રાગ.

સુણીને રે, સ્વર હરિજનનો, જન ધસ્યાં રાખ કાઢી,
ધસ્યાં રાખ કાઢી ભીંતડાં બળ્યાં ઝળ્યાં પાડી. સુણીને રે. ટેક.

અંદર મંદરમાં સુંદર તન, બેઠા સરવે ક્ષેમ,
વાહ વાહરે, ધાયા બ્હારે, રક્ષ્યા પ્યારે, નિજ હારે !
જઇ પડ્યાં પદે સરવે પુરજન અતિ ઉમંગ દેખાડી. સુણીને રે.

ગરબી. " અલબેલી રે. " એ રાગ.

આવ્યું આવ્યું રે, જોવા ગામ, એ હરિના જનને,
ફાવ્યું ફાવ્યું રે હરિનું નામ, એ હરિના જનને.
બચ્યાં શી રીતે તે નવ સમજ્યાં, માત્ર વખાણ્યા દેવારે,
સૌ સમજ્યાં સાચીજ ફળી શુચી સંતની સેવા. એ હરિના જનને.
તને બચ્યાં પણ ધન સામનનો, કર્યો અગ્નિએ નાશરે,
બાકી રહ્યું નથી કંઇએ પણ, અંગ વસ્ત્ર વિણ પાસ. એ હરિના૦
ના ના કહેતાં ગામે કીધી, સરવ ગોઠવણ પાકીરે,
ઘર ધન સામન આપ્યાં ઉપડી, ઉમંગી વસ્તિ આખી. ,,
જમીન જૂદી કાઢી આપી, જેથી ખરચ નિત ચાલે રે;
ખેડી આપશે સારા ખેડુ, એમ ઠર્યું તતકાળે. ,,
જૂનું ગયું ત્યાં નવું સાંપડ્યું, એવા દીન દયાળ રે,
ભુંડું કરતાં ભલું થાય છે, હરિજનનું સહુ કાળ. ,,

તેમાં મંત્ર સાર એજ અહાવો કે—" **જે શ્રીહરીને સરવસ ધારે, તેનું શ્રીહરી સરવ સુધારે.** "

" **વિઘ્ન સીધારે, વેરી સિધા રહે,** " એક રીતે બન્યું. હવે બાજી રીતે આગ તે આશમાની દૈવથી રક્ષણ તે થયું. હવે સુલતાનીનું દ્રષ્ટાન્ત તેમનુંજ છે.

દીંડી.

ભક્ત ઉરે વધ્યો વધુ ભક્તિ ભાવ, તેમ લહ્યો વધુ પ્રભુનો પ્રભાવ,
થતાં દર્શન, સ્વપ્નમાં, પછી જાગે, કદી દેખાતા દીવ્ય જાગ જાગે.

વધુ અભ્યાસ અનુષ્ઠાનથી વધુ જ્ઞાન વિશ્વાસ થયો એટલે વડી પરીક્ષા થઇ. તેમાં પાસ થવાથી વધુ નામ વધુ ઈનામ મળવાનું. આગળ અનુભવે ઉત્તેજીત કર્યા એમ જ સારે સારૂં. ઉત્તરોત્તર ઉન્નતિનાજ પ્રસંગ આવે જાય છે. જુઓ અહીં--

લાવણી.

થાણદાર આવ્યો નવો ગામમાં રહેવા, છે યવન જાતનો કરે શાહની સેવા;
તે થયાં ખળાં તૈયાર ભાગ ત્યાં લેવા, જાવા માંડ્યો કે મળ્યા ચાડીયા તેવા.
જગમિત્રને નવાં ખેતર આપ્યાં ગામે, તેનો તો માલ નથી આણ્યો આ ઠામે;
થાણદાર બોલ્યા થયું અઘટતું કામે, કીધું કેવું એ પુરા નિમકહરામે.
બ્રાહ્મણના બાપ તણું અહીં શું દાપું છે, ગામે શું સમજીને એને આપ્યું છે.
શા સારૂ એનું ધાન્ય અલગ રાખ્યું છે, તજવીજ કરીકે કોણે કયાં નાંખ્યું છે.
જમી કરી ત્યારે ગામે વિનતિ ભાખી, છે સંત રીઝી એનાપર વસ્તિ આખી,
છે કૃપા પ્રભુની એથી ડરે છે **આગે**, વળી અમે વિનવીએ સારૂ તમ **આગે.**

માલિની છંદ.

કરગર કરી ગામે, લેશ લક્ષે ન લીધી, વળી ચિત અહીં જોવી, સંતની ખાસ સિદ્ધી,
જઇ ખુદ ઘર પાસે, સંતથી વાત કીધી, વરદી ધમકી સાથે, આ રીતે ખ્યાત કીધી.

૫૬. " સેવામાં લીજીયે " એ રાગ.

જો હોય સાચે સાચો રે તું સંત, પકડી લાવ અહીં ત્હારા પતિને,
નર વેશે તો કહો છો હમેશે, જોવાની લેશે ન એમને ખંત;
દેખાડ સિંહસ્વરૂપે સંધ્યા સુધી, આણીશ નહિં તો તૃત્તિ સાથ અંત. પકડી૦

ધનાશ્રી.

પુરજનને પરિતાપ, થયો તવ પુરજનને પરિતાપ,
આવ્યું કયાંથી આ પાપ ! થયો તવ, ટેક.
જમીન સાથે જીવ લેવાનો, દીધો દુષ્ટે તાપ. થયો૦
હરી શું છે એવા વશમાં કે, આવે સિંહ બની આપ ! થયો૦
તે પણ દુષ્ટ યવનની સ્હામે, અસંભવિતજ અમાપ. થયો૦

પણ ત્યારે હવે કરવું શું ? આ અસુર સાંઝ સુધીમાં, **શ્રી** હરી કોઇ પણ રીતે કૃપા નહિ કરે તો જરૂર પ્રાણ લેશે, એમ લાગ્યું. તેથી તે મારે તે કરતાં પોતેજ મરવું શું ખોટું ? એમ વિચારી બનતું કરવા ચાહ્યું. **મારીચને રાવણે** ત્રાસ દીધો, કે **રામ** પાસે જા ને **જાનકીને** ઠગ. તે કહે મને રામ મારી નાંખશે. રાવણ કહે, નહિ જાય તો હું હાલ મારૂં છું. તેથી **મારિચ** એજ વિચારીને ગયો કે **રાવણ** મારે તે કરતાં **રામથી** મરવુંજ સારૂં. તેમ પોતાનું અવસાન સુધારવા, હરેક રીતે જે શ્રેય હશે તે શ્રીહરી કરશે. એમ સમજીને પણ બેશી રહેવું ન ઠીક લાગ્યું. બેશી રહેવાયુંજ નહિ.

" ભક્ત ઉઠયા ભગવાન ભરોસે, વિનવવા જગ બાપ, થયો તવ પુરજનને પરિતાપ૦
એમ ગાયું છે— (જુઓ અમારી રંગનાથ માળા. કિં રૂ. ૦॥)

राग खमाच.

दुःख कैसे काहूसें सह्यो जाय, बिन कहे हरि नाहि रह्यो जाय ॥ दुःख०
संसारीजन कहें औरतें वो पथ अब नाहि गृह्यो जाय. दुःख०
जनभी सुनके देत दिलासा ये कहि बो क्या बह्यो जाय. ,,

केमके प्रभुनो स्वभाव—

वात्सल्याद भयप्रदान समया दार्त्तार्ति निर्वापणात् ।
औदार्यादघ शोषणाद गणितश्रेयः पद प्रापणात् ॥
सेव्यः श्रीपतिरेक एव जगतामेते भवन्साक्षिणः ।
प्रह्लादश्च विभिषणश्च करिराट् पांचाल्यहल्याध्रुवः ॥

વત્સલતાથી, અભયપ્રદાન દેવાથી, સમય ઉપર આર્તિની આર્તતા દૂર કરવાથી, ઉદારતાથી અઘ (પાપ) નાં શોષણ કરવાથી, ને અગણિત શ્રેયના આપવાથી (એ છ મહાન્ ગુણોથી) **શ્રીપતિ** એકજ સેવા કરવા યોગ્ય છે. એ બાબતના જગતમાં (છ) સદાના સાક્ષી સહુ ઓળખે એવા છે, તે **પ્રલ્હાદ** (વત્સલતા માટે) વિભિષણ (અભયપ્રદમાટે) **ગજેન્દ્ર** (આર્તિ દૂર કરવા એન અવસર ઉપર) પાંચાળી (ઉદારતા માટે) **અહલ્યા** (પાપોને પ્રજાળવા માટે) અને ધ્રુવ (અગણિત શ્રેય આપવા માટે) એ રીતે તેમનાં ચરિત્ર સર્વને સુવિદિત છે, ગમે તે પ્રકારનાં કષ્ટ હો.

" સહુ ઓસડનો ઉપાય એક, સહુ સુખનો દેનારો છેકજ " શ્રી હરી છે એવું બહુ શાસ્ત્રીય ગ્રંથોને શિષ્ટોના સુચરિત્રોથી સમજાયું છે. તેમણે ગાયું છે તેવો ખરે વખતે શ્રી હરીનોજ ભરોસો ધરવો એમ કહ્યું છે—

" બીગડી કોન સુધારે નાથ બીન બીગડી કોન સુધારે.
" બની ભલીકા સબ કોઇ સાથી, બીગડીકાતો નાહીરે;
" ભરી સભામેં લજ્જા રાખી, દીનાનાથ ગુસાંઇ રે. "

शास्त्र शिष्टपें धारि भरोंसा, यह उपाय चित् चह्यो जाय. दुःख.
अन्त अनु उत्तम फल पावें, यह अनुभवसें लह्यो जाय. "

ભગવાને કહ્યું છે કે—

" कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति "
" न हि कल्याण कृत कश्चित् दुर्गतिं तात गच्छति "
" मच्चित्त सर्व दुर्गाणि मत्प्रसादात्तरिष्यासि "

અર્જુન પ્રતિજ્ઞા કર. મ્હારા ભક્ત નાશ નહિ પામે, ભલું કરે ને ભૂંડું થાય એમ હોય નહિ. મ્હારામાં ચિત્ત રાખે મ્હારા પ્રસાદથી સર્વ દુઃખ તરી જાય " એવાં શ્રી મુખનાં વચન છે.

" **अमोघा भगवद्भक्ति नेतरेतिर्मतिर्मम** " ભગવાનની ભક્તિ અફળ થતી નથી. ઇતર થાય છે એમ મ્હારો મત છે એમ **શ્રી** કશ્યપે કહેલ છે.

तावदार्त्तिस्तथा वांच्छा स्तावन्मोह स्तथा सुखम् ।
यावन्नयाति शरणं त्वामशेषाघ नाशन ॥

જ્યાં સુધી આપ સમસ્ત પાપને નાશ કરનારને શરણે નથી આવ્યા ત્યાં સુધી આર્તિ-વાંચ્છા મોહને અસુખ છે. એમ ભગવાન પરાશર કહે છે. કેટલાં વચન ટાંકીએ ? પોતે '**आर्त**' તે પણ 'ઉદાર' કહે છે તો આજે અહીં આગળ જોઇએ શું થાય છે ?

ભક્ત સાચો છે, ભક્તિ પાકી છે, આર્ત્ત પણ બરાબર સંજોગોએ બનાવ્યા છે, ને પ્રભુ સાચા છે. એ વાતની પ્રતીતિ જગતને થાય એવો મુદ્દો છે તેથી પાર પાડવા.

" વનમાં ચાલ્યા હરીના વ્હાલા, ધરી મનમાં સંતાપ. થયો તવ૦

કેમકે–" સેવન કરી સ્વ સેવ સોંપવી એ અનુચિત છે અતિ, પ્રભુને નોકર રાખ્યો નથી." પણ આજે લાચારી છે. બરાબર શુચિ સ્થળે જઇ શુચિ થઇ શ્રીપતિપાદમાં વૃત્તિને જોડી દઇ કરગર કહી ગજે સ્તવન કર્યું. ભીષ્મે સ્તવ કર્યું. એવી વિધિ છે. કહેવું જોઇએજ. ધ્રુવને ન્હોતું આવડતું તો પોતે શંખ મુખે અડાડી કરાવી લીધું. પણ પ્રાર્થનાની આવશ્યકતા છે. કરીજ જવાય છે—

રાગ પહાડી.

વિનવ્યા હરીને ડરીને શુચિસ્થાન, ધ્યાન ધરી ઊર સ્મરી કરગરીને, વદતાં આરતવાન–વિ૦
પ્રથમ અસુર પુઠે પડયો, લેવા મ્હારા પ્રાણ; માટે શેકું સ્વારથી આપતો છો ઉર જાણ.–વિ૦
ઉગાર્યો અગ્નિ થકી, મરવું ન વડી વાત; (મરવું એક વખત છે. પણ)
પવન હણે એથી ભલે, થાય અહીં દેહપાત, વિનવ્યા. (તે પણ ઠીક તો નથીજ)
ઘડી ઘડી કનડું જ શીદ, આણો મ્હારો અંત; એવું કહેતાં તો થયા. તુષ્ટ તુરત ભગવંત. વિ૦

સાચા મનની સદ્ય સુણે છે, પણ ભકતની કામના પૂરી થવામાં એ ફૂટ હતી. કારણ

સિંહરૂપ ધરવું હતું. જગતના જીવોને ચોરાશી લક્ષ પ્રકારની દેહો બનાવી આપે-આપ્યાંજ કરે છે. તેને એક સિંહ દેહ પોતા માટે બનાવવી કાંઈ મ્હોટી વાત નથી. સહુના ભીતર પેસી તેનો સંચો ચલાવી દે છે તેને એક દેહ વડે અલ્પ વ્યાપાર કરવો એ ક્ષુદ્ર વાત છે. પણ ભક્તની તો તેમાં પરીક્ષા પણ લીધી. પ્રથમ **અર્જુનને** દીવ્ય થઇ પછી **કાળરૂપ** દેખાયા તોપણ તે ધભરાઇ ગયા હતા. "**भये न च प्रव्यथितं मनोमे**" મ્હારૂં મન ભય વડે વ્યથા પામે છે. માટે જેવા હતા તેવા થાઓ "નરાકાર દેખાઓ" એમ માગવું પડ્યું હતું ને **પ્રલ્હાદના** વચન પર **હિરણ્ય** હણી પોતે **શ્રી**પતિજ છે એમ સમજાયા છતાં-અરધા સિંહરૂપ હતા છતાં બ્રહ્માદિની તેમની પાસે જવા હામ નહોતી ચાલી, તો આતો એકદમ પુરાસિંહ વનમાંજ વિચરતા, તેની પાસે જાણે આવી ઉભા. વિશ્વાસ આણી પગે લાગવું કે ભાગવું ! કામ કઠણ હતું. પ્રથમ જ પ્રકટ થયા તેજ,

રાગ ખમાચ.

"હરી આવી ઉભા સિંહ રૂપ ધરી, ભક્ત નમ્યા જરીએ ન ડરી. ટેક.
"ધન્ય ધણી મ્હેં લીધા વરતી, વિનતિ મ્હારી સફળ કરી. હરી૦
"કૃપા કરીને સંગ પધારો, નવ હણુશો કોઇને વકરી. હરી૦

ખરા ભક્ત તેનું નામ જે શત્રુનું પણ અનિષ્ઠ ન ચાહ્યું ! બલકે પ્રભુ વશ જણાયતો પણ સૌનું મંગળ મ્હાય. ને તેવા સાત્વિકને પ્રભુ પછી ક્રૂર કેમ ભાસે ! સદ્ય સૌમ્ય થઇ ગયા. ખાતરી પડી કે અનાયાસ વનમાં વિચરતો વનરાજ નથી. જગરાજ છે એટલે સાથે તેડી જવા છેડા છેડી બાંધે તેમ પ્રાણપતિને—

"અંગવસ્ત્ર નિજ ગળે ભીડાવ્યું, ઉભા આપ બની બકરી. હરી. (તેનાજેવા શાન્ત)
"ભક્ત સંગમાં ચાલ્યા ભાવે, નિચી ત્યાંથી નજર કરી. હરી૦

ભક્તાધિન તે કેવા ! એ જુવો ! ભકતે કહ્યો તેવો વેશ પ્રકટાવ્યો તે પાછો તે તનનો સ્વભાવ પલટાવ્યો, પ્રેમ રજુથી બંધાયા ને **भक्ति सुत्रोपनद्ध** ભક્ત લઇ જાય ત્યાં તેનાથી દોરાતા ચાલ્યા. તેના સંગી સંતોને દેખાડવા, કે તે મ્હારો પ્રતિનીધિ સાચો છે. હું તેને વશ છું જે ભજે તેને પરતંત્ર થઈ જાઉં છું. અગ્નિ વખત અપ્રત્યક્ષ સ્હાય કરી હતી, તે કોણે કરી એ શું ખબર પડે ! પણ આ કથા આગળથી જનેજનને વિદિત હતી. ને તેવીજ પ્રતિત પોતે આપી. એકનો હાલજ બચાવ નહિ, પણ જગજનને પોતાનો સ્વભાવ પ્રકટ કરી જે તે જાણે માને તેને તેવો લ્હાવ આપવા બોધ, આ કૃતિથી આ આકૃતિથી આપ્યો. અગાધ ઉપકાર અનેકપર એ રીતે કર્યો એમ સમજુ સારી રીતે સમજે છે. ભકતો ન ડર્યા પણ ગામમાં આગળથીજ રાડ પડી ગઇ કારણ સૌના ભાવ સરખા નથી હોતા, સાધારણ સૌ સિંહથી ડરેજ, ભલે તે પછવાડેથી પરમેશ્વર ઠરે પણ હાલ તો એકજ અવાજ આખા ગામમાં થઈ ગયો કે.

પદ "લાજલીધી" એ રાગ.

સિંહ આવે ગામમાં સિંહ આવે, જનો દૂરથીજ કુકનો મચાવે. ગામમાં.
નાઠા ખેડુ સાંતી ગાડાં છોડી, નાઠા બળધો બાંધ્યાં જોતર તોડી;
નાસે સહુ કો જેને જેમ ફાવે, ગામમાં સિંહ આવે.
લીધાં બાળોને રમતાં ઉપાડી. જનો ધરમાં પેઠાં દોટ કહાડી;
દ્વાર ધડાધડ સરવે ભીડાવે, ગામમાં સિંહ આવે.
ઉભા ઘરમાંથી ડોકીયાં કરતા, કાણામાંથી દેખી થરથરતા,

ખાધા બાપ શા ડોળા ઘુરકાવે, ગામમાં સિંહ આવે.
અહા ! લૂગડું કોણે ગળે બાંધ્યું, જગમિત્રે કારજ ખરૂં સાધ્યું,
થયા વશ શું હરી એને ભાવે, ગામમાં સિંહ આવે.

ગીતિ— શ્રી હરીછે કે હરી છે ! એઉ જગતજન તનને શકે હરી;
રિઝયા રંક પર, હરી છે, પરહરી છે શંકા તેણે જ ખરી. (કોઈ કહે)

પદ ચાલુ " મરો એનાં બધાં દુષ્ટ દેખી, છુટી કોપે તો આપણી વલે શી !
ભરે છલંગ ત્યાં કોણ અટકાવે. ગામમાં સિંહ આવે. (કોઇ કહે)
સિંહ આપણને એ જણાએ છે, ચક્રપાણી પ્રિતે બણ્યા એ છે;
નિજ જનને વિપત્તિથી બચાવે. ગામમાં સિંહ આવે. (વળી કોઇ કહે)
સહસ્રાર્જુન એકના પાપે, કરી નક્ષત્રી એ જગબાપે.
થાણદારીયાનું પાપ આ પિડાવે ગામમાં સિંહ આવે.

દોહરો.

જગમીત્ર મિત્ર લાવતા, હરી એ ખરી તપાસ.
કઇ પહોંચ્યા સમજાવવા, થાણદારની પાસ.

ભેરવી—ગજલ

માગી લીધું મોત આપે, હરીના વ્હાલાને છેડી. હવે કોણ કષ્ટ કાપે. હરીના વ્હાલાને છોડી.

(ગામને કથાઓની ખબર છે, તેથી તેમને ડર છે તે થાણદારને સમજાવે છે.)

રાવણે સીતા આણી પ્રજા થઇ ધૂળ ધાણી, કોપ્યા ત્યાં જગત બાપે. હરીના૦
દુર્યોધનના અન્યાયે, લાગી કૈરવોને લ્હાય, મુઆ કૃષ્ણાના શાપે. હરીના૦

(ત્યારે કરવું શું ! કોઇ ઉપાય છે બીજાતો કોપ્યા પછી રીઝે વા નહિ, પણ શ્રી હરી તો શરણે આવે તો સદ્ય કોટી અપરાધ ક્ષમા કરે છે. **જાન**કીએ **રા**વણને, શિષ્ટોએ દુર્યોધનને, એજ કહ્યું હતું. તેમણે સ્વાર્થ લોભ કામથી ન માન્યું. થાણદારને તો તેવું પ્રબળ કારણ નથી. માટે દાંત તરણું વા મુખમાં જોડા લઇ સ્હામો શરણે જાય એમ લોક ચાહે છે. તેથી. કહ્યું.)

" હજી ભાઇ ડાહ્યો થાને, સ્હામો ધાઇ શરણે જાને; સ્હાને પદ નહિ સંતાપે. હરીના૦

જો માણસ વેશમાં હોયતો સુગમ હતું. પણ સિંહનો વિશ્વાસ કરી તેના મુખ આગળ જઈ, પડવું કઠણ હતું. પોતાની જીભ પોતાને નડી છે, કે માણસરૂપ નહિ. રાવણે કહ્યું માણસથી મરૂં તો હરકત નહીં તે મુઓ જ. એવો પ્રસંગ છે. તેથી કહે છે.

" નહીં તો આજે ગામ મરશે, કોણ જાણે શુંએ કરશે; આવ્યું દુઃખ ત્હારે પાપે. હરી૦
" સુણીને એ થરથરતો, દ્વારો બધાં બંધ કરતો; ભરાયો ઉંડો આપે. હરી૦

પીલુ રાગ.

ગામમાંહે સિંહ ચાલ્યો આવે છે, ધીરે ધીરે જગ મિત્ર લાવે છે,
જન ડરતાં થરથરતાં દેખી, આપ વિવેક સમજાવે છે. ગામમાંહે.
સેવો નમો પ્રભુજ પધાર્યા, પણ જનતો તન કંપાવે છે."

પદ " ત્હારી કૃપા વિણ " એ રાગ

આવી ઉભા થાણદારને આંગણે, બંધ દીઠાં બધાં દ્વાર,
બોલ્યા પોતે સહુ લોકોને જોતે, બ્હાર આવો ભાઇ બ્હાર. આવી.

ત્હારે સારૂ તો મ્હારા હરીએ, ધર્યો સિંહ તણો અવતાર;
ત્હારે સારૂ એને મ્હે શ્રમ આપ્યો, રોકી રાખ્યા આ દ્વાર.
વીતિ ગયો નથી વાયદો. હવે જ પડશે સાંઝ,
ત્યાં મારો પ્યારો મળ્યો ને ટળ્યો ભ્રમ, તું તો પેઠો ઘરમાંજ.
ચાલી આવ્યા પ્રભુ ઘેર છતાં મહીં પેશી રહ્યો શું ગમાર, આવી.
બચ્ચાં કહે બાવા બ્હાર સીધાવો, થઇએ અમે ન ખુવાર,
બચ્ચાંને પાળીશ આપ પધારો. બોલી એવું વળી નાર.
તમ માટે મરીએ અમે, એ અઘટિત અપાર,
ટેક એનો આવ્યો તે નહિ છોડે, સૌને કરો કાં ખ્વાર;
સમજ્યો યવન ખરી વેળા એ સંગી કોઇ નથી જ થનાર. આવી.
ગરજ્યા તહીં તો હરી કટકી કે થંભી ગયાં નરનાર,
થરથરતા થાણદારને ટેલે બ્હાર બચ્ચાંને નાર.
તમે કર્યું તે ભોગવો, ન મરાવો નિર્દોષ,
એથી અંતેતો નહિજ ઉગરશો, જુઓ સિંહનો જોશ.
લોકો સુણે તમાસો આ ખાસો, યવન થયો છે લાચાર. આવી.

પદ. “ આશાવરી કે કાનરો ”

આવી ઉભો અંતે બારીએ આવી, બોલ્યો ઉઘાડું સ્વ શીશ નમાવી, ટેક
બાપ ક્ષમા કરો, વનમાં વિચરો, લઇ જાઓ દેવને પુરે પુજાવી.
જખમારી જીવું છું લાચારી, હાથે ગાલે તમાચાઓ લગાવી.
કરગરથી પીગળ્યા વૈષ્ણવવર, ચાલ્યા પાછા વન નાથ ચલાવી.

ગામ આખું ભક્ત, **જ**ગમિત્રના શિષ્ય. તેણે સાક્ષાત્ **શ્રી**હરી આંગણે લાવી ઉભા-કર્યાં, પણ કોઈ પાસે આવી પગે પણ ન પડ્યું, ત્યાં પુજનની શી વાત ? પણ હતા તો શ્રીહરીજ કે “ કાગતાળી ’ ન્યાય થયો હોય વા કાંઇ સિદ્ધિની ગરબડ હોય. સિદ્ધિને તો તે સાધુ ઓળખતાજ નહોતા. મનથી માની લીધા હતા કે પ્રભુજ છે. તેણે કષ્ટ માત્ર કાપ્યું નહિં પણ જેણે પૂરી પરિક્ષા આપી પ્રતિતિ રાખી, તેને છેવટ પૂર્ણ કૃપાથી ન્યાલ કર્યાં. શી રીતે ?

પદ “ નમું નમું ”

પહોંચ્યા વને ગયા સિંહ મટી. ટેક.
રૂપ ચતુરભુજ પ્રકટ કરીને, પુરી દીધી લ્હાણ;
પ્રિય પ્રાણને પદે પડ્યા વિજય રટી. પહોંચ્યા વને.
નાથ થયા છો પ્રખ્યાત, ઉગારીને મ્હારી જાત કીધી જગમાં વિખ્યાત,
ક્ષણે ન ખસતો હવે હૃદયથી શ્રમ ન ફરીથી થાય,
એજ ચ્હાય, જગરાય, **અનુ** ચરણે લટી. પહોંચ્યા વને.

હવે તો ભક્તના મહાત્મ્યનું, ખાન, પાન, સ્થાન માનનું શું કહેવું ! એજ ફરી સાર રૂપ પદ યાદ દેવું રહ્યું કે—

“ જે શ્રીહરીને સરવસ ધારે, તેનું શ્રી હરી સરવ સુધારે ”
“ વિઘ્ન સીધારે, વેરી સીધા રહે, શક શું ધાર તું સુધર એ સુધારે.’:
॥ શ્રી રણછોડરાયની જય ॥

–बे काठियावाडी नागर नररत्ननी नामदार मुंबइनी–सरकारे करेली कदर.

મોરબીનિવાસી પ્રશ્નોરા નાગર શ્રીમાન્ **પ્રભાશંકરભાઇ ભાવનગરના** દીવાન સાહેબને **નામદાર** સરકારે **સી. આઇ.** ઈ. ની માનવંતી પદ્વી આપ્યાના **શુભ** સમાચારની નોંધ આનંદ સાથે **આનંદ**માં લેવા અમે અમારૂં કર્તવ્ય સમજીએ છીએ. કારણ તેઓ સ્વપરાક્રમથીજ **મહારાજા**ના વ્હાલા મ્હોટા માનનીય પદે પહોંચ્યા એટલુંજ નહિ પણ રાજા પ્રજાની પ્રીતિ સાથે છેકનામદાર **બ્રીટીશ શહેનશાહ**ના અધિકારીયોની પણ નજરમાં એ પદ્વીને યોગ્ય આવ્યા, એ એક અસાધારણ ગુર્જર વર્ગને અભિમાન લેવા લાયક, ને યુવક વર્ગને સારૂ દાખલો રહેવા લાયક બનાવ છે. અમારા વાંચક વર્ગને અમારા જાતિ અનુભવઉપરથી અમે ખાસ એ જણાવીએ છીએ કે તેઓ રસજ્ઞ, મર્મજ્ઞ, ધર્મજ્ઞ ને તેવાજ ધર્મકાર્યમાં ઉદાર છે; ને આ બધી કૃપા તે તેનુંજ ફળ છે, એમ અમારૂં માનવું છે. એટલે તેઓ ઉત્તરોત્તર વધુ યશ પામે એવાં સુકર્મો, બહુ સુખમય આયુષ્ય ભોગવે એવું તે મહાપ્રભુ પાસે માગવું સફળ થાય એવું છે તેથી તેમ માગી તેવા બહુ નરરત્ન પાકે એમ અધિક ચાહીયે છીયે.

એજ **ભાવનગર** સંસ્થાનના પૂર્વના દીવાન રા. રા. મે. **વિઠ્ઠલદાસભાઈ**ના બંધુ અને તેમના પણ પૂર્વના દેશપ્રસિદ્ધ **દીવાન શ્રીશામળદાસજી**ના પુત્ર રા. રા. **લલ્લુભાઈ શામળદાસ**નું નામ પણ સ્વપરાક્રમથી દેશેદેશ ને ખાસ **મુંબઇ** જેવા મહાનગરમાં પણ દેશદાઝ જાણનાર ઉદાર શહેરી તરીકે ઘણાં વર્ષથી બહાર આવ્યું છે. મુસદ્દીનું ખોળીયું હોવા છતાં થોડાજ સમયમાં સ્વ બુદ્ધિબળ અને પ્રમાણિક મિલનસાર સ્વભાવથી વ્યાપારમાં મ્હોટી બેંકો ને મીલોના પણ ડાયરેકટરના પદને યોગ્ય ઠરેલા તેવા અમારા સમજવા પ્રમાણે નાગર કોમમાં એઓજ છે. તન, મન ને ધનથી, પાત્રોમાં સહાય આપવાની તેમની શુભકૃતિ પણ બહુ સ્થળે છતી થતી વધતીજ ગઇ ને રહી છે. ને તે સાથે દેશદાઝ ને તે માટે કરે જતાં કાર્યોમાં ક્રમે દેશપતિના ઉત્તમ મનના અધિકારે ત્યાંના સહવાસમાં લેખથી ને જાતથી આવતાં જતાં તેમની ખુબીની કદર થવા લાગી. ગત બે સાલથી તેઓ Co-operative society માટે જે નેકનામદાર **વાઈસરાય સાહેબ** તરફથી Conference બોલાવવામાં આવે છે તેમાં મુંબઇ ઇલાકા તરફથી Non Official પ્રાતનીધ તરીકે તેમણે એવો ભાગ બજાવ્યો છે કે તેની છાપ જે દેશી વિદેશીના પ્રસંગમાં તેઓ આવ્યા તેમના હૃદયપર ઉત્તમપડી.; છેવટ છેક નેકનામદાર દેશના ખરા ખેરખ્વાહને દેશીયોના કદરદાન હાલના **ગવર્નર** સાહેબ તથા તેમના ખેશીયોના પણ મનપર તેમની યોગ્યતા એટલે સુધી ઉત્તમ સમજાઈ કે હાલમાં ઓ. **વિઠ્ઠલદાસ** ભાઇની ખાલી પડેલી ધારા બાંધનારી સભાના સભાસદ્ની જગ્યાએ તેમની નિમણુંક તેમની સમ્મતિ મેળવીને પ્રકટ કીધી છે. ને તે વાત પ્રસિદ્ધિમાં આવતાંજ કેટલેક સ્થળોએ તેમને માનપત્ર આપવા ખળભળાટ થઇ રહ્યા તથા કેટલા તારો ને કાગળોના તેમના તરફ વરસાદ વરસ્યા એજ તેમણે મેળવેલી દેશજનપ્રીતિનો પ્રત્યક્ષ પૂરાવો છે. અમારા તો તેઓ સતત ઉપકારી છે. વિદુષી સૌ. **સુમતિ** બ્હેન જેમની અમને નિરંતર સહાય છે તેમનાજ તે પિતા છે. જે લેખો ને ભેટો અમારા પત્રને મળ્યાં કરે છે. તેના એ હેતુના પણ હેતુ તેમાંજ છે ને તેવા અમારા તેમજ સ્વદેશના હેતુને આ યોગ્ય માન પદ મળ્યું તેથી અમે જેમ અમારો હર્ષ બતાવવા બંધાએલ છીએ, તેમજ તેમનો ઉત્તરોત્તર ઉત્કર્ષ વધ્યાં જાઓ એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરવા પણ અમારી અમે ફરજ સમજીએ છીએ. ને તે મહા પ્રભુ પૂર્ણ કરે. –તથાસ્તુ–

શુભચિન્તક. **દશરથલાલ ગંગારામ. વ્યાસ.**

અધિપતિ—આનંદ.

॥ श्रीहरिः ॥

श्रीपर्वतदासनुं आख्यान.

લેખક રા. રા. અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ.

પૂર્વરંગ.

પદ સોરઠ.

કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર; કેવા૦
સેવ સ્વીકારી, દે સુખભારી, અનંતપતિ રખવાળ.
વ્હાલથી લે સંભાળ સમયસર. કેવા૦ ટેક.

કેવા! શું કહીયે "**यतो वाचो निवर्तंते अप्राप्य मनसासह**" જ્યાં વાણી પાછી ફરે ને મને પાર ન પામે, એટલે **नत्वत्समोऽस्त्य भ्यधिकः कुतोन्यो लोकत्रयेप्य प्रतिमप्रभावः**" ત્હારા સમાન કોઈ નથી, પછી અધિક તો ક્યાંથી હોય! ત્રણ લોકમાં પણ એવા અપ્રતિમ પ્રભાવવાળા એટલે એના જેવા એજ.

એવા કોણ કૃષ્ણ કૃપાળ? આ વચન **અર્જુને શ્રીકૃષ્ણપ્રતિ** વાપર્યું છે. પણ ક્યારે? જ્યારે તેમને દિવ્યદષ્ટીથી દીઠા ત્યારે તે—

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वत धर्मगोप्ता सनातन स्त्वं पुरुषो मतोमे ॥

તમે 'અક્ષર' એટલે કદી નાશ ન પામનાર, તેથી જ **वेदितव्य** જાણવા જોગ, નશ્વરોને તો જાણીયે-જોઇએજ છીએ, તે અક્ષર પણ પાછા ખાસ જાણવા લાયક એટલા સારૂ કે આ વિશ્વના પરમ આધારભૂત ને તે આપ છો, એટલે અમારા સર્વના આધાર, આપ વડે અમે બધાં બધું રહ્યા છીએ. આખું વિશ્વ રહ્યું છે, તે સૃષ્ટી પ્રલય દશાને પામે, પણ આપતો "અવ્યય" સદા જેવાના તેવા, તે બધી બાબતમાં. રૂપ, ગુણ, સ્વભાવ, ઐશ્વર્યાદિવડે; ને તેનો ઉપયોગ કરવા "**सनातन धर्मगोप्ता**" વેદ જે સનાતન ધર્મ છે, જેમ જગત થયાં જ કરે છે તેમ વેદ તેના નિયમો, તે માટે રહ્યાં જ કરે છે. નવા જગત સાથે નિયમ નવા નથી થાતા, તેને ફેરફાર કરનો ન પડયો છે ન પડશે. તેના એકે અક્ષરને આગળ પાછળો નહિ. શું સ્વર પણ હ્રસ્વ દીર્ઘ જેમના તેમ અને તે "ધર્મ" સહુના શ્રેય માટેજ તેને અમલમાં આણનાર અણાવનાર તેને હરકત ન થાય; તે હઠાવનાર, તેને સદા સુરક્ષિત રાખનાર એવા "**गोप्ता**" તે પણ સનાતન જ જોઇએ. જો તેના તે હો તો તે તેમજ છે. તેથી જ કહ્યું. આપ સનાતન પુરૂષ છો, એમ મ્હેં માન્યું છે. એટલે વિશ્વના આધાર ને રક્ષક નિત્યને પુરૂષ હોય તે અવ્યય, અક્ષર એવા વેદિતવ્ય છે તે 'પુરૂષ' એટલે—

किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥

તેજતો, અગ્નિસૂર્યથી પણ માપ્યું ન જાય એવું રહ્યાસું નિહાળવું કઠણ (દીવ્ય-દષ્ટી છે તેથી) હું તમને નિરખું છું. સર્વ તરફ પ્રકાશમાન જાણે તેજનોજ આકાર બન્યો હોય, તે ગોળો નહિ ભભૂકો માત્ર નહિ તેજોરાશી પણ કિરીટ, ગદાને ચક્ર ધરનાર, એટલે ખરેખર શિર્ષ હસ્તાદિ પુરૂષાકાર, શ્રુતિ કહે છે—**आदित्य वर्णं तमसः परस्तात्** એવા **वेदाहमेतंपुरुषं महांतं** ' તે મહાપુરૂષ, સૂર્યવર્ણુ ને પ્રાકૃત નહિ. તેજ કહ્યું તેથી બાળી નાખે તેવા ન ગણવા કારણ એજ આનંદઘન છે. તેવા દિવ્ય પરમ પુરૂષ જેના એક અંગમાં —અંશમાં આ બધું જગત તો શ્રીઅર્જુને દીઠું. તે પોતે આખા માટે તો " ન આદિ ન અંત દીઠો " **એવા કૃષ્ણ કૃપાળ !** " એટલે પરગપુરૂષ વિશ્વ જેના એક અંશમાં છે, તેના નિત્યધારક, ને નિત્યધર્મવડે રક્ષક, એથીજ કૃપાળ, તે કેટલા કાળથી? એવાં કેટલાં વિશ્વના ? ને કેટલા કાળસુધી! શું કહેવું ! શું વિચારવું ? એજ મન વાણીને પાછા ફરવું પડે ને એમજ કહેવું—"**એવા કૃષ્ણ કૃપાળ !**"

તેમાં ખરી વડાઇ શું ? "**વ્હાલથી લે સંભાળ સમયસર** "

સૌથી મ્હોટા સહુના ઇશ્વર, ધારક પણ બેતમા હોઇને, પૂર્ણકામ, કોઇ તેમને પૂછનાર ન હોવાછતાં, પાપપુણ્ય ન લાગે તેમ હોવા છતાં, પોતાને કાંઇજ બીજો હેતુ ન હોવાછતાં 'વ્હાલથી' જ ' લે સંભાળ સમયસર " વ્હાલ પણ માતાપિતાતુલ્ય, તે સંભાળ લેવામાં ભૂલી જાય વા પ્રમાદ ન કરે, સર્વ શક્તિમાન ને સર્વજ્ઞ તે વ્હાલ આણે પછી સમયસર સંભાળ લેવાય એમાં શું આશ્ચર્ય !

વ્હાલ પણ પ્રથમ એક તરફીજ, અજ્ઞાન શિશુપર માતપિતાનું હોય તેમ—

ધનાશ્રી

સુધ લે છે ભગવાન, સર્વની સુધ લે છે ભગવાન;
ભૂલી બને બેભાન, સર્વની સુધ લે છે ભગવાન. ટેક.

'**सदेव**' **एकमेव अद्वितीय** ,, એવું આ આગળ, પ્રલય સમયમાં હતું. એટલે આ બધું જીવો ને જડ હતાં, પણ કેવાં ને ક્યાં તે કહી ન શકાય. બધું મૂળરૂપમાં, બીજ રૂપમાં, બની-સંકેલાઇ પરમાત્મામાં લય-પરમાત્માજ દેખાય ને જીવોને જેમાંથી જગત થાય છે જે જગત સંકેલાઇને ત્રિગુણ સામ્ય પ્રધાન પ્રકૃતિ તમ અવ્યક્ત વગેરે નામ દઇ અચિત પદાર્થસમુહ, તે પણ પરમાત્મામાં. પાણીમાં મીઠું ભળી જાય, તેમ થઈ ગયું હતું. એટલે કોઈ જીવને જ્ઞાન ભાન નહોતું પછી કોણ કહે કે અમને અર્થ, કામ, આપો ! પણ "**કેવા કૃષ્ણ કૃપાળ! વ્હાલથી લે સંભાળ સમયસર** "

सर्व भूतानि कौन्तेय प्रकृतिं यान्ति मामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥
मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।
संभवः सर्वभूतानां ततो भवति भारत ॥

જે સર્વ ભૂત મ્હારી પ્રકૃતિમાં કલ્પના ક્ષયે લય થયાં હોય તેમને ફરી કલ્પના આદિમાં હું ઉપજાવુંછું. "એટલે ક્ષણે મોડું વા કોઇને કહેવાની વાટ ન જોતો, મ્હારી યોની જે મ્હોટી પ્રકૃતિ, તેમાં ગર્ભ હું દઊંછું. જીવને સયોજું, જગાડું છું તેથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે.

શ્રુતિ એમજ કહે છે–તેજ, જળ, પૃથ્વી આદિ તત્વે કરી **अनेनजीवेन** આ જીવદ્વારા જે બીજું તત્વ છે; તે વડે નામ રૂપમાં વિસ્તાર કરાવુંછું. કારણ તે બેઉ તત્વ પોતામાં લય થયેલ પેટીમાં સામાન પડયો હોય તેમ હતાં. **प्रकृतिं पुरुषं चैव विध्द्यनादी उभावपि** " પ્રકૃતિ ને પુરૂષ તે પણ ઉભયને અનાદિ જાણવાં. એટલે તેમનીજ "**વ્હાલથી લે સંભાળ સમયસર**" **એવા કૃષ્ણ કૃપાળ!** "**अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्त्तते**" તે સર્વનો હું ઉત્પન્ન કરનાર મ્હારાથી બધું ચાલે છે, એટલે હાલ જેમ ધારે છે–નિભાવે છે તેમ વગર કહે ચહે ઉપજાવે ને ચલાવે છે. "**એવા કૃષ્ણ કૃપાળ!**"

(ધનાશ્રી રાગ ચાલુ)

" પ્રલય સમય સહુ સરખાં ભૂલ્યાં, કીધું વિશ્વ મહાન; સર્વની સુધ લે છે ભગવાન.
ભૂલી બને બેભાન— સર્વની. શું વિચારીએ! કૃપાળુતાનું; વ્હાલનું?
કોના પ્રતિ! કોનું?— **(ગરબી)** " મ્હારે ઘેર આવો " એ રાગ.

કય્હાં આપ કોટી જગત સ્વામી, કય્હાં અમે તુચ્છ અણુનામી;
રહીએ ત્હારામાં તોએ તું ધારે, ધારીને રહ્યો તું સ્વ આધારે,

(પોતાને કોઇનો આધાર નથી ને પોતે અમને ભીતર બ્હારથી સર્વ પ્રકારે ધારી રાખે તે સર્વને સરખાં સદા–" **એવા કૃષ્ણ કૃપાળ!** " વળી—

" ઇચ્છા એ કરાવે ત્યારે કરતા, શુચિ સત્ય સંકલ્પ નિત્ય ઠરતા.
અમેએ ત્હારા ત્યાં અમારૂં શું! ત્હારૂં જે નથી તે નથીજ કશું. "

બેઉ પ્રકૃતિ ત્હારી, ત્હારૂં ધન, ત્હારી પ્રજા ત્હારેજ માટે, છતાં અમને સ્વતંત્ર કરે, શરીર, સત્તા, શક્તિ, બુદ્ધિ આપે ને તેથી કર્મ થાય તેનું ફળે આપે ને તે પાછું દેવામાંજ "**વ્હાલથી લે સંભાળ.**"

પ્રલયમાં ગમે તેમ પડયાં હોય પણ પૂર્વના જેના જેવાં જેટલાં બાકી હોય તેમાંથી યથાયોગ્ય જોઇને **चातुर्वर्ण्यं मयासृष्टं** "**अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः**" એમ ગામ વસાવી જેની જેવી યોગ્યતા તેની તેવી દેવ, મહર્ષી બ્રાહ્મણથી શૂદ્ર આદિ બનાવી તૈયાર કરે તે કેવળ "**વ્હાલથી લે સંભાળ સમયસર**" **એવા કૃષ્ણ કૃપાળ!** " તેમાં પાછો અમારો વધારો થવા તે સાધન સમજણ આપવા સાથે વિવિધ રૂપમાં "**શાસ્ત્ર**" કેમ ઉપયોગ કેનો કરવાથી શું ફળ મળશે? એ માટે "**વ્હાલથી લે સંભાળ સમયસર**" **કેવા કૃષ્ણ કૃપાળ** "

પદ. " ધનાશ્રી "

શું ગણીએ ઉપકાર, પ્રભુના શું ગણીએ ઉપકાર!
કરીએજ નમસ્કાર, હરીના શું ગણીએ ઉપકાર. ટેક.
શ્રુતિ સ્મૃતિ ઇતિહાસ પુરાણો, ગુણુ ગણના ભંડાર. હરીના૦
" ભકતોના ચરિત્ર કહેનારા, પદ છંદનો ન પાર. "

જે કાળે જેમને જેવું જોઇએ તેવું દઈ " વ્હાલથી લે સંભાળ સમયસર "

તેમાં ગડબડ પક્ષાપક્ષી ન થવા, સૌનાં કર્તવ્ય ઠરાવ્યાં છે, તેનાં ફળ ઠરાવ્યાં છે, વગર કહે, વગર કરે આપવું તેટલું સૌને સમાન આપવું, તેમ કરેથી આપવું. તે માટે પણ સહુને સુખદ નિયમ ને ફળ " **स्वेस्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः** " પોત પોતાના વર્ણ આશ્રમને ફાવતા ભાવતા એવીજ તેમની દેહ પ્રકૃતિને બંધ બેસે તેમનાથી બની શકે ને તેથી તેમની પુરી ઉન્નતિજ થાય; તેવા કર્મ ધર્મ ઠરાવી ચાહે તેને પુરાં કરાવી ફળ દે છે. એટલે—

" સેવ સ્વીકારી, દે સુખ ભારી, **અનંત**પતિ રખવાળ,' તેમાં પણ વાયદો નહિ. આપથીજ

" વ્હાલથી લે સંભાળ સમયસર " નિયમ પોતે બાંધીને પોતેજ નિયમ પાળવા પળાવવા બંધાયા. એકલા નિરાંતવા હતા; તે અનેકની ચિન્તાવાળા થયા. તે જગત જન ભૂલે પણ પોતે ન ભૂલે, એવા **" વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ "** તેમાં " લાગ હરી દે સરખો પણ લે લાભ તેજ સદભાગીરે,

પુંઠ દીલ દાઝે છે જે તક ચૂકે છે દુરભાગી રે. "

કારણ ક્રમે ચઢતાં પોતાનું પણ પુરૂં સુખ આપવા દીવ્ય દર્શન દે છે. ને તે વેળા બીજું જે માગે તો તે પણ આપે છે. જેમ—

" બ્રહ્માને ને મધુકૈટભને ઇશે દર્શન દીધુંરે

એકે અમરપણું ને અવરે, મૃત્યુ માગી લીધુંરે—પણ ત્યાં પણ જ્યાં

" વેદો અજના ચોરાયા, દુઃખ પામી જહાં ગભરાયા, કે ઝટ લાવી દીધા તન ધારી,

" સર્વેનાં સંકટહારી, " દીઠા મ્હેં માત્ર મુરારી સર્વેનાં સંકટહારી. "

એવા " વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ " તેમાં સંભાળમાં જે સેવ કરે તેને પુરો લાભ મળે, તે માટેતો કૃપાળજ "

" સેવ સ્વીકારી દે સુખભારી, અનંતપતિ રખવાળ વ્હાલથી લે સંભાળ. "

રખવાળ તે કેવા ! કૃષ્ણનું શું વિચારીએ !

પદ. " સમજી ગઇછું " એરાગ.

પાપો હણવા સ્હાયી બણવા હરિ તૈયાર છે રે, કહ્યાની વાર છે રે. પાપો ટેક
નિરાકાર સાકાર ઠરે છે, અંડ અંડમાં વાસ કરે છે,
વાત ખ્યાત એ કરવા લે અવતાર છે રે. પાપો હણવા.

ને તેમાં " સમય સર " એટલે

यदायदाहि धर्मस्य ग्लानी र्भवतिभारत " આદિ વચનથી કાયરતાજ નથી. જ્યારે ધર્મની એવી હાની દેખાય કે પોતાનેજ પ્રકટ થવું જોઇએકે તુરતજ, બ્રહ્માના એક દિવસમાં તો દસ વાર ફેરા પોતે ખાય છે. ને શું શું કેવા કેવા થાય છે ! કોણ ! તે માટે **શ્રી** જયદેવ સ્વામીનું વચન છે કે—

वेदामुद्धरते जगन्निवहते भूलोकमुद्बिभ्रते ।

दैत्यं दारयते बलिं छलयते क्षत्रक्षयंकुर्वते ॥

पौलस्त्यं जयते हलंकं लयते कारुण्य मातन्वते ।
म्लेच्छान् मूर्छयते दशाकृति कृते कृष्णाय तुभ्यं नमः ॥

"**એવા કૃષ્ણ કૃપાળ**" નિત્ય દસવાર એ રીતે "**વ્હાલથી લે સંભાળ સમયસર**"
મુખ્ય ચાર જયંતિના ચાર અવતારજ લઈએ તો—

જ્યારે મામલો ખરાખરીનો આવી પડ્યો, ને પિતા પુત્રના વચમાં તડાતડી ચાલી છેવટ **હીરણ્યકશિપુએ** પોતાને હાથેજ પુત્રને હણવા દૃઢ કરી તેને છેલ્લો લાગ આપવા પૂછ્યું–

"હુંજ જગતનો પરમેશ્વર છું બનાવ તું બીજો કયાં છે !
પ્રલ્હાદ કહે મુજમાં તમમાં વ્યાપ્યો વિશ્વ બધામાં છે;
સ્તંભ બતાવી વદ્યો અસુર કહે રે કયાં શું ! થાંભલામાં છે,
"નવ નિહાળી તે, દુષ્ટ વિફર્યો, ખડગ ખોલીને સ્પષ્ટ ઉચર્યો."
"રે ! વાચાળ વૃથા બકનારા, ત્હારૂં શિર્ષ ઉડાવું હાલ,

શું તેમ થયું ? ખડગ તો ઉપડયું પણ શિર્ષ ઉડયું ? હા ! પણ **હીરણ્યકસ્યપનું** ! શી રીતે ?

"ઉછળ્યો મારી મુઠ્ઠી સ્તંભને, શબ્દ થયો હડડડ તતકાળ,
"પહોંચ્યો તે અજ લોક સુધી ને, પડી અસુરના ઉરમાં ફાળ;
"ત્યાં તો પ્રકટયા જય જય જય જય જય **શ્રી** નૃસિંહ મહાકરાળ.

ને તે કેવા ! અસુરને હણવા જોઈએ તેવાજ. એન અવસર ઉપર ને તેથીજ કહ્યું–

"વ્હાલથી લે સંભાળ, સમયસર, એવા કૃષ્ણ કૃપાળ."

વામનજયંતિમાં સો યજ્ઞ પુરા થઈ જાય તો **બલી** સદ્ય ઇન્દ્ર કાયમ થઇ જાય, એ ડરથી નવ્વાણું યજ્ઞ થઇ ગયા પછી છેલ્લી ઘડીએ અરજ થઈ તોપણુ તે પૂર્ણ થતા પહેલાં પ્રકટી. "વ્હાલથી લે સંભાળ સમયસર" એ નક્કી કર્યું ને તેજ **કૃષ્ણ કૃપાળ** એમ દેવકીને સ્મરણે કરાવ્યું. તે પહેલાં **શ્રીરામજયંતિને** લઇ **શ્રીરામચરિત્ર** જોઇએ તો—

શ્રી જાનકીમાતા પોતાની ગડબડથી **રાવણની** પુરીમાં પુરાયાં તોપણુ–જ્યારે ત્યાં કંઇ માસ સુધી કષ્ટ વેઠી કાયર થઇ સહુ સ્ત્રી સુઇ ગઇ તેનો લાભ લઈ.

ગીતિ— એમ વિચારી મનમાં, વેણી વડે કંઠ પાસ ખાવાને,
લીધી લટ નિજ કરમાં, રહી ઘડીભર નિમગ્ન પતિ ધ્યાને.

દુહો—એક કરે શાખા ગ્રહી, ઉભી થરથરે બાળ, બીજે કર વેણી ગ્રહી, સદ્ય આણવા કાળ.

બસ, વાત અંત આવી ગઈ કે "વ્હાલથી લે સંભાળ સમયસર" એ વાત સિદ્ધ થઇ. વેળા વળી, મહાચતુર અચિન્ત્ય શક્તિએ જે તનમન મારવા તૈયાર થયેલ, તેમાંજ એવો વિકાર કર્યો કે તે ઉગારવાનાં સાધન થયાં.

ગીતિ-- એવે ફરકયાં અંગો, શુકન થયા સારા તતક્ષણુ ભેળા,
વિચારમાં પડી બાળા, મરવું કે નવ મરવું આ વેળા.

ત્યાં તો વૃક્ષ ઉપર હનુમાનજી હાજરજ હતા, શરૂ કર્યું ગાન, ગાયું તેમાં ધ્યાન ને તેજ સ્થાન સિદ્ધ થયું. સંદેશો ને નિશાની પામીને કહેવુંજ પડયું. "**વ્હાલથી લે સંભાળ સમયસર.**" તે પણ હજી અધુરી સંભાળ હતી, બે માસ **રાવણે** મારી ખાવાના વાયદાના બાકી હતા, તેમાં આવી પહોંચી છોડવવાં જોઈએ તે જગત જાણે છે કે તેમજ થયું–

તે રામ કહો કે કૃષ્ણ, એજ આશ્રુવાનના મિત્ર. "**વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ**" એથી પણ વિકટ પ્રસંગ શ્રી ભરતસ્વામી માટે હતો, ચૌદ વર્ષનો વાયદો, અને ચોખ્ખું કહેલ કે—

વસંતતિલકાવૃત.

બોલ્યા વધુ ભરત એ સહુ સાંભળે ત્યાં, ચાલ્યું જશે સકળ કારજ આ બળે ત્યાં,
હું ચૌદ વર્ષ વૃત્ત ધારી રહીશ આશે, ત્રિયો વિશેષ દિનતો તન ભસ્મ થાશે.

આંહી શ્રીજાનકીહરણ, શોધ, યુદ્ધ, ને રાવણમરણ, તે છેવટનો સમયજ હતો ને તે એટલો બધો ખપી ગયો કે માત્ર બે દિવસ મુદતમાં બાકી—પગરસ્તે જતાં મહિનાઓ વિતે ત્યાં બે દિવસ શું! એક દિવસે પહોંચવા ખાસ પુષ્પકવિમાનની સવડ કરીને પણ એન અવસરે પહોંચી ગયા. વિભીષણે ઘણું કહ્યું, કારણ તેને આવું મ્હોટું રાજ્ય જેમની સહાયથી મળ્યું તે સેના ને તેના સ્વામીઓનું આતિથ્ય હવે જ કરવાનું હતું તે તમામ બંધ રાખી જે ઉડયા તે ચિત્રકુટ થઇ નંદીગ્રામેજ મુકામ થયો. એવી "**વ્હાલથી લે સંભાળ**" અને તે "**સમયસર**" હવે કહીએ "**કેવા કૃષ્ણ કૃપાળ**"

બ્રહ્માદિ ક્ષીરસાગરે જઇ રોવા માંડયા, ત્યારે આપે સમાધીમાં સમજાવ્યું, કે મ્હેં પૃથ્વીનું કષ્ટ પૂર્વથીજ ધ્યાનમાં લઇ ક્યાં પ્રકટવું એ પણ નક્કી કરી રાખ્યું છે, ને ત્યાં પણ જેમ કહ્યું તેમજ

"**વ્હાલથી લે સંભાળ, સમયસર એવા કૃષ્ણ કૃપાળ**" એમ બ્રહ્માદિએ જોઇ જાણી ગર્ભસ્તુતિ કરી તેનો પુરાવો છે. બ્રહ્મા તો બહુ મ્હોટી વાત છે પણ છેક વૃક્ષો યોનીમાં શાપથી સપડાએલ કુબેરના કુમારોની સુધ લેવા, માતાએ ઉલૂખલથી બાંધ્યા છતાં ન રોકાયા રહી તરૂ વચમાં પહોંચ્યા ને "વ્હાલથી લે સંભાળ, સમયસર" એમ એન વખતે શાપનો અનુગ્રહ કર્યો "**એવા કૃષ્ણ કૃપાળ**"

નારદનો શાપ તો આશિરવાદ જેવો હતો, વૃક્ષદેહમાં પણ જ્ઞાન બન્યું રહ્યું હતું, તેમનું કષ્ટ જવું તે ઠીક જ છે. પણ આખા વૃજપર ઇન્દ્રની ધાડ આવી ને છેક છેલ્લી પળે તેની રાડ ઉઠી તોપણ પોતાને શરણે આવતા જનોને એજ વચન.

પદ. "નંદીકેશ્વરા" એ ઢાળનું.

"ના ડરો ડરો ન કોઇ, કૃષ્ણ ઉચર્યાં. ટેક.
"મેઘ ભલે, સકળ બળે ખૂબ વિફર્યાં. ના ડરો ડરો ન કોઇ.
"આવ્યા મુજ શરણ તમે ગણો ઉગર્યા; રક્ષવા પડેજ જનો જેમને વર્યા. ના ડરો.

તે રક્ષણના કાંઇ વાયદા છે? "**વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ**"

કાલીંગડો

ગોવર્ધન ધારીરે (૨) કૃષ્ણ થયા છે ગોવર્ધન ધારીરે;
ગીરિસમ શરીર કરી સ્થિર ઠેર્યા; સાત દિવસ નિશા સારી,
મુસળધાર વરશી જળ ખૂટ્યું, અંતે ગયા સુર હારી. ગોવર્ધન૦

"**એવા કૃષ્ણ કૃપાળ,**" તેમની પ્રથમ "**સેવા સ્વીકારી, કે સુખભારી, અનંત પતિ રખવાળ**" જેમ વૃજવાસીઓ ઉપર ઇન્દ્રનો કોપ હતો, તેની સેનાથી બચવું કઠણ હતું. તે અંતરિક્ષ, ઉપરના લોકની વાત, સૌએ ન જોએલ, તેમજ શ્રીરૂકમણી મહારાણીને વ-

સ્વાને તો **શીશુપાલ**' જાન સુધાં આવી પણ પુગ્યો. ને દેવીએ દુત બ્રાહ્મણને દ્વારિકાં દોડાવ્યો, અરસો છેક ટુંકો તેમાંપણ હજારો જનના વચમાંથી અમુકજ સ્થળે ને કાળે, પહોંચી હરણ કરવાં, ને પછી રક્ષણ કરી તરણ કરવાનું હતું, પણ જગત જાણે છે, તે કેવી પ્રીતિને સુરીતિથી પાર પાડ્યું, તે માટે એજ કહેવું ઉચિત છે કે "**વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ.**"

દ્રુપદીને "શત્રુ તો આવીને વળગ્યો છેડલે': તે વખત સુઝ્યું, તેના વસ્ત્રને આંચકો મારતી વેળા તેણે બુમ દીધી, ને તે આંચકો માર્યાં પહેલાં તો અચિંતન્યશક્તિ પ્રકટ કરતા અંતરમાં–અંગમાંજ આવી પહોંચ્યા ને સંપૂર્ણ રક્ષણ કર્યું. એથી પણ એજ સિદ્ધ થયું કે "વ્હાલથી લે સંભાળ સમયસર એવા કૃષ્ણ કૃપાળ" સર્વશક્તિમાન સર્વજ્ઞ ને સમયસર સંપૂર્ણ સહાય વ્યક્તિ વિશેષને કરવી શું મ્હોટી વાત છે? જે એકંદર બ્રહ્માન્ડની "વ્હાલથી લે સંભાળ સમયસર" એવા કૃષ્ણ કૃપાળ" તે મૂર્તિ વેશે એજ પ્રદેશે આજે પણ (પ્રથમ જે પદ પડયું મુકયું છે તેને ઉઠાવી કહીએ)—(સોરઠ)

"મોટાની એ મોટી વાતો, છોટાં સાથે છોટા થાતો;
ધાઇ આવવા વાહન ખગ તઇયાર છે રે. પાપો હણવા૦
આવી પહોંચતાં વાર લાગશે, તર્ક રખે દુખી દિલે જાગશે,
બીડ ભાગવા ચક્ર ધર્યું સુપ્રકાર છે રે. પાપો હણવા૦

સૌનાપર સમાન કૃપાળ તે એક વાત, ને સેવા કરે તે ને સુખદા હરે એ બીજી વાત. આધારણ, આ વિશેષ "જે કરે તે પામે" તેથીજ તે ખાસ કહ્યું—

"**સેવ સ્વીકારી દે સુખભારી, અનંતર્પાત રખવાળ**" એ વિષે વિવેચન.

પદ. "ઓધવજી" એ રાગ.

સ્વામી મ્હારો સઘળે સદાએ વસે છે, નામે ના લે તેને તો એ કયાં છે?
એને ન આવવું, રૂપ બનાવવું, શણગારવું શેષ રહે છે. સ્વામી૦
બીજેથી નિકળી, એની ભણી વળી, શોધવું સ્નેહે ઘટે છે. સ્વામી૦
નિર્મળ શીતળ, અઘહર ખળખળ, શ્રીગંગાજળ વહે છે. ,,
તીરે જાય નહિ. તને ન્હાય નહિ, લાભ તે કયાં થકી લે છે. ,,

કદાચ માંનો કે એઉનો યોગ થાય, તોપણ યોગ્યતા થવી, પાત્રતાની પ્રથમ આવશ્યક્તા છે.

"બરણી ભરી કાદવે તેમાં, ફળ શું? મુરબ્બો રેડે છે?
ખાલી કરી સ્વચ્છ ધોઇને, ભરીએ ભોગ યોગ્ય એ રહે છે. સ્વામી૦

મન વિશુદ્ધ થયા પછીજ હરિરંગ લાગે, તેમાં હરિને પધરાવાય તે પધારે! વળી તેમાં અપૂર્વ સ્વાદ–બ્રહ્મરસથી પરિસીમા છે "**रसोवैसः**" શ્રુતિ કહે છે. પણ તે

"તાવ ઉલટીનું જોર જામ્યું ત્યાં, શું પકવાન ધરે છે!
અંદર બાહીર નિરોગ ભૂખ્યો, સ્વાદ ખરો સમજે છે. સ્વામી૦

શરીર "**निर्मलत्वात् प्रकाशकम्** અને **अनामयं**" એવું સત્વ ગુણવાળું મન ને તન કરવું જોઇએ તે પછીજ પુરો–ખરો આનન્દ અનુભવ થાય એવું થવું તે પોતાની કૃતિ ઉપર આધાર રાખે છે. તે કૃતિ **સર્વેશ્વર**ની સેવા "**यज्ञोदानं तपश्चैव पावनानिमनीषिणाम्**" યજ્ઞ, દાન, તપ, મનને પવિત્ર કરનારાં છે, તે મળ નિષ્કામ સેવનથી રીઝી **શ્રીહરિ**

હઠાડે છે. **तदर्थं कर्म कौन्तेय मुक्त संगः समाचर**" તેમણેજ કહ્યું **बुद्ध्यायुक्तो यया-पार्थ कर्म बंधं प्रहास्यसि**" જે બુદ્ધિયુક્ત કર્મ કરવાથી તે કર્મ વડેજ પાપ–અપકર્મને તું છોડીશ–તોડીશ. બલકે **स्वल्प मप्यस्य धर्मस्य त्रायते महतो भयात्**" થોડું પણ આ ધર્મનું આચરણ મહાન્ ભયને તારે છે. કારણ તારનાર તેજ છે. કર્મ તો જડ છે.
तमेव शरणं गच्छ सर्व भावेन भारत तत्प्रसादात्परां शांति स्थानं प्राप्यसिशाश्वतम्"
એમ તેનેજ શરણે હે ભારત! સર્વ ભાવે કરીને જા. તું તેના પ્રસાદથી પરમ શાન્તિનું સ્થાન જે નિત્ય છે તેને પામીશ. એ રીતે સુકૃત વધતાં, પાપો હઠતાં. મળ કટતાં, જ્ઞાન પ્રેમ પ્રકટતાં, પ્રભુ સુખ સાચાં થતાં જાય છે. **अनेक जन्म संसिद्धः** એ સ્થીતિ કાંઇ સહજ નથી. **बहुनां जन्मनामन्ते**" એમ બહુ જન્મ પણ તેમાં વીતિ જાય. કારણ જો દેહજ વિપરિત બની હોય તો, આ ભવમાં તો ફચે નહિ, પરાણેજ કરવું કરાવવું પડે. તેમાંએ—

મચ્છ મરે ખારા જળનું મીઠામાં, ઘુવડ ન દિવસે દેખે છે,
તેમ— દેહ દૃષ્ટિએ બદલવી પડે તોએ સાચા શોકીન ન ડરે છે,
પણજો— મુખ ન ફાડે નવ ચાવે ઉતારે, તે કયાંથી પેટ ભરે છે;
ભોગવવું તે આશ્રિત રહી અનુ, કરવું અવશ્ય ઘટે છે. અને જે કરે તેની
"સેવ સ્વીકારી દે સુખભારી, અનંતપતિ રખવાળ, વ્હાલથી લે સંભાળ સમયસર"

તે સેવામાં, પોતાની ખાસમાં, ને પોતાનાં 'તનુ' જે ચિત અચિતની તેમાં–ફળમાં ફેર પડે છે. બાકી એ જો વિધિસર થાય તો, વિધિરૂપેજ હોયતો, અધિકારીજ કરે તો—

"સેવ સ્વીકારી, દે સુખ ભારી, **અનંતપતિ**"–અનંતના પતિ છે તે "રખવાળ" રક્ષણ કરવા–ફળ દેવા રહ્યાજ છે. જગતરૂપે થયાજ છે. તે "વ્હાલથી લે સંભાળ, ને તેમાં "સમયસર"

"વ્હાલથી" ને 'સમયસર' તે "પશુરૂપિ તનની" સેવા કરે તોપણ–તે અંગે સેવા ખડથી કરવી ને દૂધથી વટલોઈ ભરવી, તે અમારી નજરમાં આવે ત્યારે, તેમનહિ, વાછડીમાંથી ગાય થાય તે પણ વીહાય એમ જ્યારે જેવું જેનું ફળ ઠરાવ્યું હોય ત્યારે, તેનું પણ બહુ ગણું એટલે "વ્હાલથી" તે ગમે ત્યારે નહિ. લે સંભાળ સમયસર"

એજ વાત "વૃક્ષરૂપી તનની" ગોટલી વાવી માત્ર પાણી રેડીયે ને ટોપલા ભરીને પ્રતિસાલ કેરીયોને રસ મેળવીએ એ રીતે વ્હાલ–તે પણ તેની ઋતુકાળ અવસ્થા થયેજ. એટલે 'સમયસર'

તેમજ "દેવ રૂષી આદિ દેહની" **यो यो यां यां तनु** કરીને **શ્રીમત** ભગવદ ગીતામાં પોતેજ સેવા માટે કહી "**लभतेचततः कामान्**" તે તે ફળે પોતેજ આપે છે એ કહેવાઇ ગયું છે. વળી તે '**अन्तवत्तु**' એમ પણ કહેવાઇ ગયું છે ને તેથી અનંત ફળને સ્થિર મેળવવામાટે તો એજ.

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासियत् ।
यत्तपस्यासि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥

જે કરે, જે જન્મે, જે હોમે, જે દાન દે, જે તપ કરે, હે કૌન્તેય તે મને અર્પણ કર, છેવટ "**ॐ तत् सत्**" કહ્યું તે ભાવપૂર્વક "શ્રીકૃષ્ણાર્પણમસ્તુ થવું જોઇએ.

**" कायेनवाचा मनसेन्द्रियैर्वा बुध्यात्मना वा प्रकृति स्वभावात् ।
करोमि यद्यत्सकलं परस्मै नारायणायेति समर्पयामि ॥**

એમ તેના નિમિત્તજ, સર્વ પ્રકારની સેવ ને તેને તે અર્પણ કરવી તેમાં પણ ખાસ સેવા, તેમાં તો. **पत्रं पुष्पं फलंतोयं** હોય તોપણ કેટલા સ્નેહે સ્વીકારી ને કેવા સુખ કારી થાય છે? કેવી તેની વ્હાલથી સંભાળ લે છે? તે માટે છેવટ એકજ દૃષ્ટાન્ત આપી આખ્યાનનો આરંભ કરીશું. આદરેલ વચમાંનું પદ પણ પુરૂં થશે. જેની છેલ્લી કડી છે કે—

" પશુ માટે પણ ધાઇ જણાવી, મનુષ્ય કાજ વધાઇ જણાવી;
" **અનંત** ગજેન્દ્ર તણો મોક્ષ કરનાર છે રે. પાપો હણવા.

તેણે ચાહ્યું વૈકુંઠથી આવે, તો ત્યાંથી પધાર્યા. ગજને દામે. તેવા તે કાળમાં તે હશે. હવે બીજી રીતનો સ્વભાવ હશે, એમ નથી. આજે એજ પદ આખું-આપણા ઘરમાં બેઠે સેવા કરનારાને પણ લખ્યું, ને તેમને માટે પણ એમ રહામા ચાલી આવી-વસ્યા, ઘરકુળ દેશમાંથીજ ન ખસ્યા. એનો દાખલો અમારાજ પૂર્વજ **દાદા પર્વત**નો છે. તેનું આખ્યાન હવે જુવો ને આખું પદ મેળવી લ્યો ને પછી કહો.

" કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર."

—पर्वतदासनुं आख्यान—

પદ રાગ સોરઠ.

**કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર,
સેવ સ્વીકારી, દે સુખભારી, અનંતપતિ રખવાળ; વ્હાલથી.**

" **आचार्यवान् पूरुषोवेद** " જેને માથે ગુરૂ હોય તે પુરૂષ **શ્રી**હરિને જાણી શકે. " ગુરૂ વિના જ્ઞાન નહિ. " એમ સહુ કહે છેજ. તે રીતે શ્રી **પર્વતદાસ**ના ગુરૂ એક પ્રકારે **શ્રીનૃસિંહ** મહેતાજ જણાયા છે. સંબંધમાં પછવાડેથી પ્રસિદ્ધ થયું કે-તે કાકા ને **પર્વત**-દાસ ભત્રિજા થાય છે. ગમે તેમ હો પણ બેઉના વડિલ પિતામહ એક, બેઉ એક વંશના કાસ્યપ ગોત્ર, માધ્યંદિની શાખા. વડનગરા નાગર ગૃહસ્થ, **ભાગરોળ**; જુનાગઢ સોરઠમાં વાસ તેમાં પણ શ્રી નૃસિંહ મહેતાજીનું નામ જગતજાહેર, તે ગુરૂનું ચરિત્ર પ્રથમ છે. જેણે તેમને પ્રથમ વગર સમજણમાં શ્રીહરિ દેખાડયા, ને તેથી અસર થઇ. છેલ્લે તેમને સમજ-પૂર્વક શ્રીહરિ આપ આવી મળ્યા. ઘેર આવી સદા માટે વસ્યા ને તે જેમ કૃષ્ણાવતાર મ-નુષ્ય આકારમાં, તેમજ આ **રાજા** રણછોડ-અર્ચા અવતારમાં, જેમ શ્રીકૃષ્ણ ક્ષીરસાગરથી, તેમ આ શ્રી દ્વારકાંથી, જેમ ક્ષીરસાગરમાં પણ રહીને **શ્રી** મથુરામાં બીજે રૂપે દેવ આકાર ચતુર્ભુજ અપ્રાકૃતરૂપમાં પ્રકટયા, તેમજ આ પણ શ્રી દ્વારકાંધામમાં મંદિરમાં બિરાજમાન રહ્યા થકા બીજે રૂપે પણ એના એ ને ન્હાના આકારે પણ એવાજ **શ્રી** રણછોડરાય પ્રકટયા, પ-ધાર્યા, જે હાલ **શ્રી** જુનાગઢના નાગરવાડામાં બિરાજમાન છે. તેનુંજ આખ્યાન કહો કે તે જે મહાપુરૂષ માટે પ્રગટયા તે " પર્વતદાદા " નું કહો, જેના વંશમાં આજે સેંકડો વંશજો

"વૈષ્ણવ" ઉપનામ 'અવટંક' થી ભુજ, જામનગર, રાજકોટ, વઢવાણ, જુનાગઢ, માંગરોળ આદિ બહુ ગામોમાં બહુ કુટુમ્બો આબાદ છે. તેમને જન્મથીજ હરિરંગ લાગેલ બલ્કે પૂર્વનાં પણ અનેક જન્મનાં પુણ્યકર્મનો સમુહ હશે, પણ જે હકિકત મળે છે તેમાં મહેતાજીના સંગી ને દ્વારકાં યાત્રાના પ્રસંગી તરફિજ શરૂવાત થાય છે. તેમજ અહીં શરૂ કરીએ છીએ. એથી ઉપરનું પદજ સિદ્ધ થશે. આ કળીકાળમાં પણ એજ કૃષ્ણ અર્ચારૂપે પણ પ્રકટી "વ્હાલથી લે સંભાળ સમયસર, એવા કૃષ્ણ કૃપાળ" તે કોના પ્રતાપથી? તે આરંભ કરીએ.

સાખી.

નરસહીં મહેતા ભકતહરિના, આ દેશે પુજાતા,
રાજા શ્રી રણછોડ સેવતા, દ્વારામતિ એ જાતા;
હરિગુણ ગાતા, કદી ન ધરાતા, કદી નહિ શરમાતા.

જેને એ રસ લાધી ગયો, તેને પછી તે અનૃતામૃત જ લાગે છે. પરિક્ષીત રાજાએ **શ્રી** શુકદેવજીને કહ્યું હતું.

नैषाति दुःसहा क्षुन्मां त्यक्तो दमंपि बाधते ।
पिबंतं तन्मुखांभोजा च्युतंहरि कथामृतम् ॥

અતિ દુઃસહ એવી ભૂખ મને બાધ નથી કરતી, જો કે મ્હેં પાણી પીવું પણ ત્યજ્યું છે છતાં. કારણ આપના મુખકમળથી નિકળતું હરિકથારૂપ અમૃતપાન કરૂં છું તેથી એ રસ એવો ને એવો જ છે. અને તે સર્વાધિકાર હોવાથી કોઇની પણ પાસે ગાતાં, કોઇને પણ કર્ણદ્વારા પાતાં **મહેતાજી** સંકોચાતા પણ નહોતા. ઢેડવાડે અલગ બેસીને ગાયું ને નાગરોએ ઢેડ કહ્યા ત્યારે ઓર ગાયું કે—

"એવારે એવા, અમેતો એવારે એવા, તમે કહ્યા તેવા, અમેતો—
ભક્તિ કરતાં લાજ જશે તોએ, કરશું દામોદરજીની સેવા."

તેની પરિક્ષા થઈ નાગરોએ નાતબહાર મુકવા તેમને ટાળીને જમણવાર કરી તો—

"કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર"

મહેતાજીની સેવા સ્વીકારી છે, તેની ખાતરી માટે પોતે નાતમાં પ્રતિનાગર સાથે ઢેડ બતાવી, સૌને મહેતાજીને ચરણે નમાવી, નાતમાં તેડાવી, પછીજ જમવા દીધા, **મહેતાજીને** મુકી નાત નજ જમી શકી. "એવા કૃષ્ણકૃપાળ"

મહેતાજીને શ્રી હરિ પ્રકટ મિત્ર સખાજ થઇ ગયા હતા. તે તેમની વાંસેજ જાણે ભટકતા, ને મહેતા ભજનમાંજ ગુલતાન, ખાનપાન સ્થાન ભૂલતા ત્યારે સ્વામી સ્હામી "**વ્હાલથી લે સંભાળ સમયસર**" એવું કરતા. જ્યાં જ્યારે જેવી જોઇએ તેવી. એવા અનેક પરચામાં સંભાળ લીધી છે. એક આ પ્રસંગે અધિક થયો.

સાખી— "સંબંધી પર્વત અતિપ્યારા, સંગ હતા એક વેળા;
રસ્તે ભૂલા પડયા બેઉએ, થઇ ગઈ છેક કવેળા.
છે થાકેલા......ભૂખ્યા ને વળી તૃષીતે અતિ થયેલા.

પણ તે વાતનું હાલ ધ્યાન નથી. ભજનની ધુનમાં ચાલ્યાજ જાય છે, જ્યારે સંગીને ભૂખ લાગી, ગામ આવે તો નિવાસ કરવાની આશ થઇ પણ હવે તો તેને પણ નિરાશ થવા પ્રસંગ આવ્યો, ને મહેતાજીનો સ્વભાવ પ્રસિદ્ધ હતો કે તે હરિરસ લગનીમાં ડુબ્યા, પછીતો ખાસ રોકી કોઇ ક્હાડે તોજ નિકળે, નહિતો તેમાંજ મચ્યા રહે; હાલ તેમજ થયું. ને તેથી ભયપ્રદ દેશકાળ આવી પડયાનું લાગવાથી.

રાગ કલ્યાણ—"ચમકી" એ ઢાલ.

વધા પર્વત ઝાલીને કર, હવે વ્હાલા કયાં જશું;
થાય છે મુજને બહુ ફીકર, હવે વ્હાલા કયાં જશું. ટેક.
ન રસ્તો જડતો ન પડતો નજર કોઈ પગ શેરડો, છે બધે કાંટાને કંકર. હવે.
મનુષ્ય શું પશુનાં એ પગલાં આ અરણ્ય વિશે નથી, આજ કઠણુજ છે ખરેખર.
સાંઝ ચાલી ઝડપથી, અંધારીયાનું પક્ષ છે, લક્ષ લ્યો સમરો શું શ્રીવર. ,,

મહેતા જાગ્યા, મુસ્કેલી સમજ્યા, પણ તે કેટલીવાર ટકી? જેને માટે ભૂલા પડયા, તે ભૂલા પડે એવા નથી, તે તો સાથેજ ફરે છે. તે સર્વ શક્તિમાનને શું ન્યૂન છે? ભક્તોને વશ, સિદ્ધિ તેમની દાસીયો થાય છે, તો આતો સિદ્ધિના સ્વામીની સેવામાંજ લાગ્યા છે. જેવા તે ધુનમાંથી જાગ્યા કે જવાબ દીધો.

રાગ કલ્યાણ "સબુર" એ ઢાળ.

" નડર, નડર, નડર, નરસહીં, મહેતાજી વધા, શ્રીવર છે સહાય સદા.
" ખાલી શીદ કરે રાડ, જો પણે જણાય ઝાડ, ભજનમાં ન ભંગ પાડ, શ્રીવર,
શ્રીવર, શ્રીવર, શ્રીવર.

બસ મહેતાજીનું કહેવું થયું કે સહામુંજ નાટકનો પડદો ખૂલે તેમ સ્થાન આવી ગયું.

સોરઠની " ગરબી સખી રમણીય બાગ " એ રાગ.

જુવે પર્વતદાસ શું ત્યાંજ નેસ જણાયો રે, વડો આહીરડાંનો વાસ, શોભતી ગાયોરે.
ધાવે વત્સ દુહે કોઈ દૂધ, શુચિ નરનારીરે, જોઇ મહેતા ધાયાં સર્વ, પ્રીત સંભારી રે:
આપીને આદર અતિ, આસન દીધું ખાસ,
ઢોલ તંબુરા તાલ સહ, થયો ભજનનો ઠાઠ.
કર્યું ભજન ગાળી બહુરાત, ભોગ ધરાવી રે; મહેતે આરોગી ખીર, શાક નવ લાવી રે.
પણ પર્વત નાગર નાત, ભૂખ્યા પહોંડયા રે; થતાંવેત મોટું જ પ્રભાત, ઉઠી બેઉ સોંડયારે

દુહો— નેસ જરા વાંસે રહ્યો, ત્યારે પર્વત**દાસ**;
બોલ્યા મહેતાની પ્રતિ, થઈ અત્યંત ઉદ**ાસ**.

ચોપાઇનીચાલ—ભાઇ આતે શી રીત ત**મારી** ભૂખને ન શકયા **કેમ મારી**;
આપ વટલ્યા તજી નાત **જાતે**, કીધું આ શું હવે વય **જાતે**.

પદ. " કંથ બીન " એ રાગ

વધા તવ મહેતાજી મસ્તાન, હરિરસમાં ગુલતાન. **વધા.**
ભૂલ કરી નથી ભાઇ જરી મ્હેં, જુઓ ફરી એ સ્થાન;
જેનું ભજન કરૂં તેજ હતા એ, કૃષ્ણચંદ્ર ભગવાન;
નથી, હવે ત્યાં કાંઈ નામ નિશાન, હરિરસમાં ગુલતાન **વધા.**

તેમ છતાં માનો વટલ્યો તો, વટલ્યો છઉંજ નિદાન;
વટલો વરી વિઠ્ઠલને તમે એ, તજી વૃથા અભિમાન..
ભાવ વિણુ નર પણુ પશુ સમાન, હરિરસમાં ગુલતાન વહા૦

પદ. રાગ કાલિંગડો.

જોઈ પાછુંને પર્વત શોચે, અહા ! ભેદ આ માંહે ખરો છે. જોઈ.
નેસ ગાય, વાસો નથી કંઈએ, હરિ એ સર્વ થયા;
આણી મહેતાજીની દયા, ભૂલ્યો ખરે હું તો હા હા ! ગયા, તે ગયા હરિતપ એ છે. જોઈ.

પાછું શું જુવે! સમજ્યા કે " **કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સ-અવસર** " બસ, **પર્વત** દાસનો એ રંગ પલટાયો. બ્રાહ્મણીયો **શ્રીહરિ**ને મળી આવીને બ્રાહ્મણોએ જૂદો પશ્ચાતાપ કર્યો, તેમ ન થયું. ધા કારી લાગ્યા, પરચો અદ્દભૂત, ને અજાણે પણુ **શ્રીહરિનો સંબંધ**, પરંપરાયણુ, થયો. બસ. અનોખી આંખ ઉઘડી. બન્યા **શ્રી રણછોડ**રાયજીના અનન્ય ભક્ત, ને પછી તો સદાને સારૂજ.

(અમે ગાયું છે. " **પદ ઓધવજી** ")

થવાનાંને એક વખત પણુ બસ છે, ન થવાને વરસનાં વરસ છે.
વૃક્ષ વાવતાં એકજ વેળા, એકજ ખુદે પુરૂષ છે;
એકજ તણુખે ગામ જમી રહે, ફેરે મોતી સરસ છે. થવા.
ભૂ તૈયાર બીજ હોય રૂડું તો યોગનીજ અવશ્ય છે;
ઉપાય એક વખત સમજ્યા બસ, ફળતો. વરતન વશ છે.
અનુએ ચહ્યું લહ્યું બહુ સહુથી, અહ્યું ખરૂં શું સરસ છે?
રહ્યું પુરૂં આચરવું પ્રેમે, અગવડ તકતો મસ છે. થવા.

તેમાં પણુ જેમ **ગીતાજી**માંજ " **यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्म बंधनः** " કરીને યજ્ઞની પ્રસંશા તેનું અઘનિવારકત્વ કહી બાર પ્રકારના યજ્ઞ, દ્રવ્ય યજ્ઞ, તપયજ્ઞ, યોગયજ્ઞ એમ ગણાવે છે, ને છેવટ **यज्ञक्षपितकल्मषाः** યજ્ઞ પાપોને ટાળે છે એવું કહે છે. બલ્કે શ્રુતિ પણુ " **यज्ञेनयज्ञमयजान्तिदेवाः** " એમ દેવો પણુ એક પ્રકારના યજ્ઞથી દેવનું યજન કરે છે, કરીને કહે છે. તેમજ નવધા ભક્તિ ખાસ યજન, પુજન જે શ્રવણુ કીર્તન, વિશ્નુ સ્મરણુ, પાદસેવન, અર્ચન વંદન દાસ્ય સખ્ય ને આત્મ નિવેદન છે. તેમાં પણુ એક પણુ જો સવિધી ને સાંગોપાંગ થાય તો બેડો પાર છે. તાત્પર્ય કે ઉપાય સાંભળી એકમાં દ્રઢ થવું, જેમ એકવાર સાંભળી સમજવું બસ છે, તેમ પછી અનેક ઉપાયમાંથી એક જે આપણાથી બને એવા હોય, તે આચરવામાં અત્યાવશ્યક છે. ગમે તે એક રસ્તે ગામ પહોચાય, તેમ ગમે તે એક ઉપાયે પાર પડાય છે.

ધનાશ્રી.

એક બરાબર કરો, પાર પહોંચવા હામ દ્રઢ ધરો. ટેક.
" શ્રવણુ " **પરિક્ષીત**નું પંકાયું, સર્પ ભલે તન હરો;
શિવાજીય ન ઉડયા કિર્તનથી, ઘેરો હતો જબરો. પાર.
" સ્મરણુ " કર્યું **પ્રહ્લાદે** પુરૂં, થયો શત્રુનો મરો;
નામદેવનું અમર નામ છે, શાહે આખર ડર્યો. પાર.

" ધ્યાન " ધર્યું ધ્રુવજીએ દ્દઢ રહી, પિતા થયો પાંસરો;
ક્બીર સદેહ સોંડયા, એવું ઉચરે છે કંઈ નરો. પાર.
" દાન " બળીનું ફળી ગયું વહે, નિશ્ચળ યશનો ઝરો;
હામાજીના મ્હાર થયા એ પ્રસંગ કાં વિસરો. પાર.
" વ્રત " રક્ષણ શ્રી અંબરીષનું, દુર્વાસાને સ્મરો;
બોધરાજની બારસનો પણ, પરચો કાંને ધરો; પાર.
એકજ પણ પરીપૂરણ કરવા, અનંત દ્દઢ મન કરો,
*પછી મરણ સુધી સુબુદ્ધિથી, જયી થવા આચરો. પાર.

તેમ મ્હારા * તેરમા પૂર્વજ **દાદા શ્રીપર્વતદાસે** પણ દ્દઢ શરણ વરણ કર્યું ને

" પુનમ ચાંદની " **ગરબી.**

પર્વત મહેતાએ પ્રેમે પ્રતિજ્ઞા લીધીરે, જનવું જીવતાં સુધી દ્વારામતિ પ્રતિસાલ;
તુલસી વાવી કરમાં હરીને જઇ ચઢાવતારે.
જગનાં સુખ માટે નથી રહેતી પ્રીતિ રતી રે, ભાવે ભજનમાંજ ગાળે પોતાનો કાળ;
તુલસી વાવી કરમાં હરીને જઇ ચઢાવતારે.
એમ વિત્યાં અડસઠ વરસ, ખળ ભલી ગયું શરીર,
ગઇ શક્તિ પણ હોંશ રહી, ડોસે ધારી ધીર;
સંઘની સંગાથે જવાનું નક્કી કર્યું રે, વાર્યાં સગા સ્નેહીયે પણ માન્યું નહિ લેશ;
પણ ત્રણ ગાઉ જતાં તો તૈણ પહોર પુરા થયારે.
આજબ ગામની વાવ પર, પડયા શોધી પડથાળ,
ધસ મસાટ ઊંઘી ગયા, ડોસા બની બેહાલ.
સંઘતણા લોકે ઉઠાડયા નહિ જાણીનેરે. ચાલી ગયા મુકીને રણવગડે મધ્યરાત;
રક્ષક જેના શીર છે, રાજા **શ્રી** રણછોડજી રે.

તે **" કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર "**

જગત જનતો—" જા કે બોલે બંધ નહિ, મર્મ નહી મનમેં;
વાકી સોબત કીજીયે. છોડ ચલે બનમેં " એમજ થયું.

સંઘવાળા જાણે ઘરડો માંદો બોખરો ડોસો ભેગો આવ્યો તો નિત્યસંતાપ, ને રસ્તામાં પાર પડી ગયો, તો વળી તેની નાતના સંગી પણ કોઇ નથી એથી ઓર ઉત્પાત ! માટે એને જગાડ્યા વિનાજ સૌ ઉપડી ગયા.

પર્વતદાસે ઘણાં વર્ષ સેવા કરી " એક વર્ષમાં ઉભયવાર, તે દ્વારામતિ આવે ને જાય " એમ નિયમ હતો. કરતાં ચેંત સેવા ફલતી નથી. સેવામાં વિઘ્ન ન આવે એજ પ્રથમ ફળ, તે અડસઠ વર્ષ સુધી બન્યું, પણ છેવટના વર્ષમાં મંદવાડે વૃદ્ધાવસ્થાને મદદ કરી એટલે શરીર છેક અશક્ત થયું. જેટલું જેનું ગજું તેટલા તેણે સેવવાજ જોઇએ. તેમાં ખોટાઇ કે કસર રાખે તેટલી ફળમાં કસર રહે; તે તો **શ્રીપર્વતદાસે** પુરૂં કર્યું. પણ હવે શક્તિ નથી, તોપણ બનતું કરવું, એ રસ્તેજ મરાય તોપણ ઉત્તમ એમ ધાર્યું તો તે મરશે નહિ, તેનું બળ ખૂટયું, ત્યાંથી જેને માટે તેણે આદર્યું છે તેનું બળ તેની ઇચ્છા પૂર્ણ કરવા તૈયાર છે.

---

* લેખકના.

તે સર્વત્ર સર્વ શક્તિમાન તેના પોતાના પણ અંદર તેને ઊંઘાડનાર, માતા જેમ છોકરાને ખોળામાં સુવાડે તેમ તેમને શુષુપ્તિમાં પરિષ્વંગ કરનાર, "**सता सौम्यतदा संपन्नोभवति**" આદિ શ્રુતિયોમાં સિદ્ધ કર્યા પ્રમાણે **अन्तर्यामी** અંદરજ હતા, તે બીજા કોઈ નહિ પણ **શ્રીકૃષ્ણજ**, કારણ તે ગીતાજીમાં એ રહસ્ય ઉઘાડું પાડી દે છે, કે જે માણસોની અંદર નિયમન કરે છે, તેમને જગાડે ઉઠાડે છે, તે હુંજ છઉં " ચોખ્ખા શબ્દોમાં તે કહે છે કે—

सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च "

સર્વના હૃદયમાં હું બીરાજમાન છઉં મ્હારાથી સ્મરણ, જાગૃત, ને જ્ઞાનનું ઢાંકવું, શુષુપ્તિ છે. તેમજ સ્વપ્નાવસ્થામાં અમારી કરવી તે પણ તેને આધીન છે. માત્ર તેટલો વખતજ અનુભવમાં આવે એવું જગત અમારેજ માટે, નિત્ય નાના પ્રકાર દેખાય છે. તે અમે તો સરજતા નથી. ન કોઈ બીજો સરજનાર જણાયો છે શ્રુતિ સમજ પાડે છે કે—**सहि कर्तेति**" તેજ કર્ત્તા છે " કરીને એ પ્રકરણમાં શ્રુતિયો બહુ વિસ્તારથી સમજાવે છે. અર્થાત્ સ્વપ્ન દેખાડનાર સર્વેશ્વર છે. જાગૃત સ્વપ્ન શુષુપ્તી તેમ મરણ જન્મ મુક્તિ સર્વ અવસ્થા તેના વશમાં સર્વની છે. તેણે આજે પૂર્ણ કૃપા કરી. અતિ " વ્હાલથી ને સમયસર "સંભાળ" લીધી તેજ પડથાળ ઉપર તેમજ સુતા રહેવા દઈને બહારનાં બધાં જતાં રહ્યાં, પણ ભીતરનો ક્યાં જાય! તે છેક સુધી સદાનો સાથી છે. તેમણે—

"સેવ સ્વીકારી, દે સુખઃભારી, **અનંત**પતિ રખવાળ" તે નોકરી યોગ્ય થઇ એટલે કૃપા કરી, કોણ! ક્યારે! કેવાં પ્રોમોશન! ને લાયક છે. એ બધા નોકરો નથી સમજી શકતા ન તેમની બડબડ વા ઉતાવળ એ બાબતમાં કામ પણ લાગે છે; નોકરી લેનાર સુજ્ઞ સરદાર જાણે છે, તે બરાબર કદર બીન ચૂક સૌનીજ કરે છે. "**વ્હાલથી લે સંભાળ સમય સર**" તે આ ભક્તરાજની એટલી સેવા થઈ માની કે તેમને સ્વપ્નમાં પણ સાક્ષાત્ દર્શન દીધાં હવે કૃપા કરવા માંડી છે, તે ક્યાં સુધી થાય છે તે જુવો સગાઇ થઈ તો થોડાજ વખતમાં ગરીબની પુત્રી મ્હોટા શેઠના ઘરની ધણીયાણી થઈ બેસવાની; ખોળે લીધો છે તો રાંકનો પુત્ર છત્ર ચામર ધરાવી સ્વારી કાઢી નિકળશે. મ્હોટાં રીઝે તે ગજા પ્રમાણે મ્હોટાઇ સહેલાઇથી આપી શકે છે; આતો વળી સેવાનોએ બદલો છે. કેવો બદલો જોઇએ છીએ તે ભક્તની ઇચ્છાપર છે. " દ્વારકાધીશના દર્શન" નું તેને વ્યસન તે તેનો ખુરાક–ભોગ થઈ ગયો છે તે મેળવવાજ તે પડતાં ખડતાં મરતાં પણ ચ્હાય છે, તો તે હવે તેને પરીપૂર્ણ લ્હાવ મળવો એજ બદલો તેને ઇષ્ટ મીષ્ટ છે, તેની કેવા ક્રમે કેવી ગોઠવણ "**સેવ સ્વીકારી દે સુખભારી, અનંતપતિ રખવાળ**" **વ્હાલથી લે સંભાળ સમયસર કેવા કૃષ્ણ કૃપાળ**" તે તમામ છેવટ પરિણામ સુધી જુઓ એટલે પદ પુરૂં સમજાશે દૃઢ થાશે.

" ભૈરવી " કોઇ રમકી 'ભમજી " એ રાગ

આવ્યા સ્વપ્ના માંહે શ્રી હરિ, ભક્તની દાઝ દિલમાંહી ધરી;
રણુ વગડે કાળી ઘોર નીશા, તે ખરેખરી સુખદાઇ ઠરી આવ્યા૦
બોલ્યા પર્વત તુજ પ્રીત ખરી, સેવા સાચી તેં નિત્ય કરી;
આગળ નવ જા તું જીદ્દ કરી, દર્શન હું દઈશ ખચિત કરી,
રહે ઘેર ચિત્ત નશ્ચિંત કરી, હું રહીશ ત્યાંજ તુજ હીત કરી. આવ્યા.

પદ " એસી ચતુર " એ રાગ.

જાગી ગયા પર્વત, ઊર શોચે છે સ્વગત;
આ શું ! દીઠું સ્વપ્ન કે સાચી હકિકત ! ? ફરી મ્હારીજ શું મત, જેથી દેખાયું આ રીતે.

(મનથી માન્યું કે આ ભ્રમણા છે, તેથી જાગ્યા, બેઠા થયા, જોયું કે સંગીએ પણ છોડયા, તેથી તે ડગ્યા–ડર્યા નહિ, પણ દૃઢ થયા. મનુષ્યનો આશ્રય જૂઠો છે જ તે ગયો. સાચો જેનો છે તેનો રહ્યો, તે જ ઠીક થયું. તેમણે ઠરાવ કર્યો.

"હવે પાછો નહિ જાઉં, દુઃખે કાયર ન થાઉં, ભલે ગયો સંગાથ,
એકલો પથ સાહું, ખોટી ભ્રમણા ઊઠી તે સાચી માનું શાને ચિતે. જાગી૰

સ્વપ્ને સહજનું નહોતું. પાછુંજ ફરવું ને પ્રભુ ઘેર આવી મળશે એમ માનવું એ શું કલીમાં, એક કંગાલ, જેણે કોઇ મહા યજ્ઞ તપ દાને કર્યું નથી, તેને માટે એવું થાય એ કેમ બને ? ને તે પણ માત્ર સ્વપ્નપરજ વિશ્વાસ મુકી ને તેને સાચું માની આ પ્રયાસ મુંકીજ દઉં ? નહિ તે ઊઠયા ને ચાલવાજ મંડયા.

પરિક્ષા ઠીક થઈ, તેમની વૃત્તિ નિશ્ચય, પણ ઠીક રહ્યો. એવોજ આગ્રહ જોઇએ. અર્થ સાધતાં સુધી, પુરી પ્રતિતી થતા સુધી, તે છોડવું નહિજ.

એક કવિએ કહ્યું છે–" સતિ શૂર ઔર સંતજન, તીનુંકા એકતાર;
જરે મરે સુખ પરહરે, તબ રીઝે કિરતાર.
તબ રીઝે કિરતાર, સબહી સંસાર સરાવે,
નહીતો હોત ખુવાર, હાર જીત સબહી પાવે;
દાખત બ્રહ્માનંદ, મહાફળ અચલ મતિકા,
તીનોકા એક તાર, શૂર અરૂ સંત સતિકા.

તેવી અચળ મતિ થઇ કે મહાફળ દેખાવા માંડયું. સ્વપ્નનો પતાંતરો, આટલાજ નિશ્ચયને આરંભથી હઠયો, ને આકાશમાંથી સદ્ય દિવ્ય શબ્દ પ્રકટયો––

" થઇ હરિની વાણ, ફરીને તે સ્થાન, પાછો વળ પર્વત માન માન,
આપુ નિશાન, જેથી વ્હેમ ત્હારો વિતે. જાગી ગયા૰
આઠમે શુભ દીન, વાસુદેવ મુજ જન, લાવશે સિંહાસન, ત્હારે ભૂવન;
થતાં પુરો માસ હું આવીશ ખચિતે. જાગી ગયા૰

કયાંથી, કેવી રીતે, કેવા રૂપે ! એ કાંઇ ન જાણ્યું, પણ આ પરચો પ્રતિતી માટે પુરતો થયો પોતે ઝટ પાછા વળ્યા, પણ ગામમાં ન્હાના મ્હોટા સહુએ બહુ વાર્યા છતાં ગયેલ, તે થાકયાથી કાયર થઇ હાર્યા તેથી આવે છે એમ જાણી શી સ્થિતિ કરી તે જુવો–

પદ " મોહન માટી " એ રાગ

પર્વત પાછા આવે, મંગળ પુરમાં, પર્વત પાછા આવે;
ડગમગતા હાંફતા ખાંસતા અંગ સશિર્ષ ધ્રુણાવે; એવા— પર્વત૰
ડગે ડગે ખાતા સાસ, લોકો મળ્યા આસપાસ.
તેમાં એ નાગરો ખાસ, તે રાખે શાની કચાસ,
કોઇ કહે દાદા કેમ, દ્વારકામાં સૌ છે ક્ષેમ;
પુરો પાળ્યો આપે નેમ, આનું નામ સાચો પ્રેમ, એમ ઠઠ્ઠામાં ઉડાવે. મંગળ.
છાકેલા છોકરાવળી, આવી ઘેરે ટોળે વળી;

પ્રસાદીયો ગળી ગળી, દક્ષિણા આપી લ્યો સઘળી;
કંઠી આપો બાને સારૂં, બાળાનું દાપું છે મ્હારૂં;
ગોપી ચંદન છે પ્યારૂં, કરી લ્યો ટીલું તમારૂં. એમ ઉચરી અટકાવે. મંગળ.
જામેલા જનોએ કહ્યું, શરીરમાં શું છે રહ્યું,
પાછા આવ્યા સારૂં થયું, હવે નહિ જાય સહ્યું;
યાત્રાઓ ઘણીએ કરી, ઘેર બેઠા ભજો હરી,
હવે ન સાંડશો ફરી, એ રીતે વિનંતિ કરી, શાન્તતાથી સમજાવે. મંગળપુરમાં.

રાગ કાફી.

ભોળા પર્વતદાસ; સરવને શાન્ત કરી, કહે સાચી હકિકત, ભોળા પર્વતદાસ. ટેક.
કરૂણા કરી કમળાવર પોતે, આવશે મ્હારે અવાસ, સરવને૦

શાસ્ત્રો કહે છે કે, ભગવાનની વાતો અનધિકારીને ન કહેવી, ગીતાજીમાં પણ "**इदं ते ना तपस्काय नाभक्ताय कदाचन**" તેમજ અહીં બન્યું. કુપાત્ર આગળ રહસ્ય કહેવાથી તેમણે હરિજનને હરિવચનનું ઉપહાસ્ય કરી ઓર તેઓ દોષિત ઠર્યા. તે વિવિધ વાણી બોલવા લાગ્યા.

પદ "ઓંઝોટી"

મ્હોં મલકાવી વદ્યા નાગરડા, ધન્ય ભાગ્ય છે ભાઇરે,
નરસહીએ જુનાગઢ ગજવ્યું, આપ ખ્યાત થશો આંહીરે.
મટશે જનને જવું દ્વારકાં, ધામ થશે સુખદાઇરે,
નિત્ય નિરખશું શ્રી રણછોડને, ગોમતીજીમાં ન્હાઇરે.
કાકે તો માત્ર નામ કાઢ્યું, ભત્રીજાની સરસાઇરે,
ધામ પાંચમું ઠરશે, ઠરશે પુરી આઠમી પંકાઇરે.

લોકો જેમ બકે તેમ ભક્તને આર્તતા વધે, ને તેથી ચિત્ત વધુ હરિમાં રહે, તેમ પાપ વધુ ને સહ્ય કરે એટલે શ્રીહરિ વ્હેલા પ્રકટે. એમ ઉપરથી જોતાં આ સંકટ, પણ ભીતરથી જોતાં તે ઉત્તમ ઔષધ હતું. હવે ભક્તને એજ ગાવું રહ્યું.

ગરબી.

"પ્રભુ મ્હારાની લાજ નિભાવજો રે, કૃપાના નિધાન કૃપા વરસાવજો રે."

તે ગમે ત્યારે નહિં, બાંધેલ મુદત ઉપર, તે કયાંહી તેડવા જવાનું કે મૂર્તિ બનાવી પ્રતિષ્ટા કરાવવાનું નથી. આપથી આવવાનું છે તે માટે સમય પણ આપેજ આપ્યો છે. તેમાં પ્રથમ વાયદો તો આઠ દિવસનોજ હતો. તો શું "**વ્હાલથી લે સંભાળ, સમયસર**" તે ખરૂંજ છે.

જે આઠે દિવસે આવવાના હતા તે ક્યાં કોણ હતા ?

ગજલ.

શ્રી દીવમાં સલાટ વાસુદેવ સદ્‌ગુણી, શ્રી દ્વારકેશ માંહે જેની ભક્તિ છે ઘણી,
મથીને વર્ષ બાર સિંહાસન પુરૂં કર્યું, દશાવતાર યુક્ત બહુ ખૂબીનું ભર્યું;
લઇ જવાથી દ્વારકાં બીરાજી નાવમાં, થયા વિદાય, લીન અતિ ભક્તિ ભાવમાં;

તેની પણ ભક્તિ પાકી ફળીભૂત થવા યોગ્ય થઇ ગઇ હતી તેથી તેવાની "**વ્હાલથી લે સંભાળ**" તે તેના કદી અટકળવામાં પણ નહિ આવે એવો અનુભવ એજ ક્રમે આરંભ, સ્વમામાં પ્રથમ નાવમાં તેને થયો.

રાગ પરજ " ગજલ."

નીશા અડધી ગઇ ત્યારે, હરિ બોલ્યા સ્વપનમાં, ભક્તથી પરિપૂર્ણ પ્યારે. હરિ૦
જા તું મંગળપુર વિષે, મુજ ભકત પર્વત જ્યાં વસે, સિંહાસન રાખજે હારે. હરિ૦
ગોમતિ સાથે હું આવીશ, દિવસ બાવીસમે તહીં, શક ન રાખીશ ચિત્ત લગારે. હરિ૦
જાગીને સૌને કહ્યું, પણ લહ્યું નહિ કોઇએ ખરૂં, ભક્તને થયો શોચ ભારે. હરિ૦
વ્હાણ શેઠ તણું વળી, અવળે પથે થઈ ખામુંખાં, કોણ મુજને તે ઉતારે. "

ને ન ઉતારે તો બેટ દ્વારકાં ગયેજ છુટકો, ત્યાંથી ક્યાં માંગરોળ પહોંચાય! પણ સ્વપ્નને સાચું કરવાને "**વ્હાલથી લે સંભાળ 'સમયસર**" કારણ **પર્વત**દાસને આઠમા દિવસનો વાયદો પ્રભાતમાંજ હતો તે ન પુરો થાય તો તે નાગરો ગાંડા ઠરાવી ગામ છોડાવે તેવું હતું. તે કેમ થવાદે! "**કેવા કૃષ્ણ કૃપાળ**" તેની પ્રેરણા, અચિન્ત્યશક્તિ વ્યાપીથી તે માત્ર દ્વારકામાં બેઠા દેવ નથી એ દ્રઢ કરવા જળ વાયુને હુકમ થતાં—

પદ. રાગ કાફી "જનોઇજી" એ ઢાળ

જોતાં જોતાંમાં જાગ્યું દરીયામાં તોફાન ભારી;
વાયુ ઉપડયો ભયકારી, ઉછળવા લાગ્યું વારી; પલળ્યાં માંહે નરનારી,
દીધા સઠ સઘ ઉતારી, જાગીને સર્વ બેઠા શોચે, થઇ હાલત દુઃખીયારી. જોતાં૦
વાયુના વેગથી નૌકા ખેંચાણી થઇ લાચારી.
જાશે ક્યાં સર્વ એ શોચે ઉરમાં ઈશ્વર સંભારી;
થઈ છેક પરોઢે શાન્તિ, ભાગી તવ મનની ભ્રાન્તિ,
મંગળપુરનો છે ખાળો, સમજ્યા સહુ હરિનો ચાળો;
જય જય જય કહી બહુ રાજી થઈ, સિંહાસન લઈ, ઉતર્યાં ઝટ નહીં;
વાસુદેવ પ્રભુ વચન વિચારી જોતાં જોતામાં જાગ્યું, દરિયામાં તોફાન ભારી.

દોહરો— સંગે ઉતર્યા સંગનાં, જન દ્વારકાં જનાર;
પરચો પૂરણ પેખવા, આતુર ઉર નરનાર.

લાવણી.

વાસુદેવ સિંહાસન શુભ શિરપર ધારી, આવ્યા મંગળપુર માંહે સંગ નરનારી;
ક્યાં છે પર્વત ભક્તનું ભૂવન એ પૂછે, સમજે ન નગરનાં લોક ભેદ એ શું છે!
નથી ભક્ત તણી હજી છાપ ન પૈસે મ્હોટા, ઓળખે ન કોઇ તેથી વાળે જન ગોટા;
ત્યાં એક સમજુ કહે શોધો નાગરવાડે, પર્વતે જુવે છે વાટ આઠમે દહાડે.
સાંભળી વધામણી ધાયા હરખે સ્હામા, સ્વમની પીછાણે એક મળી સુખ પામ્યા;
" આદરથી સિંહાસન ઘરમાં પધરાવી, સૌ સંગ જમ્યા **શ્રી**વરને થાળ ધરાવી."

હવે ઉભયના ઊરનું શું કહેવું? લોક પુઠે પડ્યા. પ્રભુ ક્યાંથી પધારશે? કયે વખતે! તે બિચારા શું કહે! બહુ વિપરીત બોલે તે કાંને પડે, તેમ આતુરતા વધે બાવીસે દિવસ એજ રટણ ને આર્તિ, અરજ ને વિશ્વાસમાં કાઢ્યા. હવે છેલ્લો દિવસ આવ્યો.

રાગ બિભાસ.

" અતિ આતુર ઉર વાટડી જોતા, ન સુખે ખાય પાયે નથી સોતા. અતિ.
બાવીસ દિવસ ભજનમાં કહાડ્યા, છેલ્લી રાતે ગાફલ ન્હોતા."

ઊંડી ઉંચામાં નિત્યકર્મ કરી, બેઉ બેઠા હરિમાં ચિત્ત પ્રોતા. "
ક્યાંથી કેમ પ્રકટશે શ્રીવર ! એ વિચારમાં ખાતા ગોથાં. "

સાખી. " પ્રાણથી પ્યારા " એ રાગ.

સ્તુતિ કરે **પર્વત** ઊરમાં હવે લાજ રાખજો લાલા,
જગ સઘળું વાત જાણી ગયું છે, વચન પાળજો વ્હાલા;
વખત થયો જોઉં વાટડી વિઠ્ઠલ, સાંભળો કાલાવાલા;
કેવળ કરૂણા કારણ કેશવ, આવી મળો બિરદાળા.
કાપો કષ્ટ કૃપાળા.

પડોશમાં વાવ હતી ત્યાં—

"ભૈરવ"

બહુ વાવ ઉપર મળી પનિયારી, બૂમ કરી મુંકી ન્યારી, બહુ. ટેક.
પરોઢમાં પાણી ભરતા શું, આવી ભરતી અણધારી. બહુ.
પડોસમાંજ સુણી એ પર્વત, ધાયા આશ ઉરે ધારી. ,,
વધ્યા ન ગડબડ કરો બ્હેનરો, આવી **ગોમ**તીની સ્વારી. ,,
મચ્છ કચ્છ જોઇ લોક માન્યું, ન્હાયાં હરખે નરનારી. ,,
ઉભરાવા લાગ્યું જળ ઉપર, થયા બેઉ સજ સુખકારી. ,,

પદ " રામકળીરાગ. " (મહિદીપછંદ.)

પર્વતને **વાસુદેવ** ભક્ત બેઉ ભારે, ચાલ્યા વાવમાં જુવે જગ જનો કિનારે;
જેમ જેમ ચરણ ધરે, તેમ તેમ જળ ઊતરે, પહોંચ્યા પડથાળ, છેલ્લી વાર એ પ્રકારે.
પથ્થરમાં પડી ફાટ, મૂર્તિ કરતી ચળકાટ; હાકબંધ દીઠી પ્રભા દશ દિશા પ્રસારે.
દશ આંગળ દીવ્યરૂપ, દ્વારકેશ વિશ્વભૂપ, નિરખી સ્વરૂપ કોટી કામદેવ વારે-
નિરખતાંજ તૂટ્યાબંધ, ગયાં સદા દુઃખો દ્વંદ્વ, બ્રહ્માનો આનંદ વધ્યો રોમ રોમ ત્યારે.

ભૈરવી-ગજલ.

શોચે પર્વત ચિત્તે આ રૂપશું **રણછોડજી** છે ? થવાને ખાતરી દિલમાંહે દાસ ખચિત ઇચ્છે.
બીજું જો રૂપ હોતો, નથી હું તેથી મ્હોતો, મ્હારૂં જે ઇષ્ટ છે તેનીજ સેવા ચાહુ ચિત્ત.
પધાર્યા છો કૃપાથી. વદો તો તો મ્હારાથી, થયા સાથી સુખ્યાતિ તો કહો મરજીજ શી છે ?
પર્વતની પ્રાર્થના મંજુર થઇ–સાક્ષાત્કાર સંપૂર્ણ થયો.

પદ. " નટવર વસંત " એ રાગ.

બોલ્યા **શ્રીવર** હું દ્વારકાંથી આવ્યો છઉં, સંગમાં ગોમતિ લાવ્યો છઉં. બોલ્યા ટેક.
એમ વદી સત્વર વધ્યા, દીવ્યરૂપ શ્રીનાથ,
રાજા શ્રી રણછોડજી, શંખ ચક્ર છે હાથ;
જોતાંજ તુષ્ટ થયા ભકત બે બહુ તદા, માન્યું પર્વતે પૂરો ફાવ્યો છઉં.
ફાવ્યો છઉં, પ્રભુને ભાવ્યો છઉં. બોલ્યા.
સ્તુતિ કરી બેઉએ મળી, લળી લળી લાગી પાય,
ફરી ફરી નિરખે જતાં, મન નયનો ન ધરાય;
ગદ્ગદ કંઠે વાણ નિકળી ન સકતી રે,
વહે નયનોમાંથી નીર, દડી ન ટકતી રે,

એક વસુ દ્વારામતિ, વસુ બીજે ડાકોર,
વસીશ ત્રીજે તુજ ધામમાં, ઉચર્યાં નંદકિશોર;
તું "વૈશ્નવ" તુજ કુળ થયું પાવન, ઘેર લઇ ચાલ્ય મ્હને ભાવ્યો છઊં,
બોલ્યા શ્રીવર હું દ્વારકાંથી આવ્યો છઊં.

પદ. "થયા છોરે" એ રાગ.

કહીને રે, એવાં મધુર વચન હરિ ઝટ લઘુરૂપ થયા,
ઝટ લઘુરૂપ થયા, આણીને નિજ જનકેરી દયા. કહીને રે.
લક્ષ્મીને પહેલેજ મોકલી, કીધી લીલા લ્હેર,
નવ ભકતે, અતિ પ્રિતે, ખુશી ચિત્તે, રૂડી રીતે;
કર ધરી હરિ બ્હાર નિસરતાં સર્વ જન જય જય ગાઈ રહ્યા. કહીને રે.

રાગ માઢ. "પ્રેમના કોલ" એ ઢાળ.

પર્વત ઘેર આવ્યા રણછોડરાય;
ઊર ભક્તને મોદ ન માય, પ્રેમે લળી લળી લાગે પાય.

પૂર્વે અમારા વડીલે ગાયું છે—"ધનધન સંવત પંદર એક, ધનધન માગશર માસ વિશેક;
"ધનધન પષ્ટી ઉજવળસાર, તીથિ પ્રાત જમણો બુધવાર.

"વૈષ્ણવ" ખ્યાત સ્વકુળની કીધી, દીધી લ્હાણુ સમુદાય;
જે સુખ દેવરૂપીને દુર્લભ, તે પામ્યા ક્ષણ મ્હાંય. પર્વતઘેર.
હજી બિરાજે જુનાગઢમાં, દીવ્યરૂપ શુચિકાય;
અનંત ગુણગણુ તેના આજે, અતિ આનંદે ગાય. પર્વતઘેર.

એ વાવ ગોમતી, ને માંગરોળમાં એજ સ્થાન, અદ્યાપિ પ્રસિદ્ધ છે. ને તેથી સિદ્ધ છે, કે—
કેવા કૃષ્ણ કૃપાળ, વ્હાલથી લે સંભાળ સમયસર.
સેવ સ્વીકારી, દે સુખભારી, અનંતપતિ રખવાળ. કેવા.

સદા અમારા વડીલોમાં ગાઈ રહી છે જ
"**શ્રી દ્વારકાધીશની જય.**"

—प्रभुनुं सामिप्य—

દોડમાં ગમાર ! દૂર ઇશ છે અહિં, પૂર્ણને પ્રકાશમાન સર્વની મહીં ટેક.
"**दूरतद्वन्तिके**" શ્રુતિ પુકારતી, જ્ઞાન વિના દૂરને સમીપ જ્ઞાનથી. દોડમાં. ,,
હૃદયનું ઉઘાડી દ્વાર ભીતર જો કરી, ત્યાં બીરાજમાન નાથ, વાત છે ખરી. ,,
મૂર્ખ શાને દોડ, તું, જો હૃદય છે નહીં? હૃદય શુદ્ધ હોયતો, મળે જહીં તહીં. ,,
હૃદય, શુદ્ધિમાં રહ્યું છે, તત્વ જગમહીં, ધ્યાન, યોગ સાધનો સમાય ત્યાં જઈ. ,,
ત્યાં તું શોધ ત્યાં વિચાર વિમલ હૃદયથી, નાથ છે તુંમાં, તું દૂર નાથથી નથી. ,,
તીર્થ ક્ષેત્ર પુનિત ધામ ભટકતાં વળી, હૃદય મલીન હોયતો વિભુ મળે નહિં. ,,
રખડતાં મળે નહિં, તું માનજે નકી, હૃદય શુદ્ધિથી કરી પમાય શ્રીહરી. ,,

એન. એલ. ઠક્કર. મરચન્ટ ભાવનગર.

વર્ત્તમાનસાર.

મૂર્તિનો લાગેલો શ્રાપ—ઇંગ્રેજ મુસાફરો આ દેશમાં ફરતા કોઇ ઉજડ જગાએ આવેલા દેરાંઓના ખંડેરોમાંથી ઘણીવાર મૂર્તિઓ ઉઠાવી જાય છે. તેવી રીતે આજથી આશરે સાઠ વરસ ઉપર એક ઇંગ્રેજ સિપાઇ લીલા તથા પીળા રંગની મૂર્તિઓ ચોરી ગયો હતો. એ મૂર્તિ ચોરનાર એક પાદરી છે તે જાહેર કરે છે કે. જે હિંદુઓ એ મૂર્તિ મંગાવવા ચાહતા હોય તેમણે તે મંગાવી લેવી એક હિંદુએ મારા ભાઇને જણાવ્યું હતું કે, તે એક ગુપ્ત મંડળ તરફથી શોધ ખોળ થાય છે. તે જો દશ વરસમાં પાછી મોકલવામાં નહીં આવે તો તેની હકીકત જાહેર કરવામાં આવશે. એ વિષે મારા ભાઇએ કશી દરકાર કીધી નહોતી. તથાપિ હાલમાં હિંદુસ્તાનથી મળેલા એક પત્રમાં "દેવતાઓનો ઇનસાફ જુવો" એમ જણાવવામાં આવ્યું હતું તેજ દીને લંડનથી મળેલા એક કાગળમાં મારી સ્ત્રીને લકવાનું દરદ લાગુ પડેલું જણાયાથી હું મૂર્તિને કોઇને પણ આપી દેવાના ઠરાવ ઉપર આવ્યો છું, બ્રીટીશ મ્યુઝિયમવાળી, મી. ચાર્લસરીડે પણ જાહેર કર્યું છે કે, હિંદુસ્તાનથી આણેલી મૂર્તિઓ શ્રાપ સમાન થઇ પડવાથી પાદરી અને તેનું કુટુંબ ગભરાટમાં પડયું છે, અને એ મૂર્તિને આફત વરસાવનારી અને અપશુકનિયાળ ગણે છે. તેઓ શ્રાપ દેછે એવું માનતા હોવાથી તે મૂર્તિ તેને અસલ ઠેકાણે જશે ત્યારે એ કુટુંબમાં શાંતિ આવશે એમ સમજે છે. એ બંને મૂર્તિઓ એક સીલા ઉપર છે તેમાંની એક મુર્તિનું માથું હાથીના જેવું અને બીજાનું સરળ છે. તે પાદરી એ મૂર્તિ જૈનની ધારે છે તથાપિ અમે તેને ગણપતિની મૂર્તિ માનીએ છીએ.

વળી આજથી ચારેક વરસ ઉપર એક નામીચો ભૂગર્ભશાસ્ત્રી ઇંગ્રેજ આવ્યો હતો અને તેણે ઉત્તરગુજરાતના એક ખંડેરમાંથી એક મૂર્તિ ઉપાડી લીધી હતી, અને તે પોતાના દીવાનખાનાની શોભા વધારવાને મુકવાનો હતો તથાપિ છ માસની અંદર સાહેબ મોસુફ સ્વર્ગે સીધાવી ગયાના માઠા સમાચાર ફરી વળ્યા હતા અને મૂર્તિ ક્યાં રવડી ગઈ તેની ખબર મળી નથી કહેવત ખરી છે કે "ચોરને પોસે ધુળ" **સત્સંગ.**

ચાલુ જમાનાનો મહાન મેથેમેથીસીઅન.

દશ વરસનો એક અતિસે ચંચળ ઇંગ્રેજ જવાન.

હાવર્ડ યુનીવરસીટીમાં વિલાયતી જેમ્સ સીડી નામનો દશ વરસની વયનો ઇંગ્રેજ જવાન હાલ ગ્રેજ્યુએટ થવા માટેની કેળવણી લે છે. આ જવાન હાવર્ડ યુનીવરસીટીના સાઇકોલોજીના પ્રોફેસરનો બેટો છે અને તે હીસાબી જ્ઞાનમાં અતિસે ચંચળ ગણાય છે.

આ જવાને એ બાબતનું જ્ઞાન પોતાના પિતા તરફની ખાસ તાલીમથી મેળવ્યું છે. આ છોકરવત્ હીસાબીએ થોડા દીવસની વાત ઉપર જાણીતા હીસાબી પ્રોફેસરો સમક્ષ હીસાબી બાબત ઉપર એક ભાષણ આપ્યું હતું તેમજ કેટલાક વીકટ દાખલા સપાટામાં કરી આપ્યા હતા અને તેની વિદ્વત્તાથી આ સઘળા પ્રોફેસરો છક થઇ ગયા હતા. આ હીસાબી ચાલુ જમાનાનો મહાન્ ઢીંગુજી મેથેમીઅન લેખાય છે. **સાં. વ.**

श्री प्रेमनीधिनुं आख्यान.

(લેખક. મે. અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ.)

પુર્વરંગ.

પદ. રાગ. સોરઠ.

સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ મૂર્તિ સ્વયમેવ. સેવ કરે છે. ટેક.
પરિપૂર્ણ પોતાનું સોંપી રહી, અનુ સહાય કાર.
સેવ કરાવી સ્વીકારી ફળ દે, એ કેવો ઉપકાર!
દેવાધિદેવ, મૂર્તિ સ્વયમેવ. સેવ.

સેવન, પુજન, અર્ચન, વડિલોનું શ્રેષ્ટોનું વિદ્વાનોનું, મહાત્માઓનું, દેવોનું, ઋષીયોનું, બ્રહ્માન્ડના વડા અધિકારીયોનું, કોટી બ્રહ્માન્ડનાનાયકનું કરવા વિધિ છે. આસ્તિક માત્ર જગતના સ્વામી પોતાના પ્રભુને પ્રીતિથી અનેક પ્રકારે પુજે છે. ને પોતાના મનમાં વિશ્વાસથી એવું બુઝે છે, કે

"સેવ કરે છે સ્વીકાર"

મુસલમાનો 'નીમાજ'ને અંગ્રેજો "પ્રેયર"ની ચોપડીને એટલા જ માટે કરે છે કે તે બધા એકમતે ને એક જથે માને છે એ. **"સેવ કરે છે સ્વીકાર"**

કોણ! એકજ ઇશ્વર જેનો ફરી કોઇ ઇશ્વર નથી તે જેના જેવો બીજો નથી, હોય નહીં. તે ક્યાં રહ્યો રહ્યા? તેમાં ખુલાસો એવોજ આપે છે કે સાતમા આસમાન, સ્વર્ગમાં, બહેસ્તમાં, હેવનમાં ત્યાં તે સાકાર છે. કેવો આકાર તે હાલ નથી કહી શકતા. પણ **મહમદ;** **ક્રાઇસ્ટ**ને તેનો અનુભવ છે. ને તેમને પણ છેલ્લે ન્યાયને દિવસે અનુભવ થશે કે તે અહાનો છે. ને જે જે અહીં કરવામાં આવી તે તમામની તમામ **"સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ મૂર્તિ સ્વયમેવ."**

દેવો અનેક હો, તેને ફીરસ્તા, પીર, પેગંબર, સેંટ એંજલ વગેરે કહો, વા તેત્રીસ-કોટી સ્વર્ગસ્થજ નહિ, પણ મહ, જન, ને તપ ને છેવટ સત્ય લોકમાં રહેલ બ્રહ્મા સર્વ **"यं ब्रह्मा वरुणेन्द्र रुद्रमरुतस्तुन्वन्ति दी-यैस्तवैः"** તે એક બ્રહ્માન્ડના જ દેવ નહીં, કોટી બ્રહ્માન્ડ, જેટલાં છે તેટલાં બધાંના. શ્રુતિએ કહે છે—

तमीश्वराणां परमं महेश्वरं । तंदेवतानां परमं च दैवतं ।

" पतीं पतीनां परमं पुरस्तात्, विद मदेवं भुवनेश मीड्यं "

એવા ઇશ્વરોના ઇશ્વર, દેવોના પરમ દૈવત, પતિયોના પરમપતિ કરીને દેવને અમે જાણીએ છીએ તે આ ભુવનનો પણ ઇશ ને પૂજ્ય છે. એમ શ્રુતિ જાણે છે-જણાવે છે, સ્મૃતિમાં પણ **અર્જુન** મુખે—

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।

न त्वत्समोस्त्यभ्यधिकः कुतोऽन्यो लोक त्रयेऽप्यप्रतिम प्रभावः

આ લોક ચર અચરના પિતા તેમજ પુજ્ય ગુરૂના ગુરૂ છો, તમારા સમ કોઈ નથી, અધિક ક્યાંથી કોઇ હોય! ત્રિલોકમાં અપ્રતિમ પ્રભાવ આપનો છે. ને તે તેણે દીવ્ય દ્દષ્ટિથી અનુભવ સિદ્ધ કરી કહ્યું—

कस्माच्च ते न नमेरन्महात्मन् गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनंत देवेश जगन्निवास त्वमक्षरं सदसत्तत्परं यत् ॥

"કેમ આપને ન નમે! આપ મહાત્મા વડા બ્રહ્માના પણ આદિ કર્ત્તા છો. (ત્રણુ દેવ એક નહિ, બ્રહ્માના કર્ત્તા, હર્ત્તાના હર્ત્તા તે પણુ એક બ્રહ્માન્ડના નહી) અનંત, દેવના ઇશ, તેજ જગત્‌ના નિવાસ એટલે પોતે અક્ષર ને પોતામાં જગત્, સત્ ને અસત્ રૂપ કાર્ય કારણુ રૂપ થયાં કરે, તેથી પણુ શ્રેષ્ટ છો." તેથી સૌ આપની સેવા કરે છે ને તે આપ **"સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ મૂર્ત સ્વયમેવ"**

તેની મૂર્તિ દિવ્ય અદ્દ્ભૂત અનેક પ્રકાર જેમાંના એકમાં જગત એમજ જોયું છે બ-લકે એ પણુ જોયું કે જે શ્રુતિ "**प्रधान क्षेत्रज्ञ पतिर्गुणेशः**" કરીને **પ્રધાન** ને પ્રકૃતિ તત્વ ને ક્ષેત્રજ્ઞ, જીવ તત્વ તેમના પતિ ગુણોના ઇશ કરીને—"**पतिं विश्वस्य आत्मेश्वरं**" કરીને વિશ્વના પતિ આત્માના ઇશ્વર કહે છે, એટલે આત્મા માત્ર તેનું ધન, તેમજ અચેતન તત્વ પણુ, "**एष विश्वपतिः एष विश्वपालः** આદિ સર્વ તેનુંજ તે શરીરોને પોતે માંહે રહીને જ ધારી રહ્યા—એવો તેથી—"**सर्वं समाप्नोषि ततोऽसि सर्वः**" એ રીતે જ જગત નિવાસ તે છે તેને આ જગતરૂપીજ મીલકત ને તેથીજ તે સુખી એમ નથી. તે સ્વતઃ પૂર્ણ—પૂર્ણકામ, આપ્તકામ સત્યકામ, સત્યસંકલ્પ છે, એવી અનેક શ્રુતિ છે. તેમ તે આનંદઘન અનંત સ્વરૂપેજ છે એમ પણુ કહે છે એટલુંજ નહીં પણુ તેનો પ્રકાશ તેનો આનંદ ઇતર ક્ષેત્રજ્ઞ પ્રધાન વિશ્વમાત્રમાં તેની પૂર્ણતાઓનો **એકાંશ** તે પણુ પરાશર ભગવાનના શબ્દમાં "**यस्यायुतायुतांशांशे विश्वशक्तिरियं स्थिता**" એમ તેના કોટયાન્ કોટીમાં અંશમાં આ જગત રહ્યું છે એટલે પોતાની પૂર્ણતાનું તો શું કહેવું ? છતાં એજ પોતાના પદાર્થ પોતાનો કોટાન્કોટીમો અંશ, જેમાં તેમાંથી કોટાન્ કોટીમો અંશ એક ચેતનને સોંપી પાછું તેમાંથી જે કાંઇ કરવું, તે વડે જે કાંઇ કરવું, તે પણુ માત્ર જીવોથી ચેતનોથી બને જ નહિ, કર્મ માંહે તે કરાવે ત્યારે. તે ફળ તો તેનાજ વશમાં, એટલે—

"પરિપૂર્ણ પોતાનું સોંપી, રહી **અનુ** સહાયકાર, સેવ કરાવી ફળ દે, એ કેવો ઉપ-કાર" પોતાના સામનથી, પોતાની શક્તિથી, પોતાનાં શરીરો પાસે, પોતે વીધિ શિખવી ક્રિયા કરાવી, તેનું નામ પોતાની સેવા તેણે કરી, એમ ઠરાવી. તેથી પ્રસન્ન થઇ ફળ પાછું તેને જ ઉપજાવીને, ને તે જેવું ચહે તેવું, તે એકને નહિ; પોતે એક, ને લેનાર અનેક, અનેક પ્રકાર છતાં સર્વમાં ભીતરજ વશી—આપે—એ કેટલા પ્રત્યે કેટલી કૃપા ? ને તે કુલ કેટલી થાય !! તેમ પૂર્ણકામ એટલે પોતા માટે તો જરૂરતજ નહીં. વળી જે સેવા કરનાર તે પણુ માત્ર ઇચ્છાજ કરે. તે પણુ મુળે તેનાજ છતાં તેને સ્વતંત્રતા સામન સાધનાદિ ઉપર કહ્યા પ્રમાણે પોતાના દઈ, તેનાં ઠરાવી તેની પાસે કૃતિ કરાવી, તેણે કરી એમ માની, જે ક્ષુદ્ર ફળ થાય તે પણુ જાણે પોતાને અપૂર્વ મળ્યું એમ આનંદથી સ્વીકારી, તેનો અસંખ્ય-ગણો બદલો દે, એટલે ક્રિયા સેવાનું એક નિમિત્તમાત્ર ઉપજાવી પોતાના વડે પોતે કરાવી પોતેજ ફળ દે. "એ કેવો ઉપકાર ! તે દેનાર એકજ—શ્રુતિ કહે છે—

नित्यो नित्यानां चेतन श्चेतना नामेको बहूनां यो विदधाति कामान् ।
तमात्मस्थं येनु पश्यन्ति धीरा स्तेषां शान्तिःसाश्वतिनेतरेषां ॥ "

એક ચેતન નિત્ય અનેક ચેતન બહુ ને જે કામનાઓ આપે છે જે આત્માની અંદરજ છે તેને જે જુએ છે તેમને સાશ્વત શાન્તિ છે. ઈતરને નહિ.

એટલે જેમ **અર્જુને** જોયા તેવા વિશ્વરૂપ, વિશ્વમૂર્તિ તે સાથે અનેક **दिव्य माल्या बरधरं दिव्य गंधानु लेपनं** વાળા. **नाना विधानि दिव्यानि नाना वर्णा कृतीनिच** તેજ **ते नैवरुपेण चतुर्भुजेन सहस्त्र बाहो भव विश्वमूर्ते**—કહેવાથી સમજાયું કે જે સહસ્ત્રબાહો અનેકરૂપ છે, તેજ ચતુર્ભુજ છે, ને તેથીજ **અર્જુને** થરથરીને કહ્યું હતું.

" सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदं " *

મ્હારો સખા છે, એમ માની જે હે કૃષ્ણ ! હે યાદવ ! હે ભાઇબંધ ! એમ બહુવાર બેદરકારીથી આપનો આ મહિમા જાણ્યા વિના કહ્યું. તેને હવે તે પ્રણામ કરી પ્રાર્થના કરે છે કે, જેવા હતા તેવા થાઓ તેણે દીવ્ય દૃષ્ટિ દીધી, આ ભાન આપ્યું, ભારતનું ભવિષ્ય સમજાવી મનનું કાલ્વિષ કાપ્યું, ને પાછું સ્થિર સ્થાપ્યું. અને તે માત્ર **शिष्यस्तेहं शाधि मांत्वां प्रपन्नं** " એટલું સ્તવન નમન પૂર્વક સેવન કરવાથી એવી "**સેવ કરે છે સ્વીકાર** " કોણ ? "**દેવાધ દેવ મૂર્ત સ્વયમેવ** " એટલે મૂર્ત તે વિશ્વરૂપ, અનેક દિવ્યરૂપ, તેજ સહસ્ત્રબાહુ, તેજ કાળરૂપ, તેજ **શ્રીકૃ**ષ્ણ સારથી રૂપ, **અર્જુન** ને ભારતસાગર, **दुरत्ययं कौरवसैन्य सागरं** " તે પાર ઉતારી દીધો, તે પોતેજ પોતાનાજ મૂર્ત રૂપથી તે પોતે દેવાધિદેવ હોઇનેજ, બલકે–પદ પ્રમાણે

" પરિપૂર્ણ પોતાનું સોંપી, રહી **અનુ** સહાયકાર
" સેવ કરાવી સ્વીકારી ફળ દે, એ કેવો ઉપકાર ! દેવા૦

એટલેથી હદ નથી, એથી પણ આગળ વધી. પોતે અર્ચારૂપ થાય છે, ને તે રૂપે પણ "**સેવ કરે છે સ્વીકાર** " "**દેવાધિ દેવ મૂર્ત સ્વયમેવ**" તે માટેજ–" **पत्रं पुष्पं फलं तोयं** "ની આજ્ઞા, ને **तत्कुरुष्वमदर्पणम्** "નું વચન દેવતાઓ પણ **यज्ञे न यज्ञ मयजांति** તે મૂર્ત રૂપમાં ને મનુષ્યોને માટે પણ નવધા ભક્તિમાં, શ્રવણ કિર્તન સ્મરણ પછી વંદન અર્ચન, પાદસેવન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન, તે તમામ મૂર્તમાંજ બને છે. ને શારિર તપમાં પણ પ્રભુએ પ્રથમ "**देवद्विज गुरु प्राज्ञ पूजनं**" એમાં પ્રથમ " દેવપુજન " ગણાવ્યું છે. ને તે રૂપે સેવ સ્વીકારીને જ જેનાં કામ થયાં તેનાં થયાં છે. ચાર ધામ, સાત પુરી, ને તીર્થ ક્ષેત્ર માત્રમાં એજ થઇ રહ્યું છે, તે આજથી નહિ. પણ **બ્રહ્મા**ના પુજેલા **રંગ**નાથ, ને તેમનેજ માટે પ્રકટ થયેલ વરદરાજ **કાન્ચિ**પતિ; **ક** બ્રહ્મા તેણે અર્ચન કરવાથી પ્રકટ્યા માટે તો તે પુરીનુ નામ **કાન્ચિ** છે.

મીરાં, **તુલસી** ને **તુકા** **નરસહી** પણ પ્રસિદ્ધિ એનીજ સેવાથી પામ્યા છે; ને ખાતરી આપતા ગયા છે કે—"**દેવ ધિદેવ મૂર્ત્તિ સ્વયમેવ, સેવ કરે છે સ્વીકાર**

પરમેશ્વર જગત થયા છે, સચરાચર વ્યાપક. એટલે ગુપ્ત તો બધુંજ તે, તેની મૂર્તિ છે. પણ એક વર્ગ મૂર્તિનો છે, જેમાં જીવો અભિમાની કર્ત્તા ભોક્તા છે. જેને દેહધારીયો કહી-

* વધુ વિવેચન માટે જુવો **અમ્હારી ગીતા.** અ. ૧૧ શ્લોક ૪૧ પૃષ્ઠ ૨૭૬થી ૨૭૭ કિમ્મત રૂ. ૧–૪–૦

યે-જીવો કહીયે, ને બીજો ભાગ જડનો છે. જેમાં જીવો નથી, પણ તેમાં પણ જે જડ, બીજા માટે છે તેનાપરતો બીજાનું પોતાના તરીકે અભિમાન, વા પોતાના કામમાં વા કોઇના કામમાં લાગે એવી ઇચ્છા-દાવો-ભાવ થાય છે. પણ જેમાં ઇશ્વરનું અંગ એવી ભાવના થાય, તે પણ તેની આજ્ઞા ને ઇચ્છા સમજી, તેવા રૂપ દ્રવ્ય અને પ્રકારપૂર્વક, ત્યાં તે સર્વથા સર્વદા હાજર તો છે જ પણ **સેવા લેવા** માટેજ એટલે અર્ચા અવતાર જ કહેવાઇને-" **દેવાધિ દેવ મૂર્તિ** "

અંગના કોઈ પણ ભાગને પુજવાથી પૂરા અંગીનું પુજન તો થાયજ પણ તેમ કરવાના તેના હેતુ વિશે વધુ વિચારીએ. પદોથીજ તેનો વધુ સારો વિચાર થશે.

પદ. " હૈયાના ફુટયા " એ રાગ.

હરિ માનું સઘળું, છે તે કહો કોના કાજે ?
રૂપ ગુણો વૈભવો ભર્યાં છે, અનુભવીએ વરત્યા જે તે. હરિ૦
આત્મારામ સ્વરૂપે પૂરણ, પોતે છે, જગરાજે; (એટલે ખુદને અપેક્ષા તો નથી.)
પર સારૂ વપરાય સદાએ, એજ ચહે એ એને છાજે રે. હરિ૦

જ્યારે અનેક ચેતનો પોતાનાંજ શરીર તરીકે અનાદિથી છે, તેમનામાં તે બધું મેળવી ભોગવી શકવાની કર્તૃત્વ જ્ઞાતૃત્વ યોગ્યતા છે, તો પછી તેમને તે શું કામ ન આપવું ? તેજ ઉદારતા, મોટાઇ, ને (વળી પોતાથી જ જીવતાં રહેતાં પ્રવર્તતાં એવાં પોતાનાંની) છતી વસ્તુનો પરોપકારાર્થ પૂર્ણ ઉપયોગ થાય એજ વડાની વડાઇ, ને તેથી તે પોતે પણ બીજા માટે થાય છે; ને તેથી તેનો આનંદ વધે છે, ઘટતો નથી. તે માટે તેના નિત્યધામમાં તો સહુ પૂર્ણ છે ને તેનેજ ભોગવી પણ રહ્યા છે એટલે--

રહેછે સંગ સદા તેને તો, એથી વધુ શું નિવાજે,
નથી દીઠું ને નથી ભોગવ્યું, તેની આણે છે વધુ દાઝે રે. હરિ૦

તે સંસારી. હજી અહીં દુઃખી ને ત્યાંની તો વાતજ ક્યાં ? વધુ મદદની તેમનેજ અપેક્ષા, ને વધુ ભૂખ, તે મળવાથી વધુ આનન્દ તેનેજ છે.

કહ્યુંજ છે--" ભૂખ વિનાના ને ષડ ભોજન. આતર ખરા ત્યા જે,
તે પામે તે સારૂ ઝાંખી, માગે છે એક અવાજે રે. હરિ૦

સુખની ભૂખ સહુને, દુઃખનો ત્રાસ સહુને, ને માલિકમાં પાછી એ ખુબી કે—

" દેવા ધારે ત્યાં સહુ સગવડ, કરી શકે પળમાં જે,
અનુ આશ તે માટ સાચી તુજ, ભાવે સેવા એની સ્હાજે રે. હરિ૦

સર્વત્ર સર્વ શક્તિમાન, તેને ક્યાંથી લાવું ને શી રીતે આપું ? એ **પ્રશ્નજ** નથી. તેથી સેવા કરવાને ફળ લેવા સગવડ સંપૂર્ણ છે. ને પછી મજા એ છે કે—

પદ ધનાશ્રી.

" સેવા લેવા ચ્હાય, શ્રીહરિ સેવા લેવા ચ્હાય.
" પોતાના સાધનથી પોતે સ્વેચ્છાથી પુજાય." શ્રી હરિ.

છતાં સાધને ઉપયોગ શું કામ ન લેવો ? તે લેવા માટે સાકાર થવું જોઇએ તેથી--
પોતાનીજ વિભૂતિથી નિજ દિવ્ય વપુ દેખાય ! શ્રી હરિ.

શરીર ધારણ કરવા કોઇને કહેવું કે કરગરવું પડે તેમ નથી. સૌ નિરાકાર જીવોને જે અનેક પ્રકારનાં શરીર બનાવીને દઇ પણ શકે છે. તે પોતા માટે શ્રેષ્ઠ, અભિમત, અનુરૂપ, રૂપ, શરીર શું કામ ન બનાવે ? ને તે પ્રાકૃત દ્રવ્ય જેથી ભૂખ, પ્યાસ, નિદ્રા ઉપજે અજ્ઞાન તેવું શું કામ ધારે ? તે દીવ્ય જ્ઞાનાનંદાત્મકજ ધારણ કરે છે. " **प्रकृतिं स्वामवष्टभ्य** "

તે પોતાની પ્રકૃતિને લઇને થાય છે, " जन्म कर्म च मे दिव्यम् " અમારા પ્રદેશમાં (પ્રાકૃતમાં) આવે, તોપણ પોતાનું શરીર દીવ્યજ રાખે છે. બલકે જો કોઇ પ્રાર્થના કરી અર્ચન કરવા ઇચ્છા કરે તો તે પ્રાકૃત પાષાણ, કાષ્ટ, ધાતુ આદિમાં પણ દીવ્યતા પ્રકટ કરી પોતે પ્રકટ થઇ તે સેવા લે છે એમ—

" અવતારો અર્ચામાં જણવે, મહણ શક્તિ સમુદાય;

ને પોતાની સર્વજ્ઞ સર્વ શક્તિમાન પાવનાય મંગળપ્રદત્વ, આદિ શક્તિઓનો અનુભવ આપે છે. તે બીજા માટે મજુરી—મહેનતજ કરે છે એમ નહિ, આખું જગત રચવું એ તેની " લીલા છે " लोकवत्तु लीला कैवल्यम् વ્યાસજીએ સૂત્રમાં નિર્ણય આપ્યો છે, કે જેમ રાજાઓને અનેક વૈભવ છતાં શતરંજ—દડા આદિની લીલા કરે છે, તેમ શ્રીહરિને પણ જગત રચવું, પાળવું, સંહારવું, એ તેની લીલા રમત ગમત છે. સંહાર વેળા તેને શ્રુતિ " अत्ता " કહે છે " ખાનારો " સૂત્ર चराचरग्रहणात् ચર ને અચર તે ગળી જાય છે એમ કહે છે ને તે બડા સ્વાદથી यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनं मृत्युर्यस्योपसेचनं" જેને બ્રાહ્મણ ક્ષત્રી ભાત, ને મૃત્યુ અથાણું છે. તે સર્વેશ્વર છે " ऊर्णनाभिः લાળ કાઢે તેમાં રમે, ને તેને ગળી જાય " એમ " यथोर्णनाभिः " આદિ વચનથી શ્રુતિ બીજું દ્રષ્ટાન્ત આપે છે તેમ સૃષ્ટીકાળમાં પણ તે રમે છે જ. સૌને યથેચ્છ ભોગવે જ છે.

एको विष्णुर्महत् भूतं पृथक् भूतान्य नेकशः
त्रिलोकान्व्याप्य भूतात्मा भुंक्ते विश्वंभुग व्ययः " विश्वभुक् "

વિશ્વને ભોગવનાર તેનું નામજ છે. તે એક વિશ્નુ મહા મ્હોટું સત્વ કહો, તે બીજા બધામાં પેશીને તેને ભોગવે છે. તે જગતને ईश्वरःसर्व भूतानाम् " આદિવચન પ્રમાણે ૫-જેત ફાળકામાં ફેરવે, તેમ સૌને ફેરવી આનંદ લે છે. મહાચતુરાઇથી તેમાં ન્યાય સાથે દયા પણ જાળવે છે. " દેડકાને પથરા મારતાં છોકરાં રમતાં હતાં " નો પાઠ છે; તેમ તે નથી રમતો. પણ તેના રમવામાં બીજાનું કલ્યાણ જ થાય છે. લૌકિકમાં પણ રાજા જે મંડળમાં રમે તેની ઉન્નતિ. જે રમત માંડે તે શ્રેષ્ટ, વૈભવ વાળી, ને રમવાનો સ્વાદે એકલાને નહી. તેમ જેમની સાથે રમે તેમના સમાન વેશ કૃતિ કરે ત્યારેજ પૂરો સ્વાદ આવે, ને તેથી "જેમાં તેના જેવા થઈ ખુદ સુવે, પીયે ને ખાય " શ્રીહરિ એમ પોતે પૂરી મજા લે ને વળી જેમનાથી મદદ લે, તેમનો બેડો પાર કરે, એ પણ લૌકિકમાં જોવામાં આવે છે જ. શ્રીમંત સાથે રમનારા તેમની નોકરી કરનારા, તેમને પ્રસન્ન કરનારા, ને ઘણા લાભ શ્રીમંતની શ્રીમંતાઇના સાંપડે છે તેમજ.

" દેનારાને વધતું દેતા, એથી એજ જણાય. શ્રીહરિ."

હજુરને મીજમાની તે કમાવાજ, પાંચ ખરચી પચાસ લેવાજ ! હજુરને ખાવા નહોતું મળતું માટે ખાવા આવ્યા એ વાત છે જ નહિ. પણ જેને વધારવો, વધુ આપવું હોય તેનાપર પ્રીતિ જણાવવા, ને તે નિમિત્તથી આપવાનો એક પ્રકાર છે. તેજ ન્યાય સર્વેશ્વરનો છે.

" અપૂર્ણને પૂરણ કરવા એ, કૃપા—યુક્તિ સમજાય. શ્રીહરિ.

એમ રાજાના સંગથી, દેવસંગથી, વૈભવજ પ્રાપ્ત થાય; પણ તેની ગણના આસુરી વૈભવમાં કરીએ—દૈવી સંપત્તિ—દીવ્યગુણ—પ્રકૃતિ સંબંધથી છુટી આત્માના અષ્ટગુણ પ્રકાશવા એ માટે પણ સર્વેશ્વર શુદ્ધ સદા હેયના પ્રત્યનીક, ને કલ્યાણનાજ એકતાન; તેના સંબંધથીજ તેવા થવાય. અગ્નિ સંપર્કથીજ આર્દ્રતા જઇ ઉષ્ણતા. તે છેવટ અગ્નિપણું આવે, તેમ સૌને સ્વસમાન કરવાં. એ વળી સર્વોત્કૃષ્ટ ઉદ્દેશ પણ એથી પાર પાડવા—

" સ્વ સંબંધીથી સુધારવા, અનુપતિ સંબંધી થાય. શ્રી હરિ૦

એક પાદતીર્થનું જ કેટલું મહાત્મ્ય ! સૌ બોલે છે.—"**अकाल मृत्यु हरणं सर्व व्याधि विनाशनं। विष्णु पादोदकंपीत्वा शिरसा धारयाम्यहम्**" તેમજ ગંધ પુષ્પ નૈવેદ્ય આદિ પ્રસાદનું મહાત્મ્ય શું કહીએ ! પદને રજ અડીને અહલ્યા પર પડી તો તેનાં મહાપાતક ગયાં. પછી–

यज्ञ शिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्व किल्बिषैः

" યજ્ઞ શેષ પ્રસાદ અશન કરનાર સર્વ પાપથી છુટે છે " એવું ભગવાનનું જ વચન છે. તેમાં શું આશ્ચર્ય છે ? " **आहार शुद्धौ सत्वशुद्धिः** " એમ શ્રુતિ અહારની શુચિતા પર બુદ્ધિની પવિત્રતા કહે છે તે વિશુદ્ધ અહારથી બુદ્ધિ વિશુદ્ધ થાય તેને ઉભય લોકમાં શું અસાધ્ય રહે ? અજ્ઞાનથી જ દુઃખ, ને તેમાં મન મેલાથીજ શરૂ વાત તે મન " **अन्नमयं हि सौम्य मनः** " એટલે ભગવાનનું પ્રસાદિત અન્ન તેથી તેવું જ પ્રસાદિત મન થાય પછી તે દૈવીજ વિચાર, આચાર, વ્યવહાર કરે એમાં શું વિશેષ ? ને તેનો બેડો પાર થતાં પછી વાર શી ! એ રીતે પરંપરાએ તારવા—

" **સેવ કરે છે સ્વીકાર, દેવાધીદેવ મૂર્ત સ્વયમેવ સેવ કરે છે સ્વીકાર** "

માટે તે કરવા જ માંડવું, સમજ્યાનું ફળ શું ! ને ક્યારે ? જે પળ–દમડી પણ ગઇ તે ફરી નહિ મળે, તેટલું ઓછું જ રળવાનું. અમે ગાયેલ છે—

પદ.

સેવાથી ફળ મળે, માત્ર જાણેથી દિન નવ વળે, ટેક.
ભણે ગણે ને બણે સુપંડિત, ઘર બાહેર ન નિકળે,
જ્ઞાન ભર્યું વાપર્યું ન જરીયે, કિમ્મત ક્યાંથી રળે ! માત્ર.
બીજ જમીન ને બળધ છતાં, વિણ ખેતી ત્યાં શું ફળે !
ધન દુકાન ને આબરૂ પણ, વેપાર વિના શું રળે ! માત્ર.
કમાઈ ખાઇ ખૂટાડે આયુષ અનુ નર પશુમાં ભળે,
તન મન ધનથી શ્રીપતિ સેવો, વૃથા ન કાઢો પળે. માત્ર.
કારણ " **સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ મૂર્ત સ્વયમેવ** " સેવ૦

માટે કમર કશીને આ પદનું અનુસંધાન રાખવું.

" ખોટ ખાધી " એ રાગનું,

હામ હારૂં નહીં હામ હારૂં, એનાં સાધને એનું જ કરૂં મ્હારૂં, નહીં હામ.
એણે આપ્યા છે જે બે હાથો, એથી બંધ કરીને ઉતપાતો;
કરૂં એનાં જ કામ સદાતો, હાથ ઝાલશે એ ખોટું ન ધારૂં. નહીં હામ.
એણે આપ્યું બોલતું મુખ સારૂં, તેથી વેણ ન કાઢું નકારૂં;
ગુણો નામો એનાંજ ઉચ્ચારૂં, રીઝી દેખાડશે મુખ પ્યારૂં. નહીં૦
ઉર માંહે પેશી રહ્યો છાનો; કાઢી નાંખું કચરો બધો ત્યાંનો;
ત્યાં જ શોધ્યા કરૂં ધરી ધ્યાનો, એજ હણશે એનું અંધારૂં. નહીં૦
એનું એને ધરીને ખાવું, એનું ધામ ધારીને ચલાવું;
એનું કામ આપોપી ઉઠાવું, એના પહેલાં મટાડું મ્હારૂં. નહીં૦

(મરીશ એટલે મ્હારૂં મટી જશે, ને સર્વેશ્વર સત્તા પડાવી લેશે. તે પહેલાં તેનું જ કરી દઉં.)

" મ્હારૂં " કાઢ્યું કે જશે ભેળી ખામી, એનું ધાર્યું કે થશે ખૂબી સ્હામી;
અનુ કથીર પારસ સ્પર્શ પામી, એનો થાવા સેવાજ સ્વીકારૂં નહીં૦

विचित्रा देह संपत्ति रीश्वरायनिवोदितुम्
पूर्वमेव कृता ब्रह्मन् हस्तपादादि संयुता

પુર્વથી બ્રહ્માએ હાથ પગ આદિવાળી વિચિત્ર દેહ સંપત્તિ ઇશ્વરને નિવેદન કરવાજ કરેલ-દીધેલ છે તેમ છતાં જે પોતા માટે વાપરે—પોતેજ તૈયાર કરી ભોગવે તે—

“ **अघायुरिंद्रिया रामो मोघं पार्थ स जीवति** ” તેઓ પાપરૂપ આયુષ કાઢે ને વૃથા જીવે છે. જે ઇન્દ્રિયોનેજ આરામ આપે છે. તેમજ “ **तेत्वघं भुंजते पापा ये पचं त्यात्म कारणात्** ” તે તો પાપ જ ખાય છે. પાપીજનો જે પોતાને માટે જ રસોઇ કરાવે છે. એટલે માગવું જ એ—

“ તન રહો તો રહો તુજ સેવામાં, મન રહો તો રહો એજ મજામાં ”
“ ધન રહો તો તુજ અર્થજ સારે, નિત્ય સેવ્ય દ્વારકાંધીશ મ્હારે ”

પોતે કહેવુ—

जीव्हे कीर्त्तय केशवं मुररिपुं चेतो भज श्रीधरं ।
पाणी द्वंद्व समर्चयाच्युत कथां श्रोत्रद्वय त्वंशृणु ॥
कृष्णां लोकय लोचन द्वयहरे गच्छांघ्रि युग्मालयं ।
जीघ्रंघ्राण मुकुन्द पाद तुलसीं मूर्ध्नन्नमाधोक्षजम् ॥

હે જીભ! તું કેશવ મુરારીનું કીર્તન કર, ચિત્ત તું શ્રીધરને ભજ, હાથ તમે બે સારાં અર્ચન કરો, કાનો તમે હરિકથા સાંભળ્યા કરો, લોચનો તમે શ્રીકૃષ્ણનાં દર્શન કરો, પગ તમે બે શ્રીહરિ ધામમાં જાઓ, નાસિકા તું મુકુન્દ પાદ સ્પર્શિત્ તુલસીને ઇન્દ્રિય દ્વારા સુંઘ, ને હે મસ્તક! તું અધોક્ષજને નમસ્કાર કર. બલકે મનુષ્ય યત્ન ને ઇશ્વરકૃપા તે પણ માગવી કે—(ગજલ) તને સોંપું જગતનાથા, ફિકર એ રાખજે ત્રાતા,

“ અનુ તન દ્રવ્ય વય આદિ, નકામાં ના ક્ષણે ગાળો.

હરિના થાય તો સેવાની તો ખામીજ નથી. સ્વવર્ણાશ્રમોચિત ધર્મ પાલન તો કર્તવ્યજ છે; પણ તદુપરાંત અમે હિન્દુસ્તાનીમાં ગાયું છે—

अब ओर हमे क्या चाहीये,
श्रीमन्नारायण महाराजा पटराणी श्रीपाई है;
दीव्य धाम सब बडी कचेरी “ थाणे ” मंदिर मांही है,
चित चाहे सो सेव करो अनु सब परवानगी पाई है.

राग कल्याण—

अब हम चाहे रंग सेव तुम्हारी, सब तुम्हारी देवदेव तुम्हारी. अब०
तन सेवा जन सेवा करी थाके, ताते हित हि बिचारी. अब०
अघ भारी विघ्न करत भारी, धोवो नाथ निवारी. अब०
भूल जाय चित ओर च्हाय सो, हो न देउ दया धारी. ,,
सेव तुम्हारी सिद्धि हमारी, अनंत निधि सुखकारी. ,,

તેમાં મિત્ર કેવા જોઇએ ! **सोरठो**

साचे सेवक वो, सेवहि करी याचे पुनि सेवा;

જેમ તુકારામે માગ્યું—"हे च मागे दीन देवा तुजा विसरन व्हावा" जन्मो जन्मी तुजा भक्त" હજી વધુ સેવા તે પરતંત્રતાપૂર્વક જોઇએ એ સમજવાનું છે તે માટે કહ્યું છે.

जेसा वन हो धनसाधन हो, छीन नहि खोवत सोः
पति निमित्त सह प्रीत लगावे, फीर मद धोवत वो. सेवहि०

મ્હેં કર્યું આટલું બધું, મ્હાવું કર્યું " એમ નહિ પ્રભુએ કૃપાથી કરાવ્યું ! શું થઇ શકે !

नाम मीले फीर धामपीळे, फीर कामपीले, हद वो;
धन्यभाग्य गीन लागे करने, गुमाय ना तक वो. सेव०

દીક્ષાથી સંસ્કારથી હરિજન વૈશ્નવ નામ સુધાં થઇ જાય, પોતાનું બદલાઈ હરિધામ ને પોતાની વા પોતનાની સેવા મટી સર્વેશ્વરની સમજાય, તો પછી શું બાકી ! પછી પણ પરતંત્રતાજ

ये यों होना वो यों होना, करे नहि जक वो;
करहि चूके रुके न बीघनतें, कहे न पुनि वकवो. सेवहिकरे.

પાછાં પ્રભુ રાખે તેમ રહેવામાં રાજી રહેવું, એ વિશેષતા છે તે બતાવી છે, કે

स्वामी पद निर्भय निर्भर रह, धरे नहि शक वो. सेव. (મહા વિશ્વાસ)
फल काह कहे अनंत पतिका, सेवा मीने हक वो "

તો ફળ બીજે જતું નથીજ " **સેવ કરે છે સ્વીકાર** " એમાં અનેક દાખલા છે. સોઠા શંકા કરે કે સર્વેશ્વર તે માણુસનું તુચ્છ અંન જમે ! તે પ્રેમાધીન થઈ પસંદ કરે છે, તે માણુસમાં આવે, તેમના ઘરમાં રહે, તેમના જેવા આકારે ધરે, તો પછી તેમના વસ્ત્ર ભૂષણ કાં ન ધરે ! તો તેમના જેવા ગંધ પુષ્પ ભોગે કાં ન સ્વીકાર કરે ! શ્રવણેન્દ્રિય માટે સ્તુતિ સેવા સ્વીકારે છે, તો પછી બીજી ઇન્દ્રિય માટે બીજી સેવા કરીએ તે કાં ન સ્વીકારે ! ભલે તેને ઇન્દ્રિની અપેક્ષા નહો. નથી જ. ત્યારે તો અમે ગમે તે, તેણે ઠરાવેલ અર્ચા અવતારમાં સેવા અર્ચન કરીએ છીએ પણ એ નક્કી કે " **સેવ કરે છે સ્વીકાર** "

દાખલા માટે પદ. **ધનાશ્રી રાગનું.**

મનુષ્ય અન્ન હરિ જમે ? જમે શું એ જમતું બહુ ગમે;
સિદ્ધ થયું બહુ સમે, પ્રિતથી, મનુષ્ય અન્ન હરિ જમે.
ખુદ બ્રહ્માને ભ્રમ પેઠો, એ ગ્વાલ સંગ શું રમે ?
ખેલ જોઇ ખેલ કરી થાક્યા, માંડ છુટયા ફરી ભમે, જમે શું.

ઇન્દ્ર કહે ગોપાળ જમ્યા પણ, હું નહિ છોડું કયમે;
પડી પરીક્ષા માંડ બચ્યા, શું જમાડનારાં ખમે ? (નહિજ) જમે શું.

કૃષ્ણ કહે દુઃખ ટાળો, હરિકહે, ભૂખજ મુજને દમે;
પત્ર ખાધું, શીવ અંશી આદિ, ત્રાસી ગયા તે સમે. જમે શું.

બોર ભીલડીનાં ખાઇ કહેતા, ફરતા ખાધાં છે અમે;
ખુંચી ગાંઠડી તાંદુલ ખાધા, કથા ન સુણી શું તમે ! જમે શું.

માંખણ માગી ઘર ઘર નાચ્યા, ઘુઘરી પદ ઘમ ઘમે;
ચોર ઠરી બંધાયા તેને, દેવ ત્યાંજ પદ નમે. જમે શું.

બાકી મૂરતિનો વડો દાખલો એકજ બસ થશે.
ખીચડી કરમાની ખાવામાં, વાર થઇ નવ ખમે,
જમનારાતો **અનુ**પતિ **છે (પણ)** નથી જમાડનાર અમે. જમે શું.

અંત શું 'જળ' માટે આ કાળમાં અર્ચાએ કેટલું કર્યું તે જુવો આખ્યાનથી તે પુરૂં કરો—સ્મરો મૂળ પદ—

સેવ કરે છે સ્વીકાર, દેવાધિ દેવ મૂર્ત સ્વયમેવ;
પરિપૂર્ણ પોતાનું સોંપી, રહી અનુ સહાય કાર;
સેવ કરાવી સ્વીકારી ફળ દે, એ કેવો ઉપકાર! દેવાધિ,

—આખ્યાન.—

પદ. સોરઠ.

સેવ કરે છે સ્વીકાર. દેવાધ દેવ મૂર્ત સ્વયમેવ,
પરિપૂર્ણ પોતાનું સોંપી, રહી અનુ સહાય કાર,
સેવ કરાવી સ્વીકારી ફળ દે, એ કેવો ઉપકાર! દેવાધિ.

ધનાશ્રી.

વિપ્ર આગરા માંહે, હતા એક વિપ્ર આગરા માંય
વૈષ્ણવ વર વખણાય, હતા એક "
પ્રેમનીધિ પ્રિયતમના તેથી, "પ્રેમનીધિ" કહેવાય. હતા૦

(પ્રેમ છે તેમ કહે પણ તેની પરીક્ષા! પ્રિયતમ વિના રહેવાયજ નહિ તેજ ખરો પ્રેમ)

"માત્ર શ્રીવરનું સેવન કીર્તન, નિશદિન ચિતમાં ચ્હાય. હતા૦

(તેમ માત્ર તેને જોઇજ રહે કે શોચીજ રહે એમ નહિં! શું એને માટે કરી નાંખું એમ)

"ઉષા સમયથી સુતાં સુધીમાં, સમય સેવમાં જાય. હતા૦

(તે કાંઈ બીજી મેળવવા કે ભોગવવા માટે નહિ, જે પોતાનું હોય તે પણ તે માટેજ વાપરવા)

"ધન મનતો શું તન પણ આખું, સફળજ કરે સદાય. હતા૦

તે વહિવટ અનાદિથી શિષ્ટોનો છે. મહાભાગવત જેથી શંકર અવતારી દૂર્વાસા હારી ગયા, ને શ્રીહરિએ પણ કહ્યું મ્હારાથી તમ્હારૂં રક્ષણ નહિ બને. જેમ મહેતાજીએ ગાયું છે

"મ્હારા બાંધ્યા મ્હારા હરિજન છોડે, હરિજનના બાંધ્યા હુંથી નવ છુટે,"

તેમજ પ્રભુ વૈકુંઠવાસીએ પણ તે દુર્વાસાને પાછા અંબરીષનેજ નમવા મોકલ્યા એટલી બધી વડાઈ તેમનામાં શાથી આવી? તે માટે વર્ણન શ્રીશુકદેવજી મહારાજે કર્યું છે કે—

" अंबरीषो महाभाग सप्तद्वीप वतीं महीम् ।
अव्ययांचश्रियं लब्ध्वा विभवं चातुलं भुवि
मेनेऽति दुर्लभं पुंसां सर्वंतत्स्वप्न संस्तुतम्

અંબરીષ મહાભાગ—કારણ સાત દ્વીપવાળી ભૂમિના ચક્રવર્તિ મહારાજ, જેને અવ્યય લક્ષ્મી ને અતુલ વૈભવ ભૂમિમાં પ્રાપ્ત થયો, પરંતુ તેમ તો તેને સ્વપ્નતુલ્ય એટલે પલકમાં પોતાના વશમાંથી ખશી જનારો ને તેમાં મનુષ્યદેહ જે મળ્યો છે તે અતિ દુર્લભ જેનો તેના પર કબજો એટલે તેનો ઉપયોગ યથેચ્છ કરી શકે. તે શેમાં કરતા હતા! ધન સામન તો પછી પણ તન ઇન્દ્રિયોથી તપાસો તો એ તેમનું અનુષ્ઠાન આ પ્રમાણે હતું—

सवैमनः कृष्ण पदारविंदयो र्वचांसि वैकुंठ गुणानु वर्णने ।
करौ हरेर्मंदिर मार्जनादिषु श्रुति चकाराच्युत सत्कथोदये

"મન કૃષ્ણના ચરણકમળમાં, વાણી વૈકુંઠ ગુણના અનુવર્ણનમાં, ને કાયામાં, વધુ આગળ વિસ્તારે કહ્યું પણ—કર તુંજ કામ કહે છે"

કર વડે હરિ મંદિરમાં વાસીંદુ વાળવા સુધાં કરતા, તેટલો બધો પ્રેમ શાથી! કાનને તે અચ્યુતની સત્કથાના શ્રવણમાજ રોકતા તેથી તેનું મહાત્મ્ય સમજાતું તે સમજ્યા હતા કે "સેવ કરે છે સ્વીકાર" પ્રભુએ દુર્વાસાને કહ્યું જેમ સતિ, પતિને સેવાથી વશ કરે તેમ તે વશ કરે છે. એટલે પોતે પ્રિતે " સેવ કરે છે સ્વીકાર "તેની ખાતરી ભક્તોને કરવા જવું પડતું નથી. તેમના અંતરમાં કરવા સાથે જ થતી જાય છે. પ્રિયતમના ઉપર પ્રેમ વધતો, ને તેની સેવા તેવી જ પ્રિય લાગતી જાય છે. તે શ્રમ નથી સમજતા પણ " ભોગ " ભાગ્ય " સમજે છે. લૈકિક પોતાના પુત્રને "સાંએલા" અને સ્રીને ઘરેણાંથી મઢી " વાધ " શીમંત સમય બનાવી—સેવા કરી આનંદ માને છે. કારણ તે પુત્ર, સ્રીમાં તેમને પ્રેમ છે, તો તો તે નશ્વર—અલ્પ ક્ષુદ્ર છે, તો પછી જે દીવ્ય અનંત અપૂર્વ પ્રેમનું ધામ તેનું સેવન કરવાનો આનંદ કેટલો! તેને પ્રિયતમ માનનારાજ તે જાણે! એટલે તે કરતો.

પદ ધનાશ્રી ચાલુ.

"શ્રીમન લાગતો પ્રેમ જાગતો ઉર આનંદ છવાય. હતા.

કેમ ન છવાય! વિચારો, અહીં પણ પદનો આંતરો કે એ શું કૃતિ છે, કોણ કરાવે છે! કેવું ફળ આપે છે?

" પરિપૂર્ણ પોતાનું સોંપી રહી **અનુ** સહાયકાર;"
" સેવ કરાવી સ્વીકારી ફળદે, એ કેવો ઉપકાર!"

ને તે ભાવ તે ઉપકારનું સ્મરણ થતાં કેટલો ઉલ્હાસ ને કેટલો પ્રેમ!—

દોહો —ક્યહાં આપ કોટી અંડપતિ દેવા, ક્યહાં અમે અણુ તુચ્છ કીટ જેવા;
મળ્યા કૃપાવડે કૃપા તણા ધામ, વાર વાર પદ્મપાદમાં પ્રણામ.

પ્રેમ પરવશતાથી ઉપકાર સ્મરી ઉર ઉભરાવાથી કરાઇ જ જવાય. ને તેનો પ્રતાપ તેની છાપ બીજા પર પણ પડ્યા વિના કેમ રહે?

" સંગે બહુ નરનારી સુધર્યા, ગુરૂ તુલ્ય લેખાય; હતા.
" રાતે સૌએ મળી નિરાંતે, સાથે હરિગુણ ગાય. હતા.
" ઉઠી વડી પ્રભાતે પ્રીતે, સેવામાં લીન થાય. હતા.

—તેમની સેવાનો થોડો પ્રકાર કહીશું—

શાસ્રક્રમ માટે **શ્રી**મત્ ભાગવત એકાદશ સ્કંધમાં આરંભમાંજ વિદેહ ને નવ યોગેશ્વરનો સંવાદ છે. તેમાં રાજાએ " **आत्यंतिकंक्षेमम्** " પુછ્યું તે " ભાગવત ધર્મ " દર્યા છે. તે કરવા એવા સુલભ છે કે જેને આચરતા થકા.

" **धावन्निमील्य वा नेत्रे नस्खलेन्न पतेदिह** " આંખ બંધ કરીને એ પથપર દોડ્યા જાઓ ન ચૂકવા ન પડવાનો ભય જ જેમાં છે, તેમાં પ્રથમજ એજ શ્લોક બતાવ્યો છે, જે બહુધા સુપ્રસિદ્ધ છે. " **कायेन वाचा** " " કાયા, વાણી, મન, બુદ્ધિ, ઇન્દ્રિય ને બીજાં બધાં વડે જે કરવું તે નારાયણને અર્પણ. " એટલે તેની જ સેવારૂપ તેને માટે, ને નોકરીમાં ખાતાના ઉપરી જેની મારફત નોકર રીતસર નિમાયા હોય, જેની પરંપરા પરમેશ્વર સુધી મળતી હોય તેવા—" **लब्ध्वानुग्रह आचार्या त्तेन संदर्शितागमः**" એમ ગુરૂથી માર્ગ વીંધી મંત્ર જાણી, તેના અનુગ્રહથી જ શીખી, તે પ્રમાણે કરવામાં આરંભ કરવો. હૃદયમાં અંતર્યામીમાં, ને પછી અર્ચામાં જેમ ક્રમ કહ્યો છે. તેમ ત્યાંતો વળી તેવા આચાર્ય ક્યા મળશે, તે

માટે પણ કલી માટે ખાસ **દ્રાવિડેષુ ચ ભૂરિશઃ** એમ બતાવ્યું છે. ને જે ત્યાં જઇ જોઇ આવ્યા છે તેમને ખાતરી થઈ છે કે અર્ચાનું પુજન કેમ કરવું ! એ ત્યાંના લોક જ પુરૂં જાણે ને તેનાં ખરાં સુખ માણે છે. કપીલે દેવહુતિને, નારદે ધ્રુવને તે બતાવેલ છે, વિસ્તાર શું કરીએ ! એકાદ પરમ વિશુદ્ધ ભાગવતનું અનુષ્ટાન જોઇ લેવું. "ભાગવત" કોને કહે એજ દ્રાવીડમાં ગયે સમજાય એમ છે. ત્યાં ગયા વિના તો આ પ્રેમનીધિમાં જ જોઇ લઇએ. ત્યાં પણ કહી છે. મૂર્તિપૂજા છેક કશ્યપે અદિતિને બતાવી જેથી "વામન" મળ્યા તે પણ એજ છે.

અનાદિ સિદ્ધ સત્ય શિષ્ટાચાર, દેવઋષી મનુષ્ય સહુમાં એકજ છે. ને સૌ માને છે કે—

"સેવ કરે છે સ્વીકાર દેવાધિ દેવ મૂર્ત સ્વયમેવ"

રાગ **રામકલી** "પઢોને પોપટ" એ ઢાલ.

ખટ ઘડી રાત રહે તદા પ્રેમનીધિજી જાગે, શ્રી હરિ શ્રી હરિ બોલતા, શ્લોકો ભણવાને લાગે. ખટ૦
બેશી અલગ નિજ શયનથી, માનસીક કરે છે; સેવી કુંજવિહારીને, વ્હાલે મનથી વરે છે. ખટ૦

પ્રભુએ પહેલું મન સ્મૃતિ, દેહમાં જગાડે તો તે મનનો ઉપયોગ ઉઠતાં જ તેની સેવામાં, આગળના અનુભવો, શિક્ષણો સ્મરી કરી અંતરમાં પ્રેમ ભરી મનથી શુચિ થઇ, પ્રેમી થઈ, પછી તનનો ઉપયોગ તે વડે પછી અન્ય સાધનોનો ઉપયોગ કરવો—

"પછી તન વાપરે સેવમાં, પહેલું શુદ્ધ કરીને, સહુ સામન કરે હાથથી, જળ જાતે ભરીને. ખટ૦

તનશુદ્ધિ માટે તજવીજ વધુ કરવી પડે છે, ને પછી તે શુદ્ધ તનથી સામાનની તજવીજ કરવી તે પણ પોતાની "નોકરી" સ્વામીની સેવા" તે તો જેમ જાતે વધુ થાય તેમ જ વધુ લાભ, એજ કમાઇ, રોજગાર છે; એમ સમજે તેથી શુદ્ધ થઈ પછી જળ લાવે તોપણ વિશુદ્ધ ને પ્રભુને પ્રિય એવું તેમને સુભાગ્યે પુરપાસે જ **શ્રી** યમુનાંજી છે.

"યમુનાંજી પુરપાસ છે, જળ લાવવું ત્યાંથી;
યવન ઘણા રહે નગ્રમાં, બચવું તેનાથી. ખટ૦

તે કાળે તેમનો ઉપદ્રવ અતિ હતો, ખાંમુખાં અભડાવે, એવા અસુર હતા પણ જેને કામ સાધવું હોય તે હરકતથી હઠતા નથી. રસ્તો કાઢી લે છે.

"હોય બાકી હજી રાત ત્યાં, ન્હાઇ જળ ભરી લાવે; પછી લાગી જાય સેવમાં, બીજું કશુંએ ન ભાવે. ખટ૦
સેવા કમાણી ગણી કરે, સહુ જાતેથી સોઈ; સામગ્રી શુચિ રાખતા, હાથે કરતા રસોઇ. ખટ૦
કોઈનું કર્યું ગમતું નથી, વળી ગણુતા એ હાની, સેવન જીવન ધન ખરૂં, લીધું મનથી માની ખટ૦

આ રીતે સેવા કરે જાય છે, પણ તે શ્રી હરિ સ્વીકારે છે; તેમને તે ગમે છે એનો પરચો, પારખું, અવસર આવ્યો એટલે પડયું. "કોઇ દિન સમુદ્રકી" ની પેઠે પ્રસંગ પ્રભુએ જ બનાવ્યો.

પદ "બિભાસ" રાગનું—"એક વેળા વૃષ્ટિ રાતે થઇ ગઇ ભારે.
જળ લેવા જવાઉઠયા નિયમાનુ સારે. એક વેળા.
વાદળનો અંધકાર, ખાડા ઉંચું દારો-દાર, પાણી ભરાયું અપાર તળાવ આકારે. એક વેળા
જળ લેવા દૂર જવું, અશુચિ ન અંગે થવું, ગલીચીથીએ બચવું; ચાલી શુદ્ધ દારે. "
થાવા જો દે છે ઉજાશ, તો તો લોકો ચારે પાસ, તેમાં એ યવનો ખાસ, અડે આવી ખારે "
ગમે તેમ ભલે થાય, યવન ન અડી જાય, જળ લેવા ભક્ત રાય, ચાલ્યા એ વિચારે. "

પદ, ભૈરવ રાગ

મારગમાં પડી અડચણ ભારે, દુઃખી થયા દારા દારે. મારગમાં૦
જગે જગે ખાડામાં અડે પગ, પણ તેને નવ ગણકારે. મારગમાં૦

કાદવમાં ખૂંચે ને નિકળે, તોપણ હિમ્મત નવ હારે. ”
બહુ પથ ચાલ્યા તવ કંટાળ્યા, માર્ગ લીધો છે મનધારે. ”
ભૂલા પડ્યા, પડ્યા ને ઉઠ્યા, ચમકે વિધ વિધ ભણકારે. મારગમાં૦
નદી ન જડી, પ્રાત જાશે પડી, એજ મુખ્ય મુઝવણ ભારે. ”

વસંતતિલકા.

જાણ્યું સ્વભકત દુઃખમાં બેઉ રીતથી છે, ને તે વળી વિપતિએ સ્વ નિમિત્તથી છે,
તેથી સહાય કરવી દીલમાંહી ધારી, સૌ શકિતમાન હરિએ કરી યુક્તિ ન્યારી.

બાદશાહી કીલ્લા તરફથી એકદમ પ્રકાશ થયો ! તે પ્રકાશની પાસે પાછો પ્રકાશ !!

પદ. “ લાગી છબી ” એ રાગ.

આવ્યો અહા ત્યાં મશાલચી કોઈ, બાર વર્ષનો બાળ છે, રહ્યા ભક્ત સ્હામું જોઈ. આ૦
રંગઝગતો શ્યામ, અંગે શોભે તમામ, નેત્રો છે અભિરામ, મુખે શોભાનું ધામ,
અલક વાંકી વાળી, હોઠોની ઝગે લાલી, ગાલે ઘુમરી ભાળી, જાતું હૃદય હાલી;
ધીમે ધીમે આવ્યો ચાલી, ચાલ છે લટકાવાળી, ત્યાં મશાલચી કોઇ૦
બત્તી છે જરકસી, કમર ખાસી કસી, સ્હામું જુવે છે હસી, જોનાર જાય ફસી;
દંત કળી વિકસી, હાસ્ય પ્રભા નિકસી, હતા ત્યાંથી ન ચશી, શકયા ન ડગે ખસી,
મુરતિ મનમાં ઠસી, સદા સારૂ રહી વશી, ત્યાં મશાલચી કોઈ૦
રૂપાની કુંડી હાથ, સુગંધી તેલ સાથ, મશાલ બીજે હાથ, તેજ ઝગે અગાધ,
પુરે જાય છે તેલ, છટાથી લાલ છેલ, રૂમાલ છે રાખેલ, તેમાં લુહે વધેલ;
હોંસીલો શણગારેલ, આવ્યો થયું કાર્ય સ્હેલ. ત્યાં મશાલચી કોઇ૦

તોટક—શુચિ પ્રેમ નિધી ઉર શોચ કરે, દરબારિ દિસે કોઈ છેલ ખરે,
કરી શાહની સેવ દિસે નિકળ્યો, સદ્‌ભાગ્યવડે ઠીક આવી મળ્યો,
મન કેમ કહ્યુંજ નથી કરતું, સુત નાપિકનો શીદ, એ હરતું !
મુખ જોઈ રહે અહા શું ઠરતું, નવ કેમ કશું પણ હું વરતું !
તજી ભાન પડ્યા સુવિચાર વિશે, ઉર ઉભરતો અતિ પ્યાર દિસે,
બની બાળક ત્યાં હુશિયાર દિસે, વિચર્યો સહજે યમુનાજી દીસે.

સાખી મરાઠી.

સમજે અણસમજે પણ ચાલ્યા, નાઇ બાળની સાથે.
આગળ અજવાળું પથ સ્હેલો, મોહિત છે વળી જાતે;
જાતે જાતે..............ભેદ નહીં સમજ્યા તે,
પ્રેમ પાસમાં દોરી બાળક, લાવ્યો યમુના ઘાટે;
પોતે ન્હાયા સંધ્યા વાદી, હેર્યો એ શા માટે !
ઉભો ઠાઠે..............હશેજ શું મુજ માટે !

પદ ભેરવી “ સારૂં કરે શું ” એ રાગ.

ચાલ્યા પ્રેમનીધિ જળ ઘટમાં ભરી, મૂર્તિ લાલાની ઘટમાં ધરી,
મસ્તક મુકયો કળશ ચળકતો; કાન્તિ શી છે પનઘટમાં ભરી ! મૂર્તિ.
હા ! આગળ ચાલ્યો, ફરી વ્હાલો, બીજી ન કશી ખટપટ ત્યાં કરી. મૂર્તિ.
જોઇ મોહી ચાલ્યાજ એની ગમ, પુરે છે તેલ શાં લટકાં કરી. મૂર્તિ.

ઘડી ઘડી પાછું વળી જોતા, શાં મીઠડાં અહા મટકાં કરી. „
ભાન ભૂલી દોરાતા ચાલ્યા, ઐક્ય વૃત્તિ એ નટખટમાં કરી. „

ભૈરવી "ના પેનુંગી" એરાહ.

પલકમાં આવી પ્રહોંચ્યા, પોતાનું જ્યાં ધામ છે;
પોતાનું જ્યાં ધામ છે, હા ! થઈ રહ્યું કામ છે. પલકમાં ટેક.
બારણું દેખાડી વળ્યા, ત્યાં સુધી ભકતે ના કળ્યા ;
ત્યાં ચારે ભુજા નિકળ્યા, આયુધો સ્વહામ છે. પલકમાં
સુદર્શન તે મશાલ, શંખ તેલ પુરે હાલ;
ગદા પદ્મવાળો લાલ, પોતે ઘનસ્યામ છે. „
" અહા પ્યારા પ્રાણનાથ ! એવું મુખે કહેતાં સાથ;
ગુમ થયા વિશ્વનાથ, પુરૂં કરી કામ છે " „
એ દીશામાં રહ્યા જોઇ, એ છબીમાં ચિત્ત પ્રોઇ;
રતજ્યા ભકતે હર્ષે રોઇ, કરીને પ્રણામ છે. „

કલ્યાણ " જય જય જય શ્રીશેષશાયી " એરાગ.

જય જય જય શ્રીચતુર્ભુજ સ્યામ
ચતુર્ભુજ સ્યામ, પ્યારા પૂર્ણ કામ. જય જય. ટેક.
અજ શીવ કરે ધ્યાન, નારદાદિ કરે ગાન, તેને ન મળે શ્રીમાન,
તે પોતે શ્રીભગવાન, દયાથી, થઇ સાથી, આવ્યા શ્રી. જય જય જયશ્રી
સહજે સંકટ ભાળી, આવ્યા હા મશાલ ઝાલી,
પહોંચાડયો ઘેર સંભાળી, દિવ્ય દરશન આલી; એ મૂરતી, વિસરતી નથી રતિ. જય જય.

બસ તેમને ત્યારથી ખાતરી થઇ ગઈ કે મ્હારી **" સેવ કરે છે સ્વીકાર "** તેથી

લાવણી.

વધુ વ્હાલ આણીને પ્રેમનીધિ શુચિ ગાતે, કીધી સેવા દેવાની પ્રીતિ સાથે,
મધ્યાન્હ સુધી તો સેવ વિશે રાચે છે, પછી ભાગવતાદિ કથા આપ વાંચે છે.
ફરી સેવ કરી રાતે કિર્તનમાં બેસે, ત્યાં નરનારી સાત્વિક મળે શુચિ વેશે;
ચાલે કીર્તનની ધુમ રાત બહુ જાએ, ભાવિક જોતાં થઈ ભજનો ભાવે ગાએ,
દહાડે દહાડે મંડળી ભજન વધુ થાયે, પણ દુષ્ટ પડોશીને ન શોર સહેવાયે.
શાહનો હતો તે ખાસ હજુરી પાપી, તેણે ત્યાં ચાડી કરી સંત સંતાપી;
" બ્રાહ્મણ બદમાશે બાદી બહુ ફેલાવી, નારીયો નગરની દીધી બહુ ફુસલાવી;
ગાન તાન તેમની સંગ કરે મધરાતે, અડધી ઉપર થઇ જાય નિત્ય તે રાતે.

માલિની છંદ.

યવન મુરખ શાહે, વાત માની ખરી એ; તર્પિ જઇ ઝટ બોલ્યો, રોસ પૂરો ધરી એ;
નગર મહિં છિનાળાં, શું કરે ના ડરીને; કરીશ સખત શિક્ષા, ઢોંગી પુરો કરીને.

રેખતો.

કહ્યું રે ! સિપાઇયો દોડો, એ બ્રાહ્મણને નહીં છોડો;
દેખો ત્યાંથી લાવો પકડી, કરીશ એને ઘેરે, એ. કડી.
છુટ્યા દૂતો યમો જેવા, કરે છે સંત તો સેવા;

આવી ઘરને લીધું ઘેરી, ન સમજ્યા કોણ છે વેરી !
કરી નહિં તેમણે દેરી, બક્યા નફ્ટા નહીં ડેરી;
નિકલ ઝટ બ્હાર આપ થકી, નહીં રહીએ અમે અટકી.
આવી ઘરમાં જશું ઝાલી, નિકર તું આવ અહીં ચાલી;
જાણ્યું ઘરમાં યવન ધાશે, શુચિ પ્રિયસ્થાન અભડાશે.
વળી પ્રભુને દેખી જાશે, અનિષ્ટ તો તો શુંએ થાશે;
ધરી છે થાળ ત્યાં રાખી, જળે ધરવું રહ્યું બાકી.
આવ્યા જ્યાં બ્હાર ઘરમાંથી, ઘેરી જ વળ્યા અસુર સાથી;
પકડીને સદ્ય લઈ ચાલ્યા, જને કીધા કાલાવાલા.
કોઇનું કશું નહીં સુણતાં ઘણુંજ કુવાક્ય મુખ ભણતાં;
મહા શૂરવીર ખુદ બણતા, લઈ ચાલ્યા એ ગણગણતા.

ભેરવી ગજલ,

ઉભા કર્યો શાહની સ્હામે, પ્રભુના ભક્ત પ્યારા, ન સમજ્યા, ઝાલ્યો શા કામે! પ્રભુનાભક્ત પ્યારા.
ડોળા મુખ ફાડફાડી, વધ્યા બાદશાહ તાડી; કરે ગરબડ તું નિત ધામે, પ્રભુના ભક્ત પ્યારા.
રાંડોને લાલે છે રાતે, બેસે વચમાં તું જાતે; ઘેલું કીધું છે ભોળું ગામે, પ્રભુના ભક્ત પ્યારા.
જાણું છું ભાવ તારો, છીનાળા સ્વભાવ તારો, કર્યું મુજ શહેર બદનામે, પ્રભુના ભક્ત પ્યારા.
રાંડો સાથે ગાય નાચે, એમાં તુજ કેમ રાચે, હવે જોજે ફળ કેવું પામે, પ્રભુના ભક્ત પ્યારા.
રાતે હાલ કેદ કરો, પ્રાતે કરશું પાંસરો, ભેળા કરી સંગીને ઠામે, પ્રભુના ભક્ત પ્યારા.

સાખી "પ્રાણથી પ્યારા" એ રાગ

શું વદવા દે શબ્દે સંતને, લઈ ચાલ્યા કર ઝાલી;અંધારે ઉંડી કોટડીમાં, ખોડે દીધા પગ ઘાલી.
સંત સંગી તડફડતાં સદને, સમરે શ્રી વનમાલી;
કરગરતાં કરૂણાનીધિ કરજો, સંત તણી રખવાળી:

પરજ "મગચલત"

દુઃખ માત્ર ભક્તને એ છે, જળે ધર્યાવિણ હું પકડાયો;
હરિ તરસ્યા બેઠા રહેશે, દુઃખ માત્ર ભક્ત એ છે.

મ્હાવી દૃઢ ભાવના જેમને મૂર્તિને, તેની સેવામાં હોય છે તેની ખચીત "**સેવ કરે છે સ્વીકાર**": "કારણ દેવાધિદેવ મૂર્ત સ્વયમેવ" પોતે જ શ્રીમુખથી પત્ર પુષ્પ ફળ જળ માટે—**યોમેभक्त्याप्रयच्छति** એમ મને પ્રેમથી ને 'પ્ર' ઉત્તમ રીતે આપે છે એટલે આ મ્હારા સ્વામી છે ને પાણીપીએ છે માટે મ્હારે તેને સમયસર આપવું, ન મળે તો તે તરસ્યા રહે કારણ તે પ્રીતિવશ પધાર્યા છે ને પોતે જ ત્યાં ઉભ્યાં છે, કે તે "હું ગ્રહું છું" **સેવ કરે છે સ્વીકાર**

તેમાં પણ અવતાર કરતાં એ અર્ચામાં એવો ભાવ, એવી અતિ અનન્યતા છે. તેવીજ અહીં હતી તો તેથી શું પરિણામ આવ્યું તે જુવો,–હવે "પાણી" જે શ્રમથી, શ્રદ્ધાથી, **શ્રીહરિની** સહાયથી, **શ્રીહરિનેજ** અર્પવા આણે છે, તે **શ્રીહરિને** આજે અર્પાયું નથી એમ જાણે છે, તે શ્રીહરિને જોઇએ છે કે નહિ? "સ્વયમેવ" તે તે પોતે માગી લે છે. જેમ સુદામા પાસે સ્હામું માગ્યું—

રાગ પીલુ—બરવો પદ.

"ભાબીએ અમ સાર ભેટ કંઈ દીધી છે કે નહીં ભાત;"
"દીધી છે કે નહી કંઇ ભાત, લાવ્યા છો કે નહીં કંઇ સાથ."
"શાણા સુધા આપ દીસો પણ ભાભી દીસે ચતુર,
"દીયેર કાજ કંઇ હેત કરીને, દીધું હશે જરૂર.

જેવા હેતે દીધું તેવા હેતે પોતે પણ સંભારી માગી સ્વીકારી તેને તુષ્ટી આપી તેવી રીતે અહીં પ્રથમ ભક્તનો ભાવ જુવો કે જેને બીજી દરકારજ નથી માત્ર—

દુઃખ માત્ર ભક્ત ને એ છે, જળે ધર્યાં વિણ હું પકડાયો,
હરિ તરસ્યા બેશી રહેશે. દુઃખ માત્ર
કોણુ ક્યાંથી સમજી શ્રી વૈશ્નવ, સેવી પોઢાડી દેશે. દુઃખ૦
ક્યાં સંદેશો કેમ પઠાવું, તને તપુંછું એ કલેશે. "
ક્યારે કેમ ખુલાસો કરશે, અપુજ ક્યાં સુધી રહેશે. "

તે શું પ્રભુ હોઇને ખરેખર એવા કંગાલ હતા કે તરસ્યાજ રહે ! તરસ લાગે તો ઝારી પાસેજ હતી ! નહીં, તેમને ભક્તની એટલી સેવા સ્વીકારવા, તેમની પ્રીતિ સ્વીકારવાની ભૂખ હતી. નહિં તો તો તે કહે છે—"**तपाम्यहमहंवर्षं** નારાયણ સદા જળમાં ક્ષીરસાગરમાં જ વસે છે, તેને પ્યાસ શું ? પણ તે મહા સમર્થ, તે છતાં પ્રીતિને પરવશ, તે બેઉ બડાઇ અહીં પ્રકટ કરવાનો પ્રસંગ આવ્યાથી ચતુરાઈથી તે ચાવી કરી.

પરજ "ઓ રસિલા રામ." એ ઢાળ (ગજલ.)

રાત અરધી વીતિ જ્યારે, શાહને પરચો થયો;
સુતો જઇ મહેલમાં ત્યારે, શાહને પરચો થયો.
લાત મારી ડરાવીને, જગાડયો બેઠો થયો,
ઉભા દીઠા ઈષ્ટ વહારે, શાહને પરચો થયો. (પોતે જાણ્યું પોતાના માલીક છે.)
ખમાં ખાવિંદ એ ખુદાવિંદા ! કહી પડતો પદે,
મારી ત્યાં લપડાક ભારે, શાહને પરચો થયો.
મૂઢ હું તરશે મરૂં ને તું સૂતો છે ખાઇ પી,
ખુદાને પણ ખુદ વિસારે, શાહને પરચો થયો.
શાહ કહે માલીક તમને પાણીની વળી પ્યાસ શી !
હાલ હાજર કરૂં પ્યારે, શાહને પરચો થયો.
ખુદા કહે પાણી ન તારૂં, પીધું પીશ કદી નહી;
(તમે તેમ માનતા નથી તો મારે જરૂરતે નથી.)
મ્હારૂં જળ જોઇએ જ મ્હારે, શાહને પરચો થયો.
શાહ કહે મંગાવું ફરમાવો, ત્યાંથી અએ અજીજ !
થરથરૂં ભય થાય ભારે, શાહને પરચો થયો.
કહો ખુલાસે, અએ ગરીબનિવાજ ! આ શું ભેદ છે
પાણી તે માગો શું વહારે ! શાહને પરચો થયો.

પદ " મોરી કર પ્રકરલ " એ રાગ.

વધા તદા હરિ તને ક્યાંથી પડે ગમરે ?
નીચ જા તું યવન અધર્મી, તારી કૃતિ રીતિ છે બધી અધમરે. વધા.
મ્હારો પ્રિય પાણી પાનારો, કેદ કીધો તેં કસુર વિના દઇ શ્રમરે. વધા.
સાધુને સમજે છે અસાધુ, સમજ તુરત નહિ તો થશે વિષમરે. ,,
હું તરસ્યો તલસું છું એ વિણ, પાણી પાનારો એ મ્હારો પુરો પ્રિયતમરે. ,,
ઊઠ છોડ જઇ હાલ ક્ષમા ચહી, જાણજે તેં કામ કુડું કીધું નથી કમરે. ,,

પદ. " મીલો મીલોજી. " એરાગ.

ઝટ ઉઠયો શહેનશાહ થરથરતો, થરથરતો હરીથી ડરતો. ઝટ ઉઠયો.
અડધી રાતે ધાયો જાતે, કુંચી હાથે ખુદ ધરતો. ઝટ૦
જઇ કોટડીનું તાળું ખોલ્યું, પેઠો માંહી ડરતો ડરતો. ,,
પ્રેમનીધિતો તો એજ ઉચરતા, પ્રથમ શાહને ના વરત્યો. ,,
ભય છે હદે ક્ષમા કાજ વદે, કર જોડીને કરગરતો. ,,

(શાહે જાણ્યું કે ભકતે અહીં એજ બૂમ દઇ રહ્યા છે કે.)

" જળે ધર્યાં વિણ હું પકડાયો, હરિ મ્હારા તરસ્યા રહેશે "

એટલે, સ્વામી સેવકની એક ટેકનો વિવેક છેક તેને થયો. તે યવને પણ માન્યું કે " **સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ મૂર્ત સ્વયમેવ** " ને તેથી પ્રેમનીધિને કહેવા લાગ્યો—

કાફી.

" માફ કરો મહારાજ ખુદાના ખાસ, આજ મ્હેં જાણ્યા " ઓલીયા" માફ.
હાથ મુકી શીર અભય મને દ્યો, તો રહેશે મુજ રાજ. ખુદાના.
મોટા મનથી મોટા માણુસ, આણો દીનની દાઝ; ખુદાના.
ઘેર જઇ ઝટપટ જળ પાઓ, માગે એ શીરતાજ. ,,

પદ " પ્રિય પ્રભુ પ્યારા " ધનાશ્રી.

પહોંચ્યા પ્રભુ પ્યારે વાહરે, પહોંચ્યા પ્રભુ વ્હારે.
પ્રેમનીધિ સમજ્યા એ ત્યારે, પહોંચ્યા.
ક્ષમા દઈ નૃપને ઝટ ચાલ્યા, આવ્યા આનંદે નિજ દ્વારે. પહોંચ્યા.
સંગી સ્તવે ભગવંતને ભાવે, મળ્યાં ટળ્યાં સહુનાં દુઃખ હારે. ,,
સદ્ય ન્હાઈ હરિને જળ ધરતાં, નયન ભીંજ્યાં હર્ષાશ્રુધારે. ,,
શાહ કહે મને દરસ કરાવો, આવ્યો પુંઠે છુપીને હારે. ,,
સમજાવી પ્રભુને પોઢાડ્યા, દાસ બની રહ્યો એ પણ પ્યારે. ,,
પ્રેમનીધિ તે પ્રેમનીધિ બસ, એજ થવા અનુ અરજ ઉચ્ચારે. ,,

કારણ એ વાતની ખાતરી થતી જ રહે છે. ને આવા પરચાઓ તે સુદૃઢ કરે છે કે—

સેવ કરે છે સ્વીકાર, દેવાધિદેવ, મૂર્ત સ્વયમેવ સેવ૦
પરિપૂર્ણ પોતાનું સોંપી, રહી અનુસહાયકાર;
સેવ કરાવી સ્વીકારી ફળ દે, એ કેવો ઉપકાર! દેવાધિદેવ. "

એજ આશું.——તથાસ્તુ

॥ श्री हरिः ॥

श्री शामळदासनो विवाह.

પૂર્વરંગ.

પદ. રાગ કાફી.

કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે;
ધન્ય દ્વારકાંધીશ દયાઘન અનંતના શિરતાજ. સ્વજનની૦

આખ્યાન નામપરથી સમજાયું કે તે **શ્રી** નરસઈ મહેતાના પુત્ર અને તેનો વિવાહ કરનાર તે **દ્વારકાંધીશ** જે જગતજનને મૂર્ત્તિમાન ભાસે છે તેજ.

મૂર્તિમાં પણ પ્રભુ તો છે જ. **દ્વારકાધીશ** તે **શ્રી**કૃષ્ણ પ્રભુ ગીતાજીને માનનારા તેને પરમેશ્વર માને છે જ, પણ પ્રશ્ન એમ ઉઠે કે પરમેશ્વર તે વળી "**કાજ કરે**" સેવ કરે કે સેવા કરાવે! જગતમાં જેમ મ્હોટા તેમ બીજા પાસે વધુ કામ કરાવે ને રાજાના તો સૌ સેવક જ. તેની સહજ ઇચ્છા થતાં તે પૂર્ણ કરવા હજારો હાજર, તો **સર્વેશ્વર** જગતનો રાજા તે તો વળી પોતે પણ પૂર્ણકામ પછી કામ કરે જ શું કામ! તેને શી ખામી! ને હોય તો પ્રજા ક્યાં થોડી છે તે પોતે "**કાજ કરે જગરાજ**"

જગતનાજ દાખલાથી શરૂ કરીએ તોપણ ઠીકજ છે કે "**કાજ કરે જગરાજ**" તે ક્યાં સુધીનું! ગરીબના ઘર આગળ વાસીદાં વળાવવાં, પાણી છંટાવવાં, રાતે રસ્તે દીવા કરાવવા, તેમનાં છોકરાંને ભણાવવાં તે માંદાં પડે તો તેમને દવા કરાવવી, તેમને પાટાપીડ ને રસ્તા વચમાં રાંકુએ મરી જાય તોપણ તેને આગ વા ભૂમિદાહ કરાવવા સુધાં. સહુ જુવે છે જાણે છે કે—"**કાજ કરે જગરાજ**"

સુધારાખાતુ, કેલવણી, દવાખાતુ, પોલીસ, ન્યાય, હુન્નરશાળા આદિ અનેક પ્રકારે રાજાનું કર્તવ્ય જ પ્રજાનું કામ કરવું તે માટે જ રાજા છે; ને તે કામે એવી ખૂબીથી કરવું જોઇએ કે, સૌનાં મન તેનાથી રંજીત રહે, સૌને રંજન કરે તેજ રાજા, એટલે કામ તો કરનાર પણ વળી તેમને પસંદ પડે એવાં—"**કાજ કરે જગરાજ**"

તેમાં પણ "**સ્વજનની દાઝ ધરીને લાજ વધારે**" પોતાના સરકારી કામ કરનારા જનોના રક્ષણના ખાસ નિયમો, સરકારી નોકર વિરૂદ્ધ ખાસ ગુન્હા, સરકારી નોકરોને ખાસ હકો, ખાસ માન, તેમના ખાસ ખીતાબો, જૂના હોદ્દાના હોય ને નવા પણ આપે, જીંદગી સુધીને માટે આપે, તેની વ્હારે ધાય, તેના કુટુમ્બને સ્હાય કરે, એ રીતે કદર કરતાં ઠામ ઠામ જોયું કે "**સ્વજનની દાઝ ધરીને લાજ વધારે**" તે એવી કે તેનો લાભ પેઢીયો સુધી લે, **નિજામ દિલ્લીના** બાદશાહનાં સ્વજન ને તેજ વાત **ગ્વાલીયર**, **ઇન્દોર**, **વ**-

ડોદરાના મહારાજાઓની છે. તે પણ બીજા મહારાજાના સ્વજન હતા, જેના પ્રતાપમાં તેમના વંશજો કેટલી પેઢીથી રાજ્યો ભોગવતા આવ્યા છે, ને ભોગવશે એટલી બધી "**સ્વજનની દાઝ ધરીને લાજ વધારે કાજ કરે જગરાજ**"

વધારે તજવીજ કરતાં જણાય છે, કે **રાજાઓને મહારાજાઓ** પણ એમ કહે છે. ગણે છે, એમ દરે છે કે ખરા જગતરાજની વતી તેટલા ભાગની તેટલી પ્રજાનાં તે તે "**કાજ કરે**" એટલે ખરી રીતે એ બધાં પણ છેવટતો "કાજ કરે જગરાજ" **પરમેશ્વ**રની આજ્ઞા પ્રમાણે ને તેનાથી ડરીને તેણે તેની વતી કરવાનું. ને તેમાં ચૂકે તો તે પૂછનાર છે. એમ માનીને જ તેઓ કરે છે બલકે શાસ્ત્ર જોઇએ તો મ્હોટી મ્યુનિસીપાલિટીના દીવા **સૂર્ય ને ચંદ્ર** દ્વારાપણ એજ દરે છે કે "**કાજ કરે જગરાજ**"

ગીતાજીમાં—**यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।**

यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

જે **સૂર્ય**માં તેજ છે, જેથી જગત આખું ભાસે છે તે ને જે અગ્નિમાં તેજ છે, તે મ્હારૂં છે. બલકે તે સૂર્ય ચંદ્ર આદિ પણ આ રાજાઓ જેમ તે ખરા રાજાના નિમેલા માની કરે ને તેની આજ્ઞા પ્રમાણે સેવા કરે છે, તેમજ તે પણ પરમેશ્વરની વતીજ કરે છે ને તેનાથી ડરતાજ ફરે છે. શ્રુતિ કહે છે કે—"**भीषा स्मात्वातः पवते भीषो देतिसूर्यः भीषादिंद्र श्चाग्निश्च, मृत्युर्धावति पंचमः** એના ભયથી વાયુ વાય છે, સૂર્ય ઉગે છે, ઇન્દ્ર અગ્નિ ને પાંચમું મૃત્યુ દોડતાં ફરે છે." એટલે તે તેના અમલદારો તેના દ્વારા પણ તેજ કામો કરે છે. એમ દેવો પણ માને છે. ને તે પ્રભુ પોતે પણ કંઈ કહે છે. "**तपाम्यहमहं वर्षं**" હું તપું છું, હું વર્ષું છું" વૃષ્ટી થાય તો પ્રભુએ કૃપા કરી, એમજ સૌ માને છે. મરકી આવે તો પ્રભુનો કોપજ સહુ ગણે છે. ને તેથી સિદ્ધ થાય છે, કે એ વૃષ્ટી, પાણી ભરવાં, વાયુથી વાસીદાં વાળવાં, ને સૂર્ય ચંદ્રથી અજવાળાં પાડવાં, આદિ ઘણાં ઘણા પ્રકારે "**કાજ કરે જગરાજ**"

એટલુંજ શું કામ? પ્રત્યેક જન માટે પણ છેક ઉંઘાડવું ને ઉઠાડવું "**अतःप्रबोधोऽस्मात्**" ઇત્યાદિ સૂત્ર શ્રુતિથી નિર્ણય થયા પ્રમાણે ઈશ નિત્ય પોતાના ખોળામાં સુવાડી વિરામ આપે ને પાછાં જગાડી કામમાં લગાડે, એવું માતાપિતા જેવાં પણ "કાજ કરે જગરાજ"

એથી પણ આગળ, અમે તો મુખમાં મુકયું, માંહે ચાલ્યું, પણ પછી તેની કેટલી કૂટ શ્વાસની ધમણ સદા જારી રાખવી, તે કાઢવો ભરવો, હૃદયમાં રંગોમાં વહેવરાવવો, તેના વડે ભીતર ગયેલ અન્નની વ્યવસ્થા કરાવવી, મળ જૂદો, મૂત્ર જૂદું, રસ જૂદો તેમાંથી પણ પોષક પદાર્થો અનેક કરવા, અનેક સ્થળે મોકલવા, નકામો ભાગ બહાર કાડવો, ને બધું થવા માટે માંહે સંચો ભઠ્ઠી જાગૃત કરવી, તેના વડે ખાધેલ પચાવવું એ તમામ કૂટ જેમકે પોતેજ **ગીતાજી**માં કહે છે.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।

प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

"**હું** વિશ્વાનર થઇ પ્રાણીના દેહમાં રમી, પ્રાણ અપાનને સમાન કરી ચારે **પ્રકારનું અન્ન પચાવું છું**" એ **પ્રમાણે પ્રાણીમાત્રનાં** કેટ કેટલાં, કેવાં કેવાં! જે **કોઇથી ન બને તેવાં—કાજ કરે જગરાજ**"

આ પૃથ્વી ઉપર પણ જ્યારે જ્યારે ભાર વધી જાય છે ત્યારે—

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्म संस्थापनार्थाय संभवामि युगे युगे ॥

"સાધુના પરિત્રાણ માટે, દુષ્ટોનો વિનાશ કરવા, અને ધર્મનું સંસ્થાપન કરવા યુગે યુગે હું થાઉં છું" એમ શ્રી હરિ કહે છે ને તેમજ કરતા જણાય છે એટલે "સાધુનું પરિત્રાણ" એજ "સ્વજનની દાઝ" ને ધર્મનું સંસ્થાપન એજ સામાન્ય પ્રજા માત્રનાં **"કાજ કરે જગરાજ"**

"સ્વજન" એટલે માત્ર અધિકારીઓ કે દેવોજ નહી, પોતાનેજ ચાહનારા, એટલે તે ચાહત બની રહેવા પ્રેમ કૃપા મેળવવા તેનીજ આજ્ઞામાં વર્તનારા અને તેણે જે જે કરવા ના પાડી છે તેવાં કામથી દૂર રહેનારા તે પછી ગમે તે નાત કે જાતના હો. સર્વને સરખો અધિકાર "સ્વજન" થવાનો છે. કારણ મૂળે તો સર્વ તેનાંજ જન છે પણ જે તેની આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે, તેને પોતાના સ્વામી, એ રીતે જે સ્વીકારતાંજ નથી. વળી તેનાથીજ કાંઇ ન ચાહતાં પોતાથી વા બીજાથી પોતાનું ઇચ્છિત કરવા ચાહે, ને પ્રવર્તે છે, તેવાઓ હાથે કરીને તેના જન નથી રહેતા તેનાપર સામાન્ય કૃપા તો, તે તેમના પણ પિતા માતા હોવાથી રાખે છે, પણ જે ખાસ સહાય—કૃપા નથી માગતા તેમને તે ખાસ લાભ નથી આપતા એ રીતે તેનાજ વચનાનુસાર—

समोऽहं सर्व भूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

ગીતાજીમાં **અ**ર્જુનને ઉદ્દેશી કહ્યું છે—"હું સર્વ ભૂતને સમાન છું. મને કોઇ અળખામણું કે વ્હાલું નથી, પણ જે મને પ્રીતિથી ભજે છે તેમને હું પણ તેજ પ્રમાણે ભજું છું" તે માટે પણ સર્વ સમાન હક છે.

"ભરદ્વાજ આશ્રમે જમ્યા ને જમ્યા શબરીને ધામ"

બલકે "વન વન પ્યાદા આપ, વિચર્યાં જગના બાપ, જણાયો અમિત પ્રતાપ" તેમાં જે જે દુઃખી જણાયાં તે તમામની સ્હાય કરી, તે દંડકારણ્યના રૂષી, કે ગીરી ગુફામાં ભટકતો વાનર, સૌના શત્રુને દૂર કરી, તેમને શાન્તિ સુખ પૂર કર્યાં, બલકે **વિભીષણ** રાક્ષસ જાતિ—રાવણ બંધુ છતાં તેણે પણ ચાહ્યું તો—

"વિભીષણ જવ શરણે આવ્યા, લંકેશ કહી બોલાવ્યા,
નવ બીજું કશું વિચાર્યું, શરણોનું સદા સુધાર્યું"

ભીષ્મ પિતામહ જેવા મહા પવિત્ર બ્રહ્મચારી, પિતૃભક્ત હરિ ભક્તને માટે રથ જોડાવી ઇન્દ્રપ્રસ્થથી ગંગાકાંઠે દોડી સમયસર પહોંચી ગયા, ને તેથી પણ વધુ ત્વરાથી ને સહજ સંકટ હરવા—"ગજ રાજ પુકાર્યો જ્યારે અડવાણા ધાયા ત્યારે,
પળ માંહે કષ્ટ નિવાર્યું. શરણોનું સદા સુધાર્યું"

"એટલે વૃતે આપે ઉત્તમ ધાર્યું" એમ કામ કરવાનું વૃતજ છે તેથીજ ગાયું—

કાજ કરે જગરાજ સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે

એથી પણ આગળ વિચારીએ તો આ મનુષ્ય દેહ જેમાં—

"ચોવીસ તત્વ શરીરમાં છે, ને પચીસમો આત્માને સાથ,
આત્મા રાજા ચોવીસ નોકર, આ પણ છે નાનકડું રાજ.
મન બુદ્ધિ ચિત અહંકાર, એ ચાર મંત્રી આત્માની પાસ;
તેમાં પણ મન મુખ્ય સહુમાં, વડી દીવાની એની ખાસ.
કાન ચામડી આંખ જીભ ને નાક પાંચ જ્ઞાનેન્દ્રિય એ;
જાહેર કરવાને જાસુસો, બહાર ઉઘાડા ઉભા રહે.
વાણી હાથ પગ ગુદસ્થ એ ખીદમતગાર કરે તુંજ કામ;
પાંચ ભૂત ને તન માત્રાના મહેલ વિશે સહુનો મુકામ.
એ મહેલમાં શી શી ખુબી કીધી પેદા કરનારે;
ચૂલો ઘંટી ચાલે ખાસાં, આવે હવા હવા દ્વારે.
માંહે નગારાં માંહે અરીસા કોઠી અન્ન ને પાણીના.
ઘટા વૃક્ષની બહાર શોભતી, કહી મોટી ને કહી નાની.
નદીયો ચાલે મહીં ધમધમતી, નીકો તેમાંથી વહેતી;
બારી બારણાં ભભક ઉપરના રંગતણી જૂદી હેતી.
બારીક કામ કીલ કાંટાનું યંત્ર ગોઠવ્યું કળા કરી;
એ તન મહેલ ઇન્દ્રી નોકર પર આત્માની માલીકી ધરી.

આ પ્રમાણે અમારે માટે આગળથી ઉતારો તૈયાર કરીને, તેમાં અમને મોકલ્યા છે, ને હજી પણ જ્યારે અહીંથી બદલી થશે ત્યારે જ્યાં જવું હશે ત્યાં પણ મુકામ, તેજ રચી રાખવાના, અને તેમ કયારથી ને ક્યાં સુધી કરશે? એ શું કહીએ! સદાજ "**કાજકરે જગરાજ**" અને તે શું અમારૂં એકનું! નહીં, જેટલાં જીવ ચૌદ લોકમાં છે. શું એવાં કોટી બ્રહ્માન્ડમાં છે. તે જગતમાત્રનાં. સદા ઉપન્નથવું, પાળવું, સંહારવું, પાછાં કરેલ કર્મ પ્રમાણે નવી જગે મોકલવું, એવું તમામ: વિશેષપણ "**કાજકરે જગરાજ**" તેમાં પણ "**સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે**" પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કર્યા, તેનેજ જ્યાં તાપ થયો કે "તપ" કરવા કહ્યું, મધુકૈટભે આવી કનડયા, તો તેમને હણી બ્રહ્માને વિજયી કર્યા; ને દેવ માત્રના પિતામહ મુરબ્બી સૌથી ઉંચા સત્ય લોકના સ્વામી જેમના એક દિવસમાં ચૌદ ઇન્દ્ર મનુ બદલાય એવાં તેમનાં પૂરાં સો વર્ષ માટે કર્યા. ને પછી પણ પોતાનાજ નિજધામમાં અધિકાર આપવા ઠરાવ્યું છે. તેથી જ બ્રહ્મા .જગતવેદ્ય છે. અને એ રીતે—"**સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે**"

આ ત્રણ લોક જે બ્રહ્મના એક દિવસનું આયુષ ધરાવે છે, તેના મુખ્ય અધિપતિ ઇન્દ્ર, ને બીજા દેવ રૂપાઓને પણ જ્યારે જ્યારે 'અસુરોનાં સંકટ આવે છે ત્યારે પોતે અનેક વેશે પ્રકટી તેમનાં કષ્ટ હરી તેમને વિજયી કરી, તેમનું અભિષ્ટ ભરી.

"**સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે, કાજ કરે જગરાજ.**"

કોઇ શમજે છે, કે વિશ્નુતો મુક્તિજ દેછે, બીજું નથી દેતા. તેને આટલા વિવેચનથી સમજાયું હશે કે જગતપતિ સર્વને કેટલું દે છે. બીજાનું શું કામ! અમારૂંજ—

"જે જે જગમાંહે હું ભાળુ રે, દીધું તે તો આપે દયાળુ રે"

તે માત્ર અમનેજ નહીં "**अहमादि र्हि देवानां महर्षीणां च सर्वशः ॥**

"દેવોને મહર્ષીઓનો સર્વ પ્રકારે આદિ હું છું" એટલે બ્રહ્માને પણ ઘર અધિકાર ઓ પરિવાર તેણે આપ્યાં છે. પછી ઇતર દેવનું શું કહેવું ? બીજા બધાજ તેનાથી પામ્યા છે. તેનુંજ દીધું દે છે. ને તે પણ તે આપવા દેશે ત્યાં સુધી, ને તેટલુંજ. એટલે ખરો દેનારો તો તેજ છે. જાતે માગે તો જાતે દે, ને બીજા દ્વારા માગે તો તેના દ્વારા અપાવે. બાકી—

अहंहि सर्व यज्ञानां भोक्ता च प्रभुरेव च" સર્વ યજ્ઞનો ભોકતા ને પ્રભુ હું છું" એમ **શ્રી**હરિ કહે છે. એટલે જે યજન લે તેજ ફળ દે છે. ને તેમ પણ તે કહે છે. **लभते च ततः कामान् मयैव विहितान् हितान्**" કારણ જે આપવાની વિભૂતિ, તે તેનીજ છે. ગીતાજીના દસમા અધ્યાયમાં તે વિસ્તારે સમજાવી છેવટ એકજ શ્લોકમાં એકંદરે પણ કહી દીધું છે કે–કેટલુંક ગણાવું ? અહીં જેમાં તું મોહે તે તમામ—

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽश संभवम् ॥

જેટલું વિભૂતિવાળું, શ્રીવાળું, ઉન્નતિવાળું, પ્રાણી જુવે તે તે મ્હારા તેજના અંશથી છે, એમ જાણ. ચંદ્ર સૂર્યમાં તેજ. પણ તેનું, પછી આગળ તેમની અધિક સત્તાની તો વાતજ શી ? સૌના સ્વરૂપ સ્થિતિ પણ તેને લઇને છે. એટલે સૌને સૌ દેનાર ખરેખર તેજ છે. તેનુંજ બધું, જે દેવાનું છે તે પણ છે, પણ તેમ ન સમજતાં બીજા પાસે જે માગવા જાય છે તો તેમનેજ હાની થાય છે, એ પણ પોતે ચેતાવી દીધું છે. "**अंतवत्तुफलं तेषां तद्भवत्यल्पमेधसाम्**" તે કમ અક્કલોને ફળ અંતવાળું મળે છે. તે પોતાનેજ ચાહી પોતાનીજ પાસે માગનાર ને તે પોતાના ગજા પ્રમાણે આપે છે. એટલે તે અનંત આપી શકે છે. જ્યારે બીજા તો જે આપે તે શકિત પ્રમાણે, ને તેટલુંએ પોતામાંથી ઓછું થવાનું, તેથી તે અંતવાળું ને ઉતરતું હોય છે. ને તે કચવાઇનેજ આપે, વા આપ્યા પછી કચવાય ! પણ **શ્રી**હરિ તો માગનારાને "ઉદાર" કહે છે ને તે એવું આપે છે કે—

द्विशरं नाभि संधत्ते द्विःस्थापयति नाश्रीतान् ।
द्विर्ददातिनचार्थीभ्यो रामो द्वी नाभि भाषते ॥

બીજું શર સાધતા નથી, આશ્રિતને બીજી વાર સ્થાપતા નથી, અર્થીને બીજી વાર આપતા નથી, કોણ ? રામ, જેમ બીજી વાર બોલતા નથી. વળી બીજા દેનારામાં સરસ્વતિ વિદ્યા, ને ધન્વન્તરી આરોગ્ય, કુબેર ધન ને ઇન્દ્ર સ્વર્ગ એમ જૂદી જૂદી કામનાવાળાએ તે તે બાબતના જે અધિકારી દેવ છે તેને ભજવું પડે છે. અને એમજ અનેક કામના માટે અનેક દેવના દાસ ને અનેક વ્રત, તિર્થ, ઉપવાસ લોક કરે છે. પણ **શ્રી**હરિ તો સર્વે ખાતાના ઉપરી છે ને સર્વ સત્તા ને તે સર્વથી ચઢતું આપવાની પોતાની પાસે રાખે છે. એટલે તેનું "**सर्वाभीष्ट फल प्रदत्व**" છે.

रूपमारोग्यमर्थोश्च धर्मोश्चैवानुषंगिकान्
ददाति ध्यायतो नित्य मप वर्ग प्रदोहरिः ॥

"રૂપ, આરોગ્ય, અર્થ, ધર્મ, કામ જે માગો તે ધ્યાન કરવાથી **શ્રી**હરિ આપે છે. ને મોક્ષનો આપનારો તો તેજ છે" ને તે માટે ઉપાય પણ તેની સેવા જેટલી સલામત છે તેટલી બીજાની નથી.

" સેવા કરતાં અવળું પડે અન્ય દેવને " બલકે તેને કસવા, ફસાવવા, ભૂલાવવા અનેક વાંધા વિઘ્નોપણ ખડાં કરે, ને ભૂલ્યો કે ભોગ લાગે, તેના નિયમવિરૂદ્ધ આચર્યું, તે વાણીની પણ ભૂલ થઇ, તો ભેરવી ભાર્યાનેજ ભક્ષી ગઇ, ને આંહીતો તેનાજ શબ્દમાં

नेहाभि क्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।

स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥

આરંભ કર્યો તેનો નાશતો નહીંજ, જેટલું કર્યું તેનું મહેનતાણું તો ચઢયુંજ, ધાન્ય વાવી પાણી છેક સુધી ન પાય તો સુકાઇ જાય તેમ નહીં; તેમ અમને જમવા તેડી માત્ર ચાહ પાઇ કેમ વિદાય કર્યાં ! વા પુરૂં માન કેમ ન આપ્યું ! એમ કરી ખર્ચ થયું તે ગયું. ને સ્હામા ઇતરાજીમાં આવીએ. એવું પણ નહીં. જેટલું કર્યું તેટલું તો કર્યું. " એમ સવળુંજ પાડનારાને આટલું કરે તો તેટલું આપું; તેમ ખરૂં ફળ—મુક્તિ માટે પણ વિચાર નહીં. થોડું આયુષ રહ્યું હોય, છતાં તેટલામાં બરાબર આચરે તો મહાન્ ભય જન્મમરણથી તારે, પરિક્ષીતને સાત દિવસમાં, ને ખટ્વાંગને તો કહે છે એજ ઘડીમાં તાર્યા, ને તેમાં ઉપાય સારૂ પણ શ્રમ સામગ્રીની પંચાત નહીં ભાવ " જોઇએ. તેતો મનથીજ પ્રકટ કરવાનો—થવાનો છે. પછી તો તેને ઉચિત જે કાળે જે સારામાં સારૂ મળે તે ચાહે પત્ર પુષ્પ ફળ જળ હો, આપે તો બસ છે મુખ્યવાત તીવ્રભક્તિ હો તો કાર્યની—ફળની પુરતી—

अकामः सर्व कामो वा मोक्ष काम उदारधीः ।

तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम् ॥

નિષ્કામ, વા સર્વકામ, વા મોક્ષકામ વાળા બુદ્ધિમાને " તિવ્ર ભક્તિ વડે " પરમપુરૂષનું યજન કરવું–એટલે " **अमोघा भगवद्भक्तिः** " તેતો સફળજ, એમાં સંશય રાખવો જ નહી. અજાણતાં થઇ જાય, વેર. કામ, ભય, દ્વેષથી થઇ જાય તેનાં ફળ મળે, તો પછી સવિધી પ્રેમપૂર્વક સેવનનું તો શું પુછવું ? સ્હામા એવા ચાકર થઇ જાય છે, જેવું બીજા કોઇથી થઇ શકે—થવાયજ નહીં. ગીધને પણ પિતાતુલ્ય ગણીને પિતાથી પણ પહેલી ઉત્તમ ગતિ આપનારા તે એજ છે. તેમજ " મહારાજ પાંડવ ઘરમેં દાસને દાસ કહાયે " તે એજ છે. બલકે કલીયુગમાં તે છેક દામાજીપંત જેવા રાજદ્વારી માટે પણ--

" મહાર આવ્યો મા બાપ મ્હાર આવ્યો, રાજદ્વારે જઇ ડુકવો મચાવ્યો. " એમ મહાર થઇ રોકડા રૂપિઆ ગણી આપી, પહોંચ ગીતાના ગુટકામાંજ પહોંચાડી દીધી, અને વળી બીજે દૂર ક્યાં જાઉં ? મ્હારા જ પૂર્વજ પરમ પ્રતાપી **શ્રી**નૃસિંહ મહારાજ માટે જ્યારે નાગરોએ કીર્તન કરતાં પાણી પાનારાંને કેદ કરી દીધાં ત્યારે પોતે પરમ પુરૂષ **શ્રી**પતિ જગતપતિ–બ્રહ્માના પતિ તે એક ગરીબ નાગરની સ્ત્રી થઈ પાણી પણ પાઇ ગયા ! જેના પુરાવામાં અદ્યાપિ **શ્રી** મહેતાજીનાં તે વખતનાં બનાવેલ પદ માંહેથી—

પદ.

આ શો ! ચતુરાનો ચાળોરે, એને કોઇતો નિહાળો.
બ્રહ્માએ નથી ઘડી ભામની, આપે બની તે આવી.
ત્રણ લોકનું તેજ તારણી, એતો છબી છબિલે નિપજાવીરે; એને.
ઘડયું ઘરેણું એણે હાથે, હાથે ભરી છે ચોળી;
સાલુડે ભાત ભરી કુંજરની, કસુંબાના રંગમાં બોળી રે. એને.
વાસ પૂર્યો એણે વૃંદાવનમાં, ગોવર્ધન થકી આવે;

એ નારીની જાત જાણે કો, તેનો ફેરો ફાવેરે. એને.
કહીએ છીએ તોએ કશું ન સમજે, એતો નારી નહિ ગીરિધારી;
બ્રહ્મા ઈન્દ્ર શેષ શારદ તેના ચરણ તણા અધિકારી રે. એને.

તેજ "અહાવાં પણ "**કાજ કરે જગરાજ**" ને આ રીતે "**સ્વજનની હાઝ ધરીને લાજ વધારે**"

સ્ત્રી તે ખરેખરજ સ્ત્રી બન્યા હતા. તેજ હાવ સુધા જુવો તે વખતનું વર્ણન—

પદ.

આ જોને કોઈ ઉભા આળસ મોડે;
બાંહે બાજુબંધ બેરખી, પહોંચી, મનડું મોહ્યું છે એને મોડેરે.
ઝાંઝર ઝમકે, વીછુવા ઠમકે, હીંડે છે છુટે અંબોડે. "
સુવર્ણ ઝારી અતિ સમારી, માંહે નીર ગંગાજળ તોલે. "
નરસહીયાને પાણી પાવાને, શ્રીહરિ પધાર્યા કોડેરે. "

મહેતાજી તો આગળ વધેજ ગયા છે, એ રૂપમાંજ રમી રહ્યા છે.

મોહ્યા મ્હોટા મ્હોટા મુનિવર રાયારે, ગોરી તારે તાજુડે. "

અસુરો તો **મો**હની થયા ત્યારે મોહ્યા પણ **શ્રી**ભગવાન શંકરે ખાસ માગણી કરી પ્રભુનેજ મોહની થવા કહ્યું ને તે થયા ત્યારે કેવા મોહી ગયા તે પ્રકરણ **શ્રી**મત્ ભાગવતમાં વિસ્તારે છે. અર્થાત્ પોતાનાના એવા અલ્પ ને પોતે એવા થઈને પણ "**કાજ કરે જગરાજ**" તેજ વાત આપવાની છે, તે સદા એક સરખા સ્વભાવવાળા **શ્રી**હરિ ગમે તે દેશકાળ હો, તે તેવાને તેવાજ છે, ને રહેશે "એ ભગવાન એના એ" તેનો આ સ્વભાવ પ્રભાવ આદિથી ઇતિહાસથી, ઉપલક આ પ્રકરણને અનુગુણ અવલોકો—

પદ. ઓધવજી એ રાગ.

પ્રભુ નિજ જનને ચહે તે દે છે, કહે છે તેનાં કામે કરે છે. પ્રભુ૦
બ્રહ્માએ માગ્યાથી વેદ દીધાને આણ્યા ફરી લઈ એ છે;
દેવને દેવપણું સદા દેતા, સંકટે સહાયે કરે છે. પ્રભુ૦
ઉગ્રસેન, **સુગ્રી**વ, **વિ**ભીષણ, **ધ્રુ**વ, **પાં**ડવ નૃપ થયા એ છે,
ચાહ્યા છતાં રહ્યા ભક્ત ભીખારી, એવા લહ્યા નથી એરે. પ્રભુ૦
ચાહે નહિ તો એ લાજ વધારી, કાજ કરી રાખે છે;
શ્રી**પ્ર**લ્હાદ **સુદા**મા થયા સુખી, સિદ્ધ શાસ્ત્ર શાખે છે. પ્રભુ૦
પુત્ર દીધા દેવકી ગુરૂ સ્ત્રીને, પોતે એ થઈને રહે છે;
સોળે હજારે ચહ્યું તો થયા પતિ, વૃજ વિનતામાં વસે છે. પ્રભુ૦
બાળથી બાળ બનીને ખેલ્યા, નાચે સ્વજન નચવે છે;
નારાયણ જગસુખ નથી દેતા, એમ અજાણ લવે છે. પ્રભુ૦
કાષ્ટથી આગ ભુથી જળ જ્યારે, પ્રકટે તદા લાભ દે છે;
તેમ પ્રભુને પ્રત્યક્ષ કરે અનુ, તો સહુ અર્થ સરે છે. પ્રભુ૦

તે કેવા ? જેવા બીજાથી ન સરે તેવા, ને તેના અસાધારણ દાખલાથી એજ કહેવું પડે છે કે

ધનાશ્રી.

કોઇ નથી દાતાર, હરિ સમ કોઈ નથી દાતાર;
દેવ રૂપી નર નાર,... ... ... ટેક.
મુઠ્ઠી તાંદુલ ખાતાં વેંતજ. પુરી કરી તૈયાર; હરિ૰
ચંદન દેતાં વેંત કુબડીને. કરીરૂપ ભંડાર. „
મારકંડ્ય થયા દીર્ઘાયુ, માયા ભયથી બ્હાર. „
શરણે જઉં કહેતા કરી દીધા, લંકાનો સરકાર. „
અલ્પ તમે અવિચળ પદ આપ્યું. ધ્રુવને નભ મોઝાર. „
નજર ન પડી ઢાંક્યા દ્રુપદા, કર્યા ચીર અંબાર. „
પત્ર પામી દસહજાર દીજને, તૃપ્ત કર્યા વિણવાર. „
અમર કર્યા સુર, અવધ નગર તો, પહોંચ્યું ભવની પાર. „
માગે જાતે પણ વેચાતો, અનંતનો સરકાર. „

ને તે આપણા ગુજરાતમાં અર્ચારૂપે જગ ભૂપે ડાકોરના ગોમતી તળાવપર જ્યાં તેમ કરી બતાવ્યું તેનાં ત્રાજવાં પણ હજી નમુના માટે ત્યાં રાખે છે ને તે જગેજ સૌ અદ્યાપિ સાખ પુરે છે. કે—

“ વાલથી તોલાણા, સવા વાલથી તોલાણા.
નિજ જન રખવાળ, ”
વાળી તો નામ માત્ર, વ્હાલીની મૂળ વાત,
વાલ નહિ વ્હાલવડે, વાલમ વેચાણા. નિજ જન૰

“ **भक्ति क्रीतो जनार्दनः** ” ઇહાં સુધી “ કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે ” હરિના તો છઇએ પણ તેમ માન્યું કે બેડો પાર. કારણ “ જાણુસ દર્યાં જામરની. ”

ગરબી એમ ગાઇ છે.

જે જગતપતિનાં થાય તેને શી ખામી ? જગતપતિનેજ ચિત્ત ચ્હાય તેને શી ખામી ?
શેઠ નૃપાળે એનાં સમજે, તો લાલચથી સેવે રે;
ધણીનાં વ્હાલાં જાણે તેવા, નમે રૂપીને દેવે. તેને શી ખામી !

(ભદ્રકાળીએ જાણ્યું કે ભીલ્લરાજા જે પશુ પકડી લાવ્યો તેતો હરિજન છે, તેથી તેને ઉગારી તેજ તલવારથી પશુ દેનાર આદિનાંજ શીશ ઉડાવ્યાં.)

જે સર્વદા સર્વ શક્તિયુત, તેજ શ્રેય કરી આપે રે,
તેથી સારૂં કોથી થાય શું ? પછી એ કોણ ઉથાપે. તેને૰
પ્રજા માત્રનું મૂળ શ્રીહરી, તેજ પૂજે છું ઇચ્છ્યું રે,
એના સેવન સમ સુખકારી, અનુ એ અન્ય ન પ્રીછ્યું. તેને૰

ને તે મ્હારા દાદાના દાખલાઓ ઉપરથી જુવો આખ્યાન ને કરો એજ પદ ગાન કે—

“ કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે. ”

—શ્રી શામળદાસના વિવાહનું આખ્યાન—

પદ રાગ કાફી.

કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે,
દેવ દ્વારકાંધીશ દયાઘન, અનંતના શીરતાજ. સ્વજનની૦

સાખી મરાઠી.

નરસહી મહેતાની શુચી નારી, માણક માણક જેવી, પતિને પરમેશ્વર સમ પુજે, દેવતણી છે દેવી; પ્રભુમાં પ્રતિતી,......કયાંથી હોય પતિ જેવી, પુત્ર થયો પરણવા લાયક, લ્હાણુ લેવા ચહે માડી, નિર્ધનનું મન કોણ પૂરશે, એ ધૂંચવણી ધાઠી, પતિની અગાડી......આશ કહી દેખાડી.

આજુ બાજુ સગાં વ્હાલાંમાં એજ ધુમ, લોકો પૂછ્યાં કરે "ભાઇની કયાંહી સગાઇ કરી છે!!" માંમા, કાકા, ફઇ, માસીનાં—એજ ઘાટ પોતાનાંના ઘડ્યા કરે, એટલે તેમાંજ વસનારને તેવું મન થાય, વળી પુત્રે પેદા થયો તેનું પુરૂં ફળ પાછો તેને ગૃહસ્થ કરી ઘર સોંપવું જેથી કુળ ધર્મ ચાલ્યા જાય, પિતૃઓને સંતોષ થાય, પોતાનું ઘડપણ ધણીયાતુ થાય, ને પછવાડે પણ પીંડદાનનું પાકું કર્યું ગણાય એટલે પુત્ર થયો ને પરણવા લાયક થયા પછી વખત જતો ગયો, તેથી સતિને ચટપટ થઈ ને તેથી પોતાથી બનતું કરી હારી છેવટ મનની સ્વામીને કહી—

ઉપેન્દ્રવજ્રા છંદ.

હશી સતિથી ઉચર્યાં પતિ એ, વૃથા વિંટાળે શીદ આપતિએ,
લહે બધી વાત યદુપતિ એ, જશે પિડા એથી બધી પલિએ.

મહેતાજી તો સેવકજ છે તે અચાળેજ સેવા સોંપે, નહિ તો સેવાજ કરેજનારા; તેમ પુત્ર પલિ માટે ઘાટ પણ ભાગ્યેજ ઘડનારા, એ તો હરિજ નાજ પ્યારા, હરિમાંજ રમનારા છે. એટલે તેઓ તો આ ભાર ઉપાડવા તૈયાર હતાજ નહી તેમ બીજી ગમ.

દોહરો—પ્રભુ પરચા પૂરે જતા, જાણે લાધી નાર, હરિ સ્તવી બેશી રહી, ચહ્યું થશે થાનાર.

પણ હરિને સ્તવ્યા ખરા, કારણ તેને અનુભવ હતો કે—" **કાજ કરે જગરાજ** " હરિના ઉપર ભરોંસો મુકી બેઠી, તેથી કાંઇ થયું ! હા, હરિએ ગોઠવણ કરી સાચાં ખોટાં "સ્વજન" ની ત્યાંજ પરિક્ષા છે. હુંડી લખી કે સકરાઇ. મહેતાજીની સકારે, તે મહેતીનાં મનની કેમ ન ઉર ધારે! સર્વેશ્વરને હજાર હાથ છે, જ્યાં વરવાળાંએ તજવીજ કરવી જોઇએ ત્યાં કન્યાવાળાં તરફથી ખટપટ શરૂ થઇ, તે કેટલે દૂર દેશાવરથી! છેક ગુજરાતમાંથી—

લાવણી "ધર્મ ધુરંધર" એ રાગ

વસતા વડનગરે વડનગરા નાગર ધનવાળા, હતા મદન મહેતા, તેમાં પણ બહુ સાધન વાળા;
કન્યા રત્ન ઉછેરી યત્ને થઈ વરવા જેવી, દેશ વિશે વર ન મળ્યાથી પરદેશ ઠરી દેવી.
જુનાગઢમાં મોટો જથો જાણી મન કીધું, ગોરે ભલામણના લઇ પત્રો સુખે ગમન કીધું;
ખંત ધરીને પંથ કરી દ્વિજ આવ્યો જીર્ણગઢે, શારંગધરને સદને ઉતર્યો, જ્યાં ધન ભર્યો ઘટે.
વર ખોળ્યા કરી ચોળમ ચોળા પણ ન ગમ્યા કોઈ; બ્રાહ્મણનું મન નવ માન્યું છોકરા માત્ર જોઇ;
કરી મશ્કરી તદા કોઇએ, જા નરસહી ધામે, વર ઘર સરવ સમોવડ છે ત્યાં સિદ્ધ થશે કામે.
સાચું માની સ્હામો ચાલી ગયો વિપ્ર જોવા, હરિ કૃપા કઇનું કંઇ દેખી માંડ્યું મન મ્હોવા.
ભક્ત શીરોમણી સંત જોઇને વિપ્ર થયો રાજી, કુંવર નિહાળીને ગુણશાળી આશા થઈ તાજી.

" પાંચાળી પ્રાણાધાર " એ રાગ

કર્યો નિશ્ચય ગોરે ત્યાંજ, મળ્યું ખાસું, કરી દઉં સગપણ અહીયાંજ, ન વિમાસું.
જે કોટી અંડના સ્વામી, તેના ખાસા આ નામી,
વૈશ્નવ વર છે ગુણગ્રામી, સસરા નરસહી માહારાજ મળ્યું ખાસું.
સાસુ તેવી સુસ્વભાવી, નમી મને જોઇને આવી;
નવ નાગરાણી મદ લાવી, કરી આપું એનું કાજ મળ્યું ખાસુ.
વર રૂપાળો ગુણ વાળો,છો દ્વેષી કહે ભમરાળો,
મુજને તો લાગે વ્હાલો, છે ભેન માત્ર ઘરમાંજ મળ્યું ખાસું.
ઝટ કીધો ચાંદલો કોડે, કન્યા દીધી વર જોડે;
આશીષ વદ્યા દ્વિજ મ્હોડે, મુખ મીઠું કીધું ત્યાંજ. મળ્યું ખાસું.

સાખી.

ભક્ત પાસ શું હોય આપવા ! લાજ હરીએ રાખી;
સેવક જન પ્રસન્ન મન લાવ્યા, સામન વિનતિ ભાખી.
તાલ વગાડી રહ્યા આપ, પણ નાત જગાડી નારે,
સગાઈ થઇ જાણી સહુ શોચે, આ શું થયું વાહવારે.

થયું તો એજ મહેતિજીની પ્રાર્થના ઉપરથી " **કાજ કરે જગરાજ** "

થયો સબંધ જ છે શ્રીમંતથી મહેતાને તો ક્યારે;
થયો સંબંધ હવે શ્રીમંતથી એમ જગત જન ધારે.
દ્વેષી જનને ક્લેશ થયો મન એથી ઉરમાં ભારે;
ચાડી ખાધી પત્ર પઠાવી, વડનગરે પરભારે.

કન્યાના કજીયા માટે અક્રૂરજી જેવા ભક્તે ભગવાનનાજ સસરા સત્રાજીતનો ધાણ કહડાવ્યો હતો, તો કલીનાં જનો કચ કચ કરે એમાં શું આશ્ચર્ય ? ને તે કેમ ન વિસરે કે આતો-" **કાજ કરે જગરાજ.** "

પદ. રાગ કાલીંગડો.

રે ! **મદન** મહેતા તારે ગોરે ધાણ કહાડયોરે. ટેક.
શારંગધર લખે, જેને એ ઓળખે, વિપ્ર મોકલ્યો છેક આડોરે. તારે.
નાત બહાર **નરસહીયાનો** સુત, કીધો પસંદ જાડોરે. તારે.
તાલ ચંગ કુટ્યાનો ધંધો, ઘરમાં કુરે વાંસ આડોરે. ,,
હેતુ ગણી દઊંછું ચેતાવી, પુંઠે ન પાડીશ રાડોરે. ,,

વસંતતિલકા.

પહોંચી શક્યો ન ઝટપત્ર સ્વમિત્ર કેરો, તાવે પિડાઇ દૂત મારગમાંજ ઠર્યો;
ગોરે જઇ કહી બિના અતિસે બનાવી, પુત્રી વરાવી મદને થઇ વાત ચાવી.

હરિગીતછંદ.

આવ્યો પુંઠેથી દૂત શારંગધર તણો કાગળ લઇ, માંડી વિગત મહેતા તણી, સહુ મદનજી આગળ કહી;
સ્નેહી સંબંધી સહુ કહે તોડો સગાઇ લખી દઈ, ગોરે કહ્યું હું પ્રાણ પાડું એ થતાં નક્કી અહીં.
(**કાજકરે જગરાજ** " તે એજ રીતે).

શાખી.

ખટપટીએ શોચીને યુક્તિ, ગુપ્ત કરી રાખી એવી, લગ્ન ઠરાવો અહીં પણ તેની ખબર મોડી તહીં દેવી;
પહોંચી ન શકે વર કે કન્યા અહીં દેવી પરણાવી, કરી ગોઠવણુ આમ નીચ, ને તુરત અમલમાં આવી.
ગયો લગનીયો જુનાગઢ, પણુ છેકજ ટાંચે દહાડે, મહેતા વાત ન લક્ષે લેતા, હેતે તાલ વગાડે;
મહેતીને સંતાપ થયો મન, નયને આંસુ પાડે, ઉભરો અંતરનો આવીને, સ્વામી આગળ કહાડે.

પદ. " હે સ્વામી તું શીદ " એ રાગ.

સ્વામી મ્હારી વાત ઊરમાં ઊતારો.
હે સ્વામી ! શીરનામી, કહું પીડા પામી. સ્વામી મ્હારી વાત. ટેક.
આવ્યો આજ લગનીયો, મીતિની તો વાત વિચારો;
પહોંચાશેજ પ્રથમ શી રીતે, વેવાઇ માણુસ મળ્યો નઠારો. મ્હારી.
જાન લઇ જવા તેવડ કરવી, સહજ નહિં એ ધારો;
ગાડાં વાસણુ સીધું ખરચી, જોઇશે ચાકર ચોકીદારો. મ્હારી.
પહેલું તો પલ્લુંજ જોઇશે, મ્હારૂં ચાહે ઉતારો;
એકજ પુત્ર આપણે દેવે, દીધો તે પર અવસર સારો. મ્હારી.

પદ. " મ્હારા વ્હાલા " રાગ પીલું--બરવો.

બોલ્યા મહેતાજી મ્હારે શું ત્રેવડ ત્રીકમ જાણે રે,
ત્રેવડ ત્રીકમ જાણેરે, પ્યારો પ્રિતમ જાણેરે. બોલ્યા.
નથી માગ્યો મ્હેં પુત્ર મૂળથી, મ્હેં એ નથી જીવાડયો;
સગાઇ કરવા નથી ગયો હું, ઠરાવ્યો ન લગન દહાડો. બોલ્યા.
જાન જાય કે ન જાય પરણે, સુત કે રહે કુંવારો;
એથી પણ ચિન્તા મ્હારે શી ! હુંજ નથી ત્યાં મ્હારો, ,,
કરવું હશે તે હરી કરશે, રહે તું નાર નિરાંતે; ,,
હતું શું અને ગયું એ શું છે, ખાલી ભમતી ભ્રાન્તે. ,,

ચોપાઇ.

સુણી વાણી એવી નારે જાણ્યું, ક્યાંથી ક્યારે થશે રૂડું ટાણું;
ખરી વળગી સુદામા સ્ત્રી પેંઠ, કેમ રીઝે હરિ ઘેર બેઠે.
ગાઓ ચાહે જાઓ પતિ જાતે, થાઓ રાજતો થશે સજનાથે;
અંતે સાંડયા દ્વારામતિ મહેતા, ભેટયા ત્યાં કેવા કરૂણાનિકેતા.

મહેતાજીની પોતાની કવિતામાંથી.

" અંતર જામીએ જાણી છે, વારતા આવીયો દાસ નિજ ભક્ત ચાલી,
ઉઠીને ધાય છે ભક્તને ભેટવા, હાથ ઝાલી તેડયો મંદર ચાલી,
પ્રેમે મુજને પાટ પધરાવીયો, ગદ ગદ કંઠ હું અચરજ પામું.
કંચન આસનપર મુજને બેસાડીયો, પાણી જોડી રહ્યો શીષ નામું.

સુદામાના સમયમાં **શ્રીકૃષ્ણ** અવતાર હતા, ને **મહેતાના** સમયમાં તો અર્ચા આકાર છતાં આ ચમત્કાર, તેમને માટે આજ સ્થાનમાં આ અનુભવ તે તેમને એકલાને સ્વપ્ન જેવો નથી આપ્યો વાત ઘણી આગળ વધી છે. ને તેજ આપણે આદરી છે. ને ત્યારે જ અંત એ વાત ઠરી છે. ને ખરી છે કે—" **કાજ કરે જગરાજ** "

"હરિતણા ચરણની રેણુ મસ્તક ધરૂં કોણ હું રંક રણછોડ જોડે,
"ભક્ત વત્સલ પ્રભુ ભક્ત આધીન છો, ભક્તના પુર્યા છે કોડ કોડે,
"રૂકમીની આદિ તે ચરણકમળે નમ્યો શ્રી મુખે બોલીયાં મધુર વાણી,
"અમ સરખું કંઇ કારજ ઉચરો, કેમ આવ્યા ફરી પ્રેમ આણી.

મહેતાનું સુણી કહ્યું.—

"ભક્તને કષ્ટ તે અમારે કષ્ટ છે, સંત જાએ તહીં મ્હારે જાવું,
"બોલ દીધા હરિ નિશ્ચે કીધા ખરી, લક્ષ્મી સહીત હું સંગ આવું:
"જાન જોડી તમે ઘર થકી ચાલશો, શીઘ્ર આવું અમો દાસ તોલે,
"ચૌદ ભુવન તણો નાથ શ્રી કૃષ્ણજી ભક્તઆધીન થઇ એમ બોલે

જ્યારે જ્યારે ભક્તને ભીડ પડીને તેમણે સ્વામીને સંભાર્યા, વિનવ્યા, કામ બતાવ્યું, ત્યારે એકજ રીતનો જવાબ સૌ સારૂ સરખો મળે છે, જ્યારે પાંડવો મુંઝાયા ને તેર વર્ષ પુરાં થયા છતાં પોતાનો ભાગે કૌરવો નહોતા દેતા ત્યારે ધર્મરાજાએ પ્રાર્થના કરી કે અમે આપને ભરોસે છીએ, આપનું કામ હવે આવી પડયું છે, ત્યારે તે વખતનું પણ પોતાનું વચન એજ છે.

अयमस्मिमहाबाहो ब्रूहि यत्ते विवक्षितम् ।
करिष्यामिहितत्सर्वं यत्वं वक्ष्यसि भारत ॥

"આ રહ્યો હું હે મહા બાહો, જે તારે કહેવાનું હોય તે કહે અને જે હે ભારત! તું કહીશ તે સર્વ હું કરીશ" આવી આગળથી કબુલત દેવી, ને પાછું તે મુજબ જ વર્તન એટલે સદૈવ—**કાજ કરે જગરાજ સ્વજનની દાઝ ધરી લાજ વધારે**"

મહેતાજી શ્રી પોતાનો અનુભવ લખી ગયા છે તેમાં અહાવો લેખ છે.

"ઉઠી ઉભો થયો પાણી જોડી રહ્યો શીખ આપો પ્રભુ ઘેર જાવા,
"ચતુર ભુજ ચાર સેવક લઇ આવીયા, દાસના મનોરથ પૂર્ણ થાવા,
"એક અન્નપુરણ ઇચ્છા ભોજન દીયે, વસ્ત્ર વાહન દીયે એક બીજો;
"રત્ન હીરા હેમ ચોથો તે આપશે, રીદ્ધિ સિદ્ધનો પતિ છેરે ત્રીજો.
"સુંદર રથ એક શ્રી હરિ સાંભળે ભક્તને બેસવા સજ્જ કીધો,
"વસ્ત્ર પ્રસાદી શ્રી અંગનું આપીયું, તુલશીની માલ પ્રસાદ દીધો;
"અંતરીક્ષ મારગે અમે પણ આવશું સદ્ય જાઓ એમ કહ્યું હીયાંથી,
"ગદ ગદ કંઠે ને દાસને વળાવીયો, સેવક સંગ દીધા છે ત્યાંથી
"મુહુર્ત એકમાં આવીયો ઘરભણી, કામની કંથની વાટ જુવે,
"મનમાં ફુલીને હર્ષ પામી રહી, તારૂણી તંનના તાપ ખુવે.
"નવલ સ્થાનકે હરિદાસ ઉતારીયા, નરસહીએ અતિ સન્માન કીધું,
"શીખ દીધી રથ સારથી લઇ વળ્યો, શ્રી લક્ષ્મીનાથને જાણ કીધું."

આ બધું સંસારને આશ્ચર્યજ લાગશે, પણ આજ દ્વારકાંનાથ જે હાલ મંદિરમાં ઉભા એમને દેખાય છે, તેજ અહાવાં "**કાજકરે જગરાજ.**"

આગળ પણ થોડું વધુ વર્ણન એમાંથીજ કરશું.

"સ્વજન કુટુમ્બને નાત તેડી સહુ, મંડપ રચનાનો દાદ સાધ્યો.

" ચંદરવા વિવિધ પ્રકારના શોભતા, ઝળકતાં તોરણો બાર બાંધ્યાં;
" ગાલીચા જાજમો તકીયા શક બાદના, મંડપ સુગંધના બ્હેક છાજે,
" માનની મંગળ ગાય ટોળે મળી, વાજીંત્રનાદ બહુ ઘોર ગાજે.
" કંસાર ખાજાં જલેબી ને ઘેબર વિવિધ પ્રકાર પકવાન કીધાં,
" સેવૈયા મોતૈયા દલદ્યા લાડુવા, ભાવતાં ઘૃત ને પાન દીધાં:
" મિષ્ટાન્ન ભોજન કુટુમ્બ સારૂં કરે, દૂરીજન લોક આશ્ચર્ય થાય,
" જેહ જોઇએ તે સર્વ લાવી દીએ જેને શીરછત્ર વૈકુંઠ રાય;
" વણીક વહેવારીયા સીમ ગરાસીયા, જાને ચાલ્યાની છે સૌને ખંત;
" વસ્ત્ર વાહન જેને જોઇએ તેમને, નરસહીયો સ્મરે છે રમાકંથ.
અને તેજ "**કાજકરે જગરાજ સ્વજનની દાઝ ધરી લાજવધારે.**"

ઉપેન્દ્રવજા.

કરી બધી ગોઠવણો હરીએ, તથાપિ આવ્યા નવ ત્યાં ફરીએ:
ગમ્યું ન મહેતા મનમાં જરીએ. રહ્યા વિયોગી દુઃખીયા સ્મરીએ.

ગરબી.

નહીં સોંકુરે, મ્હારા નાથ, તમવિણ હું ક્યાંહી; નહીં છાકુરે, પ્યારા તાત, ઝટ આવો આંહી.
સહુ તૈયાર થયા જાનઇયા, જાન બધી તૈયારરે; વર પણ છે તૈયાર તથાપિ, છે આપનીજ વાર. તમવિણ.
આપ વિનાનું સર્વ અમંગળ, મંગળનીધિ પધારોરે; સેવા લ્યો પ્રત્યક્ષ પંથમાં, ઉર આનંદ વધારો. ,,
આરતથી સ્મરતાં અવિનાશી, પ્રકટ થયા તતખેવરે, નરસહીએ નયને ઝટ દીઠા, જય દેવાધિદેવ. ,,

પદ " રાગ " મારા શંભુ શીરોમણી."

વરને ન્હવાડી મોટું ટીલુંરે, કહાડી, તુલસીમાળા પહેરાવીરે, રૂડાજાન સોંડાડી.
પુજાની પેટી મુકાય ન હેઠી, પાલખીમાં પધરાવીરે, રૂડી.
ગ્રહી કરતાળો, ને ધારી છે માળો, વર પિતુનો ઠાઠ ન્યારો રે. રૂડી.
વાગે મૃદંગો, છે ઝાંઝો એ સંગે, ગાય છબીલો છોગાળો રે. રૂડી.
નરસહીં મહેતા લક્ષજ ન દેતા, પ્રભુએ છે ચિન્તા ઉપાડી રે. ,,
સગાં સંબંધી પરમ આનંદી, એન ને વરની છે માડી રે. ,,

દોહરો.

એન વખત મુહુરત ઉપર, પહોંચ્યા પુરની પાસ;
જાણ કર્યું વડનગરમાં, મંત્રી મદન અવાસ.

ભુજંગી.

ઘડી પાધરે આવીને ફોજ ભારે, થયો ભૂપના ચિત્તમાં વ્હેમ ત્યારે;
રખે શત્રુનું સેન કો હોય આવ્યું, જનોએ તદા સત્ય તેને સુણાવ્યું.
જરી વાવટાઓ ચઢયા જોત જોતે, થયા ચોકી પહેરા ખડા જોત જોતે;
બહુ તંબુઓ રાવટીઓ કનાતો, ભલો જાળવ્યો ભક્તનો નાથ નાતો.
અલંકાર વસ્ત્રો સહુનાં અમૂલી, રહ્યા હાથીયો સાંકળો સાથ ઝુલી;
બજે નોબતો વાદ્યમાં ગાન થાતાં, કુટુમ્બો ઘણાં નાગરોનાં જણાતાં.

રેખતો.

વિગત સુણી આ બધી મદને, ફીકો ફકને થયો વદને,
આવ્યું બળ ગોરના પગમાં. ભળ્યા સહુકો એની વગમાં.
વખાણુ કરે સહુ બહારે, શોધ્યો શું જમાઇ વાહવહારે;
મદન મનમાં તદપી શોચે, આવ્યો વસમો સમો શો છે?
શા મુખથી જાઉં હું સ્હામો, ઉતારાના એ નથી દામો;
સહુનું થાયે શેં પુરૂં, ન થાય એથી શું છે બુરૂં.
કયા નિમિત્તે હું ના પાડું, કઇ રીતે જઇ લાડું;
મારૂં દુહિતા મરૂં કાં તો, ન જણવું મુખ જનમાંતો.
કન્યા કંકુ સહિત આપું, લાચારે નાક શું કાપું!
ન સુઝે એક પણ રસ્તો, છુપી થાઉં વને ખસતો.

સ્ત્રગ્ધરા—રાજાએ વાત જાણી, ઉર મહિ અતિસે, ભક્તમાં ભાવ આણી;
તેડાવીને ત્વરાથી, મદન સદનથી, ઉચર્યાં આપ વાણી;
ત્હારી તે પુત્રી મ્હારી, કરીશ ભક્તની, સેવ હું હોંશધારી;
ચાલો લેવા ઉમંગે, કુલજન સહ ત્યાં, હું ચઢાવું સવારી.

દોંડી—ભાવ ભૂપ તણા ઉરે ભવ્ય જાગ્યો, મદનમહેતો એ નમી પગે લાગ્યો;
સપાટે થઇ ગઇ સકળ વિધિ સોઇ, ચઢ્યું સામૈયું અવસર નવ ખોઇ.

સાખી—જાન સ્હામું સામૈયું જાણે, સૂરજ સમિપ મશાલ,
મનુષ્ય વાહનો ભૂષણ વસ્ત્ર, ફરક સરવમાં વિશાલ;
મુખા લેખી અતિ વિવેકે, ભૂપે વંદન કીધું,
વધા તદા તે છુપ્પા શ્રીહરી, વચન વિનયથી સીધું.

કાફી—આપો જઇને માન, શ્રીમાન નરસહી મહેતાજીને. આપો જઇને માન.
અમે એમના આશ્રીત સ્નેહી, ભલે ગણો મીજમાન, શ્રીમાન.
આ સેના સહુ એના વશમાં, વિણુ મૂલે વેચાણ. ,,
ચાલો હું ભાવે ભેટાડું, ભક્તરાજ અસમાન. ,,

પદ. "તેરા કુમલા જીયરવા." એ રાગ.

લઇ ચાલ્યા રાજાને, (૨) હરિ લઇ ચાલ્યા રાજાને. એ શ્રી કૃષ્ણ કૃપાળું.
સુંદર તંબુ અંદર મહેતા, કરે ન્હાય છે ગાને, (૨) ,,
મળી મંડળી પ્રેમે પાગળી, નાચે કુદે એભાને. (૨) ,,
ચળકે તીલક, માળાઓ ઢળકે, છકે છે મીઠી તાને. (૨) ,,
દર્શન થતાં, જતાં અઘ સત્વર, થયું રાજાને જ્ઞાને. (૨) ,,
કર્યાં દંડવત પ્રણામ સૌને, મૂકીને અભિમાને. (૨) ,,

રાજાનું કામ વધ્યું, તેણે આરંભથી ભકતપર ભાવ આણ્યો, તેની સેવાનો લ્હાવ લેવા માંડ્યો, ને તે તન મન ધન શું જીવ જીવનના અર્પણપૂર્વક—

શાર્દૂલ— ભૂપે ભવ્ય રીતે ભલી સરવની, સેવા કરી સ્નેહથી,
મોહ્યો છે મૂળથીજ દીવ્ય હરિની, મીઠી દીઠી દેહથી;

શું જાણે! ઉર કોણ એ નવ શકે, પૂછી હજી છૂટથી,
દેખે જ્યાં લગી ત્યાં લગી અતિ ગમે, કષ્ટાય છે પૂંઠથી.

રાજાના મનમાં માધવજ રમી રહ્યા છે, તેને લગની લાગી છે, હરિ પણ સેવા તેનીજ સ્વીકારે છે— "વિવાહનો રાગ.

આવી મંડપે જાન ઉમંગે રે, દીવ્ય પુરૂષ ઘણા શોભે સંગે રે,
મહેતાજીના તો છે એજ ઢંગે રે, માલા તિલક ઝગી રહ્યાં અંગે રે;
તાલ કરથી ક્ષણે નવ છોડે રે, નામવિણ ન અવર વદે મોહોડે રે,
ગાય ધીમે સ્વરે પણ કોડે રે, ચાલ્યા એજ ઠાઠ વરઘોડે રે.
મળ્યા મદન મહેતાજી વેવાઇ રે, પડયા પાદે વંદી પાહી પાહી રે,
ભક્તિનો આ વૈભવ મેં ન જાણ્યો રે, દુષ્ટ બુદ્ધિથી તુચ્છ પ્રમાણ્યો રે;
મ્હારા મનથી આપજ ભગવાન રે, મ્હારો વંશ કર્યો યશવાન રે,
ભાગ્ય દુહિતાનું તો શું કહેવું રે, મળ્યું સાસરૂં વૈકુંઠ જેવું રે.
ગોર! સાચા ગુરૂ ગણું તમને રે, અહાવી લ્હાણ અપાવી અમને રે,
હવે આપ જેવા કરી નાંખો રે, પાપના પટ ઝટ હરિનાંખો રે.

મહેતાજી કહે શું! તે કરે છે શું! આ બધુંએ—

"કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી હરી લાજ વધારે."

દોહરો— વિવાહ વીધિ બધી થઇ, તેમાં ન કંઈ વિશેષ,
વૈભવ ભક્તિ ભાવનો, સમજ્યો સઘળો દેશ.

સૌ એકજ વાત ઉચરે છે કે—"કાજકરે જગરાજ" પણ તે ક્યાં છે? એ કોણ. શોધે? સંસ્કારી સભાગી તેવું કોણ હતું! જેની સેવા હરી લઇ રહ્યા કાંક ઝાંખી દઇ રહ્યા હતા, તેના ચિત્તમાં પેશી જઈ રહ્યા હતા તેથીજ તેને તર્ક વિતર્ક એ થઇ રહ્યા હતા.

પદ. "બતાદે સખી"

સરવમાંથી શેં શોધાય શ્રીનાથ, શોચે રાય મન સાથ; સરવમાંથી
જાન વિશે હરિ જરૂર હશે પણ હીરો પડે શેં મ્હારે હાથ. ,,
નાગર એક બીજાથી ચઢતા, અનુપમ આખી નાત. ,,
પુંછું તો તો ગણાઉં ગાંડો, કોને કહું નિજ વાત. સરવમાંથી.
મહા ભાગ્ય સમ લાગ જશે તો, કરીશ દેહનો પાત. "

"કાજ કરે જગરાજ; સ્વજનની દાઝ ધરી" તેને ત્યાંજ ભોમીઓ મળ્યો—

પદ "માગું પ્યારા" એ રાગ.

પેખી પ્રબળ પરિતાપ, રાય તણો. બોલી ઉઠી ત્યાં એક દાસી,
હતી શ્રીહરિની ઉપાસી. પેખી.
નવ તલપો રાય, જાઉં જાન માંય, શોધી કહાડીને ભેટાડી દઉં;
વૈકુંઠવિલાસી એવું બોલી ઉઠી ત્યાં એક દાસી.

ધનાશ્રી "ગમ ન પડે" એ રાગ

આવી દાસી જાનૈયામાં આવી ઉરે અરજ ઇશને સુણાવીરે;
જન જનને જોતી ફરે, મન નવ માને સહ.
અલગ પડે અદ્વીતિય એ, અનુપમ ઇશ અવહ,
સુધા દ્રષ્ટી છુપે શે છુપાવી. આવી દાસી.

ફરતી ફરતી થાકતી આવી રહી જઇ છેક,
પ્રાણ પાડવા સજ થઇ, જાણ્યું ગઇ નિજ ટેક,
આવી અંત વેળા કે એ ફાવી રે. આવી.

"**आकिंचनोऽनन्य गतिः शरण्यः**" અકિંચનત્વને અનન્ય ગતિત્વ થી આદર કર્યો એટલે અધુરૂં હોય તે પુરૂં કરાવી, આર્તિ ખરી ઉપજાવી, સ્મરાવે એટલે **आर्त प्राण परायण** નો નિયમ પળે ને પોતે વ્હાલા મળે તેની ઝટ દ્દષ્ટી ખુલી તો તે તો સૌમાંજ હતા. "**नाहं प्रकाशः सर्वस्य**" એમ સૌ માટે પ્રકટ નથી જે આમ ઝંખે, તેને નિશંકે અંતે મળે છે જ "**સ્વજનની દાઝ**" તે તેના જનને માટે દિલમાં દાઝ તેની **શ્રી** હરિને પણ સ્હામી તેવી ખેંચ થાય તેની પછી તુરત "**લાજ વધારે કાજ કરે જગરાજ**" હાલ દાસીનું થયું તેના દ્વારા રાજાનું થશે મૂળ પ્રતાપ તે **મહેતાજી** વા **મહેતીજી**નો "**કાજકરે જગરાજ**"

નાથના કરો.

દાસીએ દીઠા ત્યાં મીઠા મુરારીરે;
કમળ નયન, હસતું વદન, શ્રી નિવાસ ભૃગુ લાંચ્છન;
જોયું ધારી ધારીરે. દાસીએ (હનુમાને ને પછી સુગ્રીવે તેમ)
વળગી જઇ પદે, ઝટ ન બ્હીક ધારીરે;
ખસ ખસ રે. બસ બસરે ઉચર્યાં હરી કરી મસરે, શું કરે તું નારી રે ! દાસીએ.
વદી તદા ત્રિયા, જાણ્યા અસુરારિરે;
તજું કેમ, ધરી પ્રેમ, ભજું છું ભજાય તેમ, આજ આવી વારીરે, દાસીએ
એમ ઉચરતાં વધ્યાં પ્રેમ વારીરે,
ગઇ લપાઇ, ધન્ય ભાઇ. વદે મંદ પાહી પાહી, તન મનને વારીરે દાસીએ

હવે તો "**ब्रह्म**" ને જાણ્યા "**ब्रह्मविदाप्नोतिपरम्**" બ્રહ્મને જાણે તે પરમ પામે છે. તેને શું ખામી રહે ! "**ब्रह्म विद् ब्रह्मैव भवति**" શુદ્ધના સંબંધે શુદ્ધ જ થઈ જાય છે. "**मन्मनाभव**" ગીતાજીના મહામંત્રનું ફળ સાક્ષાત્ પામી શ્રવણ મનન નિદિધ્યાસનનું પરિણામ **द्रष्टव्यः** તે થયું શ્રવણ કીર્તન સ્મરણનું ફળ "આત્મનિવેદન" તે પણ કરી દીધું હવે શું કહેવું. ?

ભૈરવ "નમુ શંકર" એ રાગ. અથવા ભૈરવી.

નૃપદાસી ખચિત નિહાલ થઈ, પ્રેમે અડી બે હાલ થઈ. નૃપદાસી.
દેખાયા અહા દિવ્ય દયાધન, દીન ઉપર પ્રતિપાળ થઇ નૃપ.
નૃપતિને લાવી ભેટાડયા, ભવ ભયની રખવાળ થઇ. ,,

(સાચો ભોમીયો સાચો ગુરૂ મળ્યા પછી વાર શી ? ને પોતે પણ તૈયારજ હતા. કન્યા તૈયાર ને ગોર મળ્યા, પછી વરતો સદા તૈયારજ રહે છે. રૂકમીણીએ ખરો ભાવ ધરી, બ્રાહ્મણ મોકલ્યો કે પોતે પહોચ્યા, સ્વજન થયા તોપછી "**સ્વજનની**દાઝ ધરી હરી **લાજ વધારે**")

" મદન અને તેની સ્રીને પણ મળ્યા શ્રીકંથ કૃપાળ થઈ. નૃપ.
" ધન્ય ધન્ય સંબંધ સંતનો, કરે ધન્ય કલીકાલ મહીં. નૃપ.

અહીં તો માત્ર સૌને એજ ખાતરી આપવા પ્રકટ થયા કે—

" કાજ કરે જગરાજ, સ્વજનની દાઝ ધરી, હરી લાજ વધારે,
દ્વારામતિ પતિ કરૂણાધન, અનંતના શીરતાજ. કાજ કરે જગરાજ.

—" કહેવાનું તે પુરૂં થયું પછી આગળ શું ! " અચ્યુતં કેશવં "—

॥ श्री हरिः ॥

कंस वधनुं आख्यान.

(લેખક મે. અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ)

પૂર્વરંગ.

પદ. " બતાદે સખી કોનગલી ગયો શ્યામ " એ રાગ.

અઘહર મંગળકર શ્રીવરનો સબંધ, જ્ઞાનાનંદ અનંત;
અન્ય સબંધ બંધ થાનારા અનુ એ વિણુ દુઃખ દ્વંદ. અઘહર.

શ્રીવર કહેતાં **નારાયણુ** જ સમજાય છે, તે શ્રુતિના શબ્દમાં " **नारायणं परंब्रह्म** " નારાયણુ એજ પરમ બ્રહ્મ તે શ્રીનાપતિ. એક બીજી શ્રુતિ–"**ह्रीश्च लक्ष्मीश्च पत्नौ अहोरा त्रौपार्श्वे**" **ભૂમિ** ને **શ્રી દેવી** રાતદિન જેની બે બાજુ છે. એવા પુરૂષ પુરૂષસૂક્ત પ્રતિપાદિત તે દીવ્ય પુરૂષાકાર છે. **आदित्य वर्णं तमसः परस्तात्** આદિત્ય જેવા વર્ણવાળા એટલે પ્રકાશમય પણુ તે બાળી નાંખે એવા નહિ તમથી શ્રેષ્ટ અમારા તાપને ટાલીને ઉલટા ઠારે એવા છે. એમ પણુ ત્યાં કહ્યું **तमेवविदित्वातिमृत्युमेति** " તેને જ જાણુવાથી તેનો સંબંધ કરવાથી મોતને છેક તરી જવાય છે. એટલે અઘમાત્રથી દૂર શુદ્ધ થવાય છે.

એ રીતે શ્રીવરનો સંબંધ અઘહર છે, ને તે સાથે જ " **तमेवंविद्वानमृतीहभवति** બીજી શ્રુતિ કહે છે તેને એવો જાણુનાર અહીં અમૃત થાય છે." એ રીતે તેનો **સંબંધ** થાય તે મંગળકર પણુ થાય છે. એ વેદાન્તથી સિદ્ધ છે, ને તેથી કહ્યું—

" અઘહર મંગળકર શ્રીપતિનો સંબંધ "

તે ક્યાં સુધી શુદ્ધ ને મંગળમય રાખે? તેનો સંબંધ રાખીએ ત્યાં સુધી ! તે ક્યાં સુધી રહે ? " જ્ઞાનાનંદ અનંત " તે જ્ઞાન અને આનંદ સ્વરૂપે ને તે નિત્ય છે એટલે તેના જ્ઞાન પ્રતાપ અઘથી દૂર ને આનંદ પ્રતાપ મંગલ પૂર સદા રહેવાના " **सत्यं ज्ञानमनंतं ब्रह्म** " એમ બ્રહ્મને સત્ય સાથે જ્ઞાન ને અનંત કહ્યો છે. તેમ બીજી શ્રુતિએ " **प्रज्ञान मानंदं ब्रह्म** એમ ચોખ્ખો જ્ઞાનાનંદ કહ્યો છે. તેથીજ **વેદાન્ત**ના વચનોથી અમે કહીયે છીએ. " જ્ઞાનાનંદ અનંત " અઘહર " એનેજ જાણુવાથી " એમ કહેવામાં મુદ્દો એ છે કે બીજું જડ અચિત તત્વ મુક્તિ માયા કહે છે તે પણુ છે, તે વસ્તુરૂપે ને શરીરોના આકારે છે. દેવ મનુષ્યાદિ આકાર ને ચૌદ લોક ને તેના ભોગ તેના બનેલા છે, તેથી તે બીજું જે છે તેનો સંબંધ ": અન્ય સંબંધ બંધ થાનારા " એના બે અર્થ છે. બીજા સંબંધ સદા રહેશે નહીં બંધ થઈ જશે. આ દેહમાંથી નિકળ્યા કે તેની સામેના તમામ સાથેનો સંબંધ બંધ થનારો.

અમાનું લોક મળે તો પણ તે મુદત પુરી થયે નષ્ટ થવાનું એટલે તેના સંબંધ સુધાં "અન્ય સંબંધ બંધ થાનારા" એટલે તે દુઃખરૂપ હોય તો તો નજ ચાહીયે પણ સુખરૂપ હોય તો પણ છોડીયે. ત્યારે રોઇએ **स्नेह मूलानि दुःखानि** કહેલ જ છે. એ રીતે એજ દુઃખ દ્વંદ્વ વિનાશનાં છે.

" અન્ય સંબંધ બંધ થાનારા, અનુ એ વિણ દુઃખ દ્વંદ્વ "

બીજો અર્થ—અન્ય સબંધ કર્યો કે તે બંધન રૂપ થયો—

જેટલા જન સાથે થતોરે જગમાં સ્નેહ સંબંધ બધા બંધન)
તેટલા તે વધતાં જતા, થઇ જાય પછી પાકા બંધ (એ રીતે સ્ત્રી પુત્ર એ

અને— " સ્થિતિ વળી એ સર્વનીરે, ઘડી ઘડી બદલાય,
એક બીજા ત્રીજાનું એવું, દુઃખજ સદા બન્યું જાય રે.
" મન રાખે વિષયની માંહેરે, તેને સુખ નથી મળતું, "
વિષયો ને જે ચિત્તે ચાહેરે, તેનું દુઃખ નથી ટળતું.

અને તેની સ્હામે પ્રભુમાં કશું દુઃખ દ્વંદ્વ નથી સદા કહી ગયા તેમ ઓર દુઃખ ટાળનારને સુખ આલનાર છે. એટલે—

અન્ય સબંધ બંધ થાનારા, અનુ એ વિણ દુઃખ દ્વંદ્વ;
અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ.

બીજાના સંબંધ છોડીયે તો દેહને શી રીતે છોડીયે ? તે આપઘાત કરી પાડીયે તો સૂક્ષ્મ દેહ વાસનાઓ છૂટે તેમ નથી. પોતાથી છૂટતી હોત તો પછી પ્રભુ મોક્ષપ્રદ શું કામ કહેવાત ! તેજ છોડી શકે છે. કારણ બંધને તેના છે. તેણે ગીતાજીમાં કહ્યું છે—

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये मपद्यन्ते मायामेतां तरंति ते ॥

" આ ગુણમયી મ્હારી માયા દૈવી છે, તે તરવી કઠણ છે. મ્હારેજ જે શરણે આવે તે મ્હારી માયાને તરે છે–તે સદાને સારૂ તરે છે " એમ પોતેજ કહે છે—

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥

મને પામીને ફરી જન્મ દુઃખનું આલય (સ્થાન) અશાશ્વત એવું નથી પામતા તે મહાત્મા પરમ સંસિદ્ધિને પામી જાય છે. એ રીતે ગીતાજીના એ આધારથી કહ્યું—

" અઘહર મંગળ કર શ્રી વરનો સંબંધ. "

વાત એવી છે કે, આ બંધન કાંઇ નજરે દેખાય તેમ નથી. એ બંધન વિશે અમે એનેજ કહ્યું છે. તે હિંદુસ્તાનીમાં પદ છે—

" **बन गयो बंद** " એ રાગ. *

कैसे बंध बांधे हो बांधनहारे. **टेक.**
ग्रंथीका मुख नहि मीलता, ढुंढतहि जन सब हारे;

---

* જુવો **श्री रंगनाथ स्वामीका पदसंग्रह. किं. रु. ०-८-०**

मीले उन्होतें शिथिल नहोवे, कैसे प्रबलहै ये ग्रंथी तुम्हारे. हो बांधनहारे.
यत्न कीये तो कठीन होत मथी, थाके सुरमुनि सारे;
तोडेतें तूटे क्या तूटे, तोडनके साधन हो विचारे. हो बांधनहारे.
लख चोराशी तन बदलो, बदलो स्थल चौद उधारे;
बंधनतें बाहिर नहीं होते, रोते रहे बहु संगी हमारे. हो बाधनहारे.
छोडे तोडे एक आपहि, ऐसा आप उच्चारे;
अनन्त आके शरण हरिके, छोडनेको वाकोहि पूकारे. हो बांधनहारे. કેમકે

" અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ, જ્ઞાનાનંદ અનંત; "

પ્રભુ કોઇના કામમાં કોઈની કામનામાં નથી પડતો, જો જીવ ચાહે તોજ તે તેને છોડવા માંડે છે, જીવ જોડવા ચાહે તો તેને જોડવા દેછે. માથું ફોડવા દેછે. તે કહે છે—

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

હું સર્વને સમાન છું, કાંઇ પણ દ્વેષ વા પ્રેમ નથી, જે મને ભજનારામાં પ્રીત કરે તેને હું ભજું છું. પ્રીત કરૂં છું. એટલે કે પોતાનો લાભ આપું છું. તો તેમ ચાહવુંજ જોઇએ. કારણ તેજ ખરેખર મંગળ છે. એ વિણ દુઃખ ભય દ્વંદ છે. ને તેથી અમે ગાયું છે, કે—

પદ. " ઓધવજી " એ રાગ.

અમંગળમાં શું પ્રીત ધરી રાખી, હાની એથી આજ લગી ચાખી; **અમંગળ૦**
બની શેમાંથી શેણે ભરી છે થાશે શું દેહ આ આખી;
ત્હારી તેવીજ ત્હારાંઓની પણ, તું ખુદતો તેનો સાખી. **અમંગળ૦**
પાંચ વિષયનું પુરૂં કરતાં. નૃપ સુરપતિ ગયા થાકી,
તૃષ્ણા ત્યાગ વિના નથી શાન્તિ, શિષ્ટ શાસ્ત્ર ગયાં ભાખી. „
અમંગળોની સેવા માંહે, વય સહુ વાવરી નાખી;
તે પોતે ન રહ્યા નહીં રહીશું, સહીશું ફળ દુઃખ સાંખી, „
અનુ અટક ઓળખ મંગળને, મંગળ મતિ કૃતિ રાખી;
મંગળ થઇ મંગળને મેળવ, મંગળ શીખ એ દાખી. „

કારણ—**" અઘહર મંગળ કર શ્રીવરનો સંબંધ "**

નિરાકાર તો પ્રભુ છેજ, પણ તે જે સાકાર થાય છે તે **क्रिमात्मको भगवान** કરીને નિર્ણય કરેલ છે. જ્ઞાનાનંદ સ્વરૂપ તેમજ જ્ઞાન ને આનંદાત્મક તેનું શરીર છે. એટલે પરમાત્માનો દેહ પંચ મહાભુતનો બનેલો નથી તે જન્મતાંજ ચંદન ચર્ચિત ભૂષણભુષિત દેવકીની અંદર હતા ત્યારે પણ પ્રકાશિત તેમાં વસુદેવમાંથી આવ્યા. તે વસુદેવે **દુરાસદ** ને **દુધર્ષ** જણાયા હતા ને તેમના પણ વીર્યમાં નહીં પણ મનમાં પ્રકટ્યા ત્યાં પણ કર્મબંધ-નથી નહીં પણ ગોપાંગનાજ શબ્દમાં—

न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखन साऽर्थितो विश्वगुप्तये सख उदेयिवान् सात्वतां कुले ॥

આપ ગોપીનાજ નંદન નથી પણ અખિલ દેહના અંતરના આત્મા—દ્રષ્ટા છો. બ્રહ્માની પ્રાર્થના ઉપરથી વિશ્વનું રક્ષણ કરવા હે સખા ! તમે યાદવકુળમાં પ્રકટ્યા છો. તે બ્રહ્માએ પણ પરીક્ષા લઇને કહ્યું—

अहो भाग्य महो भाग्य नंद गोप व्रजौकसाम् ।
यन्मित्रपरमानंदं पूर्ण ब्रह्म सनातनम् ॥

એ પ્રમાણે તેનું શરીર પૂર્ણ બ્રહ્મ સનાતનનુંજ દીવ્ય શરીર તે રૂપ જન તેનો સંબંધ મિત્રભાવે ગ્વાલોને થવાથી તેને ધન્ય કહ્યા તેમજ આ ગોપિયો પણ **શ્રી** પરિક્ષીતના શબ્દમાં કૃષ્ણને કાહાન જાણીને ચાહવા આવી હતી. છતાં શુદ્ધ ધન્ય કેમ થઇ ! પાપી કેમ ન ગણાઇ ! તે વેળા ત્યાં **શ્રી** શુકદેવજી મહારાજે તેને ચોખ્ખું સમજાવ્યું છે કે—

नृणां निश्वय सार्थाय व्यक्तिर्भगवतो नृप ।
अव्य यस्या प्रमेयस्य निर्गुणस्य गुणात्मनः ॥

ભગવાન અવ્યય અપ્રમેય ને નિર્ગુણ હોઇ ગુણાત્મા છે તેની વ્યક્તિ હે નૃપ ! નરોના નિશ્રેયસને માટે છે એટલે ચોખ્ખા શબ્દોમાં—" અઘહર મંગળકર " છે ને તેથી તેનો સંબંધ તેવોજ છે. કારણ કહી ગયા કે તે—જ્ઞાનાનંદ અનંત છે.

પ્રકટ થતા પુતનાને સ્પર્શ થતાં જ જગતને પ્રતિતી આપી દીધી કે કેવા અઘહર છે કે તેના દેહમાંથી ગંધ ગઇ. ને કેવા મંગળકર છે કે તેમાંથી અગર જેવી સુગંધી આવી. એનો ભાવ તો વળી ગોપીયો કરતાં કેટલો બધો વધુ વિપરીત—દુષિત હતો પણ વાત એજ ઠરી કે—" **અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ** "

યમલાર્જુનનાં અઘહરી મંગળ કર્યું તે તો ઠીક પણ અઘાસુર ગળી ગયો તેને માટે પણ તેને મુક્ત—શુદ્ધ જ કરી દીધો ને તે દેહમાંથી નિકળતાં ચોખો આકાશમાં પ્રથમ નજરે પડ્યો ને જેથી વારંવાર સિદ્ધ કર્યું છે કે—

" અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ " એણેજ અનુભવ્યું કે—" અન્ય સંબંધ બંધ થાનારા **અનુ**પતિ વિણ દ્વંદ " એ રીતે અઘહર—

કાલીયનાગનું દ્રષ્ટાન્તે તેવુંજ પ્રબળ છે. તેણે **શ્રી**યમુનાને દુષિત કરી નાંખી હતી, બલ્કે પોતાથી બન્યું તેટલું કર્યા પછી જ્યારે હાર્યો ત્યારે શરણે પડ્યો તો તેનાં પાપતો માફ થયાં પણ તે ચરણ ચિન્હીત શીર્ષવાળો થવાથી ગરૂડજી જેવાથી પણ નિર્ભય એવો મંગળરૂપ થઇ ગયો.

पवित्राणां पवित्रंयो मंगलानां च मंगलं એનો એજ અર્થ છે, કે—" અઘહર મંગળકર " તેની પરિસીમા તે—

दैवतं देवता नांच भूंगानां यो व्ययः पिता । એવા શ્રીવરજ છે.

અને તેજ હિસાબે—એકહી સાધે સબ સધૈ, સબ સાધે એક જાય,
જો મહી સેવે મૂલકો, તો ફુલે ફૂલે અઘાય.

એ પ્રમાણે જેટલાં અનિષ્ટ હોય તે જવાને પૂર્ણ મંગળરૂપ થવા ઠામ ઠામ ફરવા ને અનેક ઉપાય કરવા જરૂરત નથી. શ્રુતિના શબ્દોમાં—" **तमेवैकः विजानथ** " તેને એકનેજ જાણુ તેનોજ અનુભવ કર " **अन्यावाचो विमुंचथ** " અન્ય વાતો પડી મુકય. એમ આજ્ઞા કરી છે. તેજ રીતે પોતે પણ સમજાવ્યું છે, કે " મ્હારામાંજ મન ને મ્હારામાંજ બુદ્ધિ રાખ " તો મનેજ પામીશ ને તેથી ઉર્ધ્વગતિ છે. એમાં સંશય નથી " કારણ આત્માનો વૃત્તિઓદ્વારા તેનો સંબંધ થવો–રહેવો જોઇએ. તે હૃદયમાં દીવ્ય અંગુષ્ઠમાત્ર બિરાજમાન છે. તે પણ તેવાજ તેનો સંબંધ કર્યો કે—

" જેમ અગ્નિ પ્રકટેલો ઘાસને બાળે તેમ યોગીના કિલ્બીષને બાળે છે " ને તેમને તો ઠીક પણ જ્યારે પ્રકટે ત્યારે સાકાર બહાર દેખાય ત્યારે તો જાણે અજાણે જે એના સંબંધમાં વૃત્તિથી ઐકયતાથી આવે તેને તેનો સંબંધ–લ્હાવ આપે છે. શીશુપાલને જેમ વૈરભાવે દ્વેષથી તન્મયતા રહી ને પુંડ્રકને અસુયાથી તેનો વેશધારી તન્મયતા રહી તો કીટભ્રમર ન્યાયથી તે મુક્ત ને મંગળ થયા. એથી પણ પ્રબળ દ્દષ્ટાન્ત જે કૃષ્ણાવતારમાં ગોકુળ મથુરાં વૃંદાવનમાં વિહાર કરાવવા મુખ્ય હેતુ લીલા એ ભૂમીમાં આનંદકેલીમાં સદા વિઘ્ન અનેક પ્રકાર કરનાર, કેવળ સંહાર કરવાનીજ પ્રતિજ્ઞા કરનાર કંસ, તેનો ધ્વંસ કરતાં તેનું પણ બારવર્ષ સુધી શું કામ આઠ પુત્ર થતા સુધી શ્રીવરમાંજ ધ્યાન રહ્યું કે કયારે પ્રકટે ને કયારે મારૂં ! તો તેમાં પરિણામે તે અઘમય દેહથી તેને છુટો કર્યો ને પોતાના મંગળરૂપનો લ્હાવ લીધો. કેવી રીતે તે આંહી આખ્યાન જુવો ને પછી યાદ રાખો. ને અમલ કરી તમે પણ "અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ," જાણી તે મેળવો ને તેજ બન્યો રાખો. કારણ એ પણ જોડેજ ભૂલી ન જાઓ કે—

" અન્ય સંબંધ બંધ થાનારા, અંતે એ વિણ દુઃખ દ્વંદ "
ઇતિ પૂર્વરંગ—વધુ આખ્યાનમાં.

—कंसवधनुं आख्यान—

પદ. " બતા દે સખી " એ રાગ.

અઘહર મંગળકર શ્રી કૃષ્નનો સબંધ, જ્ઞાનાનંદ અનંત,
અન્ય સંબંધો બંધ થાનારા, એ વિણ ભય દુઃખ દ્વંદ્વ.

જ્ઞાનાનંદ અનંતને શ્રીકૃષ્ન થવાનું કારણ-કહી ગયા કે તે સદા પ્રકટ ને સૌને સદા સાધ્ય નથી. પ્રકૃતિ મંડળ આડું છે, ને ભય દુઃખ દ્વંદ્વવાળું છે તે અમનેજ નહીં, દેવોને પણ ! ભૂમિને. અન્ય દેવોને ને ખુદ બ્રહ્માદિને પણ તે જ્યારે ભય દુઃખ તેમનાથી નથી ટળી શકતું ને સહી પણ નથી શકાતું ત્યારે તેઓ તે જ્ઞાનાનંદ અનંતને પ્રાર્થના કરે છે ! કયાં ?

તે સર્વત્ર છે પણ બ્રહ્માદિકને પણ એવો અનુભવ નથી. તેમને માટે ઉરમાં છે તે સમાધી ધરે ત્યારે, ને નહીં તો સૌ માટે તેણે જગત કર્યું, ત્યારે જેમ જનના ઉરમાં એકરૂપ,

તેમ જગતના ઉરમાં એકરૂપ, તેમ જગતના ઉરમાં ઉત્તમ પ્રદેશ ક્ષીર સમુદ્ર શ્વેત દ્વીપમાં પણ " **शान्ताकारं भुजग शयनं** " આદી વદી સૌ જાણે છે કે-" **सर्व लोकैक नाथम्**" છે ને તે ભવ ભયહર છે. તેથી ભવમાં ભય થવાથી ભવમાંના મ્હોટા મ્હોટા શ્રી શુકદેવજીના શબ્દમાં—

ब्रह्मा तदुप धर्याथ सहदेवैस्तयासह ।
जगाम सत्रिनयनं स्तीरं क्षीर पयोनिधे ॥

બ્રહ્માએ ભૂમિનું દુઃખ ધ્યાનમાં લઇ દેવોને તે ભૂદેવી સાથે, ને વળી સાથે ત્રિલોચન શ્રીશંકર પણ હોઇને ક્ષીરસાગરને તીરે ગયા. પણ જ્ઞાનાનંદ અનંતના ત્યાં પણ દર્શન ન થયાં, ત્યારે એજ ઉપાય સમાધી સાધવાનો કર્યો, ને તેમાં પણ તેમનેજ સંભળાય એવો હુકમ માત્ર થયો તે એવો કે સર્વત્ર સર્વેશ્વર જ્ઞાનાનંદ અનંત તો નિરાકાર છે, પણ પોતે મનુષ્ય આકાર ધરીને જ્યાં તેમને તેમના તપના ફળમાં વર દઇ અગાઉથી તેમની યાચનાથી ઠરાવી રાખ્યું છે ત્યાં, પોતે ઇચ્છામાં આવશે ત્યારે પ્રકટ થશે. ને તેથી પછી તેમનાં કષ્ટ જશે ને મંગળ થશે. અને એ વચન અનુભવ સિદ્ધ થશે કે " **અઘહર મંગળકર છે શ્રી કૃષ્ણનો સંબંધ.** " તે જ્ઞાનાનંદ અનંતજ બ્રહ્માના શબ્દોમાં-" **वसुदेव गृहे साक्षात् भगवान्पुरुषः परः** " વસુદેવના ઘરમાં જે પ્રકટશે તે સાક્ષાત ભગવાન પરમ પુરૂપ— ગીતાજીમાં બતાવ્યો છે કે—

पुरुषः स परः पार्थ भक्त्या लभ्यस्त्वनन्यया ।
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥

જેની અંદર આ બધું ઠેર્યું છે ને જે આ બધામાં વ્યાપ્યો છે તેજ જ્ઞાનાનંદ અનંત કહો કે પરમ પુરૂષ કહો, તે અનન્ય ભકિતથી લભ્ય છે-મેળવાય છે. પરિમીત થઇ દેખાય એટલે તેનો લાભ લઇ શકાય છે. તેવી ઘણાઓની અનન્ય ભક્તિના પરિણામેજ તે પ્રકટયા છે. અવતારમાં મુખ્ય હેતુ, એવા અનન્ય જે તેમના વિના રહી ન શકે તેવા વિયોગમાં કુબેલ સાધુને " **परित्राणाय साधुनाम्** " જે વાત બીજા કોઇ ઉપાય સાધનથી નથી બનતી. તે માટે તે પોતેજ પ્રકટે છે. કારણ **અઘહર મંગળકર** તો માત્ર શ્રી કૃષ્ણનોજ સંબંધ છે. ને જે તેજ ચાહે, પિતા પુત્ર, મિત્ર કોઇ ભાવે પણ તેનેજ ચાહે તેમને માટે તે જ્ઞાનાનંદ અનંત તેવા થાય છે ને તેમને પછી જણાય છે કે-" **અઘહર મંગળકર છે શ્રી કૃષ્ણનો સંબંધ** "

કંસવધનું આખ્યાન ઉઠાવવામાં અમારો હેતુ દેવોને તો તારે પણ કંસ જેવાને પણ છેવટ " અઘહર મંગળકર શ્રીકૃષ્ણનો સંબંધ " થાય છે. એમ સિદ્ધ થયું તે સંબંધ થવો રહેવો બસ છે. તેનુંજ ચિન્તવન, તેમાંજ મન રહે એમ બતાવવું છે, તો વસ્તુમાં ગુણ હોય તેનો લાભ મળેજ. તે વસ્તુ સાક્ષાત્ પ્રકટ હોવી જોઇએ. દેવોની પ્રાર્થનાથી થઇ, કંસને તો મારવા થઈ પણ બીના તેમાં એમ બની કે આદિથીજ કંસને એ વાત વિદિત થઇ ગઇ કે, ' **ત્હારી બ્હેનનો આઠમો ગર્ભ ત્હારો મારનાર થશે** " દેવવાણી થઇ હતી કે— **अस्यास्त्वामष्टमो गर्भो हंतायां वहसेऽबुधः** " બસ ત્યારથી તેનું મન તેમાં પેઠું તે બ્યારે

પ્રકટે ને ક્યારે હણું? આપણે જાણીયે છીએ કે તે જે પ્રકટ્યા તેજ **जन्म कर्मच मे दीव्यम्** એવું કહેનારા દીવ્ય કર્મવાળા છે તે જેમ અગાઉથી દેવોની ભૂમિની બ્રહ્માની પ્રાર્થના ઉપરથી પોતાની મરજીમાં આવે ત્યાં ને ત્યારે, તે પણ વાસુદેવના મનમાં પ્રથમ પ્રકટ્યા, ત્યાંથી દેવકીના તરફ પણ પોતાની જ્ઞાનાનંદપણાની પ્રભા યથાયોગ્ય પ્રકટાવતાંજ ને કંસને પ્રભાવ બતાવતાંજ ભયભીત રખાવતાંજ પ્રકટયા. આઠમો ગર્ભ દેવકીને છે. એમ જાણી તે જોવા ગયો ત્યાંજ.

तांवीक्ष्यकंसःप्रभयाजितांतरां विरोचयंतीं भवनं शुचिस्मिताम् ।
आहैषमेप्राणहरोहरिर्गुहां ध्रुवंश्रितोकन्नपुरेयमीदशी ॥ भा. द. पु. अ. २ श्लो. २०

તેની કાન્તિજ કવી અદ્દભૂત? આજુબાજુ ને આખા ભૂવનને ઝળકાવતી જોઇ, તે કંસ સમજી ચૂક્યો કે આ તેજ દેવકીનું નથી, પ્રાકૃત નથી, આગળ તેહ વ્હાવી નહોતી. ઘણીવાર સગર્ભા પણ તેને જોઇ હતી, પણ આ વખતનો તાપ–તેજ ઓર છે; ને તે એટલું બધું કે તેના મ્હોંમાંથી એમ નિકળી ગયું, કે "મ્હારા પ્રાણનો હણનાર આવ્યો" તે હરિ છે. ગુહામાં છે. "ધ્રુવ" આ વાત નક્કી છે. અર્થાત્ દુષ્ટ માણસ પણ સમજે છે કે "**यो वेदनिहितं गुहायां**" તે હવે દેવકીમાં પ્રકટ થયો, ને તે બાહેર પણ આવશે. તે હરિ છે. ને મ્હારા પ્રાણનો હર્તા એવો સમર્થ છે. અને તેથીજ તેને તેનો ભય બન્યોજ રહ્યો. તેનું ચિન્તવન બન્યુંજ રહ્યું.

આપણે જાણીયે છીએ કે **यद्यपि** શ્રીહરિ તો જગતનાજન પેંહે જન્મ્યાથી તે તો—

રાગ કલ્યાણ.

" કમલ નયન પ્રકટયા હરી, ચમક ચમક ચમક ચમક.
" ચતુર્ભુજા સ્યામનાથ, શંખ ચક્ર ગદા હાથ;
" શ્રીવત્સ કૌસ્તુભ ચળકે, રમક ઝમક ઝમક ઝમક.
" પિતાંબરના ધરનાર, સ્મિત કટાક્ષના કરનાર;
" કંકણુને કાન્ચી કરે, દમક દમક દમક દમક.

એટલે એવડા મ્હોટા, એવા અલંકૃત આયુધ ભૂષણ અંબાર, જે રૂપે તે સદા યોગીને ભક્તોને પ્રકટ થાય ત્યારે દેખાય છે. તેજ રૂપ, તેજ દ્રવ્યનું જ્ઞાનાનંદજ, અચિન્ત્ય શક્તિથી પ્રકટ કર્યું, ને પોતે કોણ છે? કેમ આવ્યા? તે તમામ ફરીથી દેવકી વસુદેવને સ્મરણ કરાવ્યું. તેમણે માન્યું, પણ આપણે જાણીએ છીએ કે દેવકીજીએ તે વખતે તો શું પણ તે રૂપે કંસને પ્રકટ ન થાઓ એમ માગી લીધું. જેમને માટે પ્રકટયા, તેમણેજ તે કામ કરતાં રોકયા, તે બોલી જેનો ભાવ—

" શુભ આકાર, હસ્તો ચાર, શંખચક્ર આયુધ ધરનાર, આયુધધાર;
ઝટ સંકેલ્યાં આ આકાર, હે હરિ! જગદાધાર કરૂણા લાવો લાલ લાડકા.

પોતે પ્રકટ તો કરી દીધું છે કે તમારામાં બેઉ ભાવ સાથે અમલ કરે છે. મને બ્રહ્મ જ્ઞાનાનંદ. અનંતે જાણોછો ને પાછો પુત્ર માનો છો; ત્યારે તો "કરૂણા લાવો સાથે લાલ લાડકા" કહોછો તો એ મ્હારાં દર્શન, મ્હારો સંબંધ મ્હારૂં ચિન્તવન જે પરિણામ આણે છે, તે આણુશેજ શ્રીહરિના શબ્દો—

युवां मां पुत्र भावेन ब्रह्म भावेन चासकृत् ।
चिंतयंतौ कृतस्नेहौ यास्येथे मद्गतिं पराम् ॥

" તમે મને પુત્ર ભાવવડે, વા બ્રહ્મભાવવડે પણ વારંવાર ચિન્તવ્યાં કરશો, ને તે સ્નેહપૂર્વક, તેથી મ્હારી પરમગતિને પામશો. " એ રીતે બ્રહ્મભાવ ન હો, ને પુત્રભાવ હો, પણ વસ્તુ અસલ પ્રકટ થઇને તેમાંજ પ્રેમ, તેનુંજ ચિન્તવન રહે તો પરિણામ—

" અઘહર મંગળકરશ્રી કૃષ્ણનો સંબંધ "

તે જ્ઞાનાનંદ અનંત હોઇને કેવળ માતા પિતાની કરગર, વળી નંદ યશોદાના વર વ્રજવાસી, ગોપીયો, શ્રુતિયો, મહર્ષીયો, દેવીયોના અનેકવર, એવાં અસંખ્ય " **साधुना परित्राण**" માટે દેવકી વસુદેવની પ્રાર્થનાને તો પ્રથમ નિમિત્ત કરીને એજ ચતુર્ભુજ અનેક આભરણ આયુધ **दीव्य माल्यांबरधर दीव्यगंधानुलेपनं** તે પણ હતા, તે કોણ જાણે ક્યાં અદૃશ્ય થયાં ? તે સદ્ય શિશુનોજ આકાર એવા થઇ ગયા ! બસ એજ વેશ, એજ ચેષ્ટા, બાળક તે જાણે હાલનુંજ જન્મેલ; હવે તે વાત છેજ નહીં. જે દેવાધિદેવ તરીકે પ્રકટયા હતા. તો પણ શું ? તે શરીર પ્રાકૃત પ્રકૃતિનું તો નહીંજ. દીવ્યજ—જ્ઞાનાનંદાત્મકજ; ને તેની પરિક્ષા પ્રથમજ દઇ સિદ્ધ કરી આપ્યું તેનો એકજ દાખલો દઇ આખ્યાન ખાસપર પહોંચી જશું. કારણ સિદ્ધ તો એજ કરવાનું છે કે—

" અઘહર મંગળકર શ્રીકૃષ્ણનો સંબંધ "

ને તે કંસને થયોજ નહીં પણ તેની મોકલેલ પુતના, જેનાથીં કંસને જણાયું કે મ્હારો શત્રુ કોણ ક્યાં છે ! જેનાવડે તેને તેનું ચિન્તવન પાછું બન્યું રહ્યું. ને તે તેજ " શ્રીકૃષ્ણનો સંબંધ " તે સંબંધ સાંધનારનું શું થયું ? તે ટુંકામાં તપાસી જઇએ.

પદ " બન ગયો ભેદ " એ રાગ.

અહા ક્યાંથી આવીરે, ગોકુળ માંહે; ટેક.
દેવી જાણે લક્ષ્મી જેવી, કર રહી કમળ હલાવી;
આભૂષણ અંબર તન સુંદર, શીશ ગજરો નુપુરો ઠમકાવીરે. ગોકુળ૦
હસતી મંદ કટાક્ષ ફંદથી, વ્રજ સ્ત્રીને ભૂલાવી;
ચાલી આવી નંદભુવનમાં, મોઢી કોઇએ નહીં અટકાવીરે. "
લટકે લાલાને લઇ કરમાં દીધો સ્તને લગાવી;
જોઇ રહ્યાં રોહીણી યશોદા, કોણ ? કયાંની ! કાં કરે કૃતિ અહાવીરે. ગોકુળ૦

ગજલ.

હતાં હા સ્તનો ચોપડેલ ઝેર આ કરે, કળાય ક્યાંથી કે પ્રપંચ વેર આ કરે;
દીધું તદા લઇ લીધું લાલે લઘુ કરે, કીધું પછી પીધું પછી, બન્યું શું આખરે !

ગરબી. ,, સામળા " એ રાગ.

पूत, ना, पूत ना, चुस ना रे, बोल उठी जूठी रुठी मासी पुतनारे.
छोड छोडस्तन, छोड छोड तन, बन निजमनतें कपूतनारे. बोल.
दीया लीया पर जाय जीया, अब तोपें चलाहा ! मेरा तूतनारे. "

ગરબી. "શરીર તણું" એ રાગ.

પકડે કૃષ્ણ કરે, તે ઠરે તે પછી સદા તેનું.
છોડે નહીં આખરે, તે ખરે તે બને છે મજેનું.
વેશ માતા તણો, દ્વેષ ઘાતા તણો;
દીધું તે પીધું, અઘજ લીધું, પાવન કીધું, તન સહ જીવન તેનું.

(બેશક તે પાપનું ફળે પામી, ઘણું કષ્ટાઇને જગતના જોવામાં તે મરી ગઇ. મોત ફાંસીથી વધુ શિક્ષા અઇ પણ શું કરી શકે ! પણ પરિણામ તપાસવાનું છે.) સંબંધ તેજ કરવા આવી, તેણે જ કીધો. પછી પ્રભુએ ન છોડ્યો. તેનો દેહ નકામો અઘરૂપ હતો તો ફોડ્યો, પણ તેનો જીવ મંગળ કરી પોતા સાથે જોડ્યો, ને તેની પ્રતીતિ આખા વૃંદાવનને કરી. કેવી રીતે તે જુવોને પછી ઉચરો કે—

"અઘહર મંગળકર શ્રી કૃષ્નનો સંબંધ"

દોહરો.

પડી ઉપડી ને તે પડી, હવે નથી ઉઠનાર; (એ દેહ વડે)
કોને અહીં પીડા પડી, જે કહેશે ઉઠ, નાર.

લાલાને સ્નેહથી ઝટ તેના પહાડ જેવા બની ગયેલા અંગપરથી ઉચકી લીધા, ને પીશાચણીને બડા કષ્ટે વગે કરી. કારણ તેની કાયા ઘણીજ મ્હોટી હતી તેથી—

ગરબી.

કટકા કાપી કુહાડીએથી કરી ઢગલા બહુ આઘે રે,
આગળ પાછળ મુકી લાકડાં દીધી સૌને આગે. જોઇ કૌતુક દૂરથી.
તન બળવાથી વનમાં શું, પસરી સુગંધ મનહારીરે;
સમજે જનશું કૃષ્ણચંદ્ર સંબંધ તણી બલિહારી. જોઇ કૌતુક દૂરથી.

અઘહરે તેનું સકળ જ પ્રબળ, અઘહરી ચુંબી શોપી તેની દેહે વિશુદ્ધ કરી તેમાં સ્વતન સુગંધ ભરી પછી તેના આત્માનું શું કહેવું ? શ્રી શુકદેવજીનાજ શબ્દો ઠીક પડશે.

दह्यमानस्य देहस्य धूमश्चागुरु सौरभः ।
उत्थितः कृष्ण निर्मुक्त स वधाहत पाप्मनः ॥

તે બળનારીના દેહનો અગરૂ જેવો ઉત્કટ સુગંધ કેમ ન નિકળે ? શ્રી કૃષ્ન પાપને હણુનાર અઘ હરનાર, તેનો સંબંધ થયો, તે તેનાં પાપ ચુરી ગયા. શા માટે ? તેણે માતાનો વેશ કાઢીને પણ સ્તન દીધું, વિષ સાથે પણ દૂધપાનનું મીષ કીધું, તેની, તે મૂળે કેવી ?

पूतना लोक बालघ्नी राक्षसी रुधिराशना ।
जिघांसयाऽपिहरयेस्तनंदत्वाऽऽपसद्गतिम् ॥
किंपुनः श्रद्धया भक्तया कृष्णाय परमात्मने ।
यच्छन्प्रियतमं किंनु रक्तास्तन्मातरो यथा ॥

પૂતના લોકનાં બાળ મારવાનો ધંધો, જાતે રાક્ષસી, લોહી પાનાદિ આહાર, ને મારવાનો વિચાર છતાં, હરિને સ્તન આપ્યાથી સદ્ગતિ પામી. શુકદેવજી કહે છે–તે હરિનો સંબંધ !

ફરી કહે છે. પછી જે શ્રદ્ધા ભક્તિવડે **શ્રી**કૃષ્ણ પરમાત્માને પ્રીયતમ માની, તેમાં અનુરક્ત રહી માતરો સેવે, તેનું શું કહેવું? અર્થાત્ કોઈ પણ તેને ન્હાના બાળક જાણી, કૃષ્ણને પરમાત્મા માની ભક્તિ શ્રદ્ધાથી સંબંધ કરે તો તો ઠરેજ. "અઘહર મંગળકર શ્રી કૃષ્ણનો સંબંધ"

પૂતનાનાં પ્રસંગમાં એ વાત તો અનુમાને સિદ્ધ કરી કે તેના દેહની દશા અહાવી ઉત્તમ થઇ ગઇ, તો તેના આત્માનું શું કહેવું? પણ એક દૃષ્ટાન્ત અહીં એવું પણ દેવું ઉચિત છે, કે જેમાં આત્માનો પણ ઉદ્ધાર ને સ્વીકાર શ્રીકૃષ્ને કર્યો ને તે જેમ વધુ અઘનું ભાજન, તેમ તેને હરનારની વધુ વડાઇ, તેનું નામજ લેખાય તેવું છે.

હરિગીત.

બક પૂતનાનો ભ્રાત "અઘ" પ્રખ્યાત નામજ **ધારતો,**
આવ્યો અહીં થઇ ઘાત કરવા અતિ અંગ વ**ધારતો;**
મુખ ફાડ ફાડી પ્હાડ વીવર સમો ઉરે એ **ધારતો.**
કરૂં બંધ અંદર કૃષ્ણ આવે સર્વનો આ**ધાર તો,**

આપણે જાણ્યું છે, કે પ્રથમતો તે ન આવ્યા પણ સર્વ જ્યારે ગ્વાલબાલો ભીતર ધરી ભરાયા, ત્યારે તે સર્વના આધાર પણ મહીં પહોંચ્યો. આ **અ**ઘાસુર કેવો પ્રબળ હતો? તેનો પુરાવો ત્યાંજ છે કે–

દીંડી.

ગયા અજગર મુખ ધશી કૃષ્ણચંદ્ર, કર્યું તેજ ક્ષણે અસુરે મુખ બંધ;
જુવે દેવ સિદ્ધ છુપીને આકાશ, પડ્યો સર્વ ચિત્તે એથી અતિ ત્રાસ,
કાળમુખે કૃષ્ણ પડ્યા આપ **ધાઇ**, આપ આપથકીરે ગયા બં**ધાઇ;**
જશે પ્રાણ માંહીના મહીં રૂંધાઇ, જશે કંસગ્રહે હવે શું વ**ધાઈ!**

એમ બહાર રહ્યા બૂમો પાડતા રહ્યા તે એક, મદદમાં તો નિચે ન ઉતર્યા, પણ ઉપર પણ **શ્રી** શુકદેવજી કહે છે—"**घनच्छदा**" વાદળાંની ઓથમાં છુપ્યા છુપ્યા લપાઇ જોતા હતા, ત્યાં રહે ડર, કે રખે અમને **અ**ઘાસુર દેખશે તો શુંએ કરશે? તે શું કરે? તેનું કામ બન્યું—"**અઘહર મંગળકર શ્રી કૃષ્ણનો સંબંધ**"

પૂતનાના તેજ તેના **બ**કના ઘાટ. તનમાં તો કષ્ટનો પાર ન રહ્યો, શું જીવદેહ છોડી બહાર નિકળ્યો, પણ તેનું શું થયું? તેજ પ્રશ્ન એજ જોવાનું છે, એમાં ઘણું વિચારવા લક્ષમાં ઉતારવાનું છે-**શ્રી** શુકદેવજી કહે છે–

पीनाहिभोगोत्थित मद्भुतं महज्ज्योतिः स्वधाम्ना ज्वलयद्दिशो दश ।
प्रतीक्ष्य खेऽवस्थितमीश निर्गमं विवेशतस्मिन्मिषतांदिवौकसाम् ॥

અજગરના દેહમાંથી નિકળેલ અદ્ભૂત ને મહત્ જ્યોતિ, જે પોતાની કાન્તિવડે દશે દિશાને પ્રકાશિત કરી રહ્યું હતું તે આકાશમાં ઇશ બહાર નિકળ્યા ત્યાં સુધી ઠેર્યું, ને પછી દેવતાઓના દેખતાં તેમાં પેઠું.

આત્મા જે દેહથી ભિન્ન, અણુ, જ્ઞાનસ્વરૂપ છે તે એજ શુદ્ધ થયાથી ચમક્યો; ને પ્રભુની વાટ જોઇ રહ્યો. તે પોતે અજગરની દેહથી બહાર નિકળ્યા ત્યારે તેમાં પેશી ગયો.

જ્ઞાનાનંદ અનંતમાં શુદ્ધ આત્મા આ રીતે પ્રવેશ કરે છે. તે શુદ્ધ થયે ઘટાકાશવત નથી થતો, જૂદો રહી જૂદા જે **શ્રીહરિ** તેજ **શ્રીકૃષ્ણ** જેના સંબંધે—

" अघोपि यत्स्पर्शन धौत पातकः प्राप्यात्म साम्यंत्वसतां सुदुर्लभम् "

અઘ પણ જેના સ્પર્શવડે પાતક ધોઇને તેની સમાનતા પામ્યો. જે અસત ને દુર્લભ છે. એથી કેવું સ્પષ્ટતમ સિદ્ધ થયું કે-" **અઘહર મંગલકર શ્રી કૃષ્ણનો સંબંધ** " અને એજ' ' જ્ઞાનાનંદ અનંત " છે—

એટલેથી કંઇ કંસ અટકયો નથી, તે તો ઉત્તરોત્તર અનુચરો મોકલતોજ ગયો, તે મરતા ગયા; તેમ તેમ કંસનો ભય વધતો ગયો. છેવટે '. છેલ્લો ઉપાય છાશ ' જાતે સંબંધ કરવા ચાહ્યું. તેમાં પણ આડ મુંકાય તેટલી રાખી.

સાખી.

કેશી મોકલ્યો, મલ બોલાવ્યા, યુક્તિ રચી મન ભાવી !
મહાવત મહાગજ સહ સજ કીધા, જૂઠું નિમિત બનાવી;
અક્રુરજીને, મોકલી..............લીધા મંગાવી.

ગીત.

પહોંચ્યા પ્રભુ શ્રી મથુરાં, અક્રુરની નહિ માની મી**જમાની,**
માની કંસે માની, કીધી પાળી પુરીજ **જમાની.**

મથુરાં આખું જાણતું હતું કે તે કંસના કાળ છે. કંસ ક્રૂરની સહુને બડો ફાળ છે. છતાં પણ આ મનોહારી એવા બાળ છે, કે તેનાપર વિશ્વને અતિશય વ્હાલ છે.

પદ " બન ગયો બેદ. "

મથુરામાં વધાઇ, આવ્યા બેઉ ભાઇ. ટેક.
નગરી જોવા હારે નિકળ્યા, હરિ, જોવા નગરી ધાઇ;
નારી તો બલિહારી ગઇ પણ નરે રહ્યા મનહરમાં લોભાઇ. આવ્યા.

દોહરો.

મન વિકસિત કરી સ્વજનનાં, થયા વિકાસિત આપ,
પ્યાસાંને અમૃત મળ્યું, રહે કયાં પાપ ત્રિતાપ !

કારણ—" **અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ.** "

શહેરની સ્વરૂપા, ચતુર, શ્રીમાન, મદાંધ નારીયો પણ બલિહારી ગઇ કે-**શ્રી** શુક-દેવજી કહે છે—

प्रासाद शिखिरारूढाः प्रीत्युत्फुल्ल मुखाम्बुजाः ।
अभ्य वर्षन् सौमनस्यैः प्रमदा बल केशवो ॥

તેવી સ્થિતિમાં રહી રહી **ગોપીયો** તો પતિ તજી વનમાં ભાગી, પણ આતો—

ચઢી અટારી બારીએ, નારી સહુ સુકુમાર,
એક બીજીને તેડતી જોતાં થાતી તુરત તદાકાર. બલીહારી.
અવળું અંબર ધારતી, રહે ઉઘાડું અંગ;
એક કાનમાં ફૂલ બે, પ્હેરી નિરખતી પ્રિય નવરંગ. "

કરમાં પહેરે નુપુરો, કંકણુ ધારે પાદ,
એક આંખ આંજેલ ને, જાવા ધાતી તજી મરયાદ.
જમતી ન્હાતી, ઉઠતી, રાખી ન સકતી ભાન;
દર્શન ઉત્સવ માણુતાં, થાતી સરવ સખી ગુલતાન. ”

કારણુ એજ—“ અઘહર મંગળકર શ્રીકૃષ્નનો સંબંધ ” જ્ઞાનાનંદ અનંત. ”

સ્રીયોનીજ આ સ્થિતિ હતી એમ નહીં, પુરૂષો પણુ એમજ પ્રેમે પુજવા લાગ્યા ત્યાંના મૂળ શબ્દોમાં—

दध्यक्षतैः सोदपात्रैः स्रग्गंधैरभ्युपायनैः ।
तावानर्चुः प्रमुदिता स्तत्रतत्र द्विजातयः ॥

દધી અક્ષતવડે, તો કોઇ જળપાત્ર, સુગંધીવડે, ભેટોવડે, પ્રસન્ન થતા થતા દ્વિજ આદિ ત્હાં ત્હાં પુજનજ કરે ગયા. કારણુ સહુનેજ સરખો “ **અઘહર મંગળ** ” ભક્ત અભક્ત નવા ભક્ત.

“ માલી દરજીને મળી, આપી ઉચિત ઇનસાફ;
કુબડીને રૂપડી કરી, કરી દોષ સહુ માફ. ” કારણુ એજ—

“ અઘહર મંગળકર શ્રીવરનો સંબંધ, જ્ઞાનાનંદ અનંત. ”

પદ. “ એસી ચતુરનાર ” એ રાગ.

આવ્યા ધનુષસ્થાન, ગોકુળના કાન, માનીતું ન માની ધસીને શ્રીમાન;
કર પકડી તોડી નાંખ્યું લચકાવી. આવ્યા.
રવ ગયો આકાશ, પામ્યો કંસ ત્રાસ, રક્ષક સશસ્ત્ર સધસ્યા પાસ;
પામ્યા વિનાશ, શકે કેમ કો ફાવી. આવ્યા.
વિજયી સુગાત, ચાલ્યા ભ્રાત સાથ, માન્યા સરવે છે સુર નાથ;
ઘર ઘર નારી નરે વાત મ્હલાવી. ”
રહ્યો કંસ દુઃખીત, નીશભર ભયભીત, દેખે દુર્નિમિત્ત, માન્યું મૃત્યુ ખચિત;
તો એ પ્રાત ઘાત કરવી મન ભાવી. આવ્યા.

લાવણી.

નૃપે કરાવી સૌ તૈયારી, રચ્યો અખાડો મહાભારી;
જોવાને વિક્રાળ ખેલ આ તેડાવ્યાં સહુ નરનારી.
રાણીવાસની બેઠક જુદી, બેઠક જુદી નૃપ જનની;
પુરજનની બેઠકો બનાવી, બેઠક જુદી સ્રી જનની.
ગોપનંદ આદિની જુદી, બેઠક કીધી જોવાને;
દુઃખી દેવકી વસુદેવની પણુ બેઠક અશ્રુ ધોવાને.
આવી ઉભા અખાડા વચમાં, મહાન મલ્લો જમ જેવા;
ભુંગળ ભેર નગારાં વાજાં, ઘોર કરે ભયંકર તેવા.
સૌથી ઊંચે આસન આવી, બેઠો ક્રૂર કંસ પાપી;
ઝટપટ ચલાવો યુદ્ધ મલ્લ સહુ, એવી ત્યાં આજ્ઞા આપી.

ગીતિ.

શુદ્ધ સુણી ઝટ ધાયા, રામ કૃષ્ણ બેઉ કુંવર કુસુમ કાયા;
રંગદ્વારમાં આવ્યા, ગજ આડો દેખીને ન ધભરાયા.

વધુ ક્યાં વિસ્તાર કરેલ જ છે ! ટુંકામાં જ સંભળાયું કે—

પદ ભેરવી.

રંગદ્વાર ઉપર તકરાર થઇ, લોકોની બડી રાડ થઇ. રંગ.
મારગમાં ઉભા હસ્તિની, મસ્તીથી બડી આડ થઇ. "
વાત વધી આવી શું અવધી, જધી નાંખ્યા નહીં વાર થઇ. "

બસ તુરત—" એ આવે હરિ " એ રાગ કલ્યાણ.

મલ્લ અખાડે આવે શ્રી નટવર, લોચન મન લલસાવે, શ્રી નટવર.
ગજના રૂધીરબીંદુથી રંગીત, અંગ અધિક દીપાવે. શ્રી નટવર.
શ્વેદ કણિકા વદનકમળપર, મોતીને એ લજાવે. „
દ્વય ગજદંત આયુધો ઉત્તમ, કર ધરી અરીને અડાવે. „
ગ્વાલબાલના શુભ મંડલસહ, લોકની ભીડ હઠાવે. „
પુર દમામથી બન્ને ભ્રાતા, કુમાર સદ્દ્ગશ સોહાવે. „

પદ " સજ્જન મુખડા " એ રાગ.

અખાડે આવ્યા જગરાયારે, જેને જેવો ભાવ હતો, તેવાજ જણાયારે. ટેક.
મલ્લે દીઠા મહા મલ્લરૂપ, લોકોએ માન્યા એજ ભૂપ,
વળી કામ સ્વરૂપ દીઠા સ્ત્રીજને, સૌપર પડી છાયારે. અખાડે.
ગોપોએ દીઠા સ્વજન ભ્રાત, દુષ્ટોએ દીઠા પ્રબળનાથ;
શીશુ જાણી હરખ્યો વડીલ સાથ, અતિ કોમળ કાયારે. „
કંસે માન્યું છે મૃત્યુ એજ, વિદુષોએ દીઠા વિરાટ છેજ;
યોગી પરતત્વ પ્રભુએ દેખી અતિશય હરખાયારે. „

ને છે પણ એમજ—" જ્ઞાનાનંદ અનંત " પણ આહીં તો—" જેનો જેવો ભાવ હતો તેવાજ જણાયા " એમ એક વેળા આખી મથુરાંને રમણિય આહીં કંસને કાળરૂપજ જે સદા ચિન્તવન કરતો, બાર વર્ષથી એના ભયેજ જીવન કાઢતો હતો, તેણે આખર દીઠા, તેમજ દેવકી વસુદેવે પણ બારે વર્ષે દીઠા, તે સ્નેહે વિયોગથી ચિન્તવન કરતાં હતાં. પહેલો અઘથી ચિન્તવન કરતો હતો તેથી તેના અઘહર, બીજાં પ્રેમથી સ્મરણુનાર હતાં તેના મંગળકર, હમણાં સિદ્ધ થશે કે એ રીતે—

—અઘહર મંગળકર શ્રી કૃષ્ણનો સંબંધ—

દોહરો.

દીઠા અનેક એકને, શું અનેક આકાર,
સ્વભાવનાજ પ્રભાવથી, થયા ભાવનાકાર.

મ્હોટો ભાગ મોહીજ ગયો— ગજલ.

" જોતાંજ લાલ સભા તદાકાર થઇ ગઈ,
" ચરચા ચરિત્રનીજ દારોદાર થઇ રહી.

અને તે ગુણાનું વર્ણન થવા સાથે તેના સ્હામું જોતાં "જ્ઞાનાનંદ અનંત" ના દીવ્ય મંગળ વિગ્રહનો શું સૌને અનુભવ એકંદર થયો! આવતાં એક છાપ, ને પછવાડે શું પ્રતાપ દેખાડયો! અહાહા! **શ્રી** શુકદેવજી કહે છે—સૌને એમજ થયું કે—

"આ એ રસના સમુદ્ર-સુગંધના ગુચ્છો, રૂપના સાગર, હૃદય ઉજાગર, નટવર નાગરને શું કરી નાંખીએ! સર્વ ઇન્દ્રિયો સહુની તેમાં ઠરી ગઇ, ને સર્વ પ્રકારના અનુભવ તે એકમાંજ કરી રહી. કારણ શ્રુતિ પ્રમાણેજ "**येनरुप रसगंधं**" તે અહીં સાક્ષાતજ છે. એટલે **શ્રી** શુકદેવજીના શબ્દમાં સૌએ જાણે છે કે—

पिबंत इव चक्षुभ्यां लिहंत इवजिव्हया ।
जिघ्रंत इव नासाभ्यां श्लिष्यंत इव बाहुभिः ॥

અર્થ—આંખોવડે જાણે પી જઇએ, જીહ્વા (જીભ) વડે જાણે ચાટી જઇએ, નાકવડે જાણે સુંઘ્યાંજ કરીએ ને બાહુવડે જાણે ભેટયાંજ કરીએ. શું માનસિક તેવોજ અનુભવ સહુ કરવા લાગ્યાં—

દોહરો.

"મલ્લ લડ્યા મરીને પડ્યા, બબડ્યા કીધા કંસ;
લડ્યા ધાટ સૌને નડયા પામ્યા પુરો ધ્વંસ.— છેવટ—

કલ્યાણ, "દીન બંધુ" એ રાગ.

કંસ ધ્વંસ કાજ નટવર તૈયાર થયા, અધહાર થયા, સુખકાર થયા. કંસ,
છોટા છેલ છબિલાથી જન છકિત થયા, મારી ત્યાં છલંગ સહુ સાથે ચકિત થયા;
ઉપર પહોંચી ગયા, સરવ શોચી રહ્યા. હાં-હાં-હાં-હાં. કંસ.
મોતનો સંબંધ થયો જોઇ કંસતદા, ખડ્ગ ચર્મધરી કરવા વિધ્વંસ જદા;
વૃથા મથી રહ્યો, સદ્ય પતી ગયો...હાં-હાં-હાં-હાં, કંસ.
ગરૂડ સર્પ ગ્રહે તેમ કેશથી પકડી, નાંખી ભૂમિપર ઉપર પડ્યા તેજ ઘડી;
ગયો જીવ નીસરી. પુની થઇ તીસરી હાં-હાં-હાં-હાં કંસ.

શુકદેવજીના શબ્દમાં—

सनित्यदो द्विग्नधियातमीश्वरं पिबन्वदन्वा विचरन्स्वपन्श्वसन् ।
ददर्श चक्रायुधमग्रतोयतस्तदेवरूपं दुर वाप माप ॥

તે નિત્ય ઉદ્વિગ્ન બુદ્ધિવડે તે ઇશ્વરને ખાતે પીતે ફરતે સૂતે શ્વાસ લેતે પણ ચક્રધારીને આગળને આગળ જોતો તેથી તેજ રૂપ અંતે અપ્રાપ્યને પણ પામી ગયો. ત્યારેજ દેવે દુંદુભી વગાડી **શ્રી**હરિસાથે કંસનો પણ જય કહી કહ્યું—

"અઘહર મંગળકર શ્રી કૃષ્ણનો સંબંધ, જ્ઞાનાનંદ અનંત"
"અન્ય સંબંધ બંધ થનારા, એ વિણ ભય દુખ દ્વંદ" ઇતિ.
અંત એજ **શ્રી કૃષ્ણચંદ્ર બળદેવની જય જય.**

॥ श्री हरिः ॥

श्री तोंडमान चरित्र.

(લેખક મે. અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રી વૈષ્ણવ.)

પૂર્વરંગ.

સોરઠનું પદ.

ભૂલ્યાંને હરિ નહિં ભૂલે, ભૂલો નિજ જનની ભૂલે રે,
દયા ધારી **અનુ** લે છે સુધારી, જો ધણી ધારી કબુલે રે. ભૂલ્યાં.

પ્રકૃતિ પુરૂષ ને પરમાત્મા, માયા જીવ ને ઇશ્વર ત્રણે અનાદિથી છે. ત્રણે સાથે છે. બહાર પ્રકૃતિ તેમાં જીવ, તેમાં પરમાત્મા. એટલે જીવ વચમાં છે, તે જ્ઞાનસ્વરૂપ જ્ઞાનવાન છે. તે પોતાના જ્ઞાનના કીરણો–શ્રુતિ કહે છે.

" परां च खांनि न्यतृणत् स्वयंभूतस्मात्परं पश्यन्ति नांतरात्मा
कश्चिद्धीर प्रत्यगात्मा नमैक्षत् मावृत चक्षुममृतत्वमेति "

પરના તરફ જીવે પોતાની રશ્મિયોને ઇન્દ્રિયોદ્વારા ફેંકી છે, તેથી તે પરને જુવે છે. બહારના પદાર્થ પ્રકૃતિને જુવે છે. ભીતર જે પરમાત્મા છે તેને નથી જોતા, તે તો સાધારણ સર્વ ચેતનોની વાત છે. બધ્ધો સંસારી તેથીજ છે.

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥ गी. अ. १३--२१ ॥

પુરૂષ પ્રકૃતિમાં રહીને પ્રકૃતિથી ઉપજતા ગુણોને ભોગવે છે. ને ઉંચ નીચ યોનિમાં તેનો જન્મ થાય છે, તેનું કારણ પણ પ્રકૃતિના ગુણોનોજ સંગ છે.

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात्रिभिर्गुणैः ॥ गी. अ. १८--४० ॥

પૃથ્વીમાં વા આકાશમાં દેવોમાં, પણ કોઇ પ્રાણી એવું નથી કે જે આ પ્રકૃતિના ત્રણ ગુણોથી મુક્ત હોય. " **आ ब्रह्म स्तम्ब पर्यन्तं** " બધાંજ પ્રકૃતિના બંધનમાં છે. તેમાં પ્રથમ ભૂલ " દેહ તે હું " એમ. અનહમમાં અહંપણું જેનું નામ " અહંકાર " તેથી શરૂ થાય છે. જેવી દેહ મળે તેવો હું બ્રાહ્મણ, દેવ, બ્રહ્માને પણ , " હું બ્રહ્મા " એમ શરૂ થાય છે. ત્યાંથીજ મ્હારો હાથ પગ આંખને લઇને મ્હારૂં ઘર, ધન, જન, સામન એ બધાં પોતાના દેહમાં આવ્યા પહેલાં પણ ગમે તે રૂપમાં હોયજ ને પછવાડે પણ રહેવાના હોય, છતાં તે " મ્હારાં " એમ ' મમકાર ' આવે છે. ને વધુ મ્હારાં થાય એમ પાછો, લોભ તેની કામનાથી થાય છે. પછી તો રાગ સાથે દ્વેષ પછી ક્રોધ, અસુયા, ને પછી તો મહામોહનો કેટલો પરિવાર કહીએ ! દુર્ગુણ ભંડાર થઇ જવાય છે. એટલે દુરાચાર તેના ફળમાં દુઃખરૂપ સંસાર સાગર થઇ પડે છે, ત્યારે તેનાથી કંટાળે ને રાડો પાડે છે. તેમાંથી નિકળવા—

લાચાર શિશુ આ ડાર છે, દુઃખીયો અપાર છે,
ભવ ઉદધીમાંહે ખવાર છે, દુઃખીયો અપાર છે. ટેક.
માયા વમળમાં નાવ મ્હારૂં, ખાય છે ગોથાં;
વાસનાનો વાયુ વાયે, પ્રેરે હારોહાર છે. લાચાર.
પાપે ફૂટાઈ બન્યું પુરાનું, પાપથી લાધું,
અથડાઈ તે અબવચ, અચાનક ફૂટનાર છે. લાચાર.
અનુ જો ડુબ્યો તો ફરી ઉગરે, લાગ તેમ નથી;
માટે પ્રભુ કર વ્હાર તો, મ્હારો બેડો પાર છે. ,,

અહાવો પુકાર કરે તેને **"ધણીધારી કણુલે તો દયા ધારી, અનુ લે છે ઉદ્ધારી"** કારણ તેનો સ્વભાવજ છે. "**ભૂલ્યાને નહીં** ભૂલે."

સ્વબળથી સુધરાય તેમ છેજ નહીં એ બાબત વધુ વિચાર કરી જોયો તો આમ જણાયું છે કે—સર્વત્ર સર્વને માટે એકજ વાત છે.

धनाश्री पद—

भूल भूल ओर भूक, कहा कहै भूल भूल ओर भूल;
रहे भूलमें डूल, कहे कहा भूल भूल ओर भूल.
" फसें प्रकृतिमें अनादितें येहि भूलका मूल. "

स्वरूप જ અમારૂં અનાદિથી પ્રકૃતિમાશ્ર પુરૂષ એટલે પુરમાં વસતો સુતો, ને તેથીજ સ્વસ્વરૂપને કદી જોયું અનુભવ્યુંજ નથી. જે જોયું તે પ્રકૃતિમિશ્ર તેમાં પણ પ્રકૃતિનું જ દર્શન કારણ જ્યાંસુધી પ્રકૃતિસંબંધ હોય ત્યાંસુધી, યથાર્થ સ્વસ્વરૂપ અનુભવાયજ નહીં. એટલે દીઠું નથી, અનુભવ્યું નથી. તેનું મને કેમ થાય ! તે તરફ પ્રવૃત્તિએ દેખાયા વિના કેમ થાય ! જેને જોયું જાણ્યું તેનુંજ મન, તેનાજ વિચાર થાય ને તેમાં તો—

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायते कामः कामात्क्रोधोऽभि जायते ॥ गी. अ. २--६२

એમ કામના થાય, ને તે માટે ધર્મ, પછી અર્થ એઉ ઉપાય, શાસ્ત્રથી પણ નિયત છે. તે પ્રમાણે વર્તે તો તે પ્રાકૃતભોગ મળે છે, તેમાં પાછું તારતમ્ય ઉત્તરોત્તર શતગુણ, બ્રહ્માનાં લોકના ભોગ તો કેટલા બધા ચઢીયાતા છે. તે મળે તે ભોગવીએ, તે પુરા થાય, તેથી પડતું પડે, પણ પાછું તેનું મન, પાછો તેનો પ્રયાસ, એમ ચઢઉતરજ "**गतागतं कामकामा लभंते**" જવું આવવું કામની કામનાઓ માટે અથડાયા કરવું. તેમાં વળી હદ છોડી દઈએ તો વળી નીચે ઉતરી જઈએ. તોપણ ત્યાં ફળ ભોગવી પાછા મનુષ્ય પાછાં કર્મફળ એમજ અદ્યાપિ ચાલ્યું છે, ને ચાલ્યું જવા સંભવ છે. કારણ હજી સ્વરૂપ પ્રકૃતિ યુક્તજ છે. કોઇક દિવસ તો આ સંસાર પુરો થતો હશે, ને તે દિવસ તો અમારો છુટકો થતો હશે ? તેમ નથી. તે વખત તો ઊલટું—

" प्रलय समय सबहि रहे सरिखे, भूलगये बीलकुल. कहा कहै. "

તે વખત તો વળી આ દેહમાં "અમે" કયાંક, કોક છઈએ એટલું જે હાલ જ્ઞાન (જીવસંબંધી) છે તે પણ નથી રહેતું. બીલકુલ શુશુપ્તિવત્ સોજ થઇ જઇએ છીએ, પશુ-

ને મનુષ્ય, દેવ, સર્પ, છે કે અજ્ઞાન અવસ્થામાં, ને તેમાં આખો શ્રુષ્ટી સમય અથડાયા છતાં કર્મો કર્યાં ભોગવ્યાં ગયાં હોય, તેમનાં ખાતાં સરભર થઇ સકતાંજ નથી. અથવા પુન્ય પાપની બાજુ જમે ખર્ચ થઇને ભરપાઈ થતી નથી-થઈ શકતી નથી. તેથી બાકી કર્મ સાથેજ જેટલાં પ્રલયમાં સુવે તેટલાં રહે છે. એટલે નવી શ્રુષ્ટી વેલા પણ જેમ શુશુપ્તિમાંથી જાગ્યા, એટલે મુંકયું ત્યાંથી શરૂ તેમજ બંધન કર્મ, સાથે તે પ્રમાણેજ શરૂવાત થાય છે.

" जगाये तबहु भूल भरा तन, रज तम मय है कुल. कहा कहै. "

આદિ પુરૂષ પિતામહ **બ્રહ્મા** પણ રજમાંથી પ્રકટે છે. ને પોતે પ્રકટતાંજ ભૂલે છે. ઘભરાયેલાજ જાગે છે. તે જ્યાંસુધી એ દેહમાં રહે ત્યાંસુધી રજોગુણનાજ અભિમાની દેવ ગણાય પણ છે, ને કામે પ્રજા વધારેજ જવાનું કર્યા જાય છે. ત્યાં અવર દેવ મનુષ્યનું તો કહેવુંજ શું ? યદ્યપિ બ્રાહ્મણને વેદ મળે છે, અમને પણ પરંપરા જ્ઞાન, તેજ વેદ મળે છે, તેમાં ભૂલ નથી; પણ તેને જોવાને જ્ઞાન, આંખ બુદ્ધિતો અમારીજ વાપરવાની. તે શુદ્ધ સાત્વિક હોઈ શકતી જ નથી. ત્યારેજ કહ્યું કે—

" शास्त्र दीयेपर दृष्टि वोहि, सत्य लहे क्या धूल ! कहा कहै. "

તેથીજ અનેક તંત્ર, મંત્ર, જપ, દેવ, ઉપાસના પુરાણો સ્મૃતિમાં પણ વિવિધતા થઇ ગઇ છે. એટલે સ્વબળથી ઉપાય કરવા શાસ્ત્ર વાંચીએ તો પણ "યથાર્થ" સ્વબળથી નજ સમજાય પછી અનુષ્ટાનતો સમજ પ્રમાણે જ થાય તે અનુષ્ટાન કરનારે—

" कृति करे सो भूल अहं मम, येहि मुख्य प्रतिकुल;
न करे तो कछु बनहि न सके, फोकट सबकी फूल. कहा कहै. "

જે અમે કર્મ કરનાર તે "હું બ્રાહ્મણ, વિદ્વાન અમુક ક્રિયા શીખ્યો, તે માટે સાધન મેળવ્યાં, ને કર્મ કરૂં છું એમ વૃત્તિમાં ને કૃતિમાં, સાધનમાં ને ફળમાં, અહંકાર મમકારનો અંશ રહે નહીં તો કૃતિજ કયાંથી થાય ! અને તેજ **अहंकार ममकार** જ **संसारमातृ** " છે, સ્થિતિ અમારી પ્રકૃતિના સાથના અમારા સંબંધની જોઇને બધા જ ભૂલ્યા છે, ને પોતાથી સાધન શાસ્ત્ર દીધા છતાં કેવલ સ્વબળથી નહિ ઠેકાણે પડે એમ જોઇ, તેમને કરવા દ્યો ફૂટાવા દ્યો. એમજ પ્રભુએ લીલા વિભૂતિમાં લીલા નથી રાખી, પણ જણાય છે કે

"ભૂલ્યાને હરિ નહીં ભૂલે."

જો ભૂલ્યાંજ રહેવા દેવાં હતતો શ્રષ્ટીમાં જગાડવાનો જ શ્રમ શું કામ કરત ! તેને કંઇ આ જગત કર્યા વિના નહોતું ચાલતું એમ નથી.

आप्त कामस्य का स्पृहा " न मां कर्माणि लिम्पन्ति न मे कर्म फले स्पृहा ॥"

એમ પોતે "પૂર્ણ કામ" સ્વતઃ આ માથાફોડમાં પણ પોતાને ફળની સ્પૃહા નથી, છતાં જ્યારે કરણ કલેવર શાસ્ત્ર આપીને પણ અલગ નથી રહેતા, બ્રહ્માનેજ જાતે જણાઇ જાતે શાસ્ત્ર સમજાવી વખતો વખતે પાછી ખબર લીધા કરે છે, તેના રાજ્યમાં એક દિવસમાં દસવાર ખબર લઇ જાય છે, તેથી એજ સિદ્ધ કરે છે, કે "**ભૂલ્યાને**" એમજ મુઆ કે બધું ભૂલ્યા છતાં નવા દેહ તૈયાર કરી તેમાં મોકલી જગાડે ને જીવાડે પાળે ને સંભાળે છે. જ્યાં સુધી અમે જાણતા પણ નથી હોતા કે તે કોણ છે ! ને આજે હજારો લાખો એવા છે જે તેને જાણતાજ નથી, બલકે મનુષ્યથી નીચી યોની વાળાને તો કાંઇ તે વિશે ખબર નથી,

ન ખબર પડવા સંભવજ છે છતાં તે બધાનું કેવી ચતુરાઇ ને ઉદારતાથી છે તે તે દેહને ઉચિત આહાર દેશ વેશ આપી તેમને જીવાડે ને તે દેહમાં ઉચિત ભોગો ખવાડે છે, તેથી સિદ્ધ થાય છે કે—

"ભુલ્યાને હરિ નહીં ભુલે."

એક દિવસમાં દસવાર તો ઠીક પણ સુતા એટલે પોતાને પણ ભુલી બધાજ ચાર્જ છેક છોડી દઇએ છીએ. પણ તેજ પાછા જગાડી જેનું તેને યથા વસ્થિત સોંપે છે. એથી સિદ્ધ નિત્ય થાય છે કે "**ભુલ્યાને હરિ નહીં ભુલે.**"

પણ તેમાં જો ભુલો કરીએ તો તેનાં ફળ નઠારાં પણ દુઃખરૂપ પણ થાય છે ને તેથી પણ અવળે રસ્તે જનાર માટે પણ ઠીક ચેતવણી છે કે, ખબરદાર ! "**ભુલ્યાને હરિ નહીં ભુલે** !" "સૌ કહે છે પરમેશ્વર પુછશે" કવીયો કહે છે—

"યહાં તો જેસે તેસે લેતે હો ચલાઇ પુની, વહાં નહીં હૈ રાજબાપુ પોપાંબાઇકી."

જેટલા અવળે પંથે જતા સુખીયા દેખાય છે તેમને—

"પુણ્ય પૂર્વનાં ખાતાં હમણાં સુઝે છે તોફાન,
"એ ખરચી ખુટી કે આગળ વસમું છે મેદાન.
"ધણી નજર નથી પડતો તેથી બની ગયો મસ્તાન;
"તું અંધ છે પણ એ દેખે છે, વ્યાપ્યો સઘળે સ્થાન.

બલકે ખરે મામલે તો "**विनाशायचदुष्कृतां**" પ્રકટયાથી એ સિદ્ધ થયું છે કે— દુષ્ટોનો નાશ કરવા પોતે જાતે પ્રકટે છે એટલે કે—"ભુ**લ્યાને હરિ નહીં** ભુ**લે**" માણસ ભુલનેજ પાત્ર છે શું દેવે ભુલે છે !

બ્રહ્મા ભુલ્યા, શંકર ભુલ્યા, ભુલ્યા રૂપીને દેવ રે;
ભીષ્મ ભુલ્યા ને ભુલ્યા પરીક્ષિત, મરે મટે નહીં ટેવ. ભુલે સહુ કોઈ.

"Man is liable to err" એમ અંગ્રેજો પણ માને છે ને તેથી જો ભુલોની શીક્ષાજ હોય તો, અને ન્યાયથી કરે તેવું પામે માત્ર એજ નિયમ રાખે. વચમાં પ્રભુ વિશેષ ન પડે તો કોઇજ સંસાર પ્રકૃતિ મંડળ બહાર નિકળી શકે તેમ છે જ નહીં એ એ ઉપર સમજી ચૂકયા છીએ; પણ પ્રભુ શ્રુતિ કહે છે કે—

"गति र्भर्ता प्रभुःसाक्षी निवासः शरणं सुहृत्"

એમ શરણું તે સ્વભાવિક સૌને સુહૃદ છે, તેથી—

"દયા ધારી અનુ લે છે સુધારી, જો ધણી ધારી કબુલે."

જેમ ન્યાયનો નિયમ સૌ માટે છે તેમજ દયાનો છે. તેનો જે આશ્રય તે તેને ક્રમે સુધારી લે છે બલકે તેમાં છુટછાટ પણ થાય છે જે ઇરાદાપૂર્વક થાય તેનું નામ "ભૂલ" જ ન કહેવાય. તે તો "પાપ" તે તો ભોગવવું પડે પણ જે અજાણતાં, સમજણ ફેર પણ દાનત સારી હોય ને થાય અનુચિત તેનું નામ જ "ભૂલ" અથવા જે ગફલત કે પ્રમાદથી વાત બગડી એસે તેનું નામે "ભુલો" તો તેવી **ભુલો હરિ નિજ જન જનની ભૂલે રે** " અને તેવા હરીજન થયા પછી–રસ્તે પડયા પછી કદી ભુલી પણ જાય તેવા–" **ભુલ્યાં ને પ્રભુ નહીં** ભુ**લે**" એટલુંજ નહિં "દયા ધારી અનુ લે છે સુધારી, જો ધણી ધારી કબુલે."

એ નક્કી છે એ રીતે હવે પદ બરાબર ઠેકાણે પડયું અમે અહીંથી શરૂ કરીએ—

ગરબી.

ભૂલ્યાં ભૂલ્યાં રે જગનાં લોક, જાણે જાવું નથી,
ચાલ્યાં ભાળ્યાં રે થોકે થોક, શું એ થાવું નથી!
જીવને ભૂલ્યાં હિતને ભૂલ્યાં, ઉપાય સાચા ભૂલ્યાં રે;
ખોટાં માટે, ખોટા ઠાઠે, ઘડી ફરે છે ફૂલ્યાં. જાણે જાવું નથી.
ભૂલાવીને ધૂંધા બાળ્યાં, ધણી થયાં તેનાનાંરે;
તેમ ભૂલાવી થશે ધણીએ, જાણે મ્હોટાં ન્હાનાં. ”
ગયાંનું કંઇ નથી કરી શકતાં, તેમ ન કોઇ કરી શકશે રે;
અનંતપતિની ઓળખ અહીંને, અંતે આગળ ટકશે. ”

કારણ તે—“ **દયા ધારી અનુ લે છે સુધારી, જો ધણી ધારી કબુલે** ” ભૂલ્યાં ને અંતે પણ એવું ડાહાપણ આવે તો “ **स्वल्प मप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** ” **अंतयामाति सागतिः** ” ભલે આજ સુધી ભૂલ્યાં રહ્યાં હજી “ ગઈ સો ગઇ અબ રાખ રહી કો ” “ જો ધણી ધારી કબુલે તો ભૂલ્યાને હરિ નહીં ભૂલે ” બલકે આગળની તો બધીજ “ **ભૂલે નિજ જન ભૂલે રે,** સંચિત બળી જાય છે, માફ થાય છે. એમ શાસ્ત્રથી સિદ્ધ છે. ક્યારથી! “ જો ધણી ધારી કબુલે તો ભૂલ્યાંને હરી નહીં ભૂલે ” શરણ આવ્યો એટલે સરદાર માત્ર તેના આગળના અપરાધ ક્ષમા કરે છે. એ લૌકિક ક્ષત્રીય રાજામાં પણ સુપ્રસિદ્ધ છે. છોકરાં રમતમાં પણ અપરાધી થંકા પોતાની ગાય થાય તો તેનું રક્ષણ કરે છે. શાસ્ત્રમાં શ્રીહરિ શરણાગતનું રક્ષણ કરવાના વ્રતવાળા જ છે. એવો ધાપ છે. એટલે પછી તેમ કર્યા પછી ભૂલ થઈ જાય તેની પંચાતજ ન રહી. તો તે માટે તો કહીયેજ છીએ કે “ **ભૂલ્યાં ને હરિ નહીં ભૂલે.** ”

ઘરબાર કુટુમ્બ પરિવાર મળે, એટલે ભૂલીયે છીએ, પોતાને સત્તા, શક્તિ સંપત્તિ મળે એટલે ફૂલીયે છીએ, પણ પ્રભુ તેવાની પણ અંત તેવડ કરે છે. એ ભૂલ કળાથી વા બળથી પણ સુધારે છે. ખરી વખતે પણ તે પછી “ ધણી ધારીને કબુલે છે. ” એટલે “ ભૂલો નિજ જનની ભૂલે છે ને તે ભૂલ્યાં ને હરી નહીં ભૂલે ” એ નક્કી છે. તે છેક મુક્તિ સુધાં દઈ દે છે.

પંચરાત્રમાં **ભીષ્મ**, ને **ગજેન્દ્ર** બેઉ ભૂલ્યાનાં દષ્ટાન્ત છે.*તેમાં અમને સંસારીને **ગજેન્દ્ર**નું દષ્ટાન્ત ઠીક લાગુ પડે છે. જ્યારે ખાટલો પકડીયે, ને “ પડવું પડશે પથારીમાં નહીં પ્રાણ કયમે નીસરે ” ત્યારે ગજ જેવો પરિતાપ થશે, તેને જેમ ગ્રાહે પગ પકડયો—તે અમારો રોગે પગ પકડયો સમજવો. દહાડે દહાડે તેનું બળ વધે ને અમારૂં ઘટે. છેવટ જાણીએ કે હવે નહીં ઉગરીએ બલકે ઘરનાં પણ કહેશે—“ મરતા નથી ને માંચો મુકતા નથી, હવે તો છુટે તો ઠીક ” ત્યારે કોણ ગતિ! એજ તેને જો ધણી ધારી કબુલે તો—તે માટે વૈરાગ્ય શી રીતે આવે છે? તે હવે તે જીવ અનુભવ કરે છે.

“ **બેડાબાઇ** ” એ રાગ.

“ શોચે:ગજરાજ વિચારીરે, સ્થિતિ આ શી થઇ ગઈ મ્હારીરે. ટેક.
જેને માટે રાતદિનમેં ચિન્તા, રાઢ કરી મન માંથ:

તે સરવે મને છેક વિસારી, મોજ માણે વનમાંય. શોચે.
જેને ખવાડ્યા મેં ખાઈ ન જાતે, મીઠા મેવાના આહાર;
તે મને નજરે જોવા એ ન આવે, ક્યાંથી કરે કશી વ્હાર. શોચે.
દેખું સ્હામું વનકળ ગજ સંયુત, પણ હુંથી ત્યાં ન જવાય;
દેખવું ને દાઝવું રહ્યું મ્હારે, એતે શી રીતે સહેવાય. ,,
ખાય પીયે સહુ મ્હારૂં ભોગવે, મ્હારે પીડાતું આ દામ;
પાર તેનો પણ કેમે ન આવે, રહેતી નથી હવે હામ. ,,
ભાઈ–ગજની સાથે અમારે અમારો વિચાર કરવાનો છે–
" બહુને દીઠાં રડતાં સડતાં, બડ બડતાં મુઝાતાં;
કેમ મ્હારૂં પણ થાય ન એવું, જગમાં ગોથાં ખાતાં." ,,
વખત તો આવશે ને વિચારે થયો કે–
સરવે ગયાં ને જવું પડે મ્હારે, ક્યાંથી આવી મ્હારી **વારી**;
એ સંકલ્પ ઘણોજ સાલશે, વહેશે નયનથી **વારી**.
પ્રભુ લેજો અંત સમય સુધ મ્હારી.
વળી–ઓસડ વેસડ આવી રહેશે, ને દુનિયાં તો મેલશે ઠેલી;
તે સમે હે હરિ ત્હારા વિના મ્હારી, એક ન ઓથ રહેલી
" પ્રભુ મ્હારી સાચવજે પળ છેલ્લી, મ્હારા અંત સમયના બેલી "
તે પોતે કહે છે—

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशित चेतसाम् ॥

" મને મૃત્યુ સંસાર સાગરથી ઉદ્ધારનાર ને તે વળી વાર લગાડ્યા વિના હું હે **અર્જુન** થાઉં છું " કાનો ? જેમણે મ્હારામાં મન મુકયું હોય, તે વેળા તે બેભાન બને—

ततस्तं म्रीयमाणस्तं काष्ठ पाषाण संनिभं ।
अहं स्मरामि मद्भक्तो नयामि परमां गति ॥

"તે મરવા પડેલ કાષ્ટ પાષાણ જેવો થઇ ગયો હોય, તોપણ મ્હારો ભક્ત હોય તેને હું સ્મરી પરમપદ લઇ જાઉં છું " તે શું " અંતે યા મતિ સા ગતિ " ના નિયમ તોડે છે ? નહીં—" **ભૂલ્યાંને હરિ નહીં ભૂલે, ભૂલો નિજ જનની ભૂલે** " તે વખતે ગમે તે કારણથી કદાચ તે પોતાથી સ્મરણ ન કરી શકે તો પોતે માંહે બેઠેલા તેને યાદ અપાવે છે પોતે દર્શન આપે છે, શુષુમ્ણા નાડી ઉઘાડે છે, ને તે જ દ્વારા બહાર કાઢે છે.

" हार्दानुग्रह लब्धमध्य धमनी द्वाराद्वहिर्निर्गतम् "

તેને છેક પરમપદ બ્રહ્માન્ડપાર અર્ચિરાદિ માર્ગે પહોચાડી દે છે. એવાં અનેક સૂત્રને છાંદોગ્ય બ્રહદારણ્યક, કોશીતકી આદિમાં શ્રુતિ વચનો પણ કહે છે—
અહીં જેનું પ્રકરણ ઉઠાવ્યું છે, તેનું જુવો શું થયું. સો કહે છે !
" છીન ભર સૂંઢ રહી જળ બાહેર, તબ હરી નામ પુકાર્યો;
નાથ કૈસે ગજકો બંધ છુડાયો, એહી અચરજ મોહે આયો. "
જાહેર નિમિત્ત તો તેને—સ્વબળ થાકયું એટલે પ્રભુનું શરણું લેવું સાંભર્યું, ને તે

વેળા તેણે સ્તોત્ર કર્યું. જેનું નામ ગજેન્દ્ર મોક્ષ છે. "પણ હાથીની દેહને અન્તે સ્તોત્ર સાંભરે, એ અચરજ છે." તે ત્યાં સુધી તેની પૂર્વની કથા જાણતા નથી. તે વિષે ભારતાદિમાં છે કે—

શાર્દૂલ છંદ.

ઇન્દ્રદ્યુમ્ન નૃપાળ દેહ દ્રવીડે, પ્હેલી સભાગી મળી;
ત્યારે શ્રીવરની પુજા કમળથી, કીધી અતિ નિર્મળી;
તે દીઠાં કમળો તદાજ સ્થિતિએ, સર્વે ગઇ સાંભરી,
તે લાગી ગઇ કામ તેથી સ્તુતિએ, કીધી સુભક્તિ ભરી.

એટલે " **ददामि बुद्धि योगंतं येनमामुप यान्ति ते** " શ્રીભગવાનજ ગીતાજીમાં કહે છે કે "હું એવો બુદ્ધિયોગ આપું છું તેને કે જેથી તે મને પામે છે" એવો બુદ્ધિનો યોગ પૂર્વે--"ધણી ધારી કબુલેલ, ને સેવેલ, પછી તે ભૂલી ગયેલ વા ગજરાજ બની સુખમાં ફુલી ગયેલ પાછા લઢી થાકી દુઃખમાં ડુબી ગયેલ તેને શ્રીહરિ કેમ ભૂલે!" **ભુલ્યાને હરિ નહીં ભુલે** " ન જ ભૂલ્યા તે એ રીતે, સૌ જાણે છે કે કેવી રીતે સુધાર્યા ને ઉદ્ધાર્યા! ને તેથી કહેવું અહીં બંધ બેસે કે--

" દયા ધારી અનુ લે છે સુધારી, જો ધણી ધારી કબૂલે"
તો ભૂલ્યાને હરિ નહીં ભૂલે, ભલે નિજ જન ભૂલેરે."

સૌ પ્રથમ તે મ્હોટી ભુલ "સર્વેશ્વર શ્રીકૃષ્ણ છે" એમાંજ થાય છે, ને તેથી તે અજ્ઞાનથી પૂરો લાભ નથી મળતો " **नतुमांमभि जानाति तत्वेना नश्च वर्तिते** " ગીતાજીમાં પોતેજ કહે છે કે "મને તત્વે કરીને રૂડી પ્રકાર નથી જાણતા તેથી તેવા પડે છે." જો કે ગજે તો--

" જે હોય જગતપતિરે, તે મુજ વ્હારે વ્હેલા ધાજો:
" સુણી મુજ વિનતિરે, આ સંકટ હણનારા થાજો.
સર્વ દેવના દેવ હોય, જેનો ન હોય ફરી ઇશ,
જડચરનું જે આદિકારણ, વ્યાપક છે જગદીશ. જે હોય૦
દેવ મનુષ સહુ નાશ પામતાં, પણ જે રહે અવિનાશ,
પ્રથમ હતા ને પછીએ રહેશે, તે પૂરે મુજ આશ. જે હોય૦
દેવરૂપી પણ નથી જાણતા, જેને પૂરા ખાસ,
એવા એક અચિંત્ય અગોચર, કરગરૂં તેની પાસ. જે હોય.

અને તેથી તે જ હરી જે " **सर्वत्रगीयते** " તેનો જ એવો સ્વભાવ ને પ્રભાવ છે કે "ભૂલ્યાને હરિ નહીં ભૂલે તેજ ભૂલે નિજ જનની ભૂલે, તેજ દયા ધારી અનુ શકે ઉદ્ધારી જો ધણી ધારી કબુલે"—પણ જ્યારે તે અમને અતિ સુગમ થાય છે, અવતાર વા મૂર્તિરૂપે થાય છે, ને તે ત્યારે જે ચેષ્ટાઓ રીતભાત પોતાની મ્હોટાઇથી અમારી સાથે ધારણ કરે છે, તેની તે મોટાઇ સમજવાને બદલે "ગુણના ભાઇ દોષ" નો આરોપ ને તેનાપર જ શંકા તે પ્રુફ બ્રહ્મા પણ દઇ દે છે. જ્યારે બ્રહ્મા, શંકર ભૂમિ દેવોને લઇ ક્ષીર સાગર પર ગયા, ત્યારે તો તેમને દર્શન કે સાક્ષાત સંદેશો પણ ન મળ્યો, બ્રહ્માને સમાધીમાં એ "આકાશવાણી"થી ઉત્તર આપ્યો એવા શ્રુતિના શબ્દમાં " **अवाकी अनादर** " ઉમેરવા

નિરંકુશ સ્વતંત્ર બ્રહ્માને દેવોને પણ જણાયા, તેમણે જ્યારે અઘાસુર માર્યો ને તેનો સ્વર્ગમાં ઉત્સવ થયો. તે પરથી શ્રીકૃષ્ણાવતાર ઉપર શ્રી પિતામહનું ધ્યાન ખેંચાયું, ને પૃથ્વીપર આવી તેમણે તેમનું તેનુંજ અતિ વિશેષ પરાક્રમ જાણવા ચાહ્યું, ત્યારે જેવા "વડા તેવા સુલભ" ને સુલભતાની અંત સીમા જેવા પોતાને અત્યંત દુર્લભ તેવાજ જગજન, તે પણ ગામડાંના ગ્વાલના એ બાળ, ને સુલભ તે ક્યાં સુધી !:કે—(પદ રાગ કલ્યાણ)

શ્રી યમુનાં તીરે, મળી મંડળી ધીરે; ગોઠ કરી મોદ ધરી શ્યામ શરીરે. ટેક.
ગ્વાલ બાલ નંદલાલ સંગે, બેઠા ગોળાકાર;
મધ્ય બિન્દુ શોભે મનમોહન, સૌના પ્રાણાધાર. શ્રી યમુનાં તીરે૦

ત્યાં સુધીતો ઠીક ખાવાનું ખોલ્યું ખાવા માંડયા ને તેમાં—

ચાખી ચખાડે ખાઇ ખવાડે, વખાણ કરતા જાય;
સૌ સ્નેહે સેવે શ્રીવરને, ઠઠ્ઠા મશ્કરી થાય. શ્રીયમુના

ત્યારે બ્રહ્માને ભ્રમ થયો, વત્સ ચોર્યાં, તે લેવાને હરી ગયા એટલે બાળક ચોર્યાં પણ તેમને જ્યારે માયામાં સુવાડી શ્રી કૃષ્ણ તે વિના કેવા ગભરાતા હશે એ જોવા આવ્યા ત્યારે—

સાખી.

" માયાથી હરીને છેતરતાં જોઇ હરીની **માયા**,
નીમાયા થઇ સ્વ ભૂલ સમજી ઘણા ઉરે શર**માયા**.

છેવટ દોહરી.

સ્વામીને પીછાણી અજની ભૂલ **ભાગી**, ભૂલ કરી. જાણી જાતને અ**ભાગી**;
ભક્તિ ઉરે આણી મહા પુણ્ય**ભાગી**, ચરણશરણ વરણ કરી થયા સ**ભાગી**.

એટલે બ્રહ્મા ભૂલ્યા પણ **શ્રી** કૃષ્ણ " **ભૂલ્યાને નહીં હરિ ભૂલે** " તેમણે ભૂલ કરી હરિને ભ્રમ દીધા તોપણ " **ભૂલો નિજ જનની ભૂલે** " સ્હામી ખૂબી બતાવી.

(રાગ હોરી)

" એના એ ગ્વાલ. એનાં એજ વત્સો, એની એ લીલા ચલાવી;
જોઈ જોઇ મોહી, બ્રહ્મા વિચારે, કાજ એની એ શું આવી;
મહેનત મારી ગઇ કેમ મ્હારી ! ભાસ્યું બ્રહ્માને અદ્‌ભૂત ભારી.

પોતે વળી સ્વજ્ઞાન બળ ચલાવી સમાધીથી એ ભેદ સમજવા ગયા તેમ ઓર વાત વધી.

લાખો હરી, લાખો દેવ રૂપીને, લાખો ગાનારીયો નારી;
લાખો બ્રહ્મા નમે લાખો રૂપોને શું શું જુવે ધારી ધારી;
મતિ ગઇ છેકજ હારી—"

ને છેવટ સમજ્યા કે શ્રી હરિ તેજ આ નંદલાલ છે ત્યારે બોલ્યા—

अहो भाग्य महो भाग्य नंदगोप व्रजौकसाम् ॥
यन्मीत्र परमानंदं पूर्ण ब्रह्म सनातनम् ॥

એમ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન દીધું, તેમનો ભ્રમ ટાળ્યો એટલે કે " **દયા ધારી અનુલે છે સુધારી** " જુવો તે પુંઠે જ ઇન્દ્રનો દાખલો અમે **પ્રથમ** ભૂલથી સુધરીએ, અવતાર અર્ચામાં સ્વામી ભાવ શ્રીહરિપણું જ સ્વીકારી, તેને જ કબૂલીયે તોપણ ન્યાં ફરી જરીએ

સ્વાર્થની વાત આવી, ને તે સ્વાર્થ ન સર્યો તો પછી જુવો મજા, પ્રભુ વ્હાલા તે તેની પ્રભુતાની લાલચે, તે અમારીજ પડાવતા દેખાય તો તુરત તકરાર! ઇન્દ્રે કરી, ને એવડો મ્હોટો અપરાધ આદર્યો કે જો તેનો અમલ તેના મન માન્યો થતો હોત તો તેનીજ ફ્તેહથી તે કયા નર્કમાં કેટલા કાળ સડત! કારણ શ્રીહરિ સમક્ષ યમુના તટ જેવા પવિત્ર ક્ષેત્રમાં હજારો ગૌવત્સનો સંહારજ સર્વથા એક ગ્વાલપતિના ખારને લઇને કરવા તેણે તો પોતાની સર્વ શકિત વાપરી દીધી પણ ખરી, પરંતુ એવડા મ્હોટા અપરાધમાંથી સ્વામીએ તેને રહામા સાત દિવસ શ્રમ વેઠી બચાવ્યો ને છેવટ જ્યારે.

દોહરો.

સુરભા સુરપતિ સંગ ત્યાં, આવ્યાં સહુ સુર સાથ,
કરજોડી કબૂલી કસુર, ઉચર્યા સ્તુતિ સુર સાથ.

પદ " દઇએ ' એ રાગ અથવા નમુ પદે.

દેવાધિ દેવા ક્ષમા દોષ કરો ટેક.
પ્રભુ ન પીછાણી મન મદ આણી, વરસાવ્યો વરસાદ;
અપરાધ એ અગાધ, તાત ન દીલે ધરો. દેવાધિ૦
નાથ ભૂલ્યા મૂઢ જાત, કર્યો વાદ સ્વામી સાથ:
શ્રમ દીધા કૃપાનાથ. અંતે હાર્યો તવ લાચારે,
શરણે આવ્યો દેવ, આપો સેવ ભૂંડી ટેવ મ્હારી સમુળી હરો. દેવાધિ દેવા.

તો શ્રીહરિએ તેને ક્ષમા કરી, તેના પદ પરે પાછો પઠાવ્યો. એ રીતે—

" ભૂલ્યાંને હરિ નહીં ભૂલેરે, ભૂલો નિજ જનની ભૂલ "
દયા ધારી અનુ લે છે સુધારી, જો ધાણી ધારી કબુલે. "

આ મ્હારૂં પોતાનું તપાસ્યું તો—(પદ. બની આવેતો રામ " એ ઢાળ.

આએ ભૂલાં પડ્યાં એ જણાવ્યું રે, વ્હાલા શ્રી હરીએ;
ક્યાં જાવું એ પણ સમજાવ્યું રે, " ટેક.
ભૂલ્યાં સંગે ભટકત અડબડ, એ વર્તન અટકાવ્યું રે. વ્હાલા.
સાહિત સંગી સહ પાડ્યા સુપંથે, ચાલવું એ ઠીક ફાવ્યું રે. "
ઓળખાવ્યા છે આડા મારગ, જોખમ તેનું જણાવ્યું રે. "
સમજાવ્યા મારગના મુકામા, કહેણે ત્યાં છે કહાવ્યું રે. "
નિજ પુરતું તો સુખ છે અપૂરવ, એ પણ દે વરતાવ્યું રે. "
ઉપજાવી અનુ ઉત્તમ આશા, માંડું માંડું મુકાવ્યું રે. "

હજી સંસારસુખની લાલચને તે મળે તો તેથી ઉપજતા પ્રમાદથી એમ ભૂલ થવા સંભવ છે. તે માટેજ અર્જુને પ્રશ્ન કરેલ તેનો ઉત્તર તો આપ્યો છે ને તેમાં ખાતરી દીધી છે કે " **कौन्तेय प्रति जानीहि नमे भक्ता प्रणश्यति** " જન્મ બે ત્રણ થઇ જાય પણ છેવટ બેડા પારજ છે. તેની પ્રતીતિ રહેવા એ ત્રણ પુરાણાંતર ગત–દષ્ટાન્ત **શ્રી વેંકટેશ વૈભવમાંથી શ્રી તોંડમાન મહારાજ**નું આખ્યાન આરંભી વિચારીએ. એટલે પુરૂં બંધ બેશી રહેશે કે—" **ભૂલ્યાને હરિ નહીં ભૂલે, ભૂલ્યા નિજ જનની ભૂલેરે** " ઇત્યાદિ.

—શ્રી તોંડમાનનું આખ્યાન—

પદ.

ભક્તોને હરિ નહીં ભૂલે, ભૂલે નિજ જનની ભૂલેરે,
દયાધારી અનુ લેછે સુધારી, જો ધણી ધારી કબુલે રે.

સાખી.

કલીયુગમાં દક્ષિણમાં પ્રકટયા, નૃપ પ્રતાપી આકાશ,
પુત્રી પદ્માવતી જેની, પ્રભુ પરણ્યા થઇ સુપ્રકાશ;
તેના નાના ભ્રાત થયા નૃપ નામ થકી "તોંડમાન"
ભક્તિ શ્રેષ્ઠ સ્વભાવે, છે નિજ ભ્રાતસમાન.

ગીતિ.

પ્રકટી પ્રભુ દર્શન દે, વાતો વિવિધ કરે આજ્ઞા આપે;
નવિન મંદિર કરવા, આપી એને શુભ આજ્ઞા આપે.

ગરબી. "અમદાવાદ નામે" એ રાગ.

શ્રીમત વેંકટ ગીરીવર પર રમ્ય સ્વામી પુષ્કરણી તીરે રે,
ભવ્ય બંધાવ્યું મંદિર મહાન, તોંડમાન સુવીરે રે.
સાત કોટ ને ચારે ગમ છે દ્વાર, શીખર અડે છે આકાશે રે;
કનકકળશ કનક ધ્વજ સ્તંભદ્વાર, તેજ ઝળાહળ પ્રકાશે રે.
ચોકી કરે ગરૂડરૂપ ચાર પાસ માંહે મંડપ ઉદ્યાનો રે;
પરી ભોજન સામનોના અવાસ, શ્રીભૂદેવીનાં સ્થાનો રે.
સ્ફટિક આરસની બનાવી બિછાત ભાત ભાત સ્તંભ ઝળકે રે;
ખાસ વિમાનની ખુબી છે અગાધ, ભાત ભાત રત્ન ચળકે રે.
સુવા ઝુલવા શૃંગારવાનાં સ્થાન, સ્નાન ભોજન સ્થળ તેવાં રે;
રૂતુ રૂતુ કાજ જૂદાં જૂદાં સ્થાન, ધામ વૈકુંઠના જેવાં રે.
વડા ઉત્સવોની ગોઠવણો રમ્ય, તોરણોને ચોક પહોળા રે;
હાથી રથો આદિ વાહનનાં સ્થાન, ભર્યા છે કોઠાર બહોળા રે.
સેવા સારૂ સોંપ્યાં શ્રેષ્ઠ ઘણાં ગામ કામ સદાકાળ ચાલે રે;
સારે સમયે શુભ વિધિઠાઠ સાથ, વાસ, ત્યાં પુર્યો કૃપાળે રે.

वैखानसरुपी श्रेष्टैः ब्राह्मणै ब्रह्म वित्तमैः ।
ऋग्साम गायकै श्चैव मंत्रैश्च विधि पूर्वकं ॥
वादित्रै वाद्य गानैश्च घोषयद्भिः दिशो दिशः ।
देवै ब्रह्म पुरोगैश्च स्तुवद्भिः श्रुतिभिर्हरिम् ॥
प्रवेशयामासवरं सुमंदिरं श्रीश्रीनिवासं पुरुषं पुराणम् ।
पद्मावति चापि मुदामहीपतिः समस्त लोकैर्मुनिभिर्महोत्सवैः ॥

मुखं चारु हास्यं करे शंख चक्रं गले रत्नमाला स्वयं मेघवर्णम् ।
कटौ दीव्य सूत्रं प्रियं पीत वस्त्रं धरं तं मुरारे भजे वेंकटेशम् ॥

શ્રીવેંકટેશ શ્રીનિવાસ શ્રીલક્ષ્મણ બાલાજી નામથી પ્રસિદ્ધ મદ્રાસ પાસે તીરૂપતિ ગામની પાસેના શેષગીરી ઉપર સાત ગાઉ મધ્યમાં બીરાજમાન છે તે કેવળ બ્રહ્માદિ દેવઋષીની પ્રાર્થનાથી અર્ચારૂપેજ અવતાર લઇ અદ્યાપિ પ્રકટ રહ્યા છે. "**कलौ वेंकट नायकं**" જાગતીજોત છે. મંદર ઉત્સવ, વીધિ બધી સશાસ્ત્ર. જુવે તેજ જાણે આ દેશમાં નથી.

"કર્યો બ્રહ્મોત્સવ ત્યાં ઉમંગભેર, ચઢે નિત્યભારી સ્વારી રે;
નિત્ય નવા અલંકાર ને બ્હાર, વીધિ વૈખાનસ પ્યારી રે.

બ્રહ્મોત્સવનું ટુંક વર્ણન.

"**ગરબી**" મ્હોલે પધારો એ રાગની.

શોભા બ્રહ્મોત્સવની અપાર, મુખથી કહી નવજાયે,
પ્રાતે રાતે નવી નવી બ્હાર, જોયાથીજ તે સમજાયે.
પ્રથમ પુજી ધ્વજદંડપર, પધરાવ્યા ખગરાય;
ગજશીર મૃતિકા આવીને, મંત્રે અંકર રોપણ થાય, મુખથી કહી નવ.
વાજાં ગાજાં ઠાઠથી, પુરી પ્રદક્ષિણ થાય;
સવાર ને સાંઝે હરી, સ્વારી કરી બગીચે જાય. ,,
પહેલે પ્રભાત પાલખી, પદ્માસહ શ્રીનિવાસ;
પછી શેષ વાહન થયું, ફણી મણીયોનો ઝળળ પ્રકાશ. ,,
હંસ સિંહવાહન થયાં, મોતી મંડપ તેમ;
કલ્પવૃક્ષ ઝુલા લીલા, થયા મોહનીરૂપ સપ્રેમ. ,,
ગરૂડ અને હનુમાનજી, થયા સ્વારી ભરનાર;
મંગળ ગીરી માંહે રહી, કરી વસંત ઉત્સવની બહાર. ,,
ઐરાવત ગજ સૂર્ય પર, સોહ્યા જગ સરકાર;
વિહારનો ઉત્સવ થયો, પુષ્પ ભોજન વિવિધ પ્રકાર. ,,
ચંદ્રતણું વાહન થયું, રથ અદ્ભૂત આકાર;
ઉચ્ચૈશ્રવાહયપર ચઢયા, ઝુલ્યા ઉદ્યાનમાં સુપ્રકાર. ,,
ગિરિ સ્હેલ થઇ તે પછી, થયું અવભૃથસ્નાન;
શોભા પુષ્કરણી તીરે, જોતાં સુર પણ ભૂલે ભાન. ,,
ફરી ગિરિ માંહે ફરી, ધ્વજ ઉતારી નાથ;
નિજ સ્થાને જઇને રહ્યા, લ્હાણુ સૌને દેતા દિનરાત. ,,
પુષ્પ યાગ અંતે થતાં, વેરાયા સહુ લોક;
કૃતકૃત્ય થયો ભૂપતિ, ગુણ ગાય જનો થોકે થોક. ,,

રાજા છતાં આવી સેવા, ને તેનો આવો સ્વીકાર શ્રી હરીએ તેના આ અવતારમાં કર્યો તેનો હેતુ હતો. તેના પૂર્વના સુકૃત્ય; ને પૂર્વનો ભક્ત—**शुचिनां श्रीमतां गेहे योग भ्रष्टोभिजायते** "તેમ શુચિ શ્રીમાન રાજાને ઘેર જન્મ ધરનાર ને યોગભ્રષ્ટ હતો એ વાત તે ભુલી ગયો હતો, પણ "**ભુલ્યા તે હરિ નહીં ભુલે.**"

તેમ થવાનું કારણ તેનીજ ભુલ સંસાર સુખની લાલસા હતી. પણ સાથેજ કહ્યું છે—"ભુલે નિજનજની ભુલે" તેમને ભુલો ને ભૂલી ઉલટી તેને આ લ્હાણે આપી ને તે વાત તેને સયુક્તિ સ્મરાવી જેથી સૌને સમજાય કે એક ભવે કરેલ મહેનત બીજે જન્મ થવાથી મારી જાતી નથી. રાજા ગિરિપર ફરતો એક જગે જે તેણે કદી ન જોયેલ ત્યાં જઈ ચઢયા પોતાની અતિપરિચિત જગા લાગી ત્યાં કૂવો પણ હોવો જોઇએ એમ તર્ક ઉઠવાથી તપાસ કરતાં તે પણ જૂનો પડેલો જણાયો આ દેહે તો કદી તે જગા જોઇ નથી, એ પણ નક્કી; ને પોતે તે ખુબ જોઇ છે એમ લાગ્યાં કર્યું. એ વાત પણ નક્કી. એજ વિચારમાં રમતાં શ્રીહરિના હજુરમાં આવ્યા ત્યારે કૃપાનાથે તે કારણ પ્રકટ કર્યું.

ચોપાઇની ચાલ.

બોલ્યા રાય થયા શ્રીનિવાસ, ત્હારો પૂર્વે હતો અહીં વાસ;
કૂપ એ છે તારો જ રચેલો, હતો તું સદ્ ગુરૂનો ચેલો.
ત્હારૂં નામ હતું રંગદાસ, વૃત્તિ રાખતો સતત ઉદાસ,
પુષ્પ સેવા તું કરતો મ્હારી, રચી વાડી સ્વકરથી સમારી;
આવી રૂતુ વસંત વિહારી, વાયુ લપટ ચાલી મન હારી.
ભરી નિર્મળ જળ પુષ્કરણી, ત્યાં આવી ગાંધર્વી વશકરણી;
ખાસ સરખા સ્વામીની સંગે, જળક્રીડા કીધી ત્યાં ઉમંગે;
લીલા રંગદાસે ધારી દેખી, બની વૃત્તિ વિહ્વળ ને અદેખી.

દોહરો.

રેત સ્ખલન થઈ ગયું, નવ પ્રકટયો સંતાપ;
સ્નાન કરી સ્મરી ભુલને, કીધો પશ્ચાતાપ.

હરીગિત.

માળા બધી બાંધેલ ફેંકી દીધી અશુચિ થઇ લહી;
પુષ્પો ફરી વીણી ફરી, બાંધીશ વાડી જઇ મહીં.
આવ્યા પ્રભુની પાસ થઈ તૈયાર પેટી માંહીં ગ્રહી,
પ્રભુએ પુછયું શીદ વાર થઇ તવ આંસુ ધારા વહી ગઇ.
(અંતરજામી જાણે સંધુ જે મન ખુણે છાને)

ગીતિ—ગયા છેક શરમાઈ, કરી ભુલ વૃત્તિ વડી ભરમાઈ;
દેખી ગયા કરમાઈ, વદ્યા શ્રીવર સાચી જોઇ નશરમાઈ.

ગરબી " અલબેલી "

બોલ્યા ત્યારે શ્રીનિવાસ, અંતે શુભ થાશે;
સુણે ઉભા શ્રી રંગદાસ, કર જોડી પાસે.
જગમાયા અટપટી અતિ છે, ભૂલે મુનિને દેવરે;
તેનો પશ્ચાતાપ કરીને, ધોયું પાપ તતખેવ. અંતે શુભ થાશે.

આ પ્રમાણે " ભૂલે નિજ જનની ભૂલે " તદુપરાંત—

દયા ધારી **અનુ** લે છે સુધારી, જો ધણીધારી કબુલે ! ! કેવી રીતે તે જુવો.—

ઇચ્છા રહી ગઇ છે જગસુખની, માટે તજ આ દેહરે;

આપું જનમ ભૂપતિ ભૂવને, આણી તુજપર નેહ. અં૦તે૦
ત્યાં પણ ભક્તિ બનીજ રહેશે, પ્રકટ રહી સહુ જાતેરે; **नेहाभि क्रमनाशोस्ति**
"તોંડ" દેશપતિ સુધર્યા સુત થા, છે એ શુચિ સહુ વાતે" અં૦તે૦

આજ સુધી જેટલું દૈવી કમાયા તે કાયમ, ને તે ઉપર સંસાર સુખ—
ધ્રુવ, પ્રલ્હાદ, વિભીષણ બ્રહ્માદિ સર્વ "સાચા ભક્ત" જે ધણી ધારી કબુલે"
તેને એમજ ઉભય લોકમાં આનંદ મળેલ છે. આ લોકમાં ભૂલે તોપણ પાછા ઠેકાણે પાડે છેજ તેથીજ કહ્યું કે–" "ભૂલે નિજજનની ભૂલે" સ્ત્રી ઇચ્છા રહી તેવી પુરી કરવા કહ્યું—

"સો સ્ત્રીનો સ્વામી થઇ ભોગવ, મન માન્યા સહુ ભોગરે;
સેવા પણ થાશે મનમાની, થતાં રાજ્ય સંયોગ. અં૦તે૦

ગીતિ—હરિ ઇચ્છા અનુસારે, એ શુદ્ર રંક દાસ થયા **રાય**;
ભોગવતા સહુ જગસુખ, હરિ ભક્તિ ઓછી થઈ ન જ**રાય.**

વસંતતિલકા—પૂર્વે રચેલ નિજ વાડી તણો કૂવો તે, દેખી થયું સકળ જ્ઞાન શ્રી કંથ બોધ,
તેને સુધારી કરતા, વધુ સેવ કામ, આશા તમામ પૂરતા પ્રભુ પૂર્ણકામ.

એ રીતે "ભૂ**લ્યાને હરિ નહીં** ભૂ**લે**" પરંતુ રાજ્યમદ, ધનમદ, યૌવનમદ થવાથી પ્રમાદ આવી ગયો હતો, એ દ્વારા ફરી ભૂલનો સંભવ થયો, ને પ્રસંગે તુરત આવી ગયો. યદ્યપિ પોતાના ધર્મ કર્મથી ઇચ્છાપૂર્વક ભ્રષ્ટ કદી ન થયા–થાયજ નહીં ત્યારેજ "ભૂલ" શબ્દ પ્રમાદ–ગફલત માટે વપરાય, પ્રભુના ભરોસાથી પણ જરા બેપરવાઈ આવે, તે પણ કર્તવ્યમાં પ્રમાદ લાવે છે. ને તેમજ થયું શું? તે કહીયે.

(શાખી.)

સધ્ધર્મે વર્તે નૃપ એવે પ્રજા રાખી નર**માસ,**
ઉમંગમાં દિન વિતે એવે આવ્યો કાર્તિક**માસ.**
વશિષ્ટ ગોત્રી કૂર્મ નામનો યાત્રી સુવિ **પ્રવેશ,**
નૃપની સભા વિશે તેણે કીધો શુભ સમે **પ્રવેશ.**

વસંત છંદ.

આશિષ આપી ઉચર્યા દ્વિજ તેણી**વાર,** દીઠા ભલે સુનૃપતિ પડતાં **સવાર;**
કીર્તિ તમારી સુણીને ધરી આશ **ચિત્ત,** આવ્યો છઊં હું તમ પાસ કહું **ખચિત.**

દોહરો—બેસાડ્યો દ્વીજને નૃપે, આપી આદરમાન; પુછ્યું કહો ઇચ્છા સુખે, જણાઓછો ધીમાન.

પદ "ઉપકાર તમારા" એ રાગ.

એ દ્વિજવર બોલ્યા ત્યારે રે, સાંભળ રાજા, તુજ કામ પડ્યું મહાભારે રે. સાંભળ રાજા.
પિતુ ગયા પરમપદ જ્યારે, અસ્થિ તેનાં લઇ હારે, જાઉં છું ગંગાદ્વારે રે. ,,
સુત પાંચ વર્ષનો નારી, સાથે લીધા ન વિચારી, હવે પડે મૂઝવણ ભારી રે. ,,
વળી નાર સગર્ભ જણાયે, તેનું શું આગળ થાયે, સુત તેડી ચાલી ન સકાયે રે. ,,
તને દેશપિતા હું જાણી, સોંપુ સુત ને સ્ત્રી શાણી, રક્ષા તે કરણા આણી રે. ,,

पोतोः समीपे वासस्तु तदभावे स्वसुर्गृहे । अथवा मातुल गृहेत्वथवा राजमंदिरे ॥

ફરીને આવીશ હું જ્યારે, ખટમાસે નકી ત્યારે, લઈ જઇશ એમને હારે રે. સાંભળ રાજન.

શાર્દૂલ— રાજાએ દ્વિજની દયા દિલ ધરી, કીધી જદા સંમતિ,

ત્યારે ત્યાં સતિ પુત્ર સોંપી વિચર્યો, પંડીત ટુંકી મતિ;
થાતાં એમ વિયોગ દુઃખ ચિતમાં, પામ્યાં ઘણું દંપતિ,
તોએ ધીરજ આણી જાણી સુખદા, શાણો ગુણી ભૂપતિ.

રાજાએ ગડભાંજગડ મનથી તો ઘણી કરી પણ યુવાન સ્ત્રીને કયાં રાખવી તેની વગ ન પડી. છેવટ પોતાના એક બગીચાના અલગ બંગલામાં છ માસનું એક સામટું સીધું સામાન ભરી, પોતાની પાસેજ તે મકાનની કુંચી ને બાઇની વખતોવખત પોતે ખબર લીધા કરવા ગોઠવણ કરી, તેને ત્યાં રાખી. થોડા દિવસમાં શુંએ વ્યવસાયમાં પડયા. ગામ ગયા કે બીજા મ્હેલમાં ગયા, ગિરિપર ગયા ને બીજી ધામધુમમાં રહ્યા. તેમાં તે બાઇને ભૂલીજ ગયા. કોણ દરકાર રાખે કે રાજા તેમની સુધ લીધા કરે છે કે નહિ ? છ માસ પુરા થવા વેળાથી લઇ જે ભૂલ્યા તે ભૂલ્યાજ–કયાં સુધી !

લલિતછંદ— ન રહી વાત એ, યાદ એમને, પુરી મુકયાં ગ્રહે એમ એમને,
વિતિ ખરે ગયાં વર્ષ એ પૂરાં ! થઇ ગયાં હશે આપડાં પુરાં !!

બે વર્ષે પણ યાદ તો ન આવત પણ—

મંદાક્રાન્તા.

જ્યારે આવ્યો, દ્વિજવર ફરીએ, દૂર દેશે જઇને,
દીઠો ભૂપે, સ્મરણ નવ થયું, હાય ભૂંડી થઇને !
ભૂલ્યો ભૂલ્યો, કદિજ ન સમર્યાં, યાદ કોએ ન દીધું,
આવ્યો આતો દ્વિજવર કુશળે, ખૂન બેઉનું કીધું !!

દોહરો—પુત્ર પ્રિયા નિજ માગશે, ઉત્તર દેવો કેમ, બે વર્ષો વીતિ ગયાં, રહે કયાં થકો ક્ષેમ !

સાખી— આશિષ આપી વિપ્ર વદ્યો લાગી ગઈ મુજને **વાર,**
પણ રાજાજી આપે કીધી ખરી વિપત્તિમાં **વ્હાર**;
આપપ્રતાપ થઇ સહુ યાત્રા, ફરી ફરીને ન **જવાય,**
જેમ જેમ દ્વિજ વખાણ તો નૃપ તેમ તેમ **લજવાય.**

વસંતતિલકા.

આંખો નૃપાળ બનીને ઉરમાંય જ્યારે, રે વિપ્રને દઇશ ઉત્તર શું પ્રકારે ?
દેખ્યો નિરાશ નૃપને વળી લાગી વારે, બોલ્યો સુવિપ્ર નૃપથી ડરી તેણી વારે.

લાવણી. "ભરતરી ભ્રાતા" ની.

અરે સુખદરાય (૨) કયાં છે મુજ સુતને **નારી,**
પ્રકટયો છે સુત કે સુતા થઇ તો નથી દુઃખ **દેનારી;**
મૃદુભાષણી એ (૨) સ્ત્રી શાણી છે સુ **વિચારી,**
પીડાકારી તો કોઇને કદીએ નવ થાય **બિચારી,**
પ્યારો એ પુત્ર (૨) મુજને શું **સંભારે છે,**
રમતિયાળ એ બાળની ચિન્તા મુજને **ભારે છે.**
શું વાવ કૂવા (૨) કે ગળી ગઈ પુષ્કરણી;
કે જાણતાં નારી મરી ગઈ છે નડી મ્હારી કરણી.

આવી ન કેમ ! (૨) મળવા મુજને એ વ્હાલી,
તમે જરી નહીં ચૂક્યા હશો કરવા માંહે રખવાળી.
સુત નારમાં જ (૨) મ્હારૂં મનતો ભટકે છે,
ઉત્તર નવ દ્યો તે થકી ઉરમાં ધીરજ ન ટકે છે,

દોહરા—મનમાં તો નૃપતિ થયા, એથી અતિ લાચાર;
પણ ધીરજ રાખી વદ્યા, ઉરમાં કરી વિચાર.

બીજો વિચાર હવે શું કરે ! હરી ઉપર ચીઠી ! **ભૂલ્યાને હરિ નહીં ભૂલે, ભૂલો નિજ જનની ભૂલે** " તો આ વેળા તે પાકી થઇ છે ! એ વિના હવે બીજી ગતિ જ નહીં. કાં આ પાર કે પેલે પાર ! મનોરથ તો પુરોજ કર્યો, પ્રભુપર વિશ્વાસ ધર્યો ને જે થવા ચાહ્યું તે જ ઉચર્યો તો ખરો. હવે સ્વજનનું વાક્ય શ્રીહરિ સાચું કરે છે, એમ શાસ્ત્ર કહે છે. પણ તે નારદ, પ્રલ્હાદ જેવા પરમ સાત્વિક સાવધ નથી, આ વખતનો જબર અપરાધી છે. પરંતુ જે થાય તે ખરી તેણે તો મારી દીધો તડાકો--

પીલુ.

ભૂપ કહે સુણરે પ્રિય ભાઇ, તર્ક વૃથા શું કરે મનમાંહી;
કુશળ પુત્ર તુજ નાર કુશળ છે, કુશળ પુત્ર પ્રસઓ છે આંહી. ભૂપ.
મ્હેં ગુણવાન દીઠી જગમાં નથી, ત્હારી ત્રીયા સમ તો કોઇ ક્યાંહી. ,,
ઉત્સવ આજ વડો ગિરિમાં છે, ત્યાં ગઇ રાણીયો સંગમાં બાઇ. ,,
સાંઝ સવાર આવશે ઉતરીએ, આપ રહો ધરી ધીરજ આંહી.

એક તરફથી તો આમ કહી બ્રાહ્મણને ઉતારી શાન્ત કીધો, ને બીજી ગમ-

હરિગીત—છાની કઢાવી ખબર જાણ્યું, એઉ પૂરાં થઇ ગયાં,
તન પણ સુકાઈ ભૂમિ બન્યાં, અસ્થિ અધૂરાં રહી ગયાં;
ભુખે દુ:ખે કકળી મુઆં, દારૂણ દુ:ખો તન સહી ગયાં;
ક્યાંથી જીવે એ બાપડાં, અભિશાપ નૃપને દઇ ગયાં !

પદ. " કલ્યાણ "

હવે ભૂપે તે શું કરવું ! ટેક.
દઈ વાયદો વિપ્ર થોભાવ્યો, તેને શું ઉચરવું.
મરી ગયાં અસ્થિજ રહ્યાં છે, જીવન ક્યાંથી ધરવું. ,,
બાળ સ્ત્રીનો હત્યારો જગમાં, સ્વભૂલથી ઠરવું. ,,
ધર્મી ગણાઇ ઠર્યો અધર્મી, શું શસ્ત્રે મરવું ! ,,
અણી વખતની ઓથ **અનુપતિ**, એને કરગરવું. ,,

અભંગ—શોચી એવી વાક પ્યારા સુત સાથ, ગયો નરનાથ ગિરિમાથે,
આવ્યો ઇશદ્વાર, ચરણ મોઝાર, નમી આંસુધારે રોયો જાતે.
ગયો ધભરાઈ, વદ્યો નહીં કાંઇ, કષ્ટ મનમાંહી ઉભરાય,
પૂછે કૃપાનાથ, વદે શું એ વાત, રોતો જોડી હાથ, ઉભોરાય.

સીંઢી—વદ્યા શ્રીનિવાસ, કર્યું ઘોર કામ, હવે થવાને ચહે ફરી સકામ;

આર્ત ભક્તિ નથી નિવડતિ ન કામ તેથી પુરીશ હાલ તારૂં મનોકામ.
અસ્થિ એ મગાવ અહીં પુત્ર સંગ, રાખ્યો નૃપતિએ શુભ આ પ્રસંગ;
ગયો પુત્ર અસ્થિ છુપી તેથી લાવ્યો, શુભ ઉપાય શ્રીપતીએ બતલાવ્યો;

સાખી—અસ્થિને બોળ્યાં પુષ્કરણી માંહે પ્રીતિધારી;
અંજલી ભરી પ્રોક્ષણ કર્યું જ્યાં પ્રભુએ જળકર ધારી;
પ્રકટયા એ સુત ને દ્વીજ પત્નિ તનમાં તેજ વધારી;
બગડી વાત સ્વજનની એવી વેંકટવરે સુધારી.

ઉપેન્દ્રવજ્રા—નમે નમે ભૂપતિ વંદી પાય, અહા! નિવારી વસમી અપાય;
ક્યાં હરિ આપતિમાં ઉપાય, શ્રી કંથથી કષ્ટ શું ના કપાય!

પરંતુ કૃપામાં ફેર પડી ગયો. કારણ નિરપરાધી, આશ્રિત, શરણાગતની સંભાળ નૃપે ન લીધી, ને તેથી તેમને ઘણું સંકટ પડયું, તે પાપનું પ્રાયશ્ચિત ચિતને સતત સંતાપ વિના ન થાય. ખરા ભક્તને તો ભગવાનનો વિયોગ એજ સંતાપ. શ્રીહરિ દીવ્ય દેખાય, દીવ્યવાર્તાલાપનો અનુભવ દે, એ સમાન ઐશ્વર્ય નથી. પરમપદનો અહીં લ્હાવ છે. તેથી ભ્રષ્ટ થવું એ કષ્ટ સમજીને અનુભવીને દારૂણ દુઃખ તે પ્રભુએ તેને દીધું.

इतः परं मौन महं प्रपद्ये नास्यंतमे कान्ति जनापरेण ।
केनापि कुर्वे सह वाग्विलास साक्षात्कला वन्यमुला द्विभाषे ॥

ગીતિ—કોપ જણાવી પ્રભુએ, રજા દીધાથી ઝટ નિસર્યા નૃપતિ;
આવી દ્વિજની પાસે, સોંપ્યાં સ્ત્રી સુત પીડા પ્રબળ પતિ.

ઉપેન્દ્રવજ્રા—પડયો હતો વ્હેમજ વિપ્ર ચિત્ત, વદ્યો પ્રિયા તું કહીદે ખચિત્ત;
ગઈ હતી ક્યાં રહી ક્યાં સુખેથી! વદી તદા નાર ખરૂં મુખેથી.

"**સજન મુખડા બતલાનારે**" એ રાગ.

પતિ શું કહું મ્હારી વીતિરે, (૨) આપોપી જાણવી અમપર પ્રભુએ અતિ પ્રીતિરે. પતિ૦
રહ્યાં અહીં અવાસ, માંહે ખટમાસ, સુત પ્રસવ્યો અવધી વીતિ ખાસ;
ખૂટયું સઘળું કહેવું કોને? ભારે થઇ ભીતિરે. પતિ૦
ધારી વિશ્વાસ સ્મર્યા શ્રીનિવાસ, ત્યાં પ્રકટ થયા ને આવ્યા પાસ;
આ તન બદલાવી અન્ય દીધાં ગયાં સંકટ ઝીતિરે. પતિ૦
(જગત ભુલી ગયું પણ પ્રભુ—"ભૂલ્યાને હરી નહીં ભૂલે."
અમને શ્રીવર, ગળી ગયા સત્વર, ત્યાં દીઠું ઉદર કેવું મનહર;
ફરી ફરી ચૌદ ભૂવનો દીઠાં અંદર અથ ઇતિરે. પતિ૦
લાગી ન વાર ત્યાં ગિરિ મોઝાર, અમે નિકલી ઉભાં પ્રભુ દ્વાર;
આ કુંજ અને આ ભૂપ, ગિરિ થઈ તદાપ્રીત પ્રતીતિરે. પતિ. એવાં "ભૂલ્યાં"

"**આજ શ્યામ**" એ રાગ.

એ સુણતાં કુર્મ રૂષિ ગળગળા થઇ ગયા,
ગળગળા થઈ ગયા, વિચારી ઇશની દયા. એ સુણતાં.
ધિક્ક મ્હારૂં ધ્યાન જ્ઞાન, ધિક્ક મ્હારૂં તીર્થ સ્નાન, તવ સમાન ભાગ્યવાન દેવણીએ થયા. એ

"**वेंकटेशो समोदेवो नभूतो न भविष्यसि**" બધે ફર્યો પણ પરમાત્માનો અહાવો પ્રકટ પ્રભાવ એમનીજ આર્તિમાં અહાવો લ્હાવ ક્યાંહી ન થયો કે—

नारायणस्याखिल लोक धाम्ना निवासभूतस्य चराचराणाम् ।
दृष्टं भवाब्धिर्जठरे विचित्रं भूगोल मुख्या खिल लोक वाकं ॥

" સખી ત્હારી લાજ હાય, એ સમાન કો ન થાય, ભક્ત પ્રતિપાળ ખરા શાસ્ત્રની પ્રતિ કથા. એ.

એ સુણતાં બ્રાહ્મણ બ્રાહ્મણી ઉભયનો સ્વભાવ જોવો કે આટલું થયા છતાં રાજાના દોષની વાતજ વધારી નહીં ન સંભારી. એજ હરિજન એવાને જ "**ભૂલ્યાં હોય તો પણ હરિ નહીં** ભૂલે" પણ રાજાનું ત્યારે શું ? તે પણ એજ વચનપર વળગ્યો કે— "ભૂલ્યાને હરી નહીં ભૂલે"

દોહરો—આમ બન્યું ત્યાંથી હરી, નથી વદતા નૃપસાથ, એથી ઉરે રહ્યાં કર્યો, નૃપને નિત્ય વિશાદ.

તે માત્ર રોઇને બેશી ન રહ્યો! બેશી રહેવાય તેમ હતુંજ નહીં, જે અનુભવ બંધ થયો તેનો વિયોગ સહેવાય તેમ હતું જ નહીં. એટલે—

" ફરી ફરીને પ્રભુ, હું તો ત્હારાજ મુખ ભણી જોઉં, "
" કેમ હારૂં હામ મારે નથી બીજો કોઈ વિરામ "
" બીજે પ્રભુ ક્યાં જઈએ અમે તો તમારાંજ છીએ " ને તેથી—
" અન્ય ઉપાય શું કરીએ અમે તો તને કરગરીએ "

એ પદો પ્રમાણે એજ અવલંબન પકડ્યું—

निरास कस्यापि न तावदुत्सहे महेशहातुं तवपादपंकजं ।
रुषानिरस्तोऽपि शिशुस्तनंधयो न जातु मातुश्चरणौ जिहासति ॥

" નિરાશ કરો તોપણ હે મહેશ આપના પાદપંકજ હું છોડી શકું તેમ છેજ નહીં. કોપીને નિરાશ કરે તોપણ જે **સ્તન**ંધય શિશુ છે તે માતાના ચરણો છોડી શક્યો નથી તેમ" ને છેવટ માતાએ બાળને ક્ષમા કરી, સંભાળે છેજ તેમ શ્રીહરિ પણ "**ભૂલો નિજ જનની** ભૂલે" તેમ " ભૂલ્યાં ને હરી નહીં ભૂલે " પણ ભૂલ્યાં ત્યાંથી ફરી ગણવું પડશે. રસ્તે પડતા સુધી શ્રમ પડશે. તે તેણે માત્ર સ્વમનથી નહીં પણ—

શાખી— પૂછ્યું અંગીરસ ગુરૂને પછીથી પડીને ભૂપે **પાય**,
પ્રભુ રીઝે તે માટે મુજને જણાવો શ્રેષ્ટ **ઉપાય**;
રૂષી કહે ચઢાવ તુલસીદળ નિત્યે સહસ્ર નામે,
પ્રભુ રીઝે છે સાચે સ્નેહે, તુલસી કુસુમ પ્રણામે.

ભૂજંગી— નૃપે એ રીતે ત્યારથી નિમ રાખી, કરે સેવ શ્રીકંથની નામ ભાખી;
મણી હેમનાં પુષ્પ પત્રો કરાવે, ફળો પુષ્પ સાથે વળી તે ધરાવે.
વિત્યા એ રીતે ત્રૈણ માસો તથાપી, નથી બોલતા શ્રીપતિ વિશ્વ વ્યાપી;
તદા ચિત્તમાં રીશ ને શોક આણી, પતિથી વદ્યા ભૂપતિ જોડી પાણી.

રાગમાઢ.

દોષો દાસના સ્વામી, સર્વગુણ ગ્રામી ભૂલો ન શાને રે;
હરિ ભૂલો ન શાને રે, ધરો વિનંતિ ઝટ ધ્યાને રે. દોષો.

વાંક પડયો મ્હારો ભારે તથાપી, ક્ષમા કરો હવે નાથ;
ભકતો ઉપર પણ રાખશો રીસ તો, રીઝશો કોની સાથ! દોષો.
દોષિત તો પણ મ્હારા જેવો, ભક્ત નથી કોઇ દાર;
કેવા ધન શ્રમે સેવા કરૂં છું, રાત દિવસ ધરી પ્યાર. દોષો.
એમ છતાં એ લક્ષે ના લઇ, હજી પ્રત્યક્ષ ન થાઓ,
ભક્તમાં અગ્રણી હું, આપ અગ્રણી દયાળુમાં કહેવાઓ. "

હજી આટલો ગર્વ-ભૂલ હતી તે પણ ટળવી જોઇએ. તે ટળશે—
"દયા ધારી અનુ લે છે સુધારી જો ધણી ધારી કબુલે"

સેવા કરીએ તેનો ગર્વ આવે છે જ તે પણ ભૂલ જ છે એ પણ જવી જોઇએ. તે શે જાય! એજ ન્યાયે—"ભૂલ્યાંને હરિ નહીં ભૂલે" જુવો તેમજ થયું. એ—"ભૂલે નિજ જનની ભૂલે" તે ટાળવા માટે તજવીજ થઇ—

લાવણી.

વદી એવું ગર્વ ભર્યું નૃપ અંતે થાકયો, પણ સેવા કરે જવાનો નિયમે રાખ્યો;
વધુ ખર્ચ હાંઠથી વધતી સેવા કરતો, વશ કરૂં હરિને એમ ગર્વ ઉર ધરતો,
પછી એક દિવસ દર્શન કરવાને આવ્યો, ત્યાં ચમત્કાર શ્રી કંથે સદ્ય જણાવ્યો;
કંચન મણી કુસુમો તો છે દૂર પડેલાં, શ્રીપદમાં છે મૃતિકામય કુસુમ ચઢેલાં.

લાવણી.

જાણી વધુ કોપ્યા શ્રીહરી તે (૨) અતિ દુઃખી થઇ રોવા લાગ્યો સેવ મદ હરીને.
રોયા હા! હું તો હીણુ ભાગી (૨) ઘણી કરી સેવા પણ મ્હારી ભીડજ નવ ભાગી,
સભાગી સાચો એજ દિસે (૨) માટીનાં કુસુમો જેનાં પ્રિય માન્યાં જગદીશે;
ફરી ફરી પ્રભુને એ પૂછે. (૨) દેવ રૂપી તો નથી, કરી આ સેવ કોણ પૂજે!

—આ પ્રમાણે સેવ ગમ થઇ ને તેનું ઝેર ઉતર્યું, ગર્વ ગળ્યો કે દીન વળ્યો—

પદ. "લક્ષ્મીનારાયણ" એ રાગ અથવા દીનનો દયાળ"

વદ્યા હરિ હશીએ નૃપતિ સાથે ત્યારે રે, ત્હારાથી તો પ્યારા છે ઘણાએ ભક્ત મ્હારે રે. વદ્યા.
"આ ફૂલો તો ભેટ કર્યાં છે **ભીમા** કુંભારે રે, ઉત્તરે યોજન દૂર વસે ઘર બારે રે" ,,
ભીંતમાં મ્હારી કાષ્ઠની મૂર્તિ પધરાવેરે, મ્હારો ભાવ કરી મને ભેટ ત્યાં ધરાવેરે. ,,
અભિમાન હીન દીન શાન્ત છે સુચાલીરે, સેવા તેની લેવા જાઉં છું નિત્યે હું ચાલી રે, ,,
"મ્હારા જેવો નથી" એવું તેં તો મદે ધાર્યું રે, એણે નરમાશે હેત મ્હારાથી વધાર્યું રે. ,,

સાખી.

ધન ભભકે નહીં પણ દીન ભાવે, પ્રભુ માને આભાર;
નૃપતિ શોચે ધન્ય ધન્ય છે ખરેજ એ કુંભાર,
એને નિરખું હાલ જઇને. એમ ગ્રહી ચિત્ત માંહ્ય;
પગે ચાલી નિકળ્યો ઝટતે દીશ, હવે ન ઉર ભરમાય.
ભીમ તણું ઘર પૂછી રાજા આવ્યો પ્રેમે ધાતો,
ઉરે અતિ આશ્ચર્ય પામતા, પુરના લોક બધાતો.
દીઠું ધામ કે ત્યાંજ પડયો નૃપ, લાંબો થઇ તે ઠામ,
કુંભાર આવ્યો દોડી છોડી દઇને ઘડતાં ઠામ,

હરિગીત.

શોચે કુંભાર ચિત્તે અરે ! આ ભૂપતિ તે શું કરે !
મુજ વાંક આવ્યો હોય તો તો અહાવું નહીંજ કશું કરે;
સો ઘડા ઘડવા કહ્યા તે એચાર પકડીને કરે,
નૃપને ઉઠાડી નમ્યો કહો શું વાંક કીધો કિંકરે.

તોટક— તવ રાય કહે નથી ચાકર તું, ગણું છું મુજ વલ્લભ ઠાકર તું,
પ્રભુનો અતિસેં પ્રિય કિંકર તું, મનથી સુકૃપા હું પ્રતિ કર તું

ગીતિ— એમ વદી વંદે છે, ત્યાં તો પ્રકટયા ઝળળળ જગરાયા,
લીલા જોવા ભૂપર, પુરજન, ઉપર સુરજન ઉભરાયા.

રાગ કલ્યાણ “ શ્રી જગતપતિ ”

શ્રીપતિ પ્રતિ, કર જોડી પ્રીતથી. વંદી પાદ ભીમ વદ્યો નમ્ર વિનતિ. ટેક.

શ્રી વૈકુંઠ જ ધામ તમારું, શ્રીજ તમારી નાર,
બ્રહ્માતો તવ પુત્ર કરૂં શું, સ્તુતિ હું રંક કુંભાર શ્રીપતિ૦
ફણી રાજતો તુજ આસન છે, વાહન શ્રી ખગરાજ,
પગથી પ્રકટી ગંગા તોપણ, તારે જીવ સમાજ. ”
નક્ષત્રો તુજ દંતપંક્તિ, વીજળી તન કાન્તિનાથ;
મેરૂ હીમગિરિ તુજ અસ્થિ, પુરૂષોત્તમ તું આદ્ય. ”
સૂર્ય ચંદ્ર તુજ નેત્ર શ્રીપતિ, જગતજ ત્હારૂં રૂપ;
ક્યાં હું નિચ કુલાલ અને ક્યાં ! કોટી અંડના ભુપ ! ”
શું કહું શું ચહું શું દઉં સ્વામી, કશું ન સુઝે નાથ !
નિરખું પ્રણમું શીષ નમાવું, જોડી રાખું હાથ. ”

શાર્દૂલ— રીઝ્યા શ્રીજગદીશ ત્યાં પદ નમી, આવી સુ કુંભારણે;
બન્ને ભક્ત પ્રપૂર્ણ આપ પ્રકટ્યા, બેઉ તણે કારણે;
નારીતો જઇ લાવી થાળ ભરીને, મિષ્ટાન્ન તે આરણે;
આરોગો જગદીશ એમ ઉચરી, ધાળી બની વારણે.

रमारमेति रमणीय विग्रहः कुलाल वर्येण कुलाल जायया ।
अभुक्तदत्तं च तदन्नमुत्तमं भुक्त्वा तयोश्च प्रददौ पदं स्वकम् ॥

શી રીતે ? જરા બોલીએ—

તોટક—જગદીશ જમ્યા પ્રિય ભોજન એ, જોઇ સ્તબ્ધ થયા સહુકો જન એ;
બેઉએ તજી માણુસનાં તનને, ધર્યાં દીવ્ય શરીર સુ યૌવનને.

દુહો.

ઝળળળળ આવી ઉભું, રમણીય દીવ્ય વિમાન;
બેઠાં એ પ્રભુને નમી, દેવો દે બહુ માન.

સવૈયો.

લજ્જીત ભૂપ થયો અતિસેં પ્રભુના પદમાં પડી એ ગતિ માગી;
ઇશ કહે ધર દેહ ફરી શુચિ આ નૃપનું પદ હાલજ ત્યાગી,

તેમ કરી ધરી દેહ ફરી સહ સ્નેહ હરી સ્મરી થઇ અનુરાગી;
અંત ગયા પ્રભુ ધામ રહ્યા નિત્ય ત્યાં પછી એ પણ ધન્ય સુભાગી.

एवं हरि स्तत्र चरित्रमद्भूतं कुर्वन्जगन्मातृ समन्वितौ गीरा ।
आस्ते जगत्पात्र सुरौघपुजितौ ददद्यथेष्टं मनोरथान्सताम् ॥ १० ॥

એજ હરી અહીં રહ્યા થકા—
"**ભૂલ્યાને હરિ નહીં ભૂલે, ભૂલો નિજ જનની ભૂલે રે.**" ભૂલ્યાને.

—इति—

---સમાચાર.---

રૂ. ૯ લાખનું ચિત્ર!! મી. ફ્રીક નામના એક શ્રીમંત અમેરીકને "એક પોલીસ ઘોડેસ્વાર" નામનું પ્રસિદ્ધ ચિતારા રેમબ્રાંટનું ચિત્ર રૂ. ૯ લાખની કિમ્મતે વેચાતી લીધું છે.

હવાઇ મુસાફરી—પોણા બે કલાકમાં ન્યુયોર્કથી ફીલાડેલફીયા—જાણીતા હવાઇ મુસાફરી કરનાર હેમિલ્ટને ન્યુયોર્કથી ફીલાડેલફીયા સુધીની હવાઇ મુસાફરી એક કલાક ૫૩ મીનીટમાં કરી હતી. તે ઉંચે ઉડયો હતો. અને એક સ્પેશિયલ ટ્રેનની પાછળ ગયો હતો.

ચોમાસું કેવું નિવડશે? એનો વર્તારો—મુંબઇ દા. એ. તારાપોરવાળા સાંજમાં જણાવે છે. સંવતના છેલ્લા બે આંકડાને ત્રણે ગુણી વીસ ઉમેરવા ને તેને સાતે ભાગવા. ને જે શેષ રહે તેનું પરિણામ નીચે પ્રમાણે. શેષમાં ૨ વધે તો ચોમાસું મધ્યમ આવે. પાંચ શેષ રહે તો રેલ આવે, ધોધમાર વરસાદ પડી લીલો દુકાળ પડે. શેષમાં ૬ વધે તો વરસાદ થોડો પડે. શેષમાં ૧ એક અથવા ૪ ચાર વધે તો અરધો દુકાળ પડે. શેષમાં ૦ સુન્ય આવે તો ખરેખરો મોટો દુકાળ; ચોમાસુ નિષ્ફળ જાય. આ હકિકત તા. ૨૨ મી જુનના સાંજમાં ખોજા લવજી ઝીણા માસ્તર, ન માનતાં રદીયા સાથે આવા વ્હેમો ખોટું નુકશાન ન કરે તે માટે ચેતવણી આપે છે.

ચઉદ વરસના બચ્ચાની હવાઇ સફર.

મારસલ હેરીઅટ નામના ચઉદ વરસના એક છોકરાએ પોતાના હવાઇ રથમાં બેથનીથી રીમસ સુધી અને રીમસથી બેથની સુધી ઉડીને કુલ ૭ માઇલની હવાઇ સફર કીધી છે. એ સફર જો કે ઘણી લાંબી નથી તોપણ તે દરમિયાન એ છોકરાએ જોઇતી હીંમત બતાવી હતી. તથા પોતાના રથઉપર સંપુર્ણ કાબુ રાખ્યો હતો. અમેરીકન ગ્રાંડ પ્રાઇઝમાં બેનઝ મોટરકાર હાંકવા માટે મી. હેરીઅટ નામના જે શખસને પસંદ કરવામાં આવ્યો છે તેનો તે બેટો છે.

ચીન દર સાલ હીંદ પાસેથી કેટલું કાપડ ખરીદે છે?

"પાયોનીયર" પત્રનો કલકતા ખાતેનો ખબરપત્રી પોતાના એક છેલ્લાં કાગળમાં ચીન દેશે હિંદના સંબંધમાં સુતરની બાબતમાં કેવી વલણ અખતયાર કરી છે, તે બાબે લખતાં જણાવે છે કે ચીન હીંદી મીલોનો માલ ખરીદનારૂં સઉથી મોટું ઘરાક છે, અને તેના સીવાય તેઓ ઘણીજ ભયભરેલી સ્થિતિમાં રહે છે. કુલે ૨૫૭૨૪૩૫૪ રતલ જેટલો નીકાશ ગયા એપ્રીલ માસમાં થયો હતો, જેમાંથી કુલે ૨૩,૬૨૧૦૦૦ રતલ એકલું ચીને ખરીદ્યું હતું. અનુક્રમે કિંમત રૂ. ૧૧૭૬૪૨૧૬, અને રૂ. ૧૦૭૧૩૧૫૭ જેટલી ઉપજી હતી.

આ, આનન્દપત્ર.

॥ श्रीहरीः ॥

श्रीपरीक्षित संजीवन आख्यान.

(લેખક. મે. અનંતપ્રસાદ ત્રીકમલાલ શ્રીવૈષ્ણવ.)

પૂર્વરંગ.

સોરઠ.

અંતે ઇશ ખરા, અન્યજન સાધન હોય ભલ પણ;
અંતવાન સહુને, સહુનું સહુ, અનંત અનંત ઠર્યા.

જગતમાં માણુસ અપૂર્ણ જન્મે છે, તેને સાફ જ બીજા કરે. ખવાડે, સુવાડે, ઉઠાડે તેમાં પણ જણનારીજ તેની ખરી પાળક એ પણ નક્કી નહીં, જણતાંજ પુત્ર રહ્યો ને માતા ગઈ તો "**અંતે ઇશ ખરા**" ગમે તેના દ્વારા પણ તેનું પાલન કરે છે—

માતા ચાહે પણ તેનું આયુષ અંતવાન. એજ વાત પિતાના તન મનની પણ. એટલે—

"**અંતવાન સહુને સહુનું સહુ, અનંત અનંત ઠર્યા**"

તે—"મુડદાકો હરિદેતહૈ, કપડા લત્તા આગ; જીતા નર ચિન્તા કરે, વાકે બડે અભાગ." પ્રત્યક્ષ જોઈએ છીએ કે સરકારી માણુસો મુસલમાન હો તો કફન સાથે દફન, ને હિંદુ હો તો આગ લાકડાં ભેગાં તેને કરે છે. પોતાની ફરજ સમજે છે, એમ અનંતનુંજઅનંત ને તેજ અંતે કામ લાગે છે. તે જેનાપર હુકમ કરે, તેનાં તન ધન સામાન સાધન અમને તેમનાં કામ લાગે, એટલે "અમારાં કરીને" ભલે કહેવાતાં હોય પણ "**અંતે ઇશ ખરા**"

આગળ બીજાની મદદ બંધ પડવા, ને અમારાપર અમારૂં રક્ષણ કરવાનો બોજો આવે, હાથે ખાવું, પીવું, સુવું ઉઠવું, ન્હાવું જાવું, તે માટે શરીર સાધન પણ સાજું માંદું કામ દે, ન દે, સર્વ ઇન્દ્રિયો રહે ન રહે તે માટે "અંતવાત સહુ, ને સહુનું સહુ" રાજાની આંખ ફુટે તેને બદલે તેની કોટી પ્રજા પોતાની આંખો દે તો સહુ આંધળાં થાય, પોતાની ખુવે પણ રાજા તો કાંણોજ રહે. એટલે કબુલ કરવુંજ પડે કે "**અંતે ઈશ ખરા**"

અમે અપૂર્ણ તે ભૂખ તૃષાના ગુલામ, ટાઢ, તાપ, વૃષ્ટિ, વેરી તેથી બચવાની ફરજ છેજ. શરીરમાં વય થતાં "કામ" ને તેને ઉપજાવનાર, વધારનાર, નિભાવનાર અનેક વિષયોને માટે અમને જન સાધનની સહાય છે. અમે મહેનત કરીએ છીએ. તેમાં પણ ઇન્દ્રિ અવયવ બુદ્ધિ એનાં એ રાખે ત્યાં સુધી તો ઉપર કહી ગયા છે તેમ છેજ, પણ ઉદ્યમ કરતાં છતાં પણ ફળ માટે પણ "**અંતે ઈશ ખરા**"

"નથી લટકતાં લૂગડાં, તે ઝાડે તૈયાર, વાવી ખાંતે જો વણે, થાય સરસ શણગાર" એ ખરૂં પણ "છપનીયો આવે તો! વાવેજ ક્યાં? એજ કહેવું પડે "**અંતે ઈશ ખરા**" માનો કે ઉદાર શ્રીમંત લોકો મદદ દે, પણ તે એ કયાં સુધી? કેટલાને! બીજે ને ત્રીજે વર્ષે વૃષ્ટિ ન થઇ તો એજ સત્ય ઠરવાનું કે—"અંતવાન સહુ, ને સહુનું સહુ" તે બાપડાં કેટલું આપે! પોતાનું ખુટયું કે તેમને પણ અમારી સાથે ભૂખે મરવા વખત; કહેલ છે.

"આખો દહાડો માથું ફોડે, પાંચ વીઘા પાય; દીનોનાથ દયા કરે તો, જગ બધું રેલાય" એટલે "**અનંત અનંત ઠર્યા' અન્યજન સાધન હોય ભલે પણ, અંતે ઈશ ખરા**" હુન્નર હિકમતથી તન સાધન ટકાવી રાખે, ચલાવે જાય, પણ ક્યાં સુધી! આખર આ ગીત ગાવું જ પડે કે

"ન્હોતું જોઈતું ને શીદ આવીયું, ને ન્હોતી જોઈ ત્હારી વાટ;
ઘરમાંથી હલકાં થયાં, એની ખૂણે ઢળાવોને ખાટ. ઘડપણ કેણે મોકલ્યું.
ઉંબર તો ડુંગર થયા ને પાધર થયાં પરદેશ;
આંખી તો ગંગા થઈ, અંગે ઉજવળ થાતાં કેશ. ઘડપણ કેણે મોકલ્યું.

"તન સુકા કુબડી પીઠ ભઈ, ચલનેકી ફીકર કરો બાબા" ત્યારે એજ "**અંતે ઇશ" ખરા**" એવા તો સોમાં એક ભાગ્યે ઘરડા થયા, પલકમાં ફીકર કે પ્રાણ ગયા કે પતી ગયું.

"અન્ય જન સાધન હોય ભલે પણ, અંતે ઇશ ખરા"

સૌ જાણીયે છીએ, નજીરે ગાયું છે.—

"સબ ઠાઠ પડા રહે જાવેગા, જબ લાદ ચલેગા બનજારા.—બીજું ડહાપણ પણ શું!
"પઢ ઇલ્મ ગયે, ઇસ દુનિયાં મેં, ગર હમ કામીલ ઇદરાક હુવે;
"ઔર લાદ કિતાબેં ઉંટોપર, પુરમાની કે દુરરાક હુએ;
"મઅકુલ પડે, મન કુલ પડે, હર મંતીકમેં ચાલાક હુએ;
"યા, જીતને ઇલ્મ કે દરયા હયે, સચ પૂછો તો ક્યા ખાક હુએ.
"સબ જીતે છીકે ઝગડે હૈ, સચ પૂછો તો કયા ખાક હુએ.
"જબ મોઓતસેં આકર કામ પડા, સબ કીસ્સે કજીયે પાક હુએ.

ઉદ્યમ વિદ્યા વડે કરી જાપાન જેવા બને, વા શહેનશાહ સિકંદર બને તોપણ શું? તેને એજ કહેવું પડેકે.

"યહ ધુમ ધડકા સાથ લીયે, કયોં ફીરતા હય જંગલ જંગલ"
"એક તીનખા સાથ ન જાવેગા, મોકુફ હુઆ જબ અન ઓર જલ,
ઘરબારી અટારી ચોબારી, કયા ખાસા તન સુખ ઓર મલમલ;
કયા ચીલવન પરદે ફર્શ નયે, કયા લાલ પલંગ કયા રંગ મહલ.
સબ ઠાઠ પડા રહે જાવેગા, જબ લાદ ચલેગા બનજારા.
મગરૂર ન હો તલવારોંપર, મત ભૂલ ભરોંસે ઢાલોં કે,
સબ પટા તોડ કે ભાગેંગે, મુહ દેખ અજલ કે ભાલોં કે.
કયા ડીબ્બે મોતી હીરોં કે, કયા ઢેર ખજાને માલોં કે;
કયા બુચકે તાશ મુશ્શ જરંક, કયા તખ્તે શાલ દુશાલોં કે
સબ ઠાઠ પડા રહે જાવેગા જબ લાદ ચલેગા બનજારા.

એટલે—જા દિન પડેગો કાંમ જમકે જસુસનતેં,
તા દિન તિહારે કામ, રામ નામ આવેગો—કારણ.
મરતાં મહારાજાનો અંતે જમ પકડે છે કાન,
તેજ વખત હરિજનને લેવા, આવે દિવ્ય વિમાન.

ત્યારે સમજ પડે ઉભયને કે " અંતે ઈશ ખરા.
ત્યારની વાત ત્યારે હાલ શું ? એમ પણ નથી કહી શકાતું કારણ.

રાગ કાફી.

પરતંત્ર છું પુરો રે, શાને અભિમાન ધરે ! મમતા ધરીને રે, પ્રભુને તું કાં વિસરે. ટેક.
મનને તું તાબે સમજીને, કરે કઈક તોફાન, પણ પેટમાં ચૂંક પાડે કે,
ઝટ ભૂલે તું ભાન, આરોગ્યતા ત્હારી રે, એને વશ છેક ખરે. પરતંત્ર.
બાંધે મ્હોટા મ્હેલ ભરે મહીં, સમાન તું બહુ ભાત;
પોતાનું માનીને માણે, મોજ ભલે દિનરાત;
એકજ અંગારે રે, પલકમાં રાખ ઠરે. પરતંત્ર.
ધન બહુ ભેળું કરી ધરી મદ, એ પર રહે છે મસ્ત; ચોર પાસ ક્ષણમાંજ હરાવે;
તવ ભંડાર સમસ્ત, પત્તો જન લાગે રે; ભલે તું શોધતો ફરે પરતંત્ર.
પાળી પોષી પરણાવીને, પ્રિય માને પરિવાર, એક સપાટે કોગળીયામાં,
કરી નાંખે સંહાર, વૈદ્યને બાધાએ રે, કશોજ ન અર્થ સરે. પરતંત્ર
ઘણું ભણે અનુભવ લે ઝાઝો, વગ ચારે દાશ થાય.
હામ હોય એ સહુની બહુ પણ, ક્ષણમાં મન ખશી જાય;
ગાંડો કરી નાંખેરે. ધૂળ ફીંદતોજ ફરે. પરતંત્ર.
માણસને સઘળું સોંપ્યું પણ, કુંચી હરિને હાથ.
એ જાણી એનો ભય આણી, નમ્ર બની દિનરાત;
ભજ અનુ સ્વામીરે, સ્વતંત્રતો એજ ખરે. પરતંત્ર.

ને તે માત્ર આ જગતજન નહિ, પણ શાસ્ત્રથી સમજાય છે, કે તેના બનાવેલા બ્ર. હ્માનાજ એક દિવસમાં

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥

આ પંચભૂતનું ગામ, ત્રણલોક, થઈ થઈને પ્રલય પામે છે, રાત્રીના આવવાથી, અંતે રાત પૂરી થાય એટલે દિવસના આવવાથી—

" **सूर्या चंद्रमसौ धाता यथा पूर्वमकल्पयत** " ધાતા–બ્રહ્મા સૂર્ય ચંદ્રને જેવા પૂર્વ કર્યાં હોય તેવા ફરી કરે, એટલે જે જૂના તે ગયા. નવા અધિકારી નવી "મીનીસ્ટ્રી" તેમ થાય એટલે તેત્રીસક્રોટી દેવો પોતેજ ન રહે ત્યાં બીજાને શું કામ લાગે ? તેમનાં ધામજ ન રહે ત્યાં તેમનું શું કામ લાગે ? એટલે એજ વાત ઠરી કે—

" **અંત વાન સહુને સહુનું સહુ, અનંત અનંત ઠર્યા;**
અન્ય સુર સાધન, હોય ભલે પણ અંતે ઈશ ખરા. "

ખુદ બ્રહ્મા પણ—" **यो ब्रह्माणं विदधाति पूर्वं** " બ્રહ્મા જે પૂર્વે પેદા કરે છે તે " **नारायणात् ब्रह्मा जायते** " નારાયણની નાભીમાંથી બ્રહ્મા પ્રકટ થાયછે.

એજ વાત આરંભની " **एकोहवै नारायण आसीत् न ब्रह्मा नेशानो नेमेद्यावा पृथिवी** " એક નારાયણજ હતા, ન બ્રહ્મા ન ઈશાન, ન આકાશ, ન પૃથ્વી, સર્વને રહેવાને પૃથ્વી આકાશજ નહોતાં, પછી તેથી જાડાં તેમાં બનેલાં ઘર સામાન શરીર તો ક્યાંથીજ રહે, ને તે બ્રહ્મા ઈશાનનાં પણ ન રહે પછી અન્યની ગતિ શી ?

એમ સહુ ગાય છે, તેનું સો વર્ષનું આયુષ, તેમાં એકાવનમું વર્ષ ચાલે છે. સો વર્ષ પુરાં થયે તેનીજ નહીં પણ ચૌદ લોકને તેમાંની સર્વ સામાનની સમાપ્તિ એટલે **"અંતે ઇશાખરા"**

એટલે સૌનું સહુને સહુની સત્તા, પોતે સંકેલી પોતાને વશ કરી, સૌને પણ પોતામાં **"यथोर्णनाभिः सृजते गृह्णते च"** જેમ ઉર્ણું નાભી પોતાની લાળ પોતામાંથી કાઢે ને પોતામાં ગળી જાય, ને તે વેળા તે એકજ છે એમ કહેવાય છે. બીજું લાલ પણ તેની અંદર ને તે છે એવું કહેવાને પણ જુદી યોગ્ય નથી. તેમ જગત માટે **"अक्षर, अव्यक्त"** કહેવાઇને છેવટ એમ શ્રુતિ કહે છે–**"तमः परेदेव एकीभवति"** **"तमः"** પરદેવમાં એક થઇ જાય છે. "પાણીમાં મીઠું ભળી જાય છે તેમ" ને તે વેળા **"सदेव, एकमेव, अद्वितीय"** જ રહે છે, તેનીજ સત્તાને સામગ્રી કહો કે જગત કહો તે તો છે એટલે હતું જ કે **"અંતે ઈશ ખરા"** પાછાં તે બધાંને તેની મરજીમાં આવ્યા છે ત્યારે **"तदैक्षत"** તેની ઇચ્છામાત્રથી આકાશ પૃથ્વી, પાતાળ, બ્રહ્માન્ડ બનાવી દઇ તેમને શરીરો સાધનો બનાવી દઇ તેમાં પાછા પોતે પણ પ્રત્યેકમાં પેશી તેમનું નિયમન કરે છે. એ રીતેજ જગત આરંભે છે.

"अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्त्तते" એટલે બધા બધું કરે પણ **"અંતે ઇશ ખરા"** તે કરવામાં સત્તા સામગ્રી સોંપી છે, પણ તેને કેમ વાપરવી એ માટે પણ તેનીજ શાસ્ત્રાજ્ઞા છે. તે પ્રથમ પુરૂષને દઇ રાખે છે. **यो वै वेदांश्च प्रहिणोति** ને પછી ચેતન ગમે તેમ ચાલે, પણ ફળ તો તેની આજ્ઞાનુસારજ તે આપે છે.

यः शास्त्र विधिमुत्सृज्य वर्तते काम कारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥ अ. १६. श्लो. २३
तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ ।
ज्ञात्वा शास्त्र विधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥ अ. १६. श्लो. २४

જે શાસ્ત્રથી વિધિને છોડીને પોતાની ઇચ્છામાં આવે તેમ વરતે છે. તે સિદ્ધિ નથી પામતો "ન સુખ પરમગતિ" એટલે તેનું કામ પુરૂં થતું નથી. ન તેને આ લોકનું ફળ વા પરલોકનું ફળ મળે છે. તે શાસન કર્ત્તાની આજ્ઞા, નિયંતા ઇશના નિયમનેજ અનુસાર વર્તન રાખવું પડશે. નહીં રાખે તોપણ નિયમપ્રમાણેજ કર્મનું ફળ તો થશે માટે પોતે આજ્ઞા જ કરે છે, કે–"તેટલા માટે શાસ્ત્રને પ્રમાણ કરીને" શું કરવું ? શું ન કરવું ? તે શાસ્ત્રથી જાણીને કર્મ કરવું, તે પણ શાસ્ત્રે કહી રીતિ એજ કરવું યોગ્ય છે. તો તેથી ઇચ્છિતફળ તે આપશે. કારણ તે કયાંહી આઘો રહીને આ નિયમન કે કર્મનું ફળ નથી આપતો અપાવતો પણ **"ईशावास्यमिदं सर्वम् यत्किंच जगत्यां जगत्"** જગતમાં જે કાંઈ ચર અચર છે, તે ઇશાવડે વસવા યોગ્ય છે, એટલે સર્વમાં ઇશ રહ્યો છે. એમ સમજવું યોગ્ય છે. ને તેજ જે જે તેના શરીરની સેવા કરે તેના દ્વારા તે તે ફળ તેના નિયમ પ્રમાણે વર્તન હોય તો તેમના હસ્તક તેમને અપાવે છે.

"लभते च ततः कामान् मयैव विहितान् हि तान्" મ્હારાથી પ્રેરાએલાજ તેમના તેમનાથી તે તે કામના મળવે છે. એટલે વચલા જે અમે જોઇએ છીએ એમ દેવ પણ ધારે તો ભૂલ છે. **કેન** ઉપનિષદમાં તેનો ખુલાસો પ્રભુએજ કરી આપી તેમને પણ સમજાવ્યું છે કે—

"અંતે ઈશ ખરા" ત્રણે પ્રકારનાં ચેતન-નિત્ય, મુક્ત, ને બદ્ધ આત્માઓ અને ત્રણે પ્રકારનાં અચેતન જે પ્રકૃતિ, કાળ ને શુદ્ધ સત્ત્વ તેમનાં સ્વરૂપ સ્થિતિ પ્રવૃત્તિ ને તેમના ભેદ તે એ એકનેજ સ્વાધિન છે, ને તે પોતે તો નિરંકુશ, સ્વતંત્રજ છે. એજ અંત સાથે છે ને તે સ્વાધિનતા પણ શ્રુતિના શબ્દોમાં—

यच्चकिंच जगत्सर्वम् दृश्यते श्रूयतेपिवा ।
अंतर्बहिश्च तत्सर्वम् व्याप्य नारायणःस्थितः ॥

જે કાંઈ જગત સર્વ છે, જે દેખાય છે ને જે શાસ્ત્રદ્વારા સ્વર્ગ, નર્ક, કૈલાપ, વૈકુંઠ, સંભળાય છે, તે સર્વની અંદર ને બહાર નારાયણ વ્યાપીને રહ્યા છે જ. એ રીતે સર્વમાં વશીને, સર્વત્ર વશીને "**यो लोक त्रयमाविश्य बिमर्त्यव्यय ईश्वरः**" જે ત્રણ લોકમાં પ્રવેશીને તેમને ધારણ કરે છે તે અવ્યય ને ઈશ્વર હોઈને-એ રીતે સહુને તેમનું સહુ, તે તેનુંજ, તેનાજ વશમાં ને તેથી-"**અંતે ઈશ ખરા**"

જ્યારે બીજા કર્મ કરે તેજ તેનાં ઠરાવેલાં હોવાં, તેણે ઠરાવ્યું તે રીતે કરવાનાં, ને તેણે ઠરાવ્યું છે ત્યારે તેટલું ફળ મળવાનું ને તે આ પ્રકૃતિમંડળમાં તો અંતવાતજ, એ વાત નક્કી છે. પછી તેના નિયમનો લાભ લઇને પણ તેના ઉપરવટ થવા જાય તો તેમ બની શકતુંજ નથી. અમે ગાયું છે ને તે ઇતિહાસપુરાણથી સાબીત કરી શકાય છે. કારણ તેમાંનુંજ છે.

પદ. "લટકાળો શ્રી ગિરિવર ધારી" એ રાગ.

હરિ વિના ન કામ તમામ છે, ધણી ધાર્યાં તેણે કર્યું કામ છે રે. હરિ. ટેક.

જૂવો તનબળ--

તપ હિરણ્ય સમ કોણ કરશે, વર એવા પ્રબળ કોણ વરશે;
પલકમાં હારી ગયો હામ છે રે, હરિ વિના તમામ ન કામ છે.

ને તેનાજ સાથે માત્ર હરિને માની "**અંતે ઈશ ખરા**" એજ નિશ્ચય હતો તો.

પ્રલ્હાદે ન ચહ્યું કહ્યું કાંઇ, મળ્યું બધું થયું સુખદાઇ;
દેવરૂપી માંહે એ વધ્યું નામ છેરે; ધણી ધાર્યાં તેણે કર્યું કામ છે.

(હવે ધન બળનાં દ્રષ્ટાન્ત—

ધન કન્યા નર્કે કર્યાં ભેલાં, સાત કિલ્લામાં રક્ષી રાખેલાં;
મુકી સૌને મુઆં એજ દામ છેરે, હરિવિના તમામ નકામ છે.

તે શ્રી હરિને માન્યાને જોયું કે "**અંતે ઇશ ખરા**" તો તે સામેજ.

પુત્ર તેનો તુરત તે પામ્યો, જશ જેનો જગતમાં જામ્યો:
હરિ ભકતોમાં ધાર્યું નામ છે રે, ધણી ધાર્યાં તેણે કર્યું કામ છે.

સાધન બળને તપાસીએ—

જરાસંધે જબર સૈન રાખ્યું, લઢી લઢી ખપાવી નાંખ્યું;
અંતે મુઓ ન પુરી થઇ હામ છેરે, હરિ વિના નકામ તમામ છે.

એકંદર જુવો—

દશ શાપ દીધાં ગયાં ખાલી, ઇન્દ્રજીતાદિએ ગયા ચાલી;
રહ્યું પોતાનાંનુએ ન નામછેરે. હરિવિના ન કામ તમામ છે.

અને તેનાજભાઈ—

ઘર બારે મુકી વેરી પાસે, આવ્યા શ્રીવિભીષણ વિશ્વાસે;
પામ્યા લંકા કાયમ મુકામ છેરે, ધણી ધાર્યાં તેણે કર્યું કામ છે.

કેમકે એજ સત્ય છે કે "**અંતે ઈશ ખરા**" અન્ય જન સાધન હોય ભલે પણ" અંતે.

એકથી બીજું મ્હોટું, પશુ પંખી શું? વૃક્ષ કીટમાં પણ છે, તો મનુષ્ય ૠષિ દેવ અસુરમાં કેમ ન હોય! ને જેનાથી જે જે બાબતમાં મ્હોટું હોય તેને તે ઉપયોગી થાય, એ વિશેની પણ ના નથી. બલકે જગતજ એમ નભે છે, બાળકને માતા, ને વૃદ્ધ માતાને પુત્ર, મદદ કરે છે. નિર્ધનને ધની, માંદાને વૈદ્ય, દુર્બળને સબળ, અજ્ઞાનીને જ્ઞાનીની સહાયની જરૂર છે. ને તેથી તેની સેવાથી તે કૃપા કરી આપે તો કાર્ય સિદ્ધિ થાય છે. પણ સર્વમાં આ રહસ્ય ન ભૂલી જાવું કે—

जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वत मस्तके ।
ज्वालामाला करे विष्णुः सर्वं विष्णु मयं जगत् ॥

તે સર્વમાં તેનીજ ખુબી, તેજ સર્વનું જીવન **कोह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दोनस्यात्**" તે આનંદ, ધન ન હોતતો કોણ અન્યથી પ્રાણીઓ પ્રાણ લેત-જીવત ને આનંદ પામત, ભોગ ભોગવત એટલે જગતજીવન **तस्यभासा सर्वमिदंविभाति** આદિ શ્રુતિ અનુસાર તેના પ્રકાશથી સર્વનો પ્રકાશ ને તેના પ્રતાપથી જ સર્વનો પ્રતાપ છે. એટલે ખરી વસ્તુતો "**અંતે ઈશ ખરા**" જ ઠરી કવીએ બહુ ઠીક કહ્યું છે—

રામ નામકો અંક હૈ, ઔર સાધન સબ શૂન્ય;
અંક વિના કછુ હોત નહીં, અંક મીલે દસ ગુન્ય.

તેમ મૂળ આધાર "અંતે ઈશ ખરા" તેને લઈને સાધનો તે કહે તેમ કરેથી ઉપયોગી તે દે ત્યારે ફળ મળવાનાં. તેનું નામજ સાધન તેને વધારે ઠીક સમજીએ.

પદ. "જગદીશજપરે" એ રાગ,

અવર અનુપાનો (૨) સહુનું ઓસડ શ્રી સ્વામી; ટેક.

સર્વ ઔષધ વૈદ્ય સર્વ રોગનાં કરે છે, પણ છેવટ ઉચરે છે. (તે **શ્રી**શંકરનું વચન છે) કે

अच्युतानंद गोविंद नामोच्चारणभेषजम् ।
नश्यन्ति सकलारोगाः सत्यं सत्यं वदाम्यहं ॥

શ્રદ્ધા પ્રમાણે ફળ છે. બાકી લેતી વખતે બોલે પણ છે.

अकाल मृत्यु हरणं सर्व व्याधि विनाशनं ।
विष्णोःपादोदकं पीत्वा शिरस्या धारयाम्यहं ॥

એમ અકાળ મૃત્યુ હરે, ને સર્વ વ્યાધી દૂર કરે તે માટેજ પાદ તીર્થ પીવું. જેનો સાર—

પાદ તીર્થ ઓસડ જાણો, નારાયણ વૈદ્ય પ્રમાણો,
શીવ વચન પ્રસિદ્ધ પ્રમાણો, પછી શક શાનો (૨)! સહુનું.

તે વિશ્નુ પાદોદક બરાબર બને ને તેનું પાન બરાબર શ્રદ્ધાથી કરે તો બસ છે. જેમ વ્યાધી ને માટે આ પ્રમાણે ઉપાય, ઓસડ શ્રીસ્વામી છે. તેમ "આધી" માટે પણ એજ વાત છે. સૌનું ઓસડ શ્રી સ્વામી કારણ તે પ્રકટ કરનાર તો તે પોતેજ છે. "**सर्वस्य चाहं**

हृदिसंनिविष्टो। मत्तः स्मृतिर्ज्ञान मपोहनं च " સર્વના હૃદયમાં હું બિરાજમાન છું, ને મારાથી જ્ઞાન ખુલવું ઢાંકવું છે.

सुखं दुःखं भवो भावो भयं चाभय मेवच।

भवंति भावा भूतानां मत्त एव पृथक् विधः॥

સુખ દુઃખ ભય આદિ વિકારો, છે એ એકજ કરનારો,
સહુ મથી ભલે જખ મારો, એનાંજ તોફાનો (૨) છે સહુ.
સહુના ઉપર બેસે છે, એનું ચલાવ્યું ચાલે છે;
પોતે પ્રસિદ્ધ કબૂલે છે, નહીં કેમ માનો ! (૨) છે સહુ.

ईश्वरः सर्व भूतानां हृद्देशेऽर्जुन तिष्ठति॥

भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया॥

સર્વના હૃદય પ્રદેશમાં હે અર્જુન! ઈશ્વર રહે છે. તે માયાવંડે યંત્રારૂઢ સર્વભૂતોને ભમાવે છે. પોતાના ફજેત ફાળકાપર સર્વને ચઢાવ્યા છે. ને તેજ સર્વના આ ફજેતા કરી રહ્યો છે. એટલે એજ ઈશ્વર કહો કે ઈશ કહો. ઠર્યું એજ કે—" **અંતે ઈશ ખરા** " ચેતનનો આ હિસાબ તે બ્રહ્માના હૃદયનો, પણ હવે અચેતનમાં જુવો—જે સાધનો કહેવાય છે, તેમાં પણ " **पुण्योगंधः पृथीव्यां च** " એમ પૃથ્વીમાં શુભ ગંધ, ચંદ્ર થઈને સર્વ ઔષધીનું પોષણ કરનાર પણ એજ છે. ટુંકામાં કહી નાંખો તો—

આદિથી અંત લગીએ, સઘળે સહુમાં સમજી લે;
અનુ મુખ્ય એજ લેખી લે, ભૂલે નાદાનો (૨) સહુનું.

તે સર્વનું સર્વ પ્રકારે સર્વ પણ હોઈને—" **અંતે ઈશ ખરા** "

અને એથી પણ વધુ મજા એ છે કે, સાધનના બળથીજ તે બળી છે એમ નથી, જગતનું બધું તો " **एकांशेन स्थितो जगत्** " તેના પોતાનામાંજ મુખ્ય. મૂળ તો—" અનંત અનંત ઠર્યા " તે બધી બાબતમાં ને તેથીજ ગાયું કે—(નાગર નટરે, એ રાગ)

અવરનો ન ખપરે (૨) શ્રીહરિ એક ખુદ બસ છે. ટેક.
હોય આધિ વ્યાધિ ઉપાધિ, નવી જૂની ન્હાની વડી બાધી;
એ કાપી શકે અનાદિ, ચાહીકે ટપરે (૨) શ્રીહરિ૦
જોઈએ સાહેબી સુર નરની, ચાહે નિત્ય પ્રભુના ઘરની;
દઈ દે, નવ ચાલે અવરની, કશી પણ લપરે (૨) શ્રીહરિ૦
જ્યાં જવ હો ત્યાં તવ તેછે, કહ્યું શું ચહ્યું એ સમજે છે;
સહુનું સારૂંજ કરે છે, ન બદલે હપરે (૨) શ્રીહરિ૦
એના સમ બીજા એ છે, મુક્તિજ માત્ર એ દે છે;
એવું કંઈક જન કહે છે, તે ગણવી ગપરે (૨) શ્રીહરિ૦

અમે ગાયુંછે—ઘરોઘર ખાલી ગોથા ખાય, ધણી તો એકજ છે જગમ્હાંય; (લાવણી)
પાંચ સાત પ્રભુ કદી હોય નહીં, તે વળી સરવ સમાન;
સૌનો સાચો સ્વામી દાતા, લક્ષ્મીવરને માન,
કરે જે એજ તેજ નિત થાય, ધણીતો એકજ છે જગમ્હાંય,
સકલ વસ્તુ સૌને દેનારો, એકજ છે તે આપ;

એને વળગે સઘળું મળશે, તજી મહારાજા બાપ;
ભીખારી નોકરનો શીદ થાય, ધણી તો એકજ છે જગમ્હાંય.
ત્યાં ન મળ્યું તો નથીજ મળવું, એ માની લે ભિર;
એને લોપી બીજો આપે, એમ ન હોય જરૂર;
પોલ નથી એને ઘેર જરાય, ધણીતો૦

તેમ છતાં આજ સુધી આ સત્યથી અજ્ઞાન રહેવાને લીધે—

પદ. "એડા બાઈ બુડતાં" એ રાગ.

"ભોળી જાણી બહુ ભરમાવી, માંડ હું ઠેકાણે આવી;
એની તને દઉં તે બતાવી, શકે નહીં કોઇ સતાવી.
કામણ ટુમણ દોરા ધાગા, ચીઠ્ઠી માદલીયાં ને જંત્ર;
તુત બધું ધન ધુતનારાંનું, છે દેવપુજારી ને મંત્ર. ભોળી.
સાતે વારોને સોળે તીથિયો, લાંઘી કહાડ્યા કંઈ માસ;
ફાગટીયા ભુંગળ ભોગટીયા, જોગટીયાથી નાશ. ભોળી.
આપણી આશ એ આપ રાખે તે, કેમ પૂરી કરે આશ;
પરમેશ્વરતો સહુનો સરખો, આવે પ્રેમી પાસ. ભોળી.
નામ મ્હોટાનાં, કામ ચોટાનાં, ખોટાંજ ફળ મળનાર;
ઓઠાં આપે તેમાં ગોટા સમજવા, છોટાં રહ્યામાં છે સાર. ભોળી.
દીન દયાળ અનાથનો નાથ છે, એનીજ પાસ તમામ;
એનાં છઇએ તે એનેજ કહીયે, **અનુ** એજ રાખ્યું મેં કામ. ભોળી.

કહ્યું તેના સારરૂપ છેવટ પદ ગાઇને આખ્યાન આરંભીએ.

પદ. "બની આવે તો" એ રાગ.

મળ્યા સૌના સાચા સિર સ્વામીરે, હવે કોઇનું કામ નથી.
જે છે તે છે મૂળે એનું, તેની સ્વીકારી ગુલામીરે, કોઇનું કામ નથી.
જે છે તે છે એના વશમાં, તેને સેવીએ શીરનામીરે. ,,
જે થાશે તે એથી થાશે, તેને જાણુવીએ ખામીરે. ,,
જે છે તે છે એને માટે, એનાં થયાં મોદ પામીરે. ,,
એ વિણનાં સહુ એને આધિન, એ છે પૂરણ કામીરે. ,,
એનાં થઈ રહે તેની પોતે, ફિકર રાખે છે સ્હામીરે. ,,
મળ્યું ભોગવવું છે જ લખેલું, ભક્તિ રાખી એ જામીરે. ,,
અનુપતિ અંત કૃતારથ કરશે, વસશું વૈકુંઠે વિરામીરે. ,,

देवा अप्यस्य रूपस्य नित्यं दर्शन कांक्षिण: " દેવો પણ જે રૂપનાં દર્શનના નિત્ય અભિલાષી રહે છે. ને કહે છે, "**અંતે ઇશ ખરા**" તેમને પણ—

અન્ય ધન સાધન હોય ભલેપણ, અંતે ઇશ ખરા,

તો પછી માણસ માટે તો કહેવું જ શું ? બીજાનું બીજુ,—

અંતવાન સહુ, ને સહુનું સહુ, અનંત અનંત ઠર્યા.

માટે બીજાની ગુલામી કે બીજી પંચાત મુકી એજ રાખો. કારણ—
"**અંતે ઇશ ખરા.**" તો હાલથી કાં નહીં ?

—परीक्षित संजीवन आख्यान—

પદ. સોરઠ.

અંતે ઇશ ખરા, અન્ય જન સાધન હોય ભલે પણ, અંતે
અંતવાન સહુને સહુનું સહુ, અનંત અનંત ઠર્યા

ઇતિહાસમાં રામાયણને મહાભારત તેનો સારજ એક " અંતે ઇશ ખરા " રામાયણમાં રાવણ, કુંભકર્ણ, ઇન્દ્રજીત આદિના દષ્ટાન્તથી સિદ્ધ થયું છે કે—

" અન્યજન સાધન હોય ભલે પણ—અંતે ઇશ ખરા."

ને એજ વાત મહાભારતની છે. તેમાં ઉભયપક્ષમાં કૌરવ પાંડવ ને વખતોવખત અન્યજન સાધનની સહાય પૂરતી હોવા છતાં સંજયનાજ સર્વને જાણીતા શબ્દોમાં.—

यत्र योगश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धर : ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मति मम ॥

એટલે એક તરફ રામ ને એક તરફ ગામ તેથીજ છેવટ " અંતે ઇશ ખરા " એમ જ ઠર્યું. અર્જુન અગાઉથી જાણતાજ હતા; તેથી તેમનેજ વર્યા હતા ને તે સૌ શ્લોક જાણે છે, કે જેમાં અન્યજન સાધન શું—

अश्वत्थाम विकर्ण घोर मकरा दुर्योधना वार्मिनी ।
सोत्तीर्णा खलु पांडवै रणनदी कैवर्तकः केशवः ।

જે મહાભારત નદીનો કેશવ નાવિક હતો તેણે અર્જુનને સલામત તારી દીધા. ભીષ્મ દ્રોણાદિ પાસે સાધનની ન્યૂન હતી શું ? પ્રત્યક્ષ સાત સામે અગીયાર અક્ષોહીણી તો હાજરજ હતી. તે માટે સર્વે ને તેના સરદારો—

भवान् भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः
अश्वत्थामा विकर्णश्च सौमदत्ति स्तथैवच।
अन्ये च बहवः शूरा मदर्थे त्यक्त जीविताः
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्ध विशारदाः ॥

એવા વડા ને એવા પરાક્રમી બહુ શૂર કૌરવ માટે જીવન ધોળ્યું કરનાર નાના પ્રકારનાં શસ્ત્રો મારનાર ! ને યુદ્ધમાં ચતુર છતાં, તે હાર્યાજ તેમણે તેવુંજ પોતાનું પરાક્રમ બતાવ્યું. છતાં તે તમામ " અંતવાન સહુ, સહુનું " સહુને ઠર્યું તેમણે માત્ર શસ્ત્રજ નહીં પણ અસ્ત્રાદિક, દેવોની મંત્રોની શાસ્ત્રીય ઉપાયોની સહાય પણ પુષ્કળ મેળવી હતી, ને તે તમામનો ઉપયોગ અર્જુનના રથપર કર્યો, ને તે તમામ ત્યાં ગયાં, પણ પોતાનો ચાલો અમલજ કરી શક્યાં. બલકે જ્યારે તમામયુદ્ધ પુરૂં થઇ ચુકયું, કૌરવો બધા કપાઇ ચૂક્યા, તે પછી છેક છેલ્લે દહાડે જ્યારે શ્રીહરિએ કુરૂના શીબીરમાં જયી દરાણી પ્રવેશ કર્યો ત્યારે—

મંદાક્રાન્તા.

વાજાં ગાજાં, જય જય સુણતા, પાંડવો પાંચ ભ્રાત;
આવ્યા જ્યાં છે, શિબિર કુરૂ તણું, તે વિશે કૃષ્ણસાથ;
જૂના મંત્રી, અનુચર સરવે, વંદતા આવી સ્હામા;
બીજા સર્વે, જઇ નિજ શિબિરે, ગીતરીને વિરામ્યા.

સવૈયો.

આણી ઉમંગથી અર્જુનનો રથ ઇશ અરી જનનાજ અવાસે,
સર્વ સમક્ષ ખરૂં શુભ ચાહી ધનંજયને કહ્યું એ શ્રીનિવાસે.
તું શર ચાપ સમેતજ ઊતર, હું ઉતરીશ સહુ થકી વાંસે,
એમજ શ્રેય દિસે મુજને કરવાથી કહ્યું સુખી ખાસ થવાશે,

શાર્દૂલ— આજ્ઞા એ શિર ધારી સદ્ય ઉતર્યાં, અર્જુન ને તે પછી;
ફેંકી નાંખી લગામ કૃષ્ણ ઉતર્યાં, હેરી સુખેથી બચી,
સર્વે લોક જુવે ન ભેદ સમજે, શું આ પ્રભુજી કરે;
ત્યાં લાગી રથ માંહી આગ જબરી, ક્યાંથી હયો ઊગરે.

ગીતિ— ચમત્કાર આ દેખી, કરજોડી પાંડવો પ્રીતે પૂછતા;
રાખ થયો રથ શાથી, પ્રથમ બળ્યો નહીં એ શીદ આપ છતાં.

સાખી— વદ્યા હરિ અસ્ત્રો અનેક અરીએ પર નાંખેલાં,
મેં હમણાં લગી મ્હારા બળથી, તે રોકી રાખેલાં,
કાર્ય સિદ્ધ થાવાથી ઉતર્યો જ્યાં હું રથને છોડી,
ત્યાં તે સર્વે અમલ કરે છે, રથપર નિજ બળ છોડી,

એ રીતિઃ કામણ ટુમણ દોરા ધાગા આજના તો બધા ઠીકજ છે પણ—

રાગ રૂષીરાજનો —"ત્યાં દેવી દેવ નકામાં, જ્યાં પ્રભુ તણું પદ પામ્યાં,"
"નહીં થાય પછી કોઇ રહામારે, કરશે સારૂં"

ગજલ.

રહામાં શું થાય ?— "ડરે છે દેવ ને દેવી, મનુષ્યની વાત શી કહેવી ?
ધણી એવો ધર્યા પુંઠ, કહે શી બીક ત્હારે છે. !

ભગવાન પરાશર કહે છે—

देवर्षि भूतात्मनृणां पितृणां न किं करो नायमृणी च राजन् ।
सर्वात्मना यः शरणं शरण्यंगतो मुकुन्दं परिहृत्य कृत्यं ॥

સર્વભાવથી શ્રીમુકુન્દ શરણ્ય, ને શરણે બીજી પંચાત છોડીને જે ગયો છે તે દેવ-રૂપી ભૂપ નર કે પિતૃ કોઇનો પણ ન રૂણી ન કિંકર રહે છે. ત્યારેજ ઠીક સિદ્ધ ઠરે છે, કે બીજાને **"અન્ય જન સાધન હોય ભલે પણ, અંતે ઇશ ખરા"**

અર્જુનના આ પ્રસંગમાં કોણ અસ્ત્ર, પ્રયોગ, દેવ હતા, જેમનું ખરે વખતે ન ચાલ્યું, તે પ્રથક્ પ્રકટ નથી જણાયું તેથી સૌથી પ્રબળ "બ્રહ્માસ્ત્ર" નો પ્રયોગ થયો તેજ તપાસી એને તેજ પ્રસગમાં પાછા મુકાબલે—"અન્ય જન સાધને" આવી પહોંચ્યાં છતાં તેથી તો ઊંધું વળ્યું ને—**"અંતે ઇશ ખરા"** એમજ ઠર્યું તે અવલોકીએ.

આપણે સ્મરણ કરો, કે પિતાના વૈરને સ્મરી અશ્વત્થામાએ પાંડવનું બીજ પણ પૃથ્વીપર ન રહે તે માટે પ્રયોગ કર્યો હતો. તેથી પાંચ પાંડવ પ્રત્યક્ષ તો બચ્યાજ, પણ તેમનો પ્રથમથી ગયેલ અભિમન્યુનો ગર્ભ ઉત્તરા કુંવરીના ઉદરમાં હતો, તેનાપર તે પહોંચ્યું. તે પ્રસંગને લઇ "પરીક્ષિત સંજીવન" નામે આ આખ્યાનનું રાખ્યું છે. તેમાં પ્રથમ અન્ય જન સાધન બળ, ને અંતે ઇશ ખરા તે બતાવીએ.

સાખી.

સૌ તો કૌરવની વિધવાને મહીં દુઃખી ગાંધારી,
પાંચે પાંડવ તણી પ્રિયાઓ પણ સુ પ્રજા પરવારી:
અર્જુન સુતની સ્ત્રી પણ વિધવા, છે એજ આશધારી,
મારા પૂરા થવા આવ્યાથી કરી બહુ તૈયારી.

એ બધાંને હજી પણ એ પ્રતીતિ નથી થઇ કે—"અંતે ઇશ ખરા" સૌનાંજ મન અતિ અધિરાં થઇ ગયાં હતાં. કારણુ તેમની સર્વથા પડતી, કુળનું નિકંદન થઈ ચૂક્યું હતું. એકસો પાંચ ઘરને પાણી પાનાર પછવાડે એકજ ગર્ભ! જો તે પુત્ર પ્રસવે, ને જીવે, તો તે પણ રાંડી રાંડને એટલે ફરી આશા નહીંજ. તેથી જેટલાં દેવ, મંત્ર, તંત્ર ઉપાય, ઔષધ બાધા, માનતા, અનુષ્ટાન તે તમામ જારી કર્યાં ધનની કમી નહોતી, ચક્રવર્તી મહારાજાજ હતાં. સર્વની આશાનું મૂળ ઉત્તરા" તેના અંગ અંગની રક્ષા અનેક પ્રકાર "અન્યજન સાધન" કરી રહ્યાં બલકે આખું આર્યાવૃત્ત એજ આશીષ પોતપોતાના ઇષ્ટપાસે માગી રહ્યું કે તેમને એજ ઉત્તમ વંશનો ચક્રવર્તીકુમાર મળો. જેથી સૌ સુખી રહે. સગર્ભા બાઇની સ્થિતિનું શું કહેવું?

મંદાક્રાન્તા—ધાગા દોરા, બહુ જડી જબરી, બાંધી છે સર્વ દેહે:
ભારે બાધા, સહુનિજ સગીઓ, રાખી બેઠી સ્વસ્નેહે;
વૈદ્યો દાઇ, દિનનિશ વસતાં, સૂતિકા દ્વાર **પાસે**:
મંત્રો જંત્રો, જપ તપ હવનો ચાલતાં ચાર **પાસે**.

ગીતિ—રક્ષે છે સહુરાણી, શાણી ઉત્તરાનેજ આશ આણી;
સુત પ્રસવે કલ્યાણી, પાય સર્વ પિતૃને એજ પાણી.
રહે કુળની એ**ધાણી**, થાય ન વૈભવ રાજ્ય ધૂળ**ધાણી**;
એવી રૂપિથી જાણી, પકી આશા સહુને બં**ધાણી**.

પણ એતો "ઉપરકી અચ્છી બની હૈ ભાતરકી રામજી જાને" તેમ હતું કારણુ તેજ ગર્ભ ઉપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ થઇ ચૂક્યો છે, ને તેનું નામજ "બ્રહ્માસ્ત્ર" તે અશ્વત્થામા જેવા મહર્ષિએ મૂકેલ, તેની આગળ અન્યના પ્રયત્ન શું બિસાદમાં?

"જીવના પ્રયત્ન ખાલી ઉતપાત છે, ખરી દોરી સદાએ તારે હાથ છે."

પણ મહેતાજી કહે છે "શકટનો ભાર જેમ શ્વાન તાણે તેમ—

દોહરો—રક્ષે સહુ નિજ મનથકી, શકટ તળેનાં શ્વાન; સાચું રક્ષણ તો કરે, ગુમ રહી ભગવાન.

શ્રીમત્ ભાગવતમાં શ્રી શુકદેવજી કહે છે.

ગીતિ—બ્રહ્મ અસ્ત્ર ક્ષીણ કરવા, પડયું જ્યારથી **એ ગર્ભની વાંસે,**
બ્રહ્મજ રક્ષણુ કરવા, રહ્યા ત્યારથી **એ ગર્ભ નીવાસે.**

બીજાં બધાં અસ્ત્રથી દેવો રક્ષણ કરી શકે, પણ બ્રહ્માસ્ત્રથી તો બ્રહ્માજ રક્ષણુ કરે, એટલે જો ભાતર ભગવાન પ્રકટ ન થયા હોત તો બાહ્યોપચારનું તો કાંઇજ ન ચાલત, પણ એ વાત જાણનાર માત્ર માંહેનો તેજ જીવ હતો, જેનું રક્ષણુ થતું હતું.

સુલક્ષણા—ગર્ભમાં જ્ઞાન રહે જીવને તેથી તેણે સ્વરક્ષણ થતું ત્યાંજ જોઇ,
રૂપ સૌન્દર્ય ને અકથ ઉપકારથી, પ્યારથી ગયો એ ખરે મોહી.

अंगुष्ट मात्र ममकं स्फूरत्किरीट मौलिनम् ॥
अपीच्य दर्शनं श्यामं तडिद्वास समच्युतम् ॥

તે કોણ હતા ? એ વ્યાસજી ઓળખાવે છે, કે તેનો આકાર તો અંગુષ્ટ જેવડો, પણ માથે કિરીટ મુકુટ ને ઘનશ્યામ વરણ તથા વિજળી જેવાં વસન વાળા તે અચ્યુત હતા. કદી ચ્યૂત ન થાય, ત્યારેજ કહેવાય કે—અંતે ઇશ ખરા."

"વિજળી જેવી ફરે ગદા સઘળી દીસે, જેથી પેશી શકે નહીં કોઇ;
"એવી કરૂણા નિહાળી પરીક્ષા કરી, રાખ્યું એ સ્મરણ નવ ભાન ખોઇ.

ગીતિ— હરિ રહ્યા ત્યાં સુધી, રહી માતાને ખુશી સાન **સુધી**;
થવા સમય પ્રસુતિ, ગયા હરિ ત્યારથી રહી ન **સુધી**.

હવે જ ખબર પડશે કે કોણ રક્ષણ ખરૂં કરતું હતું ! અન્ય ધન સાધન બધાં છેજ છતાં તુરત.

શાખી.

પ્રસુત પીડ થવા લાગી વસમી ને ચમક્યાં સ્નેહી,
મંત્ર જંત્ર ઔષધનો શ્રમ કરી રહ્યે સહુ શ્રી સ્નેહી;
વાજાં ગાજાં વધાઈ દેવા જન ટાંપીજ રહ્યા તે,
પ્રસવ થયો પૂત્રને ત્યાંજ ઝટ નિરાશ સર્વ થયારે.

દોહરો— હરિ ગયા કે અસ્ત્ર એ, હરીગયા એ પ્રાણ;
પળ પણ હરિ વિમુખ થતાં, ઉઘડે ભયની ખાણ.

બ્રહ્માસ્ત્રને અવકાશ મળ્યો, અશ્વત્થામાનું ધાર્યું થયું, અન્યજન સાધન જખ મારતાં રહ્યાં ને.

માલિની.

અરરરરર એથી, કેવી ફેલી ઉદાસી ! ચરરરરર દાઝ્યાં, કાળજાં રે વિમાશી !
થરરરરર કંપી, નારીઓ પુત્ર જોઇ, ધરરરરર ચાલ્યાં, આંસુડાં સર્વ રોઇ.

દોહરો—દુ:ખનાદ સુણીને શ્રવણ, પ્રકટ રૂપ ભગવાન;
ધાયા અંત:પુરપ્રતિ, નર સમ આરતવાન.

આખર હરિજનની સુધ ઠેકાણે આવી, શ્રીહરિ પણ ત્યાં હાજર હતા, તેમને પ્રત્યક્ષ પોતાનાં ને દુ:ખી થતાં દેખી દયા આવી, ને તે અભિમુખ થયા કે તેમનો લ્હાવ તે સુબુદ્ધિઓએ લીધો. તેવોજ પડ્યો. કારણ તેમણે ને તેમને ભૂલાવનારાં અન્યજન સાધન હતાં. તેમણે જોયું કે તેમનું કાંઈ ન ચાલ્યું ને થયું એજ કે—**"અંતે ઇશ ખરા"**

પણ તે ઇશ તેમને સુભાગ્યે પ્રત્યક્ષ હતા તો વહે સમિપ પધાર્યા. તેવોજ ભાવ ધરી તેમનો તેવોજ પ્રભાવ ફળી ને ભક્તમંડળી સ્હામી ચાલી આવી.

ભુજંગી.

અરે ! સ્હામી ત્યાં ચાલી આવીજ રોતી, ધઈ કુંતિ શ્રીકૃષ્ણની વાટ જોતી,
પુંઠે દ્રૌપદી ને સુભદ્રા રૂવે છે, અરે કૃષ્ણ ! ઓ કૃષ્ણ ! એવું વદે છે.
વિંટાઇ વળી કૃષ્ણને દુ:ખીયારી, ઘણું રોતી ને ભાન ખોતી બિચારી;
વદી આખરે કુંતિમા ધૈર્ય ધારી, તુટી વાણુથી આંસુડાં રાખી જારી.

" **અંતે દશ ખરા** " પણ તેમને તેવા ભહે ચહે પોતાનું કહે તો તેનો લાભ ગ્રહે. એમ વિધિ છે તે અહીં દેખાય છે.

ભૈરવ પદ.

વાસુદેવ અમારી સહાય કરો, સહાય કરો, દુઃખ સદ્ય હરો. વાસુદેવ. ટેક.
તવ ભાણેજ તણો સુત મારે, અશ્વત્થામા અરી કપરો. વાસુદેવ.
હું જીવાડીશ ઉચર્યા આપજ, બોલ કરો એ હવે ખરો. ,,
(વચમાં બીજાં જન સાધનની ગડબડ કરી તેથીજ આ વિપત્તિ આવી પણ હવે)
દુઃખી સુભદ્રા દુઃખી ઉત્તરા, દ્રૌપદી ઉપર નજર કરો. વાસુ,
પાંડવ કૌરવનું કુળ રાખો, નાશ થાય છે આજ ખરો. ,,
બ્રહ્મઅસ્ત્રપર ઉપાય બીજો, દીઠો સુણ્યો નથી જબરો. ,,
(વસુદેવનો દીકરો તેપર શું કરી શકશે ? તે યાદવજ નથી. "અંતે દશખરા" તે એ છે.)

त्वंनोगतिः प्रतिष्ठाच त्वदायत्त मिदं कुलं ।
तास्त्वां वयं प्रणम्येह याचामो मधुसूदन ॥

એ પ્રમાણે પોતાના રક્ષક **મધુસૂદન** જાણી ? યાચના કરે છે તે એકજ બાઇ શું !

દોહરો.— પડી કુંતી બેભાન જ્યાં, દુઃખી સુભદ્રા બ્હેન,
વળગી વીરાને વદી, વલવલતી વધુ વેણ.

(તેના બાપ તરફથી પ્રાર્થના થઇ, હવે મા તરફથી પ્રાર્થના થાય છે.

સીતાજીના મહીનાનો રાગ.

વીરા ત્હારે બેહ મ્હારો પુત્ર, મૂઓ ને તેની પછી;
તેનો પુત્ર રહેવા મ્હારો વંશ, નહીં શકયોરે બચી.
જીત્યા સર્વ કુરૂને તે અંતે, દ્રોણીથી હારી ગયા;
બીજાનું તો પછી પણ ભ્રાત, ન ધર શું મ્હારી દયા.
વીરા વચન તું ત્હારૂં સંભાર, કહ્યું દ્રોણીનેજ તેં;
કેમ પાળે નહીં હવે પ્રાણ, શીશુને ચાલ્યે જતે.
મ્હારૂં માની લે સાચું આ વેણ, એ પુત્ર ન જીવશે;
તો હું પાડીશ પ્રાણ તું પાસ, બીજું હુંથી શું થશે !

પણ ત્યારે શ્રીકૃષ્ણ પણ તેના ભાઇજ છે. તેથી શું થવાનું હતું ? તેણીને તે જ્ઞાન છે.

इच्छन्नपिहि लोकांस्त्रिन् जीवयेथा मृतानिमान् ।
किंपुनर्दयितं जातंस्वस्रीयस्यात्मजं मृतम् ॥

આપ જો ચાહો તો ત્રિલોક મરી ગયું હોય તેને સજીવન કરી શકો છો. તો પછી વ્હાલી બ્હેનના પુત્રના પુત્રનું તો કહેવુંજ શું ? તે બોલે છે—

" **प्रभावज्ञास्मिते कृष्ण तस्मा त्वांयाचयाम्यहम्** "

હે કૃષ્ણ ! તમારા પ્રભાવને હું જાણું છું તેથી તમારી પાસે યાચના કરૂં છું. તે સફળ થશે!

ગીતિ—નમન કરે દુઃખ તેનું, હરિ એક દિન હરે કરે **વ્હાર**;
ન મન કરે દુઃખ તેનું, હરિએ કદી ન હરે કરે **વ્હાર**.

પ્રભુ તુરત કૃપાળ થયા, ને તેમની સાથે ભીતર પ્રવેશ્યા—

ચોપાઇનીચાલ.

પેઠા જન્મભૂમિમાં નાથ, થયું પુજન હરિનું ભલિભાત;
જુવે સુતિકા અહનો ઠાઠ, યત્ન કર્યા સુત રક્ષણ માટ.
" અન્ય જન સાધન હોય ભલે પણ " શું તે તમામ ત્યાં હતાંજ—
ઘી તલ સરસવ ગંજ ભર્યાં છે, વૃદ્ધ વિપ્ર જય કાજ વર્યાં છે;
સહુ દીશમાં જળ કુંભ ભર્યા છે, શસ્ત્ર વિમળ અગ્નિ પ્રગટયા છે;
કુશળ વૈદ્ય ઔષધ સહ બેઠા, એ જોતાં પ્રભુ અંદર પેઠા.

દોહરો.

ગઇ આગળથી દ્રૌપદી, તુરત ઉત્તરા પાસ;
આવે સસરા મધુસુદન, પૂરણ પ્રભુ અવિનાશ.

(અમારા કષ્ટ માટે અમારા ગુરૂજનો પ્રભુના પહેલા ને વધુ પ્રિય સંબંધી હોઇ તે અમારાં દુઃખે દુઃખી થઇ, અમારે માટે પ્રાર્થના કરી, અમને પ્રભુ અભિમુખ કરે, ત્યારે અમારે પોતે પણ પ્રાર્થના કરવી જોઇએ. તે અમને ઇશની ઓળખ કરાવી પ્રાર્થન કરવા આજ્ઞા આપે, શીખવે, પણ છેવટ અમારે પણ કરવુંજ જોઇએ. " અન્યજન સાધન ભલે ન હો વા હો પણ અંતે અમારૂં પ્રાર્થન અવશ્ય જોઇએ. ને તે એવાજ ભાવપૂર્વક કે- **" અંતે તે ઇશ ખરા "**

ભુજંગી.

દુઃખી બાળ રંડા ઉઠીને બોચારી, વહે નેત્રથી આંસુની ધાર જારી;
મુએો બાળ મુકી પ્રભુ પાદ પાસે, વદી રોતી કંઠે ભરાતે નિશાસે.

લલિતછંદ.

દુઃખ તણી હવે બાકી ના રહી, સુત મૂએલ આ મુંકુ છું અહીં;
જીવું વધુ હવે શા નિમિત્તથી, દુઃખી હરી ચુકી સર્વ રીતથી.
પતિ પિતા વિરો સૌ ખપી ગયા, ઉર વિશે હતી આશ માત્ર આ:
બળી ચુકી હવે આખરેજ તે, મરીશ આજ હું આપને છતે.

તેને આશા પુત્રનાં સુખ પોતે માણવા અથવા પુત્રને તમામ રાજ્યવૈભવ મણાવવા ને ચક્રવર્તી બણાવવાની નહોતી, પણ " જનની જણતો હરિભક્ત " તે જેમ વડસાસુએ અર્જુન જણ્યો, તેમ સભાગી માતા થવાનું મન હતું એ સ્પષ્ટ શબ્દોમાં કહે છે. પુત્રને જીવતો જોવાનું મન તે એ માટેજ હતું.

સપુત એ થશે દાસ આપનો, ઉર હતો મને મોદ એ ઘણો;
જનમતાંજ રે ! તે મરી ગયો, પ્રકટ તો દીવો રે ! ઠરી ગયો.
કઠણ ચિત્તનો તાત એ તણો, દુઃખી કરી મને સ્વર્ગી છે બણ્યો,
જીરી પતી તજી ભૂલ મ્હેં કરી, જઇ મળું હવે પ્રાણને હરી.

ગીતિ— આવી પતિ ! આ વિપત્તિ, ન પતી જશે તે તમ વિણ જગતપતિ;
એવું નાર વિલપતી, રોતી પડતી ખડતી તડફડતી.

માલિની.

ક્ષણ પછી સુધ આવી, કે ઉઠી કષ્ટ લાવી,
સુત લઇ નિજ ખોળે, આંસુધારા ચલાવી;

ગદ્‌ગદ સ્વર કાઢી, નાર બોલી પરાણે,
પણ મૃત તન તેનો અર્થ તે કેમ જાણે !

કાલીંગડો.

ઉઠ વીર સુઇ શું રહે છે, ત્હાવું કરવું તને ના ઘટે છે. ઉઠ. ટેક.
થઇ ધર્મજ તણો સૂત પુરો, કેમ સ્વધર્મ તજે છે.
આવ્યા પુજ્ય શ્રી કૃષ્ણ ઉભા જોઇ, કેમ પદે ન પડે છે. ઉઠ.
જીવવા સમય મુઓ તું શીદને ! મરવું તો મારે ઘટે છે;
કરે બાળ હઠ તો હું સ્ત્રી છઉં, જોઇએ કોણ હઠે છે. ઉઠ.
બાળ રાંડ માતા સ્હામું જોઇ, દયા ન કેમ ધરે છે,
દાદીપર દાદી સહુ તલપે, કોઇનું લક્ષ ન લે છે. ઉઠ.
નહીંજ માનીશ તો મરીશ હું, નવ સંદેહ હવે છે;
ખાઇશ વિષ અગ્નિમાં પેસીશ, બાળે કષ્ટ દવે છે. ઉઠ.

અતિ કષ્ટથી ઘેલછા આવી, આ બકવાદ થયો, તેથી કાર્ય થાય નહિ. જીવન તે શબમાં જોઇએ છીએ. તેનામાં જ્ઞાન નથી તો ફિકર નથી. તેમાં જેને પોતાના પણાનું અભિમાન છે-તેને ભાન છે. તો તેણે તેની વતી પ્રભુને પ્રાર્થના ને તેને ચરણ શરણ કરવો [illegible]એ. તે માતાને સુઝયું. તેને તે જ્ઞાન આવ્યું કે દયા આણી શ્રીહરિએ સુઝાડયું પણ તેનું ગાડું ઠેકાણે પાડયું—

લાવણી.

પ્રભુપદમાં પડી પીડાતી સ્ત્રી દુઃખીયારી, પીગળ્યા પ્રિતમ તેથી તુરતજ દુઃખહારી,
સજ થયા સમર્થ શ્રીવૈકુંઠના વિહારી, બ્રહ્માસ્ત્ર બાપડું ગયું ફરી બળહારી.

ગીતિ—રક્ષ્યો ઉદરે છાને, જીવ અસ્ત્ર વિણ નકો અન્ય જાણે,
રાખી અસ્ત્રનું માને, પ્રકટ કરે હરિ રક્ષણ આ ટાણે.

પદ ધનાશ્રી.

ત્રુઠયા દીનાનાથ, દીનપર ત્રુઠયા દીનાનાથ;

દીનના નાથ છે, ખરી દીનતાને પીછાણે છે. તે પોતામાં સર્વેશ્વરભાવ આવીને હોવી જોઇએ. પ્રથમ ગમે તેમ ગડબડ સડબડ થઇ ગઇ હોય, પણ પછી તે **દુરાચાર** મુકીને **भजते माममन्यभाक्** " અનન્યભાવથી ભજ્યા કે **क्षिप्रं** ધર્માત્મા થયાં પુત્ર સાથે પ્રભુ પદમાં પડવાનું સુઝયું. ને પ્રભુ તો એટલુંજ માગે છે. આગળના અપરાધ ભૂલી જાય છે. ક્ષમાજ કરે છે. પાદમાં પડ્યા તે પાદનોજ વૈભવ પ્રકટ કરે છે.

" સદ્ય ઉપાડયો પાદ, દીનપર ત્રુઠયા દીનાનાથ. ટેક.

પહેલું પોતે કોણ છે તેનું ફરી સ્પષ્ટત્તર ભાન કરાવ્યું. જે બે બાબતો અવળી સમજાયાથી "શ્રી કૃષ્ણ લબાડ ને છીનાળવા છે" એમ અદ્યાપિ જનોને ભ્રમ થાય છે, તેમ છેજ નહીં. નિત્ય નિર્દોષ શ્રી કૃષ્ણચંદ્ર છે એજ સત્ય છે. એ સિદ્ધ કરવા આજે સમખાધા ને પરચો પાડ્યો. પોતે બોલ્યા—

यदि मे ब्रह्मचर्यं स्यात्सत्यं च मयि तिष्ठति ।
अप्याहतं ममैश्वर्यं तेन जीवतु बालकः ॥

જો મ્હારામાં આશ્ચર્ય હોય, સત્ય મ્હારામાં વસતું હોય એજ ગાળ ઉતારીને જો મ્હારૂં ઐશ્વર્ય પાછું ન હઠે એવું હોય, એટલે હું નિર્દોષ ને નિરંકુશ સર્વેશ્વર છું એ વાતે સત્ય હોય તો, આ બાળ તેની પ્રતીતિ આપવા જીવતો થાઓ. આ રીતે

" સર્વેશ્વરપણું પ્રસિદ્ધ કરવા, કહ્યાં વચન બહુ ભાત; દીનપર.
" કહ્યા પ્રમાણે ઝટ જીવાડવા. અડ્યા ચરણથી ગાત. દીનપર.

પ્રભુ શબને અડવાથી ન અભડાયા, તે પતિત ન થયા પણ પતિત પાવન છે તેથી તેના પદના સ્પર્શે તે બાળ, અભડછેટ રહીત સજીવ મંગળરૂપ થયો. કેમ ન થાય?

" यत्पादाब्ज नखोदकं त्रिजगतां पापौघ विध्वंसनं "

જેના પાદ કમળના નખના ઉદક વડે ત્રણ લોકનાં પાપના ઓઘના નાશ થયાં જ જાય છે. "અખિલ જગપાવની માતગંગા" તે એજ છે. જેની ઉત્પત્તિ મળે ત્રિવિક્રમાવતાર વેળા શ્રીપાદ સત્યલોકમાં જવાથી તેના નખ ચંદ્રમણિની કાન્તિથી બ્રહ્માની સભા અભડાઈ ને ખુદ પિતામહે અતિ આદરથી મહાભાગ્ય માની તે ચરણનું પુજન કર્યું તેજ આ પાદ છે. બ્રહ્માએ નહીં પણ સર્વ દેવે તેને સેવેલ એજ વ્યાખ્યાશબ્દમાં વ્યાસજી કહે છે—

पादेन कमलाभेन ब्रह्म रूद्रार्चितेनवै ।
पस्पर्श पुंडरीकाक्षः आपादस्तलमस्तकम् ॥

તે કમળના જેવો ચરણ જેને બ્રહ્માને શંકરે પુજેલ છે. તેનાવડે પદથી તે મસ્તક સુધી તે પુંડરિકાક્ષે બાળનાઅંગને અડાડ્યો.

" ત્યાં બ્રહ્માસ્ત્ર છુટયું ઝટ તનથી, પ્રકટયું તેજ અગાધ; દીનપર.
અસ્ત્ર ઉડી ગયું બ્રહ્મ લોકમાં, જોઈ રહ્યા સૌ સાથ. દીનપર.

હવે કોઈ પણ બીજું શું બોલી શકે! એમ હતા. એજ વાત એક સાથે સિદ્ધ થઈ કે—

" **અન્ય જન સાધન હોય ભલે પણ-અંતે ઇશ ખરા** "

" જીવ્યો બાળ ને ખીલ્યો તેજથી, થયાં સર્વ રળીયાત. દીનપર.
" કૃષ્ણ ચરણ પ્રતાપ પુરજનમાં પ્રસર્યો મહા આલ્હાદ. "
" બાજ્યાં દુંદભી દેવ વદ્યા જય, થયો પુષ્પ વરસાદ.

ગીતિ—પરિક્ષીણ થાતું કુળ, રાખ્યું થયો **પરીક્ષિત** એ તેથી;
કરી પરીક્ષા પ્રભુની. કહે પરીક્ષિત તેથી હેતેથી;

અને તેને પણ આગળ ચક્રવર્તી રાજ્ય મળ્યું. કલી ઉપરે પણ વિજય કર્યો છતાં છેવટ ચુક્યા, ને ત્યારે એજ ઠર્યું કે " **અંતે ઇશ ખરા.**

અંતે શ્રી ગંગા તટપર આવી **શ્રીશુકદેવજીને** પ્રાર્થના સુણાવી ત્યારે તેમણે સાત દિવસ જે કથા સંભળાવી તેનો પણ પૂરો સાર કહો તો આ પદજ છે કે—

" **અંતે ઇશ ખરા, અન્ય જન સાધન હોય ભલે પણ અંતે ઇશ.**
અંતવાન સહુને સહુનું સહુ, અનંત અનંત ઠર્યા. "

અને તેથી અમે પણ તેને વર્યા ને અંતે ઉચર્યા—**શ્રીકૃષ્ણચંદ્રનો જય.**

इति.

વિજ્ઞપ્તિપત્ર.

શ્રીયુત અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવકૃત નિચેનાં પુસ્તકો અમદાવાદ અથવા પાટણ શ્રી આનંદ પ્રેસમાંથી વી. પી. દ્વારા મળી સકશે. પોષ્ટખર્ચ જુદો.

પુસ્તકનું નામ.		કિંમ્મત. રૂ. આ. પા.
શ્રીમદ્ વાલ્મિકિ રામાયણ (પદ્યમાં)	... ...	૩—૦—૦
શ્રીમદ્ મહાભારત (પદ્યમાં)	... ...	૨—૧૨—૦
શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ (પદ્યમાં)	... ...	૧—૮—૦
શ્રીમદ્ ભગવદ્ગીતા (પદ અર્થ વિવેચન સાથે)	... ...	૧—૪—૦
ઉપનિષદાર્થ (અર્થ વિવેચન સાથે)	... ...	૧—૮—૦
મહા યાત્રાવિલાસ	... ...	૦—૮—૦
શ્રી રંગનાથ સ્વામીકા પદસંગ્રહ (હીંદી)	... ...	૦—૮—૦
ધ્યાનમાળા	... ...	૦—૪—૦
ગાનમાળા (બીજી આવૃત્તિ)	... ...	૦—૪—૦
જુગલ ગાનમાળા ,,	... ...	૦—૪—૦
સદુપદેશક રત્નમાળા. (,,)	... ...	૦—૪—૦
ગુ. સ્તોત્ર રત્નાવળી (,,)	... ...	૦—૪—૦
પ્રાર્થના રત્નમાળા (,,)	... ...	૦—૪—૦
દીપમાળા (,,)	... ...	૦—૪—૦
જ્યંતિ (,,)	... ...	૦—૨—૦
ભેટમાળા. (,,)	... ...	૦—૪—૦
પદપંક્તિ ...	... ...	૦—૪—૦
પ્રપન્નાર્થમાળા.	... ...	૦—૪—૦
વિશ્નુસહસ્ત્ર નામ અથવા ભગવદ્ ગુણદર્પણ	... ...	૦—૮—૦
પ્રપન્નપ્રિય સ્તોત્રરત્નાવળી	... ...	૦—૨—૦

ગુરૂપરંપરા પ્રભાવ	કિ. રૂ. ૦—૨—૦	મણિપ્રવાલહાર પહેલો ભાગ		૧—૦—૦
શ્રીનાથમાળા	રૂ. ૦—૪—૦	,, બીજો ભાગ		૧—૦—૦
શ્રી વિઠ્ઠલનાથમાળા ...	રૂ. ૦—૪—૦	,, ત્રીજો ભાગ		૧—૦—૦
શ્રી વેંકટનાથમાળા ...	રૂ. ૦—૪—૦	બ્રહ્મસૂત્ર (ભાષ્ય)		૧—૬—૦
પ્રપન્નપ્રિય પરિચર્ગી...	રૂ. ૦—૨—૦	રાસારંભ...	...	૦—૬—૦
અદ્વૈત વિવેચન ...	રૂ. ૦—૬—૦	શ્રીગોદામાકૃત ગાન ...		૦—૧૨—૦

રાણકદેવી (નોવેલ)	... ...	૧—૦—૦
હિમ્મતવિજયનાટક.	... ...	૦—૧૨—૦
સત્ચરિત્ર	... ...	૦—૪—૦
ભેગાતર વિનોદ	... ...	૦—૪—૦
ચોવિસ આખ્યાન	... ...	૧—૧૨—૦

પ્રભુનો પ્રસાદ ૦—૪—૦ રાઘવેન્દ્ર અને રમાદેવી ૦—૮—૦

સુરેશ ને યશોધરા (સૌ. સુમતિ કૃત) ૦·૪·૦ ગુરૂ પરંપરા પ્રભાવ (ગદ્ય) ૦—૮—૦

આનંદના પાંચ અવતાર એટલે પહેલું, બીજું, ત્રીજું ચોથું, પાંચમું વર્ષ ૧૦—૦—૦

હરેક વર્ષના બબ્બે રૂપિયા, છઠું વર્ષ સપટેમ્બર સ. ૧૯૧૧ થી શરૂ.

રામાનુજ સ્તોત્ર ... ... ૦—૧—૦

પાટણ—ગુજરાત. } **દશરથલાલ ગંગારામ વ્યાસ.**
માલેક—આનંદ—પત્ર.